પુસ્તક ૯મું. અંક ૨ જો. | સત્સંગ. | ભાદ્રપદ. સં. ૧૯૭૩

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

ચહાને મ્હને થોડું ભલે ચહાને પરન્તુ સર્વદા!

લેખક—રા. જમાદેન. ચતાભાઇ પ્રભારદર.

(૧)

આવે વસન્તઋતુ યહાં
કોયલ મધુરું ગાય છે;
જાતાં વસન્ત ઋતુ અહા,
મુંગી બની સંતાય છે;
એવાં મ્હને ગમતા નથી,
સહકાર થોડા સમયના—
ચહાને મ્હને થોડું ભલે,
ચહાને પરન્તુ સર્વદા!

ભારત માતાને.

(રા. સ્નેહસાગર)

દ્રુત વિલંબિત.

વસ્ત મા! ઢળું હું તુજ પાદમાં,
હૃદયથી વદું: વંદે માતરમ્.

(તોટક)

જનની, મમ ઉર વીણા અહ! તું,
જનની, મમ ધર્મ: સહુ મમ તું;
તુજમાં મમ આત્મ: દૃઢે ઝરણાં,
જનની, મધુરાં વહતાં સઘળાં.
મુજ અંગ મહીં તુજ આત્મ જહાં!
વહતું વપુમાં તુજ રૂધિર મા;
નવ જીવનના ઝરણાં તુજથી,
વહતાં મમ દીન ભણી જનની;
મુજ બાહુ મહીં બળ તુજજ મા,
મુજ અંતરમાં તુજ ભક્તિ અહા!

સુરા માંસાદિક ધૂર્તોએ પ્રવર્તાવ્યાં છે. વેદમાં એ છેજ નહિ. અને એ વ્યાપકપણું કારણ એમનાં માન મોહ અને લોભ.

(૨) આમ એક તરફ જ્ઞાનધર્મ પશુહોમને નિન્દ્ય ઠરાવતો હતો, તેમ બીજી તરફ એજ કાર્ય ભક્તિપ્રધાન ભાગવત પન્થ કરતો હતો. ભગવદ્ગીતામાં યજ્ઞ એ આખા વિશ્વની ભાવના થઇ જાય છે; અને એ ફેરફાર અપૂર્વ વિચાર-પરિવર્ત નહોતો પણ વેદના બ્રાહ્મણભાગમાં યજ્ઞનું જે સ્વરૂપ બતાવ્યું છે તેનુંજ એમાં રૂપકરૂપે પ્રતિપાદન થતું હતું. હિંસાત્મક યજ્ઞ સામે ભાગવત ધર્મનો વિરોધ મહાભારતના નારાયણીય પર્વમાં સારી રીતે જણાય છે.

વળી, ભાગવત ધર્મમાં પશુહિંસાનો નિષેધ કેટલા આગ્રહથી કરવામાં આવ્યો હતો એ શ્રીમદ્ભાગવતના નારદમુનિ અને પ્રાચીનબર્હિષ રાજાના સંવાદમાંથી જણાઇ આવે છે. એ સંવાદમાં રાજા જેણે અસંખ્ય યજ્ઞો કર્યા હતા તેને નારદ કહે છે:-

मा मो प्रजापते राजन् पशून् पश्य त्वयाध्वरे ।
संज्ञापिताञ्जीवसंघान् निर्घृणेन सहस्रशः ॥
एते त्वां संप्रतीक्षन्ते स्मरन्तो वैशसं तव ।
संपरेतमयःकूटैश्छिन्दन्त्युत्थितमन्यवः ॥

હે રાજા ! તેં નિર્દયતાથી હજારો પશુઓને યજ્ઞમાં માર્યાં છે એ જોઃ તેઓ, તારી કરતા સંભારીને, કયારે એ મરે કે આ લોહાના શસ્ત્રોથી એને કાપીએ-એમ ક્રોધથી ભરાઇ, પરલોકમાં તારી વાટ જોતાં બેઠાં છે.

(૩) આમ ઔપનિષદ અને ભાગવત ઉપદેશ પશુહોમને જોરથી નિન્દ્ય છે, પણ તેઓનું હાથે પૂરેપૂરું કરેલુંજ થાય જ નહિ, જો હિન્દુ ધર્મના મુખ્ય ભાગ[illegible]—વેદમાં વીસાની કરોડ છે તેમ-એને ટકી રાખનાર જોઇતી અનુકૂલતા વેદના બ્રાહ્મણભાગના વા તે કરતાં પણ પ્રાચીન પૂર્વના કાળથી ચાલતા આવેલા પંચમહાયજ્ઞના ધર્મમાં રહેલી હતી. એ પંચ મહાયજ્ઞોમાંના ભૂત-યજ્ઞમાં પ્રાણિમાત્રની બન્ધુતા અનુભવવા માટે-પશુપંખી અને કીટ પર્યન્તને-ગૃહસ્થે જાતે પ્રતિ-દિન અન્નદાન કરવાનો વિધિ હતો. આ પ્રતિ-દિન અનુભવાતા બન્ધુભાવે પંચયજ્ઞમાં અહિંસાને પહેલી મૂકી હતી અને એ પંચયજ્ઞ બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ સર્વનું એકસરખું ધન છે, લગભગ એકજ શબ્દોમાં એનું પ્રતિપાદન થયું છે. વળી આ અહિંસાધર્મની ભાવનાએ પ્રજાના શ્રૌત યજ્ઞ ઉપર પણ ઘણી અસર કરી; વર્ષને જુદે જુદે ઋતુ-સન્ધિને કાળે સ્મૃતિમાં જે યજ્ઞો કરવાના કહ્યા હતા તેમાં બહુ ભાગે પશુનું બલિદાન આપવામાં આવતું એને સ્થાને ધાન્યનો પ્રયોગ દાખલ થયો-અને શ્રૌત યજ્ઞોએ ધીમે ધીમે કાળ જતા સ્માર્ત ઉત્સવોનું રૂપ લીધું.

(૪) આમ ઔપનિષદ ભાગવત અને પંચ-મહાનુષ્ઠાનના ધર્મે અહિંસા ધર્મને વિસ્તાર્યો. પણ આ માર્ગમાં બહેતું સૌથી મ્હોટામાં મ્હોટું બહેણ મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધે પ્રવર્તાવેલા ઉપદેશરૂપી છે. ગૌતમ બુદ્ધે હિંસા કરતાં પણ વિશાળ અનર્થરૂપ જે વાસના યા અવબુદ્ધિ ('આત્મવાદ')—જેમાંથી સ્વર્ગની લાલસા અને સ્વર્ગાર્થે યજ્ઞ ઉત્પન્ન થાય છે તે ઉપરજ કુહાડો માર્યો—અને પ્રાચીન ઔપનિષદનો વૈરાગ્યધર્મ ચારે વર્ણમાં વિસ્તાર્યો; આમ 'આત્મવાદ' અને વાસના સાથે હિંસા પણ કાઢી. મહાવીર સ્વા-મીએ સંસાર અને કર્મનાં બન્ધન તોડવા માટે તપનો મહિમા કહ્યો; પણ એમના આખા ધર્મને મોખરે-પંચવ્રતમાં મુખ્ય વ્રત—અહિંસાને મૂકી. આ વ્રતનો સ્વીકાર એમના પહેલાંથી ચાલતો આવ્યો હતો, પણ એમને એનો એવો સમર્થ ઉપદેશ કર્યો કે ઔપનિષદ અને ભાગવત ધર્મની બહાર-મનુસ્મૃતિમાં વર્ણવી છે તેવી-જે દૈવીભાવની સ્થિતિ પ્રવર્તતી હતી તેમાંથી દેશના મ્હોટા ભાગને તાર્યો; હજારો બૌદ્ધોએ 'अहिंसा परमो धर्मः' એ સિદ્ધાન્તને જીવનનો

મહામન્ત્ર કર્યો, અને આજ હિન્દુસ્થાન અહિંસા ધર્મના આચાર વડેજ પૃથ્વીના સર્વ દેશોથી જે જુદો અંકાઇ આવે છે એ મહિમા ઘણે ભાગે મહાવીર સ્વામીનો છે. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના ઉપદેશનેજ પ્રતાપે પ્રાણીઓની હિંસા ન કરવી એટલુંજ નહિ, પણ પ્રાણીઓને સુખી કરવાં એવી ભાવના અશોક રાજાના વખતમાં દેશમાં સ્પષ્ટ રથપાઇ ગએલી આપણે જોઇએ છીએ. રાજાએ પોતે માંસાહાર ત્યજ્યો એટલુંજ નહિ, પણ પશુઓને માટે ઔષધશાળાઓ બાંધી જેમાંથી આપણી પાંજરાપોળોની સંસ્થા ઉત્પન્ન થઇ છે. પણ અશોકનું સામ્રાજ્ય એ ખરેખર ધર્મચક્રપ્રવર્તનરૂપ હતું અને તેથી આમાં જુલમી કાયદા કરતાં હૃદયના ઉપદેશથી કાર્ય કરવાની રીત વિશેષ હોઇ, હિન્દુસ્થાનના સર્વ ભાગમાંથી પશુહિંસા સર્વથા લુપ્ત થઇ ગઇ હશે એમ અનુમાન કરી શકાતું નથી. ગમે તેમ હો, પણ એના સમય પછી હિન્દુ ધર્મના શ્વેત કીર્તિપટ ઉપર શ્યામ છાંટા દેખાવા કરે છે. 'અતુકરમાંસ' પણ 'પશુમારણકર્મ' દાક્ષણ્ય કાલિદાસના સમયમાં પણ છે. અશ્વમેધ યજ્ઞ વચ્ચે વચ્ચે થતા જાય છે, અને પંચુડોમ કર્મતો સંપ્રદાય બ્રાહ્મણોના કેટલાક વર્ગમાં ઘેરો ઘણો પણ ચાલ્યા કરતો હશે એમ નિઃશંક અનુમાન થાય છે. કાદંબરી—જે લાંબાં સમાસ, લાંબાં વાક્યો, અને એક શબ્દના અનેક અર્થ સમજવાની બુદ્ધિની વ્યાયામશાળાજ કે મનોહર વર્ણનોનો ચિત્રપટજ નથી—એ હિન્દુસ્થાનની તે સમયની ધાર્મિક સ્થિતિ ઉપર બહુ પ્રકાશ નાંખે છે. એમાંથી એક તરફ જબાલિ મુનિના આશ્રમનું અને બીજી તરફ દ્રાવિડ ધાર્મિકના નિવાસસ્થાનનું એક તરફ મહાશ્વેતાના શિવાલયનું અને બીજી તરફ એજ દ્રાવિડ ધાર્મિકની ચંડિકાના મન્દિરનું વર્ણન મૂકશો તો હિન્દુસ્થાનના જેવા ઊજળા અને ધર્મવિભાગનું દર્શન થશે, અને એમાં ખરો આર્ય ધર્મ તે હાજળો છે, અને જેટલો ધર્મ બહુધા અનાર્યજ છે એ અભિપ્રાય પ્રતીત થયા વિના રહેશે નહિ.

આ અવલોકનનો હેતુ અહિંસા પરત્વે આપણા દેશની ખરી ઐતિહાસિક સ્થિતિ વર્ણવવાનો છે. એ સ્થિતિ બહુધા અહિંસા-પ્રધાન છે—અને એને પરિણામે બંગાલ, પંજાબ, કશ્મીર અને સિન્ધ બાદ કરતાં હિન્દુસ્થાનના મોટા ભાગે—ખાસ કરી જૈના ક્ષિત્રવર્ણે—હિંસા ત્યજી દીધી છે. એ સ્થિતિ સાધવામાં ઔપનિષદ અને ભાગવત ધર્મ, તેમજ પંચ મહાયજ્ઞના અનુષ્ઠાનરૂપ સ્મર્ત ધર્મ (બ્રાહ્મણ કાળથી ચાલતો આવેલો)-એઓએ ઘણો ભાગ લીધો છે; અને એજ દિશામાં સૌથી માનવંતુ કાર્ય જૈન ધર્મે કર્યું છે. એ ધર્મે અહિંસાને આપેલું પ્રાધાન્ય સુપ્રસિદ્ધ છે એટલે જૈન ગ્રન્થોમાંથી હું એ સંબન્ધી વચન ટાંકીને તમારો વખત લેવા માગતો નથી. હિન્દુ શાસ્ત્રમાં કોઇ કોઇ સ્થળે માંસાહાર અને માંસ બલિદાનનાં વાક્યો જોવાને મૂઝાવાનું નથી—એ વાક્યો ઉપર ઢાંક પીછોડો નાંખવાનો અવમાર્ગિક માર્ગ લેવાનું કાંઇજ કારણ નથી; વસ્તુતઃ એ વાક્યો તે તે સમયની વસ્તુસ્થિતિના માત્ર અનુવાદ રૂપ છે—અર્થાત્ પ્રચલિત આચાર એ નોંધે છે: પણ એ આચાર સારો છે કે કેમ એ પ્રશ્ન જ્યાં ઉઠે છે ત્યાં-ઔપનિષદ, ભાગવત, પંચમહાયજ્ઞાદિક ધર્મ-જૈન ધર્મના પેઠેજ-એકે અવાજે અહિંસાનોજ વિધિ કરે છે અને જે વિધિ તેજ આપણું કર્તવ્ય; અનુવાદ તો પ્રાકૃત સ્થિતિનો પણ હોય.

સદ્ગૃહસ્થો, આ અહિંસા ધર્મનો આપણા દેશનો ઇતિહાસ આપવામાં મેં આપનો ઘણો વખત રોક્યો પણ તેમ કરવામાં મારો મુખ્ય હેતુ કેવલ બ્યાવહારિકજ છે, અને તે એ સૂચવવાનો કે એ ધર્મ બ્રાહ્મણ અને જૈન બંનેનો છે કેમકે એ સંપૂર્ણ ઇતિહાસમાં ઉતારેલો છે, તો બ્રાહ્મણોએ બંને ધર્મ બાવના તરીકે માન્ય કર્યો છે—ને કે એને સંપૂર્ણ અમલમાં

શકયા નથી. તો હવે બ્રાહ્મણોની ફરજ છે કે તેઓએ જૈનો સાથે મળી એ ધર્મનો જીવનમાં સંપૂર્ણ સ્વીકાર કરવો જોઇએ.

હવે હું આ વિષયની ઐતલીક વ્યવહાર બાજુ ઉપર આવીશ.

(૧) દસેરાને દિવસે પરહારે તેમજ માનતા વગેરે બીજે અનેક પ્રસંગે વ્યવહાર સુચનાઓ. દેવીના મંદિરોમાં, પશુ-હિંસા થાય છે તે અટકાવવાના શાન્તિથી અને ઉપદેશથી પ્રયત્ન કરવા જોઇએઃ કારણકે આપણા વિશુદ્ધ ધર્મ ઉપર આ હિંસા કલંકરૂપ છે. દસેરાને દિવસે પાડો (મહિષ) મારવાથી દેવીએ કરેલો મહિષાસુરનો વધ આપણે અનુભવીશું નહિ. એ વધનો સાક્ષાત્કાર ત્યારેજ થશે કે જ્યારે અજ્ઞાનરૂપી પાડો-જે યમરાજ (મૃત્યુ) નું વાહન કહેવાય છે-તે પાડાનો આપણે વધ કરીશું. દેવી આગળ નિર્દોષમાં નિર્દોષ પ્રાણી અસંખ્ય બિચારાં બકરાંઓને રેંસીશું તેથી આપણે કલ્યાણ થવાનું નથી. ખરી 'અજા' તે 'અજામેકાં લોહિતશુક્લકૃષ્ણાં' એ શ્વેતાશ્વતર શ્રુતિમાં વર્ણવેલી અનાદિસિદ્ધ સત્ત્વ રજસ અને તમસની બનેલી પ્રકૃતિ છે-એને વિદારવી, અને એના સંબન્ધથી અવિદ્યોપહિત અનાદિસિદ્ધ ચૈતન્ય 'અજ' રૂપ જે જીવ બનેલો છે તેનો નાશ કરવો-એજ ખરૂં બલિદાન છે. પણ આજકાલ-જોકે પૂર્વેપણ તેમ નહતું એમ નહિ-કતલખાનાંમાં અસંખ્ય પ્રાણીઓનો વધ થાય છે ત્યાં પૂર્વોક્ત યજ્ઞહિંસા અટકાવવાથીજ સન્તોષ માને કેમ ચાલશે? એ યજ્ઞહિંસા અને એ કતલખાનાં અટકાવવાં જરૂરનાં છે, પણ એનો ખરો માર્ગ મારા નમ્ર મત પ્રમાણે દેશી રાજ્યોને અને બ્રિટિશ સરકારને અરજી ઉપર અરજી કરવી કે બકરીઈદ સામે મુસલમાનોનો ભંગ કરવો એ નથી. કોઇપણ ધર્મનો આચાર ખરા હૃદયમાંથી ઉદ્ભવે નહિ ત્યાંસુધી એની કાંઇજ કિંમત નથી. દેશમાં અહિંસાનો ઉપદેશ વિસ્તારો એટલે કતલખાનાં એની મેળે જતાં રહે એવું કરો. શુક્રવારના મેળામાં અને પર્યુષણ વગેરે તહેવારોમાં કતલખાને લઇ જવાતાં પશુઓને-ખાટકીને મોંમાંગ્યું દ્રવ્ય આપી-છોડવામાં આવે છે એ ખોટું નથી. જ્યાં સુધી આપણામાં દ્રવ્યની દરકાર નં કરતી અને અર્થશાસ્ત્રના નિયમોથી ન અંજાતી એવી તીવ્ર જીવદયાની લાગણી છે ત્યાંસુધીજ જીવદયાનો વાવટો આપણે ઉંચો રાખી શકીશું. પણ લાગણી સાથે વિચાર ભેળવીને, આપણી દયાને ખરેખર દયારૂપ કરીએ અને ખાટકીઓનાં ખીસાં આપણે એવી રીતે ન ભરીએ કે જેને પરિણામે વધારે જીવો ખરીદી વધારે જોરથી પોતાનો ધન્ધો તેઓ ચલાવી શકે તે માટે આપણે સંભાળ રાખવી જોઇએ.

હિંસા એટલે કેવળ પ્રાણ હરવો એમ નથી. પ્રાણને હાનિ થાય કોઇપણ પ્રકારનું શારીરિક વ્યથા એ હિંસા છે, અને તેથી મુંગા પ્રાણીઓને પડતાં દુઃખો જેમ બને તેમ ટાળવા આપણે મનુષ્યોએ પ્રયત્ન કરવો જોઇએ. આપણા જીવનવ્યવહારમાં પશુઓ સાધનભૂત થાય છે. તેમાં એ જે કામ આપે છે તેના બદલામાં આપણે એમને ખોરાક આપીએ છીએ, પણ મનુષ્ય તરીકે આપણી ફરજ માત્ર એ બદલો વાળવા કરતાં આગળ જાય છે. જ્યારે એ પ્રાણીઓ રોગ, વૃદ્ધાવસ્થા વગેરે કારણથી આપણને નકામાં થાય છે, ત્યારે પણ એમનું પાલન-પોષણ કરવાની આપણી ફરજ છે, એ ફરજ સ્વીકારી આપણે પાંજરાપોળો બાંધી છે. પણ એની દુર્બળ અવસ્થા ઘણી વખત અહિંસા ધર્મવિમુખ જનો તરફથી હાંસી ઉત્પન્ન કરે છે. એ દુર્બળ અવસ્થામાં એક કારણ અકુરી દ્રવ્યશક્તિ હોય છે, પણ વિશેષમાં અજ્ઞાન પણ એમાં ઘોડો ભાગ લેતું નથી. એ પાંજરાપોળો અર્વાચીન પશુવૈદ્યક અને સામાન્ય આરોગ્યશાસ્ત્ર તથા જન્તુશાસ્ત્રનો પૂરેપૂરો લાભ લઇને

કામ કરે તો આ બોડાં ઢોરનાં નરક સુંદર પશુપંખીઓથી વસેલા બગીચાઓ બની જાય. બેશક, એ કામને એની શ્રેષ્ઠ ભૂમિકાએ પહોંચાડવા માટે અધિક દ્રવ્ય જોઇએ, પણ એ દ્રવ્ય આવી મળશે–ત્યારે આવી મળશે કે જ્યારે દ્રવ્યનો સારો ઉપયોગ થશે એમ તટસ્થ પ્રજાને વિશ્વાસ આવશે. તથા એ સ્થાનોમાં જોવા આવનાર સ્ત્રી–પુરૂષોને આ પશુનાં સ્થાન મનુષ્યનાં વસતિગૃહો અને હોસ્પિટલો જેવાં દેખાશે, અને પશુ અને મનુષ્ય વચ્ચે તે બન્ધુભાવનો અનુભવ ઉત્પન્ન કરી શકશે. પશુઓ બિચારાં ઘરડાં, આંધળાં કે પાંગળાં થઇ જાય ત્યારે આપણા ઘરખર્ચનો બોજો ઉતારવા માટે એમને પાંજરાપોળમાં મોકલવાં એ જીવદયા નથી; બલ્કે પાંજરાપોળ ઉપર જેટલો ખર્ચનો બોજો બોલાવવામાં આવે છે તેટલા પૂરતી એ જીવહિંસા છે એમ કહીએ તો પણ ચાલે. તે માટે પશુ રાખનાર દરેક ધનવાન ગૃહસ્થની ફરજ છે કે પશુને પાંજરાપોળમાં મોકલવામાં આવે ત્યારે એના બાકીના જીવનનો નિર્વાહ કરવા માટે જોઇતાં પૂરતાં નાણાં (હાલ કેટલેક સ્થળે નામની રકમ અપાય છે તેમ નહિ) એ સંસ્થામાં ધર્માદા આપવાં. આ વ્યવસ્થા પૂરેપૂરી અમલમાં મૂકવામાં આવે તો પાંજરાપોળમાં કેવળ ધર્માદા તરીકે નિભાવવાનાં માત્ર ગરીબ ખેડૂતોનાં અને રબારીનાં ઢોરજ રહે, અને એમનોજ બરી રીતે આવા ધર્માદા ખર્ચ ઉપર હક્ક છે.

બીજું–જનાવર પ્રત્યે ક્રૂરતા અટકાવવાના કાયદાનો અમલ કરવામાં સર્વ જીવદયા સંસ્થાએ બાલાક રહેવું જોઇએ. પશુઓ ઉપર શક્તિ કરતાં વધારે ભાર ન ભરવો, શક્તિ કરતાં વધારે કલાક કામ ન લેવું, શરીરે ચાંદાંવાળાં કે પગે ખોડંગાતાં પશુઓ જોવામાં આવે તો એના ધણીને એનાથી કામ લેતાં એકદમ અટકાવવો; એટલુંજ નહિ પણ એટલામાં કર્તવ્યસમાપ્તિ ન માનતાં એ પશુને પાંજરાપોળમાં લઇ જઇ એની સારવાર કરી સાજું કરી ધણીને સોંપવું. વાંચી, કુંભાર, ગાડીવાળા વગેરે ગરીબ સ્થિતિના પણ પ્રમાણિક શહેરી લોકોનાં પ્રાણીઓની સારવાર કરવામાં એમની સ્થિતિના પ્રમાણમાં તેઓ પાસેથી ખરચ લેવું. પણ આ એક પાંજરાપોળનું જરૂરી કર્તવ્ય માનવું અને તે માટે ફરતા ઇન્સ્પેકટરો રાખવા. પશુઓ માટેની દયા લોકમાં ખરેખરી ઠેકાણે ત્યારેજ ગણાશે જ્યારેજ ગામમાંથી કૂતરાં એકદમ કરવા ઉપરાંત પાંજરાપોળનું ઘણું કર્તવ્ય છે એ સમજવામાં આવશે.

આ સિવાય પશુઓની જાતિ સુધારવી એને પણ હું જીવદયાના કાર્યમાં ગણું છું. જેમ ડૉક્ટરનો ધર્મ માત્ર રોગ મટાડવાનોજ નથી. પણ રોગ થતા અટકાવવાનો અને પ્રજાની તંદુરસ્તી વધારવાનો છે, તેમ જીવદયાના ખાતાએ ગામડાંમાં ફરી ઢોરની સ્થિતિથી જાણીતા થઇ, એમને રાખવાની રીતમાં ખેડુતો પાસે સુધારો કરાવી તથા અરોગ અને બલવાન પશુસંતતિ થાય તેવી ગોઠવણ કરી–પશુપાલનની ભારી મુસ્કેલીઓ પ્રથમથી ઓછી કરવાનાં પગલાં ભરવાં જોઇએ. આ બાબતમાં હાલની સ્થિતિ માટે કદાચ ખેડૂતોનું દારિદ્ર જવાબદાર હશે, પણ એમનું અજ્ઞાન પણ એનાં કારણભૂત છે. અને મુળ અનુપાયતા પણ ઘણાં વર્ષો થાપ્યા કરવાથી અજ્ઞાન રૂપે જામી ગઇ છે એમ લાગે છે. એ દુર કરવા આપણા ખાતાએ સરકારના વેટેરિનરિ (પશુવૈદ્યક) અને એગ્રિકલ્ચરલ (કૃષિ) ખાતાની મદદ લેવી જોઇએ, તેમ એ ખાતાને મદદ આપવી જોઇએ.

આમ સરકાર સાથ ગૂંથાઇને કામ કરવા ઉપરાંત પ્રજાના સર્વ ભાગને આપણા કાર્ય પ્રત્યે આકર્ષવાની જરૂર છે. તે માટે મારી એક એ સૂચના છે. હું જોઉં છું તે પ્રમાણે "ઑમ્બે હ્યુમેનિટેરિયન લીગ" તરફથી એ અમલમાં પણ મૂકાઇ ચૂકી છે–તે એ કે ધર્મ અને જાતિનો ભેદ બાજુપર મૂકી દેશી વિદેશી, ખ્રિસ્તી, હિન્દુ,

ફોડવાની ચીલે ચુચવે છે, જે જેવા આજે મગ્ન છો, માપ રહિત છો, તેવા હંમેશ રહેજો !! અને પ્રપંચને યુક્તિ પ્રયુક્તિથી ભારી હઠાવજો !! પણ અફસોસ છે કે તેમ બનતું નથી અને નૂતનવર્ષનો દિવસ પધાર થતાં, જેવા હતા તેવા ને તેવાજ બની જાય છે. અને તેથીજ બાર બાર માસના અંતરે નૂતનતા બારી નવીન બનાવવા પ્રયાસ કરે છે. પણ તે સફળ થતી નથી. અને તેને તેથીજ પોતાનો ક્રમ ચાલુ રાખવો પડે છે. જો તેમજ થતે તો નૂતનતાની જરૂર રહેતે નહી ! અને પૃથ્વી ઉપરની અલકાપુરી બની જતે !!!

ચાલો ત્યારે આપણે પણ શું કરીએ ?! એ બિચારી નૂતનતા ચોર્યાસી લક્ષ ફેરા ફરવા સરજાયલી હશે ! વિધિનું ધર્યું ફેરવવા માનવીનાં શું હિસાબ ?! ચાલો ત્યારે મહેરબાન તમને મળેલી મુબારકબાદી બેગી આભારી બેચાર અગડબગડમ લીટીઓ પણ ગણી લેજો !! જે તમારાં ભાગ્યનો ઊદય થાય !! કારણ બોળાયાની વાણીમાં જરાપણ સત્યતા હોય છે !! અને તેથી લોકો બોળાં હૃદયવાનને બોલો ગણે છે !!

ગઝલો.

નવિન આ વર્ષને વિરો, સકળ આશા બધી હોજો !!
વળી આનંદમાં વિચરી, જગે કિર્તિ અનુપમ હો !
કરજ કરવી અદા સૌને, હૃદયે મંત્ર એ ધરવો;
જગતના ન્યાયથી ચાલી, અનુપમ લાભ છે કરવો.
ભલું કરવા બીજાનું કંઇ, કરો મહેનત યથાશક્તિ,
સકળ કરવા સકળ આશા, કરો હરિહરતણી ભક્તિ.

\+ \+ \+

વળી વિશેષમાં કેટલાક ચકરમો દિવાળીને દિવાની કરી મુકે છે ! આવો શુભ ટાંણાંએ જ્યારે ઉંચ વાસનાઓને સ્થાન આપવાની આવશ્યકતા રહેલી છે ત્યારે એવા પ્રસંગને કેટલાકો જુગાર રમવાનો અત્યુત્તમ દિવસ ગણી ! અને તેમાં કોંતો ચાવરકે બની આનંદને સ્થાને હૃદયમાં દુઃખને સ્થાન આપે છે ! એ શું એવાં હૃદયીઓનું અપકૃત્ય નથી ?! ચાલો ત્યારે આપણે સર્વને મુબારકબાદી આપી નમન કરીશું ?!!

મુબારક હો ! મુબારક હો !! મુબારક હો !!!
હિંદ મુબારક! નૂતન મુબારક!! સત્સંગ મુબારક!!!
મુબારક !! મુબારક !! બોળીયા રાજા.

પ્રાણી પ્રત્યે દયા રાખો.

ભુજંગી છંદ.

જુઓ ગાય આપી ભલી દુધ દેવા,
દહીં ઘી તમે ખાઓ છો ખુશ કેવા;
પડે સંકટો તે તમે નિત્ય ટાળો,
ભલાં હિન્દના બાળકો ગાય પાળો.

કરે ખેડુતો ખેડવે નિત્ય સારી,
કરો નીપજાવે દુઃખો વેઠી ભારી;
સહે છે દુઃખો તે તમે સર્વ ભાળો,
ભલાં હિન્દના બાળકો ધોરી પાળો.૨.

જુઓ રંગ કાળો નિરાંતે ચરે છે,
ઘણું ઘાસ ખાવા હમેશાં ફરે છે;
વધે દુધ દેવા મહીં સૌ નિહાળો,
ભલાં હિન્દના બાળકો ભેંસ પાળો.૩.

ઘણી જાત બોળી અજાની બિચારી,
લહો ગુણ તેના મનુષ્યો વિચારી;
કસાઇ કરેથી તમે સર્વ વાળો !
ભલાં હિંદના બાળકો તેજ પાળો.૪.

ઘણું અંગ ભારે, વળી ઉન ધોળી;
ફરે ખેતરોમાં જુઓ નિત્ય ટોળી !
પીડા પાડતા લોકનાં ચિત્ત ગાળો !
ભલાં હિંદના બાળકો ઘેટું પાળો. ૫.

ઘણો ભાર વેઢી કરે કામ કેવું ?
મજુરો ધ્યો જો સહે કષ્ટ તેવું !
કરાવી ગમા વૈનરૂં દીલમાંહો,
ભલાં હિન્દના બાળકો રોજ પાળો.૬

રહેામાં ઘણા ગાઉ જે કોણ કાપે ?
મહા કષ્ટ વેઠી જુઓ સુખ આપે;
છતાં જીવ લેવા તણા માર્ગ ખાળો,
ભલાં હિન્દના બાળકો ઊંચ પાળો ૮

રૂડી શોભતી રાજની સ્વારી સારી;
કર્યા કીરતારે ઘણા પ્રાણી ભારી;
ઘણું દુઃખ જોઇજ આવે ઉછાળો,
ભલાં હિન્દના બાળકો હાથી પાળો૯

કરે કામ કેવું ઘણીનુંય ધારી,
વફાદાર પ્રાણી કરે ચોકી સારી;
જરાવાર તેને ન રાખો નિરાળો,
ભલાં હિન્દના બાળકો શ્વાન પાળો૧૦

દોહરો

ણી પાળો પ્રીતથી, કરવા જગ કલ્યાણ ?
દેશે યશ આપાદને, રાજી દીન દયાળ ! ! !
"સુરેન્દ્ર" ભોજલરાદર.

ધાબળીની ઉત્પત્તિ.

અંગ્રેજમાં ધાબળાને બ્લેંકેટ કહે છે એની ઉત્પત્તિની એક અજબ કથા વિલાયતના ઉલ્કી કોનીહલે પ્રકટ કરી છે. આ વાત આજની નહિ પણ સને ૧૩૪૦ ની છે. ટામસ બ્લેંકેટ નામનો એક વેપારી જે બ્રિસ્ટલમાં આવી રહ્યો હતો, તે એક દિવસ વરસાદથી ઘણો કાયર થયો. રાતના સરદીને લીધે એને કોઇપણ પ્રકારે ઉંઘ આવી નહિ. અને તાપણી માટે લાકડા કે કોયલાની સગવડ કરી શકયો નહિ ત્યારે આખ તેમ ઓઢવાને માટે કોઇ ચીજની તપાસ કરવા લાગ્યો. તેને ત્યાં એક કાપડનો ટૂકડો પડેલો જણાયો. એને ઓઢી તેણે રાત કાઢી. બીજે દિવસે એણે એવી તરેહનું એક કપડું બનાવવાનો ઓર્ડર આપ્યો અને તેનું નામ પોતાના નામપરથી બ્લેંકેટ રાખ્યું. આ પ્રમાણે આ કપડું બનાવી તે ધન કમાયો, અને પોતાનું નામ પણ અમર બનાવ્યું.

Self help

જાત મહેનત-સ્વાત્મબળ-વીર્ય વ્યાપાર.

(લેખક-સદ્‌ગુરૂાનુસાર મુનીશ્રી કર્પૂરવિજયજી)

He will conquer who works with a will જે જીવ દઢને દૃઢ સંકલ્પ બળથી ઉદ્યમ કરશે તે જરૂર જયશ્રી વરશે વિજય પામશે Patience & Persiverance overcome Mountains ધીરજ અને ખંત પૂર્વક સહ ઉદ્યમ કરવાથી ગમે તેવા મહાભારત કામ થઇ શકે છે. Man supposes and God disposes માણસ ધારે અને ખુદા પાર ઉતારે. હિંમતે મરદા તો મદદે ખુદા. પુરપાર્થથીજ કામ સિદ્ધિ થાય છે. No Labour no Fruit-મહેનત કર્યા વગર ફળ મળી શકશે નહિ, As you saw, so you reap-તમે જેવું વાવશો એવુંજ લણશો. First deserve and then desire જે વસ્તુની ઇચ્છા અભિલાષા કરો તેની યોગ્યતા સંપાદન કરી લેવા ખરા પ્રયત્નશીલ બનો.

જ્ઞાની મહાશયો કહે છે કે ચોખ્ખી સમજથી અને અટલ તથા હિંમતથી કાર્ય કરવાની તમારી ફરજ છે. ફળને માટે અધીરાઇ કરવાની જરૂર નથીજ. સમય દેશકાળ ભાવ જોઇને ચાલવાની આપણને અનિવાર્ય જરૂર છે. ખરી દિશા (સમજ) સાથ અડગ શ્રદ્ધાજ હોય તો કાર્યસિદ્ધિ થયા વગર કેમ રહે ? જેમ આપણી ઉમેદો ઉંચી તેમ તેને પાર પાડવાનું સંકલ્પ બળ પણ અધિક જોઇએ. 'પારકી આશા સદા નિરાશા'-આપણી જરૂરો પોતે પૂરી પાડવા માટે આપણે જાતે ન્યાય સર ઉદ્યમ કરવો. જોઇએ. છતી શક્તિ ગોપવી રાખી બીજા કોઇ આપણે માટે કરી આપશે એવી આશામાં મોં વિકાસીને બેસી રહેવું

કાગળનું એક કારખાનું ૬ લાખ રૂપીઆથી સારી રીતે ખુલી શકે છે. જેમાં સાધારણ કાગળ તૈયાર કરવામાં ૧૨૦) દર ટને ખરચ આવે છે. અને દરમણે ૪-૪-૦ ખર્ચ આવે છે. અને કમમાં કમ તે ૬ રૂપીએ મણ વેચવામાં આવે છે. અને તેથી ઘણો લાભ મલવાનો સંભવ છે. ધારો કે ઓછામાં ઓછા પાંચ હજાર ટન પ્રતિવર્ષે કારખાનામાં કાગળ તૈયાર થાય તો એ લાખ પચાશ હજાર રૂપીઆનો લાભ થાય છે. જે વ્યાજથી પ્રાપ્ત કરવા એ અસંભવિત છે.

દક્ષિણ હાવણકોર અને બર્મામાં વાંસ અધિક થાય છે. વાંસના કાગળો ઘણા સરસ બને છે. નામદાર સરકારનું ધ્યાન એ તરફ ગયું હતું પરન્તુ સરકાર કેટલા કામ કરે. હવે આપણા હિંદુસ્તાનના લોકોએ આ લાભકારી વ્યાપારની ઉન્નતિ કરી સ્વ-પરનું કલ્યાણ કરવું જોઇએ.

પ્રણય-ભવન, અલ્લાણ. } અમ્બેલાલ સવરામભાઇ દેશાઇ.

શ્રી જીવદયા જ્ઞાનપ્રચારક મંડળી આણંદ.

અત્રે તા૦ ૨૮-૭-૧૯૧૭ ના રોજ **શ્રી જીવદયા જ્ઞાન પ્રચારક મંડળી** એ નામની સંસ્થા સ્થાપન કરવામાં આવી છે. તેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

(૧) માંસાહાર. તથા જુગાર, મદ્યપાન વગેરેના ગેરફાયદા પ્રજાને સમજાવી તેમને તેવી વસ્તુઓ ત્યાગ કરવાનો ઉપદેશ આપી, તેમને નીતિના રસ્તે ચઢાવવા.

(૨) સઘળા પ્રકારના ઘાતકી પણામાંથી જનવરો તથા પક્ષીઓને બચાવવા માટે પ્રયત્ન કરવો.

(૩) જ્ઞાનનો ફેલાવો કરવા પ્રયાસ કરવો.

ઉપરના મુખ્ય ઉદ્દેશોને અનુસરી ઉક્ત મંડળની સ્થાપના કરેલી છે. તહેવારોના દિવસે જાહેર સભાઓ ભરી લોકોને ઉપદેશ ફેરવવા મટે, મંડળની સ્થિતિ પ્રમાણે યોગ્ય ગોઠવણ કરવામાં આવશે.

હરિલાલ મંગળદાસ મહેતા,
ઓનરેરી સેક્રેટરી.



લેખકઃ-રા. મણિભાઇ રણછોડજી દેશાઇ પલસાણાકર.

સ્વામીના ઉદાસ અને ફીકકા મ્હોં ઉપર કંઇક પ્રસન્નતાની રેખા નિહાળી લક્ષ્મીએ બીજાનામાં સુતાં પ્રશ્ન કર્યો "કેમ નાટક કંપનીએ આપનો ખેલ મંજુર કર્યો?" અર્ધાંગનાના રોગથી જર્જરિત થએલા મુખ અને શરીરપર દૃષ્ટિ ફેંકતાં રમેશે જવાબ આપ્યો "હાં! કંપનીના મેનેજરને નાટક બહુજ પંસદ પડયો છે, અને કાલથી રિહર્સલ પણ શરૂ થશે. વળી ખેલની કિમતના રૂપીઆ જે દિવસે ખેલ મૂકાશે તેજ દિવસે મળી જશે" અભાગી લક્ષ્મી છ મહીનાથી રોગશૈયા ઉપર પડી હતી. લાંબા સમયથી તાવ તેના શરીરના દરેક અવયવોમાં ઘર કરી રહ્યો હતો. રમેશે પણ પોતાની શક્તિ અનુસાર જેટલા ઇલાજ બન્યા એટલા બજાવવામાં કોઇ પણ પ્રકારની ન્યૂનતા રાખી નહિ. પચિસ રૂપિઆના માસિક પગારમાં દિલ્લીનો ખર્ચ ચલાવતાં ત્રણ વર્ષ દરમ્યાન જે કંઇ પચાસ સો રૂપિઆ લક્ષ્મીએ પોતાની કરકસરતાથી બચાવ્યા હતા, તે સઘળાનો પણ વ્યય થઇ ગયો, ઉપરાંત બસો ત્રણસો રૂપિઆ રમેશને દેવું થયું. એવી રીતે ડૉકટરનું ઘર ભરાવા લાગ્યું પરંતુ લક્ષ્મીની તંદુરસ્તીમાં લેશ માત્ર પણ ફરક થયેલ નહીં. રમેશની મુશ્કેલી દિન પ્રતિદિન વધતી ચાલી. દવા લાવવાનો તથા ગૃહકાર્યનો બોજો પોતાના શરીર પર હોવાથી ઑફિસે અનિયમિત જવાતું. અને એજ સબબને લીધે સાહેબની કટાક્ષ વાણી સાંભળવી પડતી. એકાએક એક દિવસે કંટાળી સાહેબે રમેશના ઉપર ચીઠ્ઠી લખી રૂપીઆ વિસની નોટ સાથે મોકલી, લખ્યું હતું કે "આપ

નિત્ય અનિયમિત હાજરી આપતા હોવાથી આપની જગ્યા ઉપર બીજા માણસને મુકરર કીધો છે, અને બાકીના દિસામના રૂપીઆ વીસ ચીઠ્ઠી સાથે મોકલ્યાં છે" માથાં ઉપર હાથ મુકી રમેશ ઘેર આવ્યો. નીચેનાં ખંડમાં બેસી પોતાનાં અનિવાર્ય દુઃખોપર અશ્રુ મારવા લાગ્યો! પરમેશ્વરની પ્રાર્થના કરી કરીને થાક્યો પરંતુ લક્ષ્મીની તંદુરસ્તીમાં જરા પણ સુધારો થયો નહિ. લક્ષ્મી પણ પતિનાં દુઃખોને સમજતી હતી, સમજીને મનમાં ને મનમાં મુંઝાતી હતી, પરંતુ પોતાની અશક્ત હાલતથી લાચાર હતી, સમયપર પતીને આશ્વાસન આપતી, પોતેપણ ધિરજ ધરતી પરંતુ એકાંતમાં તેના નયનો ચોધાર અશ્રુના પ્રવાહથી છલકાઇ જતાં. આખરે તેણીએ સલાહ દીધી કે આપ ચાલુ જમાનાને અનુસરી એક અત્યુત્તમ નાટક લખી કોઇ કંપનીને વેચો જેથી આપણી મુસ્કેલીઓ પણ કંઇક આંશે ઓછી થશે. રમેશને બાલ્યા વયથીજ લખવાનો ઘણો શોખ હતો. તેણે કેટલાંક ઉત્તમ કાવ્યો પણ માસિકોમાં આપ્યાં હતાં, કેઇ નવલકથા પણ લખેલાં તૈયાર હતાં, પરંતુ ધનનાં સંકોચને લઇ છપાવી જનસમુદાયના કરકમળમાં મુકવા ભાગ્યશાળી થયો હતો નહી. લક્ષ્મીએ ઉપલાં કાવ્યો વગેરે પોતે વાંચ્યા હતાં અને તેથીજ તેને સંપૂર્ણ વિશ્વાસ હતો કે જો તે છપાવી વેચાય તો એકજ દિવસમાં એક હજાર રૂપીઆનું વેચાણ થઇ શકે. પરંતુ દુર્ભાગ્યવશાત્ તે છપાવી શકયાં નહી. હવે દરિદ્રતાથી કંટાળી જઈ સ્ત્રીની સલાહ યોગ્ય ધારી એક નાટક રચ્યો અને તેનું નામ" કાળરાત્રિ" રાખ્યું. કાળરાત્રિ નાટકની ચોપડી લઇ કેટલીક કંપનીના મેનેજરોને મળ્યો, પરંતુ કોઇએ કહ્યું આપો Up-to-date નથી. કોઇએ કહ્યું ગાયનો ઉત્તમ નથી. વળી કોઇએ કહ્યું અમે તો ફક્ત ધાર્મિક ખેલોજ રાખીએ છે. આખરે એક કંપનીના મેનેજરે ચુનની કદર તેમજ ખેલની પ્રશંસા કરી કાળરાત્રિ નાટક લીધો. અને વાયદો કીધો કે પ્રથમ ખેલને દિવસે રૂપિઆ બસો આપને આપવામાં આવશે.

રમેશે ઘર આવી ઉપરોક્ત બીજત લક્ષ્મીને કહી સંભળાવી. લક્ષ્મીનાં રોગી મુખ પર ચોધાર સમયને માટે પ્રસન્નતાની ઝબક રેખાઇ રહી. લક્ષ્મી તો લાંબા સમયથી પતિની રચના કોઇના હાથમાં જાય તો તેની યોગ્ય કદર થાય એમ ચાહતી હતી પરંતુ આજ સુધી એવો સમય પ્રાપ્ત થયો હતો નહી. આજે એ પ્રસંગ દ્વારપર આવીને ઉભેલો જોઇ લક્ષ્મીની ખુશીને દબાવવાનું સ્થાન પણ રહ્યું નહીં. લક્ષ્મીએ કહ્યું હું તો આપને પ્રથમથીજ કહી ચુકી હતી કે એની દાયોદાય બાંધણી થશે. રમેશે કહ્યું કે "રૂપીઆ મળતાંની સાથેજ કરજદારોને પતાવી તને ડોકટરની સલાહનુસાર હવાફેર કરવા લઇ જઇશ" રમેશ ત્યાંથી જતાની સાથેજ લક્ષ્મીની આંખમાંથી અશ્રુ સરી અધરને સ્નાન કરાવવા લાગી. લક્ષ્મી ગળગળીત સ્વરે રવાગત કહ્યું " હાય! એ મારે સારૂ કેટલું કરી રહ્યા છે? આટલી ગરીબીમાં પણ એ મારાં સુખની વાત યાદ કરી, કેટલા પ્રસન્ન થાય છે? અને હું? ફકત સુખને બદલે દુઃખજ અર્પી રહી છું! કેટલી અભાગી!!

(૨)

કાળરાત્રિનું, રિહર્સલ શરૂ થયું હતું, મેનેજરના આમદથી રમેશને નિત્ય નાટકગૃહમાં જવું પડતું હતું, રિહર્સલ જોતાં મેનેજર નાટકની બહુજ પ્રશંસા કરતો હતો. આથી રમેશનું હૃદય ફુલતું પરંતુ પાછીના પરચોટા ની માફક તુર્તજ સમાઇ જતું હતું. જ્યારે એ એન્ટ્રેન્સમાં અભ્યાસ કરતો હતો-ત્યારથીજ એ કવિતા રચતો હતો. એનું હૃદય ખરેખર કવિત્વમયજ હતું. પરંતુ આ સમયે તેને પ્રશંસાને સ્થાને જરૂરની વસ્તુ જ્યાવરપકડતા હતી. સવાર સાંજ કરજદારો આવી માઠું બોલતા હતા, પિતા સિવાય લક્ષ્મીને માટે પણ દવા અને ખોરાકમાં ન્યૂનતા રહેતી હતી. ને છતાં સદ્ભાવિષ્ટી

ન રહી તો જીવીને પણ શું કરીશ ! લક્ષ્મીના અત્યંત આગ્રહને લઇ કાળરાત્રિ નાટક મ્યુની-સિપાલીટિની સરકારી બત્તીના ઊજાસમાં બેસી લખ્યો હતો. તેણીનીજ હિંમતે તે નાટક લઇ કંપનીઓના મેનેજરની પાસે ગયો ફરતો હતો. આ બધું ફકત એકજ જીવને માટે હતું. ખરેખર કવિનું હૃદય સાચી પ્રશંસાની સામે ત્રણે લોકની વસુધાને છોડવા પણ તત્પર હોય છે ! પરંતુ રમેશ એવી હાલતમાં આવી પડયો હતો કે આ પ્રસંગે તેને પ્રશંસાથી પણ અધિક રૂપી-આની જરૂર હતી. ડૉકટરના દિલાસાથી એને આશા હતી કે હવાફેરથી લક્ષ્મીની તંદુરસ્તી સુધરી જશે, આંગણીના વેદા ઊપર નાટકના દિવસની રાહ જોતો હતો કે કયારે ખેલ પડે ને રૂપીઆ મળે કે તેજ દિવસે લક્ષ્મીને લઇ હવા ફેર કરવા જઊં કંપનીનો મેનેજર જ્યારે નાટકની પ્રશં-સા કરતો ત્યારે તેનું હૃદય કરૂણાથી ઊભરાઇ જતું હતું. તેની સામે રોગોથી હેરાન થએલી લક્ષ્મીનું મુખ દર્શન દેતું, તેજ સમયે મેનેજરની નજર ચુકવી તે બે આંસુ પોતાની મેલી ધોતીના છેડાથી લુછી લેતો હતો. લક્ષ્મી નિત્ય તેને મેને-જરની વાતો પૂછતી, રમેશ પત્નીના બીછાનામાં બેસી દરેક વાતો કહેતો હતો. લક્ષ્મીનું હૃદય સ્વામીની કીર્તિ સાંભળી ગૌરવથી ઊભરાઇ જતું હતું. પરંતુ લાંબા સમયથી તાવ તેના દરેક હાડ-કામાં પ્રવેશી ચૂકયો હતો. ફકત સ્વામીને શાંત-ત્વાવવાને ખાતરજ તેણી હસતું મુખ રાખવાની કોશિશ કરતી હતી, પરંતુ સર્વ વ્યર્થ હતું !

નાટકને દિવસે લક્ષ્મીએ ઘણાજ આગ્રહથી સ્વામીને કહ્યું " આજે નાટકમાં કાં જતા નથી ? હું તો સારી છું. જરૂર જાઓ, આજે પહેલોજ ખેલ છે. મારી ફિકરની ચિંતા ન કરો !" રમે-શનાં હૃદયમાં પોતાનો પહેલોજ ખેલ જોવાનો જરાપણ આગ્રહ નહી હતો. બે વર્ષ અગાઉ છાપામાં પોતાનાં કાવ્યો જોઇ જોઇને ખુશી પ્રસન્ન થતો હતો, તેનો એક અંશ પણ આજે પોતાનો પ્રથમ નાટક જોવાને તેનામાં પ્રસન્નતા ન હતી. તેનું કંઇક દિલ તો હતું પરંતુ લક્ષ્મીને એકલી છોડીને કેમ જઇ શકે ? સ્વામીના હૃદયના ભાવ અવલોકીને લક્ષ્મીએ કહ્યું " આજે તમારે જવુંજ પડશે. આપે એમજ ધારી લેવું કે હું આપની આંખ દ્વારાજ નાટક જોઇ રહી છું. લક્ષ્મીના અત્યંત આગ્રહને લઇ રમેશ જવાને તૈયાર થયો. ધોએલું ધોતીઉં, કાટેલાં જોડા, તેમજ સાધારણ બેંગલોર ટોપી મુકી રમેશ લક્ષ્મીને સાવધાન રહેવાનું કહી બહાર નીકળ્યો.

આઠ દિવસ અગાઉ શહેરમાં "કાળરાત્રિ" નાટકની મોટી મોટી નોટિસો લોકોનાં ઘરની દિવાલોને સુશોભિત કરી રહી હતી. પુષ્કળ હેંડબિલો વેચવામાં આવ્યાં હતાં. દરેકપર " પંડિત રમેશચંદ્ર શર્માનો બનાવેલો અદ્‌ભુત કાળરાત્રિ નાટક" કરી લખ્યું હતું. આથી શહેરમાં રમેશનું નામ ઠેકઠેકાણે પ્રસરી ગયું હતું. અગાઉથીજ સીટો રિઝર્વ થઇ ચુકી હતી.

નાટક શરૂ થયો, ગાયન પર ગાયન, અંક પર અંક, નાચ પર નાચ અને ભાષા તથા શબ્દની ગુઢાર્થતા જોઇ પ્રેક્ષકો મોહિત થઇ ગયા. કોઇ કોઇ એકટર પર તો બબે ચચ્ચાર વખત once more નો અવાજ નાટયગૃહને ધરતીકંપની માફક ધ્રુજાવવા લાગ્યો. પ્રેક્ષક વર્ગમાંથી રમેશની પ્રશંસાના પોકારો પણ આ-વવા લાગ્યા. માંહોમાંહે પૂછાવા લાગ્યું કે નવો લેખક કોણ છે ? પરંતુ રમેશને કોઇ ઓળખતું હતું નહી.

બીજો અંક શરૂ થયો. કાળરાત્રિનો શીન જોઇ લોકો કાંપવા લાગ્યા, બલકે પોતાવત્ પણ ભુલી ગયા. સર્વે કોઇની છાતી આશ્ચર્ય જનક બનાવ જોઇ ધડકવા લાગી, સર્વે એક તાર હતા. રમેશને ચક્કર આવવાં લાગ્યા, તેણે પ્રેક્ષક વર્ગ તરફ દૃષ્ટિ ફેંકી તો એકી નજરે જોતા હતા. સમય એવો બારીક હતો કે "સોંય પણ અવાજ લોકોનાં કાર્યમાં ખલેલ પહોંચાડતો હતો." આ સમયે રમેશને લક્ષ્મી યાદ આવી. તૂર્તજ ઊઠી બહાર આવ્યો. મેનેજરે કહ્યું

" આપના નાટકે તો એકજ રાતમાં નામનાં કરી લીધો છે. અજબ છે ! કંઇ જાદુઇ કલમથી લખાયલો જણાય છે ! પધારો કેટલાક સુવિખ્યાત પુરૂષો આપની મુલાકાત અર્થે બેઠા છે,

ત્રિનયનઃ સર્વેની મુલાકાત કરી રમેશે ઘર તરફ પ્રમાણ કર્યું. તેનું માથું ફરતું હતું, શેરીમાં દાખલ થતાંની સાથેજ એકદમ કાંપી ઊઠ્યો, મહામહેનતે ઘરની પાસે આવ્યો, દ્વારપર હાથ મૂકતાંજ તેનું હૃદય ધ્રુજવા લાગ્યું, ધડકતી છાતીએ દ્વાર ખોલી ઘરમાં પ્રવેશ કર્યો.

આથમતા ચંદ્રની રોશની બારી દ્વારા લક્ષ્મીનાં મુખ ઉપર પડી રહી હતી, માનો કે તેણી 'હમેશની શાંતિમાં' સુખ રહી હતી ! રમેશે લક્ષ્મી, લક્ષ્મી ? કરી બૂમ પાડી પરંતુ વ્યર્થ. ઉત્તરજ નહી ! ધડકતાં હૃદયે તેણે તેણીનો હાથ પોતાના હાથમાં લીધો, પરંતુ તે ઠંડો થઇ ગયો હતો, છાની ઉપર હાથ મૂકતાં તે પણ ધડકતી બંધ હતી !

"લક્ષ્મી" "લક્ષ્મી" નો પોકાર કરતો રમેશ તેણીની પાસે શાંતિથી બેઠો અને તેની નિર્જીવ છાતીપર નયનાશ્રુ વર્ષાવતું પોતાનું માથું મુકયું ! ફરી તે દરિદ્રતાનું અસહ્ય દુઃખ સહન કરવા પાછું ન ઊઠ્યું તે નજ ઊઠ્યું ! !

બીજે દિવસે "પં. રમેશચંદ્ર શર્માનાં પોતાની પત્ની સહિત સ્વર્ગે સિધાવ્યાના સમાચાર પેપરોમાં પ્રસિદ્ધ થયા" તેનો સ્વહસ્તે "કાળરાત્રિ" નો નાટક ખરેખર પોતાને માટેજ 'કાળરાત્રિ' નિવડ્યો. આવા એક સર્વોત્કૃષ્ટ સાહિત્ય સેવકનું દરિદ્રતાનાં કષ્ટથી અકાળ મૃત્યુ થાય તો કયા અભાગીનું હૃદય ખિન્ન થયાવિના રહેશે ? પ્રભુ એવા નિઃસ્વાર્થી પ્રેમી આત્માઓને અમર શાંતિ આપો ! !+

+હિંદી ઉપરથી.

પંજાબકેસરી રણજીતસિંહનું નામ ઇતિહાસમાં અમર છે. તે ઘણો પ્રતાપી રાજા હતો. સીખ પ્રજાનો ઉદય જેમ આ રાજાના રાજત્વ થી થયો હતો તેમ સીખોનો અંત પણ એ રાજાના અવસાનની સાથેજ થઈ ગયો હતો ! રણજીતસિંહનો પુત્ર પણ તેના જેવોજ પરાક્રમી હતો. કાવ્ય અને સાહિત્યનો તેને ઘણો શોખ હતો. મહારાજાએ તેને વટાલી પ્રાંતની હાકેમી આપી હતી. શરૂઆતમાં તો તેણે સારી છાપ બેસાડી હતી પણ પાછળથી બરાબ મિત્રોના પરિચયને લીધે તે ઐશઆરામી અને સ્વચ્છંદી બની ગયો હતો. ચોમાસા-શિયાળામાં તે વટાલી માં રહેતો અને ગરમીના વખતમાં દાના નગરમાં રહેતો. દાનાનગર વટાલીથી દશ મૈલ ઉત્તર દિશામાં છે. ત્યાં તેણે એક વાટિકા અને રાજમંદિર બનાવ્યાં હતાં. એ એક પહાડી પ્રાંત હોવાથી સ્થળે સ્થળે પાણીનાં ઝરણો દૃષ્ટિગોચર થાય છે. મોટી બિયાસ નદી એ પ્રદેશમાં વહન કરી રહી છે.

એક દિવસ કુંવર બિયાસ નદીને કિનારે આવેલા વીરાવલ ગામની પાસે ખેતરોમાં એકલો ફરી રહ્યો હતો ત્યાં તેણે કેટલીક સ્ત્રીઓ અને કન્યાઓનું ટોળું જોયું. તે સર્વે પાણીના બેડાં પોતાના શિર ઉપર રાખીને ઘર તરફ જતી હતી. રાજકુમાર તેમની પાછળ ગયો તે એક સર્વાંગ સુન્દર કન્યાના રૂપથી વિમોહિત થઇ ગયો હતો. ગામમાં જઇને તેણે ખાત્રી કરી તો માલમ પડયું કે તે કન્યા એક ધનાઢય જાટની પુત્રી હતી. કુંવરનો તેની સાથે વિવાહ કરવાનો વિચાર હતો. તેથી તેણે તે દિવસથી હંમેશ વિરાવલમાં આવવાનો આરંભ કરી દીધો.

ગામના સાદા જમીનદારો કુંવરને ઓળખતા નહોતા. તેણે દીનાનગરના એક સરદારના પુત્ર તરીકે પોતાનો પરિચય કરાવ્યો ને વંશનો

વખત પોતાની પ્રિયતમાના કુટુંબને મળતો હતો અને તેમને પોતાના ગામમાં તેડી જઇ મોટું આદર-માન આપતો હતો પોતાજ વખતમાં તેણે તે જાટને વશ કરી લીધો અને પછી વિશેષ ધામ-ધુમ વિના તે જમીનદારે પોતાની પુત્રીનો તે કુંવરની સાથે વિવાહ કરી દીધો.

રાજકુંવરના મિત્રોને અને ભૃત્યોને આ જોઈ આશ્ચર્ય થયું. પણ કોઇ કાંઇ બોલી શક્યું નહિ. તે તરૂણ નવદંપતી સ્વર્ગીય સુખમાં પોતાના આનંદજનક દિવસો વ્યતીત કરવા લાગ્યાં. એમ કરતાં દોઢેક વર્ષ તે પ્રેમાક્ષરમાં સ્વપ્નસદૃશ વ્યતીત થઇ ગયું. એક દિવસ લાહોરથી એક દૂત મહારાજાની આજ્ઞાપત્રિકા લઇને કુંવરની પાસે ઉપસ્થિત થયો. કોઇ અગત્યના કામ માટે કુંવરને મહારાજાની સેવામાં હાજર થવાનો હુકમ હતો.

દૂતને વિદાય કરીને દુઃખિત અવસ્થામાં કુંવર પોતાની રાણી પાસે રજા માગવા આવ્યો. રાણીની આંખમાં આશ્રુપાતનો આરંભ થઇ ગયો તે ગદ્‌ગદિત સ્વરે બે હાથ જોડી બોલી 'આ દાસીને કદાપિ ભૂલશો નહિ' એમ કહીને ફૂલની માળા પતિના ગળામાં નાંખી તેને વિદાય કર્યો.

બીજે દિવસે કેટલાક સવારોને સાથે લઇ રાજકુમાર વટાલીથી ચાલ્યો અને સત્વર અમૃતસરમાં પોતાના પિતાની પાસે આવીને હાજર થયો. મહારાજા રણજીતસિંહને ભારત સરકારના પ્રતિનિધિને-ગવરનર જનરલને મળવા જવાનું હતું. તેથી તેણે મોટી તૈયારી કરી હતી. લાખો રૂપીઆનું ગરીબોને દાન આપ્યું હતું. રાજકુંવરને અમૃતસરમાં આવેલો જોઇ તેણે તરત કોઇ આવશ્યક કાર્યને માટે તેને કાશુલ રવાના કરી દીધો. પછી પોતે અંગ્રેજ અધિકારીને મળવા ગયો. બે સપ્તાહ સુધી એ સુખકર મેળાપ રહ્યો. અંગ્રેજો એ સીખ રાજાનો વૈભવ, રાજ્યવ્યવસ્થા અને જાહોજલાલી જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા. છેવટે જુદા પડતી વખતે મિત્રતા કાયમ નિભાવવાની સરત કરી રણજીતસિંહ પોતાની રાજધાનીમાં પાછો આવ્યો.

કુંવર કાશુલથી પાછો આવ્યો ત્યારે તેને મુલતાન મોકલવામાં આવ્યો. અને એ અવધિમાં બે વર્ષ નીકળી ગયાં. વટાલીમાં પાછા આવવાનું તેનાથી બની શક્યું નહિ. પણ તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં તેનો વિના તેની સાથેજ જતો. આથી વિરાવલમાં જઈ પોતાની હૃદયવલ્લભાને મળી આવી તેને આશ્વાસન આપવાનું અશક્ય હતું. કુંવરને ઘણીવાર થતું કે સર્વ ઘટનાનો પિતાની પાસે ઉલ્લેખ કરી ક્ષમા માગવી; પરંતુ રાજાના રોષની બીકે તે તેમ કરી શકયો નહિ.

રાણી જિંદા રણજીતસિંહની ચહીતી પત્ની હતી. રાજપુત્રનો વિવાહ પોતાના એક સંબંધીની કન્યા સાથે કરવાનો તેનો વિચાર હતો. તે ઘણીવાર વિવાહની વાત કાઢતી પણ કુંવર તેનો ઇનકાર કર્યા કરતો હતો. લાયક, હુશ્યર થયા છતાં કુંવર શા માટે લગ્ન કરતો નથી એ પ્રશ્ન રાણીના હૃદયમાં ઉપસ્થિત થયો અને તપાસ કરતાં માલમ પડયું કે કુંવરે ગુપ્ત વિવાહ કરી એક સાધારણ જાટ પુત્રીને પ્રેમાર્પણ કરેલું છે. રાણી કુલાભિમાનિની હતી. તેને એ વાત રૂચિ નહિ. કુંવરની ઉપર તેણે સખત જાપતો રાખ્યો.

આ પ્રમાણે ચણી એક વર્ષ વધારે વ્યતીત થઇ ગયું. પતિવ્રતા જાટ કન્યા પોતાના પ્રિય પાત્રનો વધારે વિયોગ સહેવા માટે હવે અસમર્થ થઇ. તેણે પોતાના પિતાને સર્વ હકીકત કહી અને વેશ બદલી મહારાજાના મહેલમાં જવાનો પોતાનો વિચાર વ્યકત કર્યો. બિચારો જમીનદાર તો બહુજ ડરતો હતો. તેણે પોતાની પુત્રીને આગામી ભયનું બહુ બહુ રીતે સૂચન કર્યું. પણ તે પ્રેમોન્માદિની યુવતીએ તે ઉપર કાંઇ પણ ધ્યાન આપ્યું નહિ.

બીજે દિવસ તે સ્ત્રી રાજમહેલમાં જઇ મજુરણના વેશમાં કામ કરવા લાગી. તેણે

બાગમાં જઇને એક બુઢ્ઢી સ્ત્રીને પૂછ્યું કે "આજકાલ રાજકુમારનો કઇસ્ત્રી ઉપર પ્રેમ છે?"

બુઢ્ઢીએ જવાબ દીધો "રાજપુત્ર તો વિવાહના નામથીજ દૂર નાસે છે. તે કોઇપણ આન્તર્ વેદનાને લીધે સદૈવ દુઃખી અને ઉદાસ રહે છે".

એટલામાં કુંવર પણ ત્યાં આવી ચડ્યો. બુઢ્ઢી બોટલું કહેતી કહેતી ત્યાંથી ચાલી ગઇ. તે બજુરણે કુંવરના પગમાં આશ્રય લીધો. કુંવરે તેને ઓળખી લીધી. કેટલીકવાર સુધી બન્ને જણાં સ્તબ્ધ અને અવાક્ રહ્યાં. આખરે રાણીએ પોતાના અપરાધની ક્ષમા માગી. રાજકુંવર તેનો હાથ પકડી તેને રાજ મહેલમાં જ્યાં રાજા બેઠો હતો ત્યાં લઇ ગયો. દરકોઇ બીજાત જ્યારે અસહ્ય થઇ પડે છે ત્યારે માણસો–અને તેમાંએ વિશેષ કરીને ખાસ પ્રણયી પાત્રો સાહસિક બન્યા વિના રહેતાં નથી! પ્રેમનો અપ્રતિહત વેગજ સાહસને ઉત્પન્ન કરે છે!!

રાજપુત્ર અને તેની પત્ની રાજાના પગમાં પડ્યાં. ગદ્‌ગદિત સ્વરે કહ્યું 'આ આપનો પુત્ર વધૂ છે. મને અને એને ક્ષમા આપો'

રાજાએ કહ્યું 'કુંવર! તેં આ સાહસ કર્યું છે. યુવાનીના તરંગમાં તે અયોગ્ય યોગ્યનો વિચાર કર્યો નથી. પણ જ્યારે તું વિશુદ્ધ પ્રેમથી જોડાયો છે ત્યારે ગારે તેનો સ્વીકાર કરવો જોઇએ.

થોડા સમય પછી રાજકુંવરને માટે મહેલનો એક વિભાગ ખાલી કરી આપવામાં આવ્યો. કુંવર અને તેની રાણી તેમાં સુખથી રહેવા લાગ્યાં; તે દંપતીના સૌજન્યથી સર્વ પ્રસન્ન હતાં. કિન્તુ જિન્દા રાણીનું પત્થરથી પણ વધારે કઠિન દિલ પીગળી શક્યું નહિ. તે સદૈવ પોતાની પુત્રવધૂને પજવવા લાગી. હલકા કુળની કન્યાને તે પુત્રવધૂ તરીકે રાણાના કબૂલ નહોતી! તેથી તેને વારંવાર નુકશાન પહોંચાડતી હતી. સુશીલ પુત્રવધૂ સાસુનો જુલમ મુંગે મોઢે સહન કરતી! તે ઉદાર હૃદયથી ધુંટવા લાગી જતી હતી! અને કોઇક દિવસ જરૂર સુખની ઘડી આવશે એમ આશામાં દિવસો નિર્ગમન કરતી હતી.

કેટલાક દિવસો વીતી ગયા. એક દિવસ પ્રાતઃકાળમાં તોપો અને ધુંકોના અવાજથી કુંવરને ત્યાં પુત્રજન્મની વધાઇ પ્રદર્શિત થઇ. રાણા રણજીતસિંહે વધામણી લાવનાર સેવકને પોતાના ગળામાંની મોતીની માળા પ્રદાન કરી. વળી હજારો ભિક્ષુકોને અને અનાથોને ધન-ધાન્યાદિની બક્ષીસ આપી.

કુંવર એક મહિનાનો થયો ત્યારે તેની જનની તેને તેડીને સર્વની મના છતાં પોતાની સાસુ જિન્દા રાણી પાસે ગઇ. તેણે તેની પાસે જઇને બાળકને હાથમાં લેવા કહ્યું 'માતાજી! મારી કોઇ તકસીર હોય તો તે આ બાળકની ખાતર ક્ષમા કરો. હું આ આપના વંશવર્ધક પુત્રની આપને ભેટ કરું છું.

જિન્દાની આજ્ઞાઓથી અગ્નિના કણ વરસવા લાગ્યા. શરીર ક્રોધથી કંપવા લાગ્યું તેણે રોષાતિશયથી બે હાથ બાળકનો પગ પકડી તેને સો ગજ નીચે આવેલા એક વાડામાં ફેંકી દીધો. હાસ–હાસીઓ તો તેનું આ નિર્દય કાર્ય જોઇ સ્તબ્ધજ થઇ ગયાં. સર્વના મોઢામાંથી 'હાય' એવો ધ્વનિ નીકળ્યો. રાજપુત્રની રાણી તો તદ્દન બેશુદ્ધ બની અવાક થઇ ગઇ! જ્યારે તે શુદ્ધિમાં આવી ત્યારે મહારાજ રણજીતસિંહ પાસે જઇ પહોંચી. રાજાની આગળ તે વખતે હજારો માણસો બેઠાં હતાં; છતાં તેથી જરાપણ સંકોચ ન પામતાં તે વિખરાએલા વાળે, લાલ નેત્રોથી રાજાની સામે જોઇ રહી. રાજાએ તેનું આગમનનું કારણ પૂછ્યું, ત્યારે તેણે ઉશ્કેરાએલા અવાજે જિન્દા રાણીના સર્વ અત્યાચારની વાત કહી અને પુત્ર વિયોગથી બહાવરી બની તે રાજાને પૂછવા લાગી. 'પિતાજી! મારૂં બાળક ક્યાં છે

એ કુમળું ફૂલ ક્યાં?

એ કૂળ ચોળી નાંખ્યું ! લાવી આપે. એ બા-ળકને ! શું તમને મારી દયા નથી આવતી ! શું તમે પણ એ પિશાચિણી . રાણી જેવા નિર્દય થશો ! મારો કુંવર ભૂખ્યો થયો હશે ! તેણે ઘણીવારથી સ્તનપાન કર્યું નથી. મહારાજ ! શું એ કુંવરને મારી દુષ્ટા સાસુએ—આપની રાક્ષસી રાણીએ મારી નાંખ્યો ? હાય હાય ! આ ખાલસા રાજ્યનો પણ પરમાત્મા એ રીતે નાશ કરે !! '

આટલું કહી રણજીતસિંહની એ પુત્રવધૂ જમીન ઉપર બેભાન થઇ પડી ગઇ ! દાસીઓ એ તેને શુદ્ધિમાં લાવવા ઘણા યત્ન કર્યા પણ વ્યર્થ ! તેના પ્રાણ પરલોકે પ્રયાણ કરી ગયા હતા ! પુત્રના વિરહથી તે જમીન ઉપર પડતાંજ મરણ શરણ થઇ ગઇ હતી ! જિન્દા રાણીની અંતરેચ્છાએ ઉતરતા કુળની તેની પુત્રવધૂ મરણ તો પામી, કિન્તુ સતીનો શાપ મિથ્યા ન થયો ! ખાલસા રાજ્યનો તરતજ નાશ થઇ ગયો !

ખરવાળા.] મીરજ.

ખાસ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી દવાખાનું કયા છે !

દેશી ઔષધાલય.

ઝાંપાબજારની ખરાદી શેરીને નાકે

તમારે દેશી દવા વાપરવી હોય તો મળો. તમને દરેક રોગની દેશી દવાએ મળશે. તથા ખાત્રી પણ થશે માટે બ્હેનો નાશીપાશ ન થાઓ અને એક વખત દવાખાનામાં આવી મુલાકાત લ્યો તેમી તમારા મનની ખાત્રી થશે. માટે એકવાર જરૂર પધારશો.

ડૉ૦ સરસ્વતીબાઇ ભગવાનદાસ.

વિવિધ વિષય.

મોટર ઘોડા

મોટર ગાડી પછી મોટર ઘોડા પણ આવી પહોંચ્યા, અમેરીકન કારીગરોએ ગેસોલિન-મોટર-એંજિનની મદદથી એક એવું યંત્ર બનાવ્યું છે કે તે ઘોડાનું કામ કરે છે. એની શિકલ ઘોડા જેવી નથી, તેમ તે દાણો કે માસ પણ ખાતો નથી તો પણ તે ઘોડો છે, અને તેની પેઠે લગામથી ચાલે છે, અને ગાડીઓ ખેંચે છે. એ એક પેટીના આકારનું યંત્ર છે. તેના ઢાંકણ પર એક નાનું પીપ જડેલું છે, તેમાં કેટલીક મશીનરી (યંત્રકામ) છે. પેટીમાં બે મોટા મજબૂત હાથાઓ લગાડેલા હોય છે. એક મોટી સાંકળથી તેને ગાડી સાથે જોડી દે છે. તે ગાડીથી લગભગ બે ગજ આગળ રહે છે. અને પીપ પર કેટલીક કસોમાં લગામ ફેરવેલી હોય છે. ગાડીપર બેઠેલો કોચમેન એ લગામ પકડી રાખે છે. અને ઘોડાની પેઠે તે યંત્રને ચલાવે છે. લગામના ઝટકાથી જેમ ઘોડા ચાલવા માંડે છે, ખેંચવાથી અટકે છે, જરા વધારે ખેંચવાથી પાછા હઠે છે, એ પ્રમાણે તે યંત્ર પણ ચાલે છે, અટકે છે, પાછું હઠે છે, તથા ડાબું જમણું વળે છે. લગભગ ૨૮૦ મણ સુધી વજન એક સાધારણ યંત્ર ખેંચી શકે છે. અમેરિકાના લશ્કરી વિભાગમાં એનો ઉપયોગ તોપ વગેરે ખેંચવાના કામમાં સારી રીતે થાય છે. ગેસોલિન મોટર એંજિનના અનેક ઉપયોગોમાંનો આ એક છે. હવાઇ વહાણો ઉડાવવામાં સમુદ્રીય વહાણો ચલાવવામાં ખેતીના વગેરે ઘણાં ઉપયોગોમાં મોટર એંજિનની મદદ લેવાય છે. આ મોટર ઘોડાનું કામ જોઈ આપણે હીમંતથી કહી શકીશું કે " મોટર મનુષ્ય ચાલતા ફરતા જોવાના દિવસો હવે દૂર નથી !

ધોળકાના સુવિખ્યાત વૈદ્ય જાફરભાઈ જીવણભાઈની

રામબાણ દવાઓ.

રૂા૦ ૫૦૧નું ઈનામ,
શુક્રસંજીવની ગુટીકા.

દરેક માણસ સમજે છે કે ધાતુની મજબુતીથીજ શરીરની શક્તિ અને મજબુતી કાયમ રહે છે, આવી જીવનરૂપ ધાતુનો કોઇ પણ કુટેવદ્વારા કે અનીયમીત રીતે ગેરઉપયોગ કરવાથી શરીર નિર્બળ થઇ જઇ કબજીયાત, વાંસાનું દુઃખવું, ચહેરાનું ફીકું પડી જવું, જ્ઞાનતંતુઓની નબળાઇ, થોડી મહેનતે વધારે થાક લાગવો, મગજનું ખાલી પડી જવું, બેચેની, કામ કરવા ઉપર કંટાળો, હોજરીનો બિગાડ, યાદશક્તિનું કમી થવું, ઉધરસ, ક્ષય, શ્વાસ વિગેરે વિગેરે અનેક રોગો ઉત્પન થાય છે. તેનો અને તે સિવાય ધાતુ બિગાડથી થયેલા તમામ દરદોનો નાશ કરી શુક્રસંજીવની ગુટિકા કાયમનું પુરૂષત્વ બક્ષે છે, તેમજ જ્ઞાનશક્તિને સુધારી દરદને સાફ લાવી કોઇ પણ રસ્તેથી જતી ધાતુને અટકાવી ગમે તે કારણથી પ્રાપ્ત થયેલી નામર્દીનો નાશ કરી શક્તિ અને વિર્યને વધારી શરીરને મજબુત કરી પરિપૂર્ણ ભરદાર બક્ષવી એ તેનો મુખ્ય ગુણ છે. છતાં કોઇ શખ્સ સાબિત કરી આપશે કે શુક્રસંજીવની ગુટિકામાં શક્તિ અને વિર્ય વધારવાનો ગુણ નથી તો તેને રૂા૦ ૫૦૧નું ઈનામ આપીશું.

ગોળી ૧૫૦ની ડબ્બી ૧ની કીં. રૂા. ૨–૮–૦

તાજુબી યોગ્ય તિલ્લો.

ગમે તે કારણથી નરમ પડેલી ગુપ્ત ભાગની રગો ઉપર આ તિલાને માલેસ કરવાથી ફરીથી ટટ્ટાર બની રગોની કમજોરી દુર થાય છે.

કીંમત શીશી ૧નો રૂા૦ ૧—૦—૦

રૂા૦ ૫૦૧નું ઈનામ,
જવરહર—ગુટિકા.

અમારી જવરહર ગુટિકાથી દરેક જાતના તાવો ન જાય તો લીધેલા પૈસા પાછા આપીશું અને ચોથીઓ તાવ નથી જતો એવું સાબિત કરનારને રૂ. ૫૦૧નું ઇનામ આપીશું

ગોળી ૬૪ની ડબ્બી ૧ના કીં રૂ. ૧–૦–૦

તદન મફત.

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક—નઠારી સોબત અને બરાબ વિચારોથી મનુષ્યને શરીરને પાયમાલી કરનારી કુટેવો પડે છે. તેવી કુટેવોમાંથી મુકત કરવામાં આ પુસ્તક એક સાચા મિત્રની ગરજ સારે છે અને તંદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય, ઉમદા વિચાર અને સંપુર્ણ સુખ મેળવવાનાં અખુટ સાધનો બતાવે છે તે સીવાય અમારી અકસીર દવાઓની સંપુર્ણ માહિતી મળે છે કૃકત એક પોસ્ટ કાર્ડ લખવાથી તદન મફત મોકલવામાં આવે છે.

પરમિયાની અકસીર દવા.

આ દવા ગમે તે કારણથી થયેલા અને ગમે તેટલી મુદતનાં તેમજ કોઈ પણ જાતનાં પરમિયાનો જડમૂળમાંથી નાશ કરી તન્દુરસ્તી સાથે તાકાત આપે છે અને થતી બળતરા, ચાલતું પરૂ, (રસી) સાંધાનો અને ચેહરાનો દુખાવો, કળતર, નિચેની રગમાં થતી પીડા, પાતળા પડેલી ધાતુ, ટીપે ટીપે આવતો પેશાબ ઉપરના ભાગનો સોજો, વગેરે દરદો અને આ સીવાય પરમિયાથી થયેલા તમામ દરદોનો ટુંક વખતમાં નાશ કરી આવેલી નિર્બળતાને દુર કરી શરીરને શક્તિ આપે છે.

ડબ્બી ૧ની કીંમત રૂા. ૨—૦—૦

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક મંગાવી વાંચો

અમારી દરેક દવાની માહિતી માટે ધાતુપુષ્ટિ નામનું પુસ્તક મંગાવી વાંચો.

વૈદ્ય જાફરભાઇ જીવણભાઇ.

આરોગ્ય વર્ધક ઔષધાલય-મુ૦ ધોળકા—(ગુજરાત)

CAUTION

CAUTION is however required when ordering not directly please see that the bottles contain our Trade-Mark ACHING-HEAD. The wonderful success of ***Dr. G. B's Madicated Snuff*** has given rise to many worthless imitations. REFUSE of THEM ! they will not give your customers the same degree of satisfaction and the substitute may be valueless for the purpose for which you have purchased it or its composition is positively harmful.

Avoid substitutes also write for Free Sample.

Guru Basava & Co:

Snuff Manufacturing Proprietors.
Madras E. C.

ખાસ સૂચના

ડાક્ટર જી. બી. ની ઔષધિ તપખીર

ગમે તે કંપની પાસે ન લેતાં કોઇપણ દુકાનદાર પાસે વેચાતી લેતાં તે તપખી-રની શીશીપર તેનો ટ્રેડમાર્ક (માથું દુઃખવું) તપાસી લેવા બહલ કાળજી રાખવી. કારણ આજ ઘણા વર્ષના અમારા અવિશ્રાંત પરિશ્રમને લીધે તથા નિષ્કલંક પ્રસિદ્ધિને લીધે આ તરફ ઘણાઓએ અમારી નકલ કરેલી છે પરન્તુ એ નકલી તપખીર કંઇ કામની ન હોઇ જે માટે આપણે વેચાતી લઇએ છીએ. તે ફાયદો ન થતાં ઉલટું નુકસાન થવાનો બધો સંભવ છે. તે માટે એવા નકલી માલથી સાવધ રહો. અને અમારી નમૂનાની શીશી મફત મંગાવી ખાત્રી કરી જુઓ.

ગુરૂ બસવા એન્ડ કુપની

પોસ્ટ બોક્સ નં૦ ૫૧૦ મદ્રાસ ઇ. સી.

સઘળા પ્રકારનો દુખાવો, લકવા, સંધીવા, સુળ, ચુક, ઉલટી, આડો, મરડો, કોલેરા, અરૂચી, અજીર્ણ, આંસી, દમ, સળેખમ, સરદી, માથાનો દુખાવો, દાંત કે દાઢનું કળતર અવાળુનો દુખાવો, મોંમાંથી દુર્ગંધ છુટવી, મળચ આવવી, આટાં કે તીખાં ઘચરકાં, મનનું પાકવું, પરૂ વહેવું, આંખો દુખવી, શરીરે સોજા આવવા, ઘા લાગવા, ઘસાર પડવા, હાથ પગમાં ચીરા પડવા, ઘાનુ પાકવું, ઘામાં જીવ પડવા, રાંજણ, નાંસુર, પીન્નસ, સુસ્તી, બેચેની, નબળાઈ, નામર્દાઇ, હરસ, પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, બરોળ, અંડવૃધ્ધિ, પ્રદરરોગ કોઈ પણ જાતનો તાવ, વાંળો, ન્હાર, વિગેરે અનેક રોગ આ એકજ દવાથી તત્કાલ દુર થાય છે, વળી ભમરી, મધમાખ, વીંછી, વિગેરેના ડંખ ઉપર આ એક જાદુઈ દવા છે. માંકડ મચ્ચર, વંદા, કરોળીયા, કસારી ઉધેઇ વિગેરે નુકશાનકારક જંતુનો નાશ કરે છે.

સખંતમાં સખંત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઈ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બંદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર અલૌકીક જ છે. ઉંચામાં ઉંચી જાતનાં કોઇપણ પેનકીલર કરતાં "અમૃતબિંદુ" ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની ઘટાડેલી કીંમત માત્ર રૂ. ૧॥ પોસ્ટેજ સાથે છે. છ શીશીના રૂ. ૮) પોસ્ટેજ માફ.

કેટલોગ મફત મંગાવો.

સીરનામું:—

"અમૃતબિન્દુ"—આફીસ

નડિયાદ

રવિકાન્ત ભાગ ૧લો.

સન્માર્ગ દર્શક—સુબોધમય, રસમય, ધાર્મિક, નીતિમય ગ્રંથ, સદરહુ પુસ્તક સરકારી કેળવણી ખાતા તરફથી લાયબ્રેરીને માટે મંજુર થયેલ છે. તેમજ સાક્ષરોના તથા વિદ્વાન્ સજ્જનોના તથા પેપરો તેમજ માસિકોના એડટરોના ઉત્તમ અભિપ્રાય મળેલ છે. પુસ્તકનું સાઈઝ-સારા સફેદ ગ્લેઝ સી-તેર રતલી કાગળ સુપરરોયલ બાર પેજી ફરમો પૃષ્ટ ચાલુ પૈકા ટાઇપના ૪૨૦ સોનેરી નામોવાલું પાકું પૂઠું કીં રૂ. ૨) પો. સાથે. હિન્દુસ્તાન બહારવાળાની કી. ૨-૪-૦ પો. સાથે..

ગુ૦ ટ્રે૦ કૉલેજના લેઇટ પ્રો૦ મે૦ ક૦ પ્રા૦ ત્રિવેદી-પુસ્તક ઉત્તમ પ્રકારના સદબોધને આપવાવાળું છે. ગ્રંથકારે ચંદ્રકાન્તના લેખકની શૈલી આદરી છે. દાન ભક્તિ, પરોપકાર, કર્મ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઇત્યાદિ વિષયોનું વિવેચન ઘણુંજ રસિક અને અસરકારક રીતે કર્યું છે. જીવનયાત્રા સફળ કરવાનો ઉત્તમ માર્ગ દર્યો છે તેનું આમાં બહુ સારી રીતે પ્રતિપાદન કર્યું છે. કર્મ, જ્ઞાન તથા ભક્ત અન્યોઅન્ય કેવો સંબંધ ધરાવે છે તે ગ્રંથમાં સ્પષ્ટ કર્યું છે. દરેક પાનામાં જીવનને સદ્‌લક્ષણી અને સુખમય કરવાનો માર્ગ જોવામાં આવશે.

અમદાવાદના આ૦ જજ મે૦ મા૦ ઝ૦ યાજ્ઞિક-આ પુસ્તક યુવાન કિંવા સ્ત્રી હરકોઇને અતિ ઉપયોગી થઇ પડે એમ છે. તેની શૈલી સરલને રસમય છે. જે કારણને લઈને મનુષ્ય સદપુરૂષાર્થને પંથે વળી પોતાની ઉન્નતિને સાધી શકે તેનું આમાં બહુ સારી રીતે વિવરણ થયેલ છે. તેના દરેક વિષય દાખલા દ્રષ્ટાન્તથી યથાર્થપણે સમજાવ્યા છે. આ પુસ્તક સર્વાંશે બોધક હોઇ વાંચનારને તેનું કલ્યાણ થાય તેવા માર્ગે પ્રેરે તેમ તથા પ્રભુ પ્રત્યે શ્રદ્ધા ને ભક્તિભાવ ઉત્પન્ન કરે એમ છે.

મે. સાક્ષર શ્રી ન૦ પુ૦ સંઘવીજી-આ પુસ્તકમાં નીતિ વૈરાગ્ય અને ભક્તિના વિષયો ઘણાવિસ્તારમાં લીધેલાં છે. ઘણાં પુસ્તકો વાંચીને તથા પોતાની પણ મત વાપરીને કર્તાએ આ પુસ્તક રચ્યું છે. આવાં પુસ્તકો અભ્યાસ માટે-ઉન્નતિ માટે ઘણાં લાભકારક છે.

હુ૦ ડે૦ કલેકટર મે૦ મ૦ અ૦ ઠાકોર-આ ગ્રંથ ઉત્તમ પ્રકારના સદબોધથી યુક્ત છે. તેમજ રસમય તથા અસરકારછે. તેના વાંચનથી આનંદ સાથે જ્ઞાન મળે એમ છે જેથી સદ્‌વર્તન શીલ સદપુરૂષાર્થી બની સુખી થવાય તેવા સાધનોનું આમાં બહુ સારી રીતે વિવારણ થયેલ છે.

સાહિત્ય માસિક-સદરહુ પુસ્તકમાંથી દરેક વ્યક્તિને ઇશ્વર સંબંધી નીતિ સંબંધી વ્યવહાર સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય એમ છે.

જૈન એડવોકેટ-સદરહુ પુસ્તકના વિષયોનું એવું તો ઉત્તમ પ્રકારે વિવેચન થયેલ છે કે વાંચકના મનમાં તેની ઉંડી છાપ પડતાં તે વિષેનો શાન્ત-ગંભીર અને મીઠો બોધ મુમુક્ષને મળી શકે એમ કહેવું ઉચિતજ છે. તેમજ મુમુક્ષ-જીજ્ઞાસુને પોતાની જીજ્ઞાસા પુરાય એવી મહત્વની બાબતોનું દર્શન કરાવનાર આ પુસ્તક છે.

આ શિવાય વિદ્વાન સજ્જનોના પણ આ પુસ્તક વિષે સારા અભિપ્રાય મળેલ છે. પરંતુ સ્થળ સંકોચને લીધે પ્રકટ થોડાક જનોનાજ અભિપ્રાયનું ટુંક ટાંચણ અત્રે દર્શાવેલ છે. સદરહુ પુસ્તક અમારે ત્યાંથી અગર બુકસેલરોને ત્યાંથી મળશે.

ચુનીલાલ નરભેરામ દેસાઈ ઘાસીરામની પોળ અમદાવાદ.

પટેલની કંપનીના નાણીયા રેટ

ખેતીમાટે

પાણીનું સસ્તુ સાધન છે

જેની ઉત્તમતાને માટે વડોદરામાં ભરાયેલા પ્રદર્શનમાં ઉંચા પ્રકારનો

ચાંદ તથા સરટીફીકેટ મલ્યાં છે

સૌથી ફાયદાકારક મજબુત સસ્તા અને સાદા છે.

એન્જીનથી અને બળદથી ચાલે છે એક બળદથી બે કોસનું પાણી આપે છે અને એન્જીનથી ચલાવો ત્યારે બીજા કોઈપણ જાતના પંપ કરતાં અડધો અડધ ઓછા હોર્સ પાવરથી ચાલે છે.

૧ થી ૮૦ ફુટ ઊંડા કુવામાંથી પાણી પ્રદે છે અને એકથી આઠ કોસનું પાણી આપનાર નાના મોટા તૈયાર મલે છે. કીંમત રૂ. ૧૫૦ થી ૫૦૦ વધુ ખુલાસા માટે રૂબરૂ મળો યા લખો.

અંબાલાલ એસ. પટેલની કંપની.

દરેકજાતના પંપ અને એન્જીન વેચનાર તથા દુરસ્ત કરનાર

૬૦ દરીયાપુર, નાની સાલેપરી—અમદાવાદ.

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ, એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

મંદાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય. કબજીયત રહેતી હોય અને Dyspepsiaનો અકસીર ઈલાજ. ૧ રતલની બાટલીની કીમત રૂા.૧.

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનાર આ ઔષધ સમગ્ર હિંદમાં પ્રસિદ્ધ છે. અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે. ૧ રતલ ૧ની બાટલીની કી. રૂ. ૨॥

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ ઈનામ.

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા આપીશું. ચોથીઓ તાવ નથી ઉતરતો એવું સાબિત કરનારને રૂ. ૧૦૦) ઈનામ આપીશું ઠબી ૧ ની કિ. રૂ. ૧–૦–૦ ખાસ પરેજ નથી.

શક્તિ સજીવન.

શક્તિ સજીવનમાં શક્તિ લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવુ સાબત કરનારને રૂ. ૧૦૦) સો ઈનામ આપીશું. શરીરના તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. ઠબી ૧ ની કિ. રૂ. ૨–૮–૦ પરેજ નથી.

ધાતુ વિકાર.

ભયંકર દરદોથી બચવું હોય અને તમામ દરદોની દવાથી માહેતગાર થવું હોય તો એક પૈસાનું કાડ લખી ધાતુ વિકારનું પુસ્તક મફત મંગાવી લેવું.

વૈદ્ય શા. ગીરધરલાલ ઠાકોરજી

મું. ધોળકા જી. અમદાવાદ.

લોકહિતાર્થે માત્ર લાગત કિમત નીકળતા

ઉત્તમ અને સસ્તા ગ્રંથ

રોયલ આઠ પેજી મોટા ગ્રંથો.

ગ્રંથનું નામ.	પૃષ્ઠ સંખ્યા.	મુલ્ય.
યોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં	૨૮૦૦	૬,
શિવાજી છત્રપતિ, ઉત્તમ મોટું ચરિત્ર	૩૫૦	૧,
શાન્તિપર્વ મહાભારતનું	૮૫૦	૨॥
ભગવતી ભાગવત અથવા દેવી ભાગવત	૯૫૦	૨॥
આર્યભિષક વૈદક ગ્રંથ નવી સુધારેલી આવૃત્તિ	૬૦૦	૨,
રાજસ્થાનનો ઇતિહાસ ભાગ ૧લો મેવાડ	૮૦૦	૨॥
દાસબોધ નવીન ભાષાન્તર.	૪૦૦	૧

નાના કદના ઉત્તમ અને સસ્તા ગ્રંથો.

ભગવદ્ગીતા શ્લોક તથા અર્થ સહિત ૦)૬, પાકું પૂઠું ૦)૯, રૈણમી ૦) સદ્‌ગુણી બાળકો ૦) બાળકોની વાંતો ૦)૬, બાળસદબોધ ૦)૬ ભજનસાગર ૦)૮ એકાદશ સ્કંધ ટીકા મનહર પદ ૦)૧૫

પોસ્ટેજ જુદું વિગતવાર સૂચિપત્ર મુફ્ત.

વિવિધ ગ્રંથમાળાના ચાલુ સં. ૧૯૭૩ના ગ્રંથો–સ્વામી વિવેકાનંદનો ઉ પદેશ ભાગ ૩જો, અમેરિકાનો પ્રવાસ (આ બે ગ્રંથો તૈયાર છે); અંગ્રેજી નિબંધ વલિ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનો દશ વર્ષનો હિસાબ અને રિપોર્ટ. વિવે સ્વામીજીના સદુપદેશ ભાગ ૪ થો (આ પુસ્તકો છપાય છે), છેવટનું પુસ્તક પણ ઉત્તમજ પસંદ થશે. કુલ પૃષ્ઠ ૨૦૦૦, વાર્ષિક મૂલ્ય રૂા. ૨, પાકાં પૂઠાં સાથે રૂ. ૩. પોસ્ટેજ વધ પડશે થતાં સુધીજ માફ. તે પછી જુદું.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. } કાલબાદેવીરોડ મુંબઇ–૨
સેલ્સ-સર્કલ. પ્રેસ–ખેમદાવાદ.

પ્રસિદ્ધ કલાકાર તાંત્રી દોલતરામ દલછારામ દેશાઇ, સત્સંગ ફોટોગ્રાફ સ્ટોર્સ–સુરત. સુરત ઇલેક્ટ્રીસિટી પ્લાન્ટ, તાજેતર ખોલી ગોળ, લક્ષ્મીનારાયણની ચાલીમાં આવેલા "ન્યુ વિજય

ઇનામો ! ભેટો !! ઇનામો !!!

દર માસે રહસ્યપૂર્ણ, નીતિમય ઐતિહાસિક, સામાજિક, હીટેકટીવ અને ધાર્મિક વાર્તાઓ, રસમય મનહર કાવ્યો, અજાયબીના વિષયો, જીવન ચરિત્રો, ઇનામની હરીફાઇઓ, વિનોદ કુંજ વગેરે સાથે પ્રગટ થતી

પુષ્પહાર વાર્તામાળા.

ગુજરાતના જાણીતા લેખકોની કર્મકારી કલમથી તા માર્ચની ૨૦ સંપૂર્ણ વાર્તાઓ કાવ્યો, વગેરે સાથે ૩૭૦ પૃષ્ઠનાં સાત પુષ્પ પ્રગટ થઇ ગયા છે. કેટલા ઇનામોની હરીફાઇ. આ સર્વ છતાં વાર્ષિક લવાજમ—

માત્ર રૂપિઓ એક.

પોસ્ટેજ સાથે. વી. પી. અર્થ એક આનો જુદું. ચાલુ માસમાં ગ્રાહક થનારને "ગૃહલક્ષ્મી" નામે સચિત્ર નોવેલ ભેટ તુરતજ આ પત્રના નામ સાથે લખોઃ—

"પુષ્પહાર" વાર્તામાળા ઓફીસ,—સુરત.

ખાસ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી દવાખાનું કયા છે !

દેશી ઔષધાલય

ઝાંપાબજારની બરાદી શેરીને નાકે

તમારે દેશી દવા વાપરવી હોય તો મળો. તમને દરેક રોગની દેશી દવાઓ મળશે. તથા ખાત્રી પણ થશે માટે આજેજ નાહીપાશા ન થતાં અને એક વખત આવી મુલાકાત લ્યો

સસ્તું સ્વાસ્થ્ય થશે. માટે

પ્રસિદ્ધ કરનાર તબીબી દોલત,
સુરત ઝાંપાબજાર નાકલા, નાસા ઇન્ડિયા.

દમ, હાંફ ઉમુઝણના

પ્રખ્યાત વૈદ્ય

તરફથી જાહેર ખબર આપવામાં આવે છે કે હમારા દવાખાનામાં આંખના તમામ રોગની દવા મળનાર પસેથી ફી લેવામાં આવતી નથી. સેકડોબંધ આંખના દરદીઓ સારા થઇ ગયા છે, તેના હમારી પાસ આવી પુરાવા જોઇએ તેટલા મોજુદ છે. તેમજ દમ હાંફ, ઉમુઝણ, ઉધરસ ગમે તેટલા જુના હોય તો પણ દિવસ બારમાં આરામ કરીએ છીએ. વીસ થી ૨૫ વર્ષના જુનામા જુના દમ હમોએ સાજા કરેલા છે. તેના દાખલા તથા સરનામાં હમારી પાસે છે. જેથી આપને ખાત્રી થશે, (લોક અને મજાના) ભલા વાસ્તે આ જાહેર ખબર છપાવવાની જરૂર પડી છે.

ફી માટે યોગ્ય લખવું કરી છે.

સુરત ભાગીનરપરા કમારાશેરીમાં

આયુર્વેદાચાર્ય વૈદ્ય શ્રીયુત શંકર ભાઇશંકર જોશી

પુસ્તક ૯મું. અંક ૫ મો.

સત્સંગ.

માર્ગશીર્ષ. સં. ૧૯૭૪.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

લાયબ્રેરીઓને "સત્સંગ" મફત.

શ્રી જીવદયા જ્ઞાન પ્રચારક ફંડ તરફથી મળેલી મદદને આધારે લગભગ ૬૯૦ લાઇબ્રેરીઓને 'સત્સંગ' ફકત પોષ્ટ ખર્ચથી આપવાનું નકકી કર્યું છે.

કાર્તિક સં. ૧૯૭૪ના અંકમાં જણાવ્યા પ્રમાણે ૪૨૬ લાઇબ્રેરીઓનાં નામ નોંધાયા છે.

આ અંક નીકળતાં સુધીમાં બીજી ૩૭ નકલની માગણી થઇ છે. તેમાં ત્રણની માગણી નામંજુર રાખી ૩૪ લાઇબ્રેરીઓને મોકલવા શરૂ કર્યું છે.

એકંદર ૪૬૦ લાઇબ્રેરિઓ નોંધાઇ છે.

હજી ૧૪૦ લાયબ્રેરીઓને આ લાભ મળશે.

તંત્રી.

સ્વપ્ન સંયમ.

(લેખકઃ—મગનભાઈ રણછોડજી દેશાઈ પલસાણાકર—રંગુન.)

હરિગીત.

(૧)

વિહરે સ્વછંદે શ્યામ વાદળ જ્યોમમાં અથડાય છે;
નિસ્તેજ હાલત જોઈને રે ! ચંદ્ર દિલ દુભાય છે.
રે ! પહાડનાં શિખરો કહીં વિચારમાં વીંટળાય છે;
કાં ચંદ્ર હાલત તેજ હીણ શી દુર્દશા આ થાય છે ?

(૨)

ઉદય પછી છે અસ્ત હા, ચડતી પછી પડતી અરે.
અંધકારની છાયા રહે, ઘણેતા દીવા પાછળ અરે.
અનુભવ અરે એ રીતનો નિશ્ચય થયાને થાય છે
તોપણ સમજ શક્તિ તણાં નવ દ્વાર કદી ખોલાય છે.

(૩)

કંઈ પૂર્ણમાં પળશું પછી સહુ કાર્યથી નિવૃત્ત થશે ?
પણ ભાન કંઈ રહેતું નથી કે હયું પછી શું શું થશે ?
શક્તિ નથી કંઈ કોઇને જે ચિન્તના છેદન કરે;
તો આવી પછી નીજ દેહનો લાંબો ભરોસો તે કરે.

(૪)

કેવા સમજવા તેહને જે કાલની વાતો કરે,
એવી રીતે આ ભવ ચિરો તે ધર્મ કાર્યે ઢીલ કરે
નિરખ્યોપૂનઃ આ ચંદ્ર નિજ પ્રકાશને ફેંદી રહ્યો;
ને જ્યોમનાં સૌ તારલામાં શ્રેષ્ઠ તે ઝળહો થયો.

(૫)

આ શું થયું ? આ શું થયું ! એ તારલો ક્યાં જઈ પડ્યો.
પડતરી થતાં તેની હતો, તે નહી હતો એ થઈ રહ્યો.
એવી દશા છે સર્વની, રાજા મહિપતિ હો ! ભલે,
જરજનેર વળી સત્તા વિશે જે ગર્વમાં ફૂલ્યા ફરે.

(૬)

નિર્જમાન મોટા ભાંગતા કે વાતમાં રાજી હતા,
મ્હોટાઇ ગણુતાઓ મહી આજે અરે ક્યાં જઈ ચડ્યા
જોજે હતા તે નહી હતા આજે થયા કાં પરદેશી;
પણ નામ તેનું છે અગર જે ધર્મમાં ચૂસ્ત રહ્યા.

(૭)

તુલસી અને નરસિંહનાં કાજે અમોલાં જે લખ્યાં;
વળી રામદાસ મીરાતણાં, એક એકથી ચઢતા ચડ્યાં.
એ નામ લેતાં ભાતનાં, એક દિવ્ય તેજ દ્રષ્ટી પડ્યું;
અભિમાન સર્વે તો ગળ્યું જ્યાં તેજ તે દ્રષ્ટી ચડ્યું.

(૮)

સ્તબ્ધ હવો હું જોઇને તે દિવ્ય તેજ પ્રભાવને;
વળી તેજ મધ્યે એક મૂર્તિ આવતી ધીમે ધીમે.
કરુણા થઇ જગદીશની, દર્શન અનૂપમતો થયાં;
દ્રવી હરત સેવક રંકના, પ્રભૂચરણમાં જઇને પડ્યા.

(૯)

નિશ્ચય થયો પછી માહરો એ પ્રાપ્ત પદ નવ છોડવું;
આ જીવન આખું જગજીવનનાં નામ મહીં બસ જોડવું.
વત્સ ! કહી મમ કર ગ્રહ્યો હું હર્ષ ભર ઉભો થયો;
હસ્ત જોડી કરુણ સ્વરથી સ્નેહ ભર હરીમુ વદ્યો.

(૧૦)

આપે કહ્યું અર્જુનને ગીતા મહીં એવું અરે !
દર્શન મારાં દોહલાં કોટી પ્રયાસે તે મળે.
દોહલાં દર્શન અરે ! કોટી પ્રયાસે અપ્રાપ્ત જે;
તે હાથથી સાને તજુ કિંચિત પ્રયાસે જે મળે.

(૧૧)

" હે બાળ ! તુજ હૃદય ઊંચ-વળી ભાવ સહીથી શુદ્ધ છે;
છે સમજ શક્તિ શ્રેષ્ઠ પણ-ગમ ભાવ નવ સમજી શકે.
તે ભાવમાં છે ધર્મ તત્વ ગુપ્ત શક્તિ જાણ તું;
સ્વધર્મ સમજી જે શકે તેનો અરે ! હું દાસ હું.

(૧૨)

તેવા જનોને તિર્થયાત્રા વન નહી ભમવું પડે,
વળી મંત્ર જાપ્યનુ અરે કિંતુ જરૂર કદી નવ પડે.
હૈયારમાં જે કુશળ રહી ને ! શુદ્ધતાથી હું ભજે;
તેવા જનોની સેવામાં, મારે સદા વસવું પડે.

(૧૩)

આ વિશ્વમાં હું એક છું, આ વિશ્વ આખું હુંજ છું;
છે વાસ મારો સર્વમાં રજ રજ મહીં હું છું ભમુ
ઈ મૂર્ખ માનવ જે અરે! તે મોહમાં વશ થાય છે
ચોરાશીના ફેરા મહીં, નિશ્ચય અરે! અથડાય છે.

(૧૪)

તે માર્ગ સાચો છે ભૂલ્યા માર્ગે ચડયા અવળા અરે
અને તેજ માર્ગે ચાલીને મળવા મને તેતો મથે
રે! ઠરણ રવરથી હું વધે! "અહીં ધર્મ માર્ગ અનેક છે.
આપે કહ્યુલ્યું છે અરે! એ ભૂલ અહીંતો થાય છે.

(૧૫)

કૃપા કરી આ રંક પર, માર્ગ બતાવો તો કંઈ;
જેથી કરીને સર્વનું કલ્યાણ થાયે રે! અહી.
માર્ગ નથી શું એ તણો કે આપનું કાર્ય નહીં;
વિસ્તારથી મને એ કહો કે શાંત થાઊં હું જરી."

(૧૬)

મમ કર ગ્રહ્યો પ્રભૂએ અને રે! સાથમાં લીધો ખરે!
કંઈ અપૂર્વ શક્તિ આવતાં, આકાશમાં ઊડતો અરે!
પહોંચ્યા અને ગીરીશૃંગપર છોડાયો અરે! જે કર ગ્રહ્યો;
આજ્ઞા કરી પ્રભૂએ પછી, "હે વત્સ અવલોકો હવે!

(૧૭)

વિસ્મય હવો તે જોઈને કૈ સૃષ્ટી નજરે આવતી;
રજ પણ ફરક ત્યાં છે નથી જે સ્વર્ગની કહેવાતી.
પણ દ્વેષ ત્યાં દીસે નહી સ્નેહ શૃંગ ત્યાં નજરે પડે,
છે ભાવ ભાવનું સ્થાન એ સહી સંગમાં સઘે રહે.

(૧૮)

તપના પ્રભાવે પુણ્યનો, પ્રકાશ વહે તો હોય જેમ;
જળધારા વહે પર્વત તણી જળપ્લવની કરતી હોય તેમ.
કલ્લોલ કરતાં પક્ષીઓ સૌ ઝૂલ્યામાં ઊડી રહ્યાં;
વળી કેટલાં સરિતા તટે, કલોલ કરી બેસી રહ્યાં.

(૧૯)

હરણો અરે કંઈ રામરંગી, કિલકિલાટ કરી રહ્યાં
ગજ, કેસરિને ગામ બકરી, રે! સાથમાં વિચરી રહ્યાં.
રે! માનવી મહાનંદમાં સૌ મસ્ત થઈ ફરતા હતા
ઈર્ષ્યા અને વળી દ્વેષ આદિ દુઃખથી મુક્ત હતાં

(૨૦)

મારૂં અને તારૂં વળી કંઈ ભેદભાવ હતો
એક માના બાળકમ સૌ સાથમાં રહેતાં
સ્વયં વર્યના બંધુ બાળકો કંઈ ઘરે સર્પો
વળી સિંહ વ્યાઘ્રાદી ઊપરે સ્વાર થઈ ફરતા

(૨૧)

કંપી અરે! કાયા મમ, થરથર નિહાળીમા
ગભરાટમાં હરીમુ વધ્યો "શું થાય છે પ્રભૂ આ
પછી હર્ષભર હરિ તો વદ્યા, એવું નથી કંઈ બાળ અહો
નિચતા નથી એવી અરે! આ દેશ-પવિત્ર જણ

(૨૨)

રે સર્વ પોતા વત્ ગણી સહુ સાથમાં વિચરે અને
નુકશાન કરતો કો'નથી, સૌ રહામ અહીં કરતા
અન્ય તણું ભલું પ્રચ્છીને આનંદ તેમાં મા-
રે! માનવી સૌ અહીં તણાં, હું તું કદી નથી જાણતા

(૨૩)

વસુધૈવ કુટમ્બકમ્ એ સર્વનો મંત્ર અહીં
વર્તન અરે છે સર્વનું એ મંત્રને લેખ રહ્યો
એ મંત્રની રહાયે કરી સૌ અહં બ્રહ્માસ્મિ થયા;
રે! હું અને મારૂં તજી, સહુ રાગથી મૂકત રહ્યા

(૨૪)

જે દેશનું દર્શન કરે, તે દેશ સ્વર્ગ કહેવાય છે
આ સ્વર્ગથી ઉતરે નહી, જે પૃથ્વી પર તુજ જન્મ છે
પણ સ્વર્ગ મારીનાં માનવી, એ પૃથ્વીપર દીસે બધા;
ને હાલ અવનતી જોઈવી, તે બાપ એ સૌનાં નાબૂદ

(૨૫)

જે પૂનઃ તેને પરમ પદ પર, લાવવા ઇચ્છો તમો;
તો હું અને મારૂં તજી એક કુટુંબ સમ વર્તન કરો
જોયો તમારી પૃથ્વી સારી, સ્વર્ગથી બેહતર થશે;
ને પ્રાણીઓ સૌ સ્વર્ગ કરતાં, બેહ સુખ ભોક્તા બને

(૨૬)

અંધકારથી બાહ્યુત હતો! એ શબ્દો કર્ણે તો પડયા;
બાહ્યુત થઈ હું જોઉં તો રે! પાંચના ટકોરા પડયા
રે! સ્વર્ગ સુખને પામતા છે સર્વ શ્રેષ્ઠ માર્ગ આ!
સત્વર મળો એ દિન સૌને સ્વર્ગનું સુખ માણવા

"તુંહિ તુંહિ રટ આનંદ."

તુંહિ તુંહિ રટ આનંદ
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
તુંહિ રામ હે, તુંહિ કૃષ્ણ હે–
તુંહિ લાલ મુકુન્દ,
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
કાશી તીર્થ ગિરનાર ગુફામેં–
મિલા ન પરમાનંદ
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
ભડક ભડક ગુરુરાજ ચરનમેં–
જબ આયો મેં રંક,
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
ગુરુને એકહિ શબ્દ શીખાયા–
વેદ પ્રણિત સોહમ,
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
તન કારી હે મન ગીરનારી–
ઘડિ ભૂલા અભમન્ત,
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
આત્મ જ્ઞાન પ્રસાદ પીલાયા–
તૂટ ગયા જમકંદ
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
પ્રાણી માત્ર જડ ચેતનમેં–
દિખલાયા પરબ્રહ્મ,
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.
ગર્જન નિશદિન એમ મંત્ર હમ–
સત્ ચિત્ ને આનંદ.
હે મન! તુંહિ તુંહિ રટ આનંદ.

અલખ મન્દિર
ગિરનાર
} "નલિનીકાન્ત"

અનન્ય પ્રેમ.

અનન્યાશ્ચિન્તયંતો માં યે જનઃ પર્યુપાસતે,
તેષાં સતત યુક્તાનાં યોગક્ષેમ વહામ્યહમ્ ॥

ભગવદ્ગીતા.

દુઃખ લઈ ભક્તે જાઓ ચડું કરી પણ આપને,
ઠીક કહી ગયાં આવો બીજે મળે નહિ લાગ જો;
વખત વહતાં જનનાં જણી થશે દુઃખ તાહરું,
ગૃહ લઇ જાઓ તેને તેથી ફરીથી ઉગાળીયું!
પય લઇ જઇ આપ્યું રાધા તણે કર ઉચ્ચુછ,
બળબળતું યે તેણે પીધું વદી મુખ 'કૃષ્ણુજી!'
તુરત તહીંથી આપી આવી અહા! કહેવા વળે.
'દુધ મુજ આ સાથી ભાગ્યા બળે મહિ એ બળે
પ્રભુજી વદતાં ભાગ્યા સર્વે કળા રહસ્યજ્ઞ ગજ
પય ઉનું પીધું રાધાએ ત્યાં બળે ઉર છે અહીં;
નિજ ભગતને થાતાં દુઃખો સહુ પ્રભુજી સહે,
યદુપતિ અને રાધા એ પ્રેમ અનન્ય છે!
મુજ ભૂલ થઇ થાયું જું હું ક્ષમા ચરણે મુકી *
નિજ શિર ધરી પૂરા પ્રભુ શરણે મુંકી!!

ઉદાગ્ર
તા. ૧૫-૧૨-૧૭
જનાર્દન વ્હાનાભાઇ
પ્રભાકર.

* રા. લલિતે કહેલાં એક કથાનક ઉપરથી.

હરિણી.

આનિયે મેટાવ્યો છે પ્રયત્ન કર્યા પછી,
ઉકળ્યા મૂકયું તોએ દુધ ઉકળ્યું નથી;
ભૂખી રાધા જાણી પ્રભુ બહુ કૂદતા,
ઘર ઉડી રહ્યા સાધુસમા પ્રભુ દીસતા!
સમિપ આવીને ભાગ્યા ઉભાં પ્રભુજી કને,
ઉકળતું દેવાને માટે પૂછે કપટી મને.
શ્રમ લહેો, લાવો, આવું નહિ તમને ઘટે,
મુખને કહેતે તો ન શું હું ઉકાળતે?
બહીં તો ભામા કર્યા થકી બળતી હતી,
ઉકળતું રાધા માટે હતી પૂરું જાણતી;
પૂછતાં "રાધા માટે" યદા પ્રભુજી કહે,
કહે છે આપી આતું જાય જ્યે તેડને!
નમતું જોને આખું પ્રભુ નમતા જોને,
મનવિષે ભામાજીને હતો અભિમાન એ;
મનમાં આવી લીલા પ્રભુ કરતા હતા,
દિનનો એનો એનો અભિમાન ઉતારવા.

બોળીરાજનો ભડભડાટ.

હોં ! શું ગયા ? હા ! અરે શું ગયા ? ! હાંરે હાં ગયા ગયા ! અરે પણ કોણ ગયા ? રે ગયા ! આપણા જાણીતા માનીતા લોકપ્રિય ! કાવ્ય રસીક ! પ્રધાન અરે ગુજરાતનો હીરો ! અને દેશ ભક્તો ધીરો ! કવીશ્વર જીવનરામ અજરામર ગયો ! સ્વર્ગે સીધાવ્યો ! પણ હું તો માનુ છું કે કાવ્યરસનાં અમી ઝરણા મુકી અમર થયા છે ? જુની ઢબના જે અત્યુત્તમ કાવ્યનો રસમય સ્વાદ ગુજરાત-કાઠીયાવાડને એઓશ્રીએ ચખાડયો તેજ ! બાકીનું સોએ સો ટકા સાચે લઇ ગયા છે ? અરે અરેરાટ એજ શોકાગ્નિ પ્રજળાવે છે. અરે પણ લોકો શા માટે એથી દીલગીર થતા હશે ? હાલમાં ગુજરાત-કાઠીયાવાડમાં કવીઓનો શું તોટો છે ?! ઘેર ઘેર કવી ! છાપરે છાપરે કવી ! અને રસ્તામાં રઝળતા મુફલીસો પણ કવી ! અને બાકીમાં રહેલો આ બોળીમહારાજ પણ કવી (કવો નહીં હં !) જ્યા જુઓ ત્યાંજ કવી !!! એ માટે તો આપણા ચેતા લોકપ્રીય રા. બોલ્યા જેપીને ગુજરાતીનાં દિવાળીના અંકમાં " કવીની કબ્રાલી " નામનું કાવ્ય રચી બહાર પાડવું પડયું હતું.

જ્યાં જ્યાં નજર મારી ચડે
ભાળું કવીનાં જુથડાં,
રવી અસ્ત થતાં તારલા
ઝગમગ કરે ગુજરાતમાં.
(ઇત્યાદી.)

જ્યારે કવીઓનાજ જુથો જણાય છે ત્યારે તેમાંથી એક કવી ગયો તો શું ?!! જાણે કાનભજુરાનો એક પગ તુટી ગયો તેથી શું તે લંગડો થયો ? !!

* * * *

પણ સજ્જન પ્રિય વાંચક ! કાનભજુરાનો એક પગ ન તુટતાંજ મચ્યુંજ તુટી ગયું તો શું રહ્યું ?! નિર્ભય ભોળું !! ત્યારે આ પણ તેવુંજ સમજવાનું. ગુજરાત-કાઠીયાવાડના કવીઓ તે બધે એક કાનભજુરો ! અને તેનું માયું તે કવીશ્વર જીવનરામ અજરામર તે ગયા ! બહકે તુટી ગયું એટલે શું રહ્યું ?! કંઇજ નહી ! છેલ્લા દમની નીશાની આપતા તડફડ કરતા રોટીયા રહ્યા !! ત્યારે બોલે કડીઓ કવીઓ પોતાના દીવામાં કવિ દરીયા ધસવતા હોય ! પણ આપણે તો નીર્ભય ભોળુંજ ગણીશું !!! અંતે એ ત્માના આત્માની સદા શાંતી ઇચ્છીશું !!!

* * *

જપાન ! જપાન ! જપાન ! ઉંચાની શિખર ઉપર જપાન ! આજે પોતાની સર્વ સંપૂર્ણ સાધનામાં રોકાએલું જપાન ! કોકેને આખેહુબ કબાનો નમુનો દાખે છે. જેના જપાનીસો બંતીલાં તેમજ ધર્મીલાં છે, તેવા એ લોકોના રિતરિવાજો પણ વિચિત્ર છે. પણ લેખકોએ એ લોકોના વિચિત્ર રિવાજને દર્શાવ્યા છે, તેમ હું પણ જાતે જોઇ તથા સાંભળી લખું તો શું ખોટું ?!!!

(૧) જપાનીસો જ્યારે પોતાના અસલ પહેરવેશમાં નિજુપિત થાય છે ત્યારે મરદ અને ઓરત કોણ ? એ એક મોટો સવાલ ઉભો પડે છે. તેવીજ હાલત બાંગડીઓની પણ છે!!!

(૨) જપાનીસ મજુરો પોતાનું તેમ પોતાના બાલીકનું તથા મજુરીએ રખાવનારનું નામ પોતાની ટોપી ઉપર તથા પીઠ ઉપર લખી રાખે છે !!

(૩) જપાનીઓનાં લગ્નનાં રિવાજ પણ ઘણા વિચિત્ર છે. માંબાપ કન્યા વરપક્ષ કરે છે ત્યાર બાદ છોકરાંઓની અનુમતી લેવાય છે. વળી લગ્ન કરાવનાર એક બ્રહ્મચારી માણસ રહે છે તેને જોકુ મરણ પર્યંત પોતાનાં મુરબ્બી સ્થાને ગણે છે અને છે એને તેના બોલીને ઉથાપતું નથી !!

(૪) જપાનમાં બહોળે વારતા કહેનાર બહુ જોવા છે, અને તેઓ પોતાનું ગુજરાત પણ એમાંથી સારી રીતે ચલાવી શકે છે !!

(૫) જપાનીસો પોતાના દેશને જનના જોખમે પણ સાચવે છે.

(૬) ગરીબોના છોકરાં પોતાનો બાંધીની તથા રહેઠાણની એક ગીરવી લખી આપી ભણે છે. જેથી રૂપીયા કડમાં કોઇની પણ રહાય લઇ શકે !!

(૭) જપાનીસો પોતાના ઘરમાં નોકરો ઘણા રાખે છે પરંતુ તેઓને ખોરાકી ઉપરાંત પગાર બહુજ આપવામાં આવે છે.

બોળીયારાજ.

વિવિધ વિષય.

ઘરમાં ફોન.

અત્યાર સુધી ટેલીફોનને અલૌકિક સમજતું હતું પણ હમણાં એક "ઘરમા ફોન" નામનું નવું યંત્ર નીકળ્યું છે, તેના સંબંધમાં એમ કહેવાય છે કે તે ટેલીફોનને બંધ કરી દેશે. આ યંત્રની શોધ ઇંગ્લાંડનાં એક શિક્ષક મિ. ડી. વી. લેંગ, જેઓ ઉટરેચટ વિદ્યાલયમાં કામ કરે છે તેમણે કરી છે આ યંત્ર ઘણું અમુલ્ય તથા ઉપયોગી થઇ પડશે વામ-રસેસ ટેલીગ્રાફમાં પણ એનો ઉપયોગ કરી શકાય છે. આમસ્ટરડામના અમેરિકન એલચીએ એના સંબંધમાં લખ્યું છે કે આ યંત્ર એટલું નાનું છે કે ગજવામાં ઘડીઆલની પેઠે રાખી શકાય છે. એના રિસીવર તથા ટ્રાંસમીટર એટલાં બધાં નાના છે કે તેને જોતાં આશ્ચર્ય થાય છે. નાનામાં નાની ઘડીઆલના આકારનું પણ બની શકે છે. યંત્રની નવાઇ એ છે કે તેમાં આજો બર્ચ થતો નથી. યંત્રમાં શબ્દો તદન સ્પષ્ટ અને શુદ્ધ સંભળાય છે. ટેલીફોનમાં કોઇ કોઇ વિદ્યુત તરંગોથી તાર ગરમ થવાથી પકડનારને ઇજા થાય છે આમાં તે ભય નથી. રિસીવર હલકો તથા સુન્દર છે, કે તે કાન સાથે ચોંટી જાય છે, અને સર્વ સ્પષ્ટ સંભળાય છે. હાથ લગાડવાની જરૂર રહેતી નથી. હાથથી લખતા જાય તથા કાનથી સંભળાય એવી સગવડ પણ રાખવામાં આવી છે. એમાં જે તારા જોડવામાં આવે છે તે ઘણોજ ઝીણો હોય છે. સાધારણ રીતે એનો ઉપયોગ ટેલી-ફોનની પેઠે થાય છે. કહેવાય છે કે જર્મન સમ્રાટ કયસર પાસે આવું ઘરમાફોન છે, જેથી તે યુદ્ધક્ષેત્ર પરની સર્વ વિગતો જાણી લે છે. શોધ કરનાર કહે છે કે થોડા દિવસમાં આ યંત્ર દ્વારા બહેરાં તથા મુંગા માણસો પણ સાંભળી શકશે.

ફરીદપુર (બંગાળ) માં રાત્રે સતું ઝાડ.

ફરીદપુર (બંગાળા) જીલ્લામાં એક એવું ખજુરીનું ઝાડ છે, જે સવાર થતાં પાંદડાં સહિત રસીયું-ઉભું થાય છે અને સાંજ થતાં ધીમે ધીમે તે નમતું જાય છે, અને છેવટે ઝાડ જમીન પર આડું થઇ જાય છે અને પાંદડાં જમીનને અડકે છે. આ પ્રમાણે દરરોજ થયાં કરે છે. પ્રસિદ્ધ વિજ્ઞાન શાસ્ત્રી સર જગદીશચંદ્ર બોઝે આ ઘટનાનું કારણ બે વાર તેની તપાસ કીધી. તથા એક ખાસ યંત્ર બનાવી તેની પરીક્ષા પણ કરાવી, જેથી માલમ પડ્યું છે કે વૃક્ષમાં રહેલાં કેટલાંક તત્વો કે જેનાથી આવી ક્રિયા થાય છે, તે ઘણાં જોરાવર છે. અને જે આકર્ષણથી તે નીચે નમે છે, તેનું ઘણું દબાણ (Pressure) છે. આ પ્રમાણે રાત દિવસ વૃક્ષનો સૂતા ઉઠવાના કારણની શોધ કરી છે. વૃક્ષમાં પણ ચેતન શક્તિ અવ-શ્ય છે, એની પણ આથી ખાતરી થાય છે. અને વૃક્ષોમાં ચેતનશક્તિ છે એવા ડૉ. બોઝના મતને પુષ્ટિ મળે છે. મનુષ્ય ગમે એટલો શ્રમ કરે તોપણ આ સ્થાવર જગતનો પાર પામી શકશે નહિ. દિનદિન નવીન નવીન ચમત્કારો આપણી આંખ સામે ખડા થતા જાય છે, અને મનુષ્યને ચકિત કરે છે.

પ્રાણ વાયુનો ભાર.

અમેરિકાનો ડાકટર મિ ડંકન મેક-ડોનલે એક મરણાસન્ન રોગીને ખાટલા સહિત ત્રાજ-વામાં પર સુવડાવ્યો અને વજન કરી લીધું બાદ જેમ જેમ રોગીનો દમ નીકળવા લાગ્યો તેમ વજન પણ ઠમી થવા લાગ્યું. દરેક કલાકે લગભગ પાંચ તોલા વજન ઓછું થતું ચાલ્યું રોગીના શરીરથી પસીનો નીકળી રહ્યો હતો એજ કારણ વજન ઓછું થવાનું હતું. પ્રાણ પંખી જ્યાં ઉડી ગયું કે ત્રાજ-વાની એક દાંડી ઉંચી થઇ ગઇ ડાકટર સાહેબે આ શોધ કરી બતાવ્યું છે કે રોગીના શરી-રના પ્રાણ વાયુનું વજન ત્રણ તોલા દશ માસ હતું જે લોક પ્રાણ વાયુને દ્રવ્ય માનતા નથી. તેમને હવે ખમવું પડશે

ખરા માનવી તરીકે આપણું કર્તવ્ય.

(આપણો ફરજનું જોડતું ભાન)

લેખક–શ્રી સદ્‌ગુણાનુરાગી મુનિ શ્રી કપૂર વિજયજી.

અતિ દુર્લભ મનુષ્ય જન્મ, ઉત્તમ કુળ, જાતિ, સર્વ ઇન્દ્રિય પટુતા, શરીર આરોગ્ય. દીર્ઘ આયુષ્ય, નિર્મળ બુદ્ધિ અને સત્સમાગમયોગે રૂડી શ્રદ્ધા પામીને આપણે આપણા આચાર અવશ્ય સુધારવા જોઇએ.

૧. સદૂએ સદાય શક્તિ અનુસારે યાચક સહિત સુપાત્રને દાન આપવું, દુઃખીને મદદ કરવી અને ઇન્દ્રિયોનું દમન કરવું.

૨. જેઓ પોતાનું મન નિર્મળ–નિર્વિકાર રાખે છે તેજ ખરા પવિત્ર છે. કેવળ જળસ્નાન માત્રથી પવિત્ર થવાતું નથી પરંતુ દયા, સત્ય, પ્રમાણિકતા શીલ અને સંતોષાદિક વ્રત અને તપ વડે પવિત્ર થવાય છે.

૩. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃતાકૃત્ય, ગમ્યાગમ્ય હિતાહિત અને ગુણદોષાદિકને સ્પષ્ટ સમજાવનાર વિવેકનીજ બલિહારી છે.

૪. સદ્‌બોધ દાતા ગુરૂનું પ્રાણાન્તે પણ અપમાન કરવું નહિ.

૫. માનવદેહની અમૂલક ક્ષણે સ્વપરહિત કરવા વડે સફળ કરી લેવી જોઇએ.

૬. રાગાન્ધ જીવ ગુણ દોષનું ઠીક પારખવું કરી નજ શકે. તેથીજ નિર્પક્ષ બનવું જોઇએ.

૭. વિષયાન્ધ જીવક્ષણિક સુખ માટે પોતાનું ભવિષ્ય બગાડી નાંખે છે.

૮. આહાર નિદ્રા અને વિષય તૃષ્ણા વધાર્યાં વધે છે અને ઘટાડ્યાં ઘટે છે.

૯. આળસ–પ્રમાદ સમાન કોઈ કટ્ટો શત્રુ નથી અને ઉદ્યમ સમાન સાચો મિત્ર નથી.

૧૦. મરણ સમાન કોઇ દુઃખી નથી અને નિસ્પૃહતા સમાન કોઇ સુખ નથી.

૧૧. સ્ત્રીનાં નખરાં (હાવ ભાવ) થી જે ન ક્ષોભાય ખરો શરવીર તેનેજ જાણવો.

૧૨. સદુપદેશ સમાન કોઇ ઉંચુ અમૃત નથી.

૧૩. કોઇની પાસે અંગત સ્વાર્થ માટે યાચના કરવી નહિ અને અન્યે કરેલી યાચના (ગેર વ્યાજબી ન હોય તો તે) નો ભંગ કરવો નહિ.

૧૪. અન્યની પ્રપંચ જાળથી બચવા સાવધાન રહેવું જોઇએ.

૧૫. સ્ત્રીચરિત્રાદિકથી લક્ષચ્યુત કે દગ્ધ નહિ તેજ ખરો ચાતુર.

૧૬. અસંતોષ એજ દારિદ્રય અને સંતોષ એજ અમીરાઇ—(સાચી માલેખી.)

૧૭. કુવ્યસનાદિક કલંકથી રહિત અને સદાચરણપરાયણ જીવન ગુજારવું એજ ખરું જીવન.

૧૮. છતી બુદ્ધિએ અભ્યાસનો અનાદર કરવો એજ ખરી જડતા.

૧૯. સ્વપરહિત કરવા સાવધાન રહેનારજ સદા જાગતો અને તેની ઉપેક્ષા–બેદરકારી કરનારજ સદા ઉંઘતો જાણવો,

૨૦. જીવની અજ્ઞાનતા એજ આકરો અંધકાર અને જ્ઞાન એજ ખરો પ્રકાશ.

૨૧. યૌવન લક્ષ્મી અને આયુષ્યનો વિશ્વાસ રાખી બેસવા જેવું નથી.

૨૨. ખરા સંત–સાધુજનોજ ચંદ્રના જેવી ખરી શીતળતા અર્પી શકે છે.

૨૩. પરવશતા–પરાધીનતાનેજ નરક સમાન લેખવામાં આવે છે. અને સ્વાધીનતા–સ્વતંત્રતાનેજ સ્વર્ગ સમાન માનવામાં આવે છે તેથી જોગ અને તેમ મન અને ઇન્દ્રિયોને કબજે રાખતાં શિખવું જોઇએ.

૨૪. સર્વ પ્રકારની વિષય આસક્તિ તજવી એજ સર્વ સુખનું મૂળ છે.

૨૫. સ્વપરને હિત-કલ્યાણ રૂપ થાય એવું પ્રિય અને પથ્ય તેજ સત્ય.

૨૬. જેવી રીતે આપણને સુખ પ્રિય છે તેમ સહુને પ્રિય હોયજ.

૨૭. જેવી રીતે આપણે દુઃખથી ડરીએ છીએ તેમ સહુ કોઇ દુઃખથી ડરેછેજ.

૨૮. ફળના બદલાની ઇચ્છા રાખ્યા વગર જ દેવાય તે દાન ખરું.

૨૯. પાપથી પાછા નિવર્તીને સુખ (ધર્મ) માં જોડે તેજ ખરો મિત્ર.

૩૦. શીલ-સદાચરણ એજ ખરું ભૂષણ અલંકાર.

૩૧. મનને મોકળું મૂકી, આકાશમાં કિલ્લા બાંધવા તેજ અનર્થનું મૂળ.

૩૨. સર્વ કોઇનું એકાન્ત હિત ચિન્તવન તેજ ખરી મૈત્રી.

૩૩. દુઃખી જીવોને તનથી મનથી વચનથી અને ધનથી દુઃખ મુક્ત કરવા દરેક રીતે પ્રયત્ન કરવો-કરાવવો અને તેમને સન્માર્ગે ચઢાવવા એજ ખરી કરૂણા કે અનુકંપા જાણવી.

૩૪. સુખી કે સદ્‌ગુણીનું દેખીને કે સાંભળીને રાજી-ખુશી થઇ તેવા સુખી કે સદ્‌ગુણી થવા બનતો પ્રયત્ન કરવો તેજ ખરો પ્રમોદ.

૩૫. નિર્દય-કઠોર કામ કરનાર ઉપર પણ દ્વેષ નહિ કરતાં તેને કર્મ વશ સમજી, બીજાં હિતકાર્ય સદ્‌ભાવથી કર્યા કરવાં તે સમભાવ.

ઇતિશમ્

કુદરતી જીવન—આરોગ્યનું રહસ્ય.

(શ્રી સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કપૂરવિજયજી.)

Drink Solids—કઠણ પદાર્થને ચાવી રસ રૂપ કરી પછી ગળે ઉતારવા.

Eat Liquids—પ્રવાહી પદાર્થોને કઠણ પદાર્થની પેઠે મુખમાં સારી રીતે વાગોળ્યા પછીજ તે ગળે ઉતારવા.

સ્વચ્છ હવા પાણી એ આરોગ્ય સાચવવામાં ઘણીજ મદદ કરે છે જે પાણી અસ્વચ્છ-મલીન જેવું દેખાય તે ફીલ્ટર કરવાથી અથવા ઉકાળેલું વાપરવાથી શરીરને નુકશાન કરી શકતું નથી.

ઝાડા, પેશાબ વિગેરે મળની અશુચિ એક સ્થળે વધારે જમે થવાથી તેમાં કૃમિ થતાં જીવ જંતુ પેદા થવાથી હવામાં બીગાડો થાય છે. તેથી જેમ બને તેમ તેવી અશુચિ એક સ્થળે જમા થવા દેવી નહિ.

એક સ્થળે અશુચિ જમે થતી હોય તે સ્થળે પેશાબ કરવો નહિ તેમજ મળ-નિસર્ગ કરવો નહિ. જે જગો સ્વચ્છ હોય તે સ્થળે જઇને પછીજ તેમ કરવાથી શરીરમાં રોગાદિક બિગાડ થતો અટકશે. શરીરને જેમજ મનને હદ બહાર બોજા રૂપ થાય તેવું કામ જલ્દ ઉપરાંત ન કરવું કેમકે એથી તનમનથી કાયમનો લેવાતો લાભ કદાચ અટકી પડે તીખાં તમતમતાં બનાવેલાં ખાનપાનથી પરહેજ રહેવું કેમકે તે ધીમે ધીમે હોજરીને (પાચન શક્તિને) કમજોર કરી બદહજમી પેદા કરે છે. ચા, કાફી અને એવાજ માદક પદાર્થોથી જેમ બને તેમ જલ્દી દૂર રહેવું કેમકે એવા પદાર્થ વીર્યને તાવી નાંખી વીર્યહીન-કમ તાકાત બનાવે છે. સાત્વિક પ્રકૃતિ પેદા કરવા અને સાચવી રાખવા ઉપર જણાવેલા પદાર્થો ઉપરાન્ત રજોગુણ અને તમોગુણને પેદા કરનારા ખાટાં, ખારાં અને તીખા રસ વાળા પદાર્થોથી ખાસ પરહેજ રહેવા પ્રયત્ન કરવો જોઇએ. યથાયોગ્ય શરીરની કસરત, તથા મનની કસરત વિચાર શક્તિ [illegible] પ્રમાણથી તન મનનું આરોગ્ય ઠીક સચવાય છે. અને જે બીજાનું પણ જાન હે. ચોખ્ખા હવાપાણીનું સેવન કરવાથી તથા સૂર્યસ્નાન (Sun bath) સર્વાંગે કરતા રહેવાથી ઘડીલા રોગો પણ દૂર થાય છે, શરીર નિરોગી થાય છે. અને આરોગ્ય સચવાઇ રહેવા ઉપરાન્ત ભારે શાન્તિ પ્રગટે છે. દરેક ઋતુ યોગ્ય શીત તાપાદિ સહન કરવાની ટેવ પણ આરોગ્યવર્ધક છે.

ઇતિશમ્.

*માંસાહારી અને વનસ્પત્યાહારી. (સંવાદ)

(લેખક-Minochor K Spencer, Karachi.)

માંસાહારી—તમે શાકાહારી લોકો ચક્રમજ છો. જ્યારે કુદરત પોતેજ માંસના ખોરાકપર રહેવું કાયદેસર ગણવા પુરતી સાબીતીઓ આપે છે, તો પછી માંસાહાર વિરૂદ્ધ બોદું ધર્મ યુદ્ધ જગાવવું એ કેવી મુર્ખાઇ?

શું પક્ષીઓ ઘાડા ખાઇને નથી જીવતાં? શું વરૂ અને શિયાળો મેદાંના જનવરોને પોતાનો ખોરાક નથી બનાવતાં? અને શું દરીયામાં રહેનારાં પ્રાણીઓ એક બીજાને મારી ખાઇ ગુજરાન નથી ચલાવતાં?

સ્વરક્ષણને માટે બીજાને મારવું એ કુદરત પોતેજ શીખવે છે. વૃક્ષો પણ માંસાહારી હોય છે. એ તમે નથી સાંભળ્યું? એવા ઝાડપણ હોય છે કે જે પોતાના સપાટામાં આવતાં નાના જીવડાંઓ વિગેરેને પકડીને ખાઇ જાય છે.

શાકાહારી—વૃક્ષો માંસાહારી હોય છે. તેનું કારણ વિજ્ઞાનીઓ એમ આપે છે કે વૃક્ષોને "નાઇટ્રોજન નામની હવા જીવન ટકાવી રાખવા માટે જરૂર છે. અને એ "નાઇટ્રોજન દરેક જાતનાં પશુ પક્ષીઓમાં પુષ્કળ હોય છે. હવે જે માંસાહારી ઝાડની તમે વાત કરો છો તે ઘણુંખરૂં રેતીના રણો અને પત્થરની જમીનમાં ઉગે છે કે જ્યાં જરાપણ નાઇટ્રોજન મળી શકતો નથી, અને તેથી કરીને આ વૃક્ષોને જીવ જંતુ પકડવાં પડે છે

વિજ્ઞાનીઓનું કહેવું છે કે "આ છોડોને જો પુષ્કળ "નાઇટ્રોજન" મળી શકે એવી જમીનમાં રાખ્યા હોય અને છતાં પણ જો માંસ અને જીવજંતુ ખવડાવ્યાં હોય તો તે છોડો મૃત પ્રાયઃ થઇ જાય છે."

હવે જે માંસાહારી પ્રાણીઓને માટે તમે વાત કરો છો તેને માટે તમારે એ ધ્યાનમાં રાખવું જોઇએ છે કે, માણસ અને પશુને કુદરતેજ જુદાં બનાવ્યાં છે. અને તમે જે માણસને પશુનો વ્યવહાર બતાવવા માંગો છો તે બની શકશે નહીં.

માંસાહારી—શું માણસને માંસાહારી પશુઓની કોટીમાં નહીં ગણી શકાય?

શાકાહારી—એ હવે શાસ્ત્રીય રીતે સિદ્ધ થયેલી બાબત છે, કે માણસ ફળ ફુલાદિ ખાનારૂં પ્રાણી છે. જેના પુરાવા માટે હું તમને કેટલાક વિદ્વાન વિજ્ઞાનીઓના અભિપ્રાય કહી બતાવીશ.

"લીનાકસ (Linnaeus) કે જેના પ્રાણીવિદ્યાના સિદ્ધાંતો સર્વમાન્ય છે તે મનુષ્યને આંચળવાલા પ્રાણીઓમાંના સર્વ શ્રેષ્ઠ પ્રાણી તરીકે ગણે છે. તે મનુષ્યને પુછડી વગરના વાંદરાં (Apes) ની સાથે સરખાવે છે કે જેની શારીરિક રચના મનુષ્યને ઘણીજ મળતી આવે છે અને જેનો કુદરતી ખોરાક ફળ ફળાદિજ છે.

પ્રોફેસર બેરન કયીયર (Prof. Baron Cuvior) જણાવે છે કે મનુષ્ય ફળાહારી પ્રાણીઓને દરેક રીતે મળતું આવે છે અને માંસાહારી પ્રાણીઓને કોઇપણ રીતે મળતું આવતું નથી.

પ્રોફેસર વિલીયમ લોરેન્સ, એફ, આર, એસ (Prof. William Lawrence F. R,S) જણાવે છે કે મનુષ્યના અને માંસાહાર પ્રાણીઓના દાંતની રચના જરાપણ મળતી આવતી નથી

ડો. એફ. એ, પોચેટ (Dr.F. A. Pouchet) કી યુનીવર્સના કર્તા (Author

*રા. રા. છગનલાલ પી. નાણાવટી (જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ-મુંબઇ) તરફથી અંગ્રેજીમાં મળેલો લેખ અત્રે અનુવાદ કરી આપ્યો છે.

of the Universe) લખે છે કે. માણસને ફળાહારી પ્રાણી કહ્યું છે તે બરાબર છે. તેની હોજરીની અને દાંતની રચના એ વાતને પૂરતી રીતે સાબીત કરી આપે છે.

પ્રોફેસર સર ચાર્લસ બેલ એફ. આર, એસ, (Prof. Sir charles Bell. F. R. S.) કહે છે કે મનુષ્યની શરીર રચના સાથે સંબંધ ધરાવતી દરેક બાબતો માણસ ફળાહારી છે, એમજ સાબીત કરે છે. આ અભિપ્રાય ફક્ત મનુષ્યના દાંત અને જઠરના અવયવો ઉપરથી તેમજ મનુષ્યની ચામડીના અને બીજા અવયવોની સાધારણ બંધારણના સ્વભાવ ઉપરથી આપવામાં આવ્યો છે.

પ્રોફેસર સર રીચર્ડ ઓન (Prof. sir Richard Owon) કહે છે કે-" વાંદરાઓ જેની દાંતની રચના મનુષ્યને લગભગ મળતી આવે છે તે પોતાનો ગુજરો ફળ, અનાજ કંદમુળ, અને એવાજ પદાર્થો પર કરે છે. અને આ દાંતનું મળતાપણું સાબીત કરે છે કે મનુષ્ય સૃષ્ટિની શરૂઆતથીજ ફળફળાદિ ખાનારૂં છે.

ડો.જોશીઆહ ઓલ્ડ ફીલ્ડ Dr. Joshiah Oldfield લખે છે કે " મનુષ્ય માંસાહારી પ્રાણીની કોટીમાંનું નથી પણ ફળાહારીની કોટીમાં છે એ વાત એક શાસ્ત્રિય સિદ્ધાંત થઇ ગઇ છે."

માંસાહારી-બસ કરો હવે વધારે અભિપ્રાયો ટાંકવાની જરૂર નથી. કદાચ માણસની દાંત રચના અને હોજરીની રચના કાચું માંસ ખાવાને માટે નહીં અનુકૂળ પણ હોય. પણ તમે જાણો છો કે મનુષ્ય એ કેળવાયલું પ્રાણી છે અને કાચા માંસનો દેખાવ ગમે તેવો કંટાળા ભરેલો હોય તોપણ તેને પોતાની બુદ્ધિ અને અક્કલથી સ્વાદિષ્ટ અને પાચન બનાવી શકે છે તો પછી માંસાહાર કુદરતી ખોરાક નથી એ સાબીત કરવાની માથા ફોડની જરૂર શું છે? જો માંસાહાર કુદરતી ખોરાક નહીંજ હોત તો આપણા ધર્મ શાસ્ત્રોમાં પણ ચોખ્ખી મનાઇ કરી હોત. જો હું ભુલતો નહીં હોઉં તો ક્રીશ્ચીયન બાઇબલમાં પણ માંસાહાર કરવો એ પાપ છે એવો ઉલ્લેખ મારી જાણમાં નથી.

શાકાહારી-હું કોઇ જરથોસ્તી ધર્મ પુસ્તક કે ક્રીશ્ચીયન ધર્મ શાસ્ત્રોનો અભ્યાસી નથી છતાં પણ વિવેક બુદ્ધિથી મને એમ લાગે છે જે ધર્મનો મુળ પાયો પ્રેમ, પવિત્રતા અને સત્ય ઉપર રચાયા છે તે ધર્મના સ્થાપકો માંસાહાર કરવો એવો બોધ તો કદી નહીં કરે જો તેઓ આવો બોધ કરે તો પછી વિશ્વ પ્રતિ દયા ભાવે વર્તવાનો તેમનો સિદ્ધાંત એ બોધ સાથે મેળ ખાય નહીં. દાખલા તરીકે બાઇબલમાં એવું ફરમાન છે " બીજી તરફથી જેવી જાતના વર્તનની તમે આશા રાખો. તેવીજ રીતે બીજા સાથે તમે વર્તો. " હવે જે માણસ આવો બોધ કરે છે, તેજ માણસ શું માંસ ખાવું એવો બોધ કરી શકે? એથી વધારે તો મને " જીનારીસ " માંના એક વાક્યે અસર કરી છે જેમાં કહ્યું છે કે-

" અને ઇશ્વરે કહ્યું જુઓ મેં તમને જોને બીજ આવે છે એવી દરેક જાતની વનસ્પતિ આપી છે અને એવાં દરેક ઝાડ બક્ષ્યાં છે કે જેનાં ફળમાંજ તેના બી પણ હોય છે તમને તે માંસની જગ્યાએ ચાલશે. " આથી વધારે સંગીન વધારે સાબીતી કોઇ હોઇ શકે નહીં. માટે-માનવું છે કે મનુષ્યનો કુદરતી ખોરાક વનસ્પતિ અને ફળફળાદિજ છે. અને જો તે માંસાહાર કરતો હોય તો તેટલો તે કુદરતના કાયદાનુંજ ઉલ્લંઘન કરે છે.

માંસાહારી-પણ હજુ મારૂં માનવું છે કે માંસાહાર એ કુદરતી ખોરાક હોવો જોઇએ કારણ કે માંસાહારથી તંદુરસ્તી, શક્તિ અને ચપળતા જળવાઇ રહે છે. દાખલા તરીકે મને જોઇ લ્યો. હું કેવો મજબુત છું. અને આપણા પેલા મીસીસ બીસેન્ટ પર આંખ ઠરે

રાખનાર થીયોસોફીસ્ટ મીત્રને જુઓ તો આંખમાં કૂલાં પડેલાં, ગેસી ગયલા ગાલ અને ચાલતાં એક ગીલ્લામાં ભેરવાતા પગ માલમ પડશે માટે ઇશ્વરને ખાતર આ તમારી શાકાહારી પણાની મુર્ખાઇ હવે વધારે બતાવવાનું બંધ રાખો. કારણ મને લાગે છે કે શાકાહારી થવું એનો અર્થ સારી તન્દુરસ્તી અને શારીરિક અને માનસિક શક્તિને તિલાંજલી આપવી એવોજ થાય છે.

માંસમાં મોટા જથ્થામાં "આલ્બ્યુમન" નામનો પદાર્થ રહેલો છે. અને "આલ્બ્યુમન" માં ઘણુંજ પોષક તત્વ છે. અને એ પોષક તત્વથીજ સ્નાયુઓ મજબુત થાય છે. મગજ શક્તિ વધે છે અને શરીરના દરેક અવયવને પુષ્ટિ મળે છે. ઠંડા મુલકમાં રહેનારાઓ માટે તો માંસાહાર અત્યંત આવશ્યક છે.

શાકાહારી–એટલા બધા ઉતાવળા થાઓ નહીં. હું તમને સાબીત કરી આપી શકીશ. કે વનસ્પતિનો ખોરાક માંસાહાર કરતાં ઘણોજ પૌષ્ટિક છે.

આપણું શરીર એક યંત્ર જેવું છે કે જેને હમેશ ઘસારો લાગ્યા કરે છે અને આ ઘસારાને પહોંચી વળવા પુરતીજ ખોરાકની જરૂર છે. હવે જો આપણે શરીર શાસ્ત્રનો અભ્યાસ કરશું. તો માલમ પડશે કે શરીરને ટકાવી રાખવા માટે (સ્ટાર્ચ, આલ્બ્યુમીન, ફેટ, અને સોલ્ટસ) વિગેરે પદાર્થોની જરૂર છે. સ્ટાર્ચ, શરીરમાં ગરમી અને શક્તિ લાવે છે. ફેટ (ચરબી) નો ગુણ પણ ઉપરના જેવોજ છે. તફાવત માત્ર એટલોજ કે સ્ટાર્ચથી ઉપજેતી ગરમીનો સાધારણ વ્યવહારમાં ક્ષાર થાય છે. જ્યારે ચરબીથી નીપજેલી ગરમી શરીરનાં એકસરખી ઘણા વખતો સુધી રહે છે જેથી અકસ્માત વખતે કામ આવે છે. ઑલ્બ્યુમન નામે ઓલખાતો પદાર્થ, સ્નાયુઓ, તંતુઓ, રસની કોથળીઓ, વિગેરેને બળ અને પુષ્ટિ આપે છે.

ક્ષારો પણ શરીરને માટે જરૂરના છે. અને આ ખોરાકના પોષક તત્વોનું કોષ્ટક કે જે મોટા વિજ્ઞાનીઓએ તૈયાર કરેલું છે તે જો એક વખત જોઇ જશો તો તમારી ખાત્રી થશે. આ કોષ્ટકથી આપની તરતજ ખાત્રી થશે કે શરીરના બંધારણને જોઇતા દરેક પદાર્થ વનસ્પતિમાંથી મળી શકે છે. સ્ટાર્ચ, બટાટા, અનાજ અને લીલાં ફળોમાંથી પુરતા જથ્થામાં મળે છે. અનાજમાં જો કે ચરબીનો ભાગ ઘણો ઓછો છે પણ તે નાળીએર, બદામ, અખરોટ, મગફળી, વીગેરેમાં ભરપુર છે.

આલ્બ્યુમીન કે જેને માટે તમે કહો છો કે "એ પદાર્થ માંસમાં મોટા જથ્થામાં છે. અને તેથી કરીને માંસાહાર પૌષ્ટિક છે" તે જો કે દૂધ અને અનાજમાં ઘણો થોડો છે. પણ નાળીએર, બદામ, પીસ્તાં, અખરોટ, વીગેરેમાં તે જોઇએ એટલો છે. ઘઉંમાં પણ એક જાતનો ચીકણો પદાર્થ છે જે તમારાં આલ્બ્યુમન ને મળતોજ છે અને તેથી કરીને ઘઉં અનાજમાં સૌથી વધારે પૌષ્ટિક ગણાય છે. અને માંસ કરતાં પણ વધારે પૌષ્ટિક છે. માંસમાં જે આલ્બ્યુમીન છે તે ઘણે ભાગે વપરાયેલો હોય છે. જ્યારે વનસ્પતિમાંથી મળતો આલ્બ્યુમીન તાજો અને ખોરાકને લાયકનો હોય છે. એકલો માંસાહારજ શરીર પોષણને માટે પુરતો છે એવો જો કંઇ વિચાર તમારા મગજમાં ઘુસી ગયો હોય તો તે કઢાડી નાંખજો. શાકાહારને અંગ્રેજીમાં વેજીટેબલ ફૂડ કહે છે. "વેજીટેબલ" કે જે "વેજીટસ" ઉપરથી નીકળ્યો છે. તેનો અર્થજ "બળ" થાય છે. શાકાહાર ઉપરજ રહેનારા. આના એવા સેંકડો દાખલા હું આપી શકીશ કે જેઓ અતુલ શારીરિક અને માનસિક બળ ધરાવતા હોય. હિંદુસ્તાનના યુરપ્યા, અને શીખ લોકો જે કેવળ વનસ્પતિ પર જીવનારા છે તેની લડાયક શક્તિ વિષે કંઇ અજાણ્યું નથી. લાયો લાયની લડાઇમાં કોઇ પણ યુરોપી પ્રજા

તેને છતી શકે એમ નથી. જુના ઇતિહાસ તરફ દ્રષ્ટિ નાંખીએ તો રોમન સીપાઇઓને તેમના ખોરાકમાં એક શેર જવ અને ત્રણ આઉંસ તેલ આપવામાં આવતું હતું એવા નામાંકિત પહેલવાનો પણ શાકાહાર ખાનારામાં ના હતા. એક લેખક લખે છે કે "જીમનાસીયા એક રેમી ઓફ એથલેટીક પ્રેક્ટિસ" ના વડાઓએ શરીર શક્તિ વધારનારા અને શરીરને લાંબો વખત સુધી મહેનત કરતાં થાક નહીં લાગે એવું બનાવવાને જે ઉપાયો શોધી કહાડ્યા છે તેમાંનો એક મુખ્ય ઉપાય એ છે કે "અંજીર, બદામ, પીસ્તાં, નાળીએર, મગફળી અને મકાઇની રોટલી એ ખોરાકમાં વાપરવા અને દારૂ તદ્દન પીવો નહીં."

આયર્લાંડ અને હંગરીનો મજુર વર્ગ કે જે ફક્ત શાકાહાર ઉપર રહે છે, તે લાંબા આયુષ્યને માટે જાણીતાં છે.

અપૂર્ણ

ગાંજાની ગીરફતારી.

ગઝલ કવ્વાલિ.

ગુમાવે ગાંડુ ગાંજામાં, બનેલી દેહ આ તાજી;
પીનારા ઊલ્લુઓ જાગ્યા, રહ્યા છે વ્યસ્તમાં રાજી.
ભરાયા રંગી મોવાલી, તડાકા મારતા પીને;
ચડાવી જીવ ચકડોળે, નીશામાં ડોલતા પાજી.
ગંજેરી ગોઠીયા ભેગા, ચુસે ચલમો બનાવીને;
દીવાના આપ મતલબીયા, નથી મરતા કદી લાજી.
બદનનું હીર બાળીને, દીએ પુંજી બધી ટાણે;
અકલના-દુશ્મનો એવા, બધુ બનવે કહી લાજી.
ભરે છે ખેનમાં ચુરી, પીડાઈ દેહના દરદે;
કથી થાકયા ઘણા કવિયો, પુરાણી પંડિતો કાજી.

ધોળકા] જી. બી. પવાર.

મદિરા–પાન ઉપર

સખ્ત પ્રહાર.

લેખક–શ્રીયુત સ્નેહયોગી (ઘુલીઆ)

જ્યારથી યૂરોપમાં પ્રચંડ યુદ્ધનો આરંભ થયો છે, તે દિવસથી એ દેશમાં મદિરા–પાનના ઘાતક પરિણામોનો પૂરેપૂરો અનુભવ જન-સમાજને થવા લાગ્યો છે. આવો અનુભવ તેઓને યુદ્ધની પૂર્વે કદાપિ થયો નહોતો. રશીયા, ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટન દરેક હવે પરીપૂર્ણ જાત થઇ ગયા છે કે, મદિરાનો વ્યાપાર ધમધોકાર નિરંતર ચાલુ રહેવાથી લડાઇમાં અનેક તરેહના વિઘ્નો ઉપસ્થિત થયા કરે છે, રાષ્ટ્રીયતા ક્ષીણ થાય છે, અરે ધનનો દુરૂપયોગ થાય તે તો જુદોજ–મદિરા સેવનથી અગર તેના વ્યસનથી યુદ્ધ-સાગથી તથા અન્ય રાષ્ટ્રીય મહત્તા રાખવાવાળા કારખાનામાં કાર્ય કરનાર કાર્યવાહકો સમયનો દુરૂપયોગ કરવાવાળા, અનિયમિત અને અવિશ્વાસી થઇ જાય છે—અર્થાત્ તેઓને ન તો સમયની કિમ્મત છે. નતો નિયમિતોના લાભની કદર છે, અગર તો ન વિશ્વાસ કરવા લાયક રહે છે. એટલુંજ નહિ પરંતુ જે કારખાનામાં મદિરાના પૂજનીયો કામ કરે છે. તે બરાબર નતો સામાન બનાવી શકે છે, અને કદિ બનાવે છે, તોતે નિરૂપયોગી બનાવે છે. મારફાની આદત મનુષ્યને બેભાન બનાવે છે, એટલે ઘરોમાં તે અશાંતિ, મારપીટ, ઝઘડાખોરી, આક્રમણ તથા અન્ય અપરાધો કરાવે છે. આ દાખલો કારખાનાના મદિરા ઉપાસીઓ માટે કહ્યો છે તેવાજ દાખલા ન્યૂયાર્ક પણે લશ્કરી નોકરોમાં તથા જીવન નિર્વાહના અન્યાન્ય માર્ગોનું અનુસરણ કરવાવાળા મનુષ્યોમાં પણ બનતા પામે છે. આવા અનેક વિધ્નકારક દ્રષ્ટાંતોનો અનુભવ થવાથી ઉપરોક્ત દેશોના સભ્યોએ તથા અધિકારીઓએ મદિરા–પાનને

બનતા ઉપાયે કમની કરવાના ઉપાયો હાથપર લીધાં છે.—તેવા ઉપાયો અમલમાં મુકવા લાગ્યા છે.

રૂશીયા સરકારે પોતાના દેશમાં મદિરા બનાવવાનું તથા વેચાણ કરવાનું તેમજ મદિરા પિવાનું બંધ કરી દીધું છે. રૂશીયામાં જે મદિરા બને છે તે મદિરાને આપણા લોકો 'વોદકા (vodka) નામે ઓળખે છે. વોદકાનો અર્થ હલકુ પાણી એવો થાય છે વોદકા એક હલકા પ્રકારનો તીવ્ર મદિરા છે, અને તેની બનાવટ રાઇ નામના અનાજમાંથી અગર આલૂમાંથી થાય છે. વોદકા નામના મદિરામાં દર સાલ રૂશીયાનો દોઢ અબજ રૂપીયા ખર્ચ થતો હતો. તે હવે રૂશીયામાં દોઢ અબજ રૂપીયાનો બચાવ થશે. અર્થાત્ રૂશિયાની પ્રજા દર સાલ દોઢ અબજ રૂપીયાનો દારૂ પીતી હતી તે હવે બંધ થવાથી સદરહુ રકમ બચત રહેશે. રૂશીયાના ભૂતપૂર્વ મહારાજા જારે જ્યારે વોદકા નામના મદિરાને દેશ નિકાલ કરવાનું—મદિરા પીવો નહિ એવી-રીતનું આજ્ઞા પત્ર કઢાવી તે ઉપર પોતાની મહોર કરી તે સમયે તેઓશ્રીના મગજમાં ઘણી સારી હસી ગયું હતું કે, મદિરા—પાન બંધ કરવાનું આજ્ઞા પત્ર કઢાવી પોતે પોતાની પ્રજાનું કલ્યાણ કરે છે. આપો પોતાના સામ્રાજ્યનીજ અભિવૃદ્ધિ કરે છે. અને એટલા માટેજ કહેવાય છે કે, તે-આજ્ઞા પત્ર કઢાવી તેના ઉપર સહી કરતાં રાજ્યની ઉપજમાં લાભ યા હાનિનો કંઇ પણ વિચાર કર્યા સિવાય એકદમ સહી કરવામાં આવી હતી. સારાંશ કે તે આજ્ઞા પત્રિકા ઉપર પક્કા નિશ્ચયથી સહી કરવામાં આવી હતી.

પ્રથમ રૂશીયાની પ્રજા પોતાના દેશની વહિના નિમિત્તે મદિરા-પાન કરતી હતી પરંતુ અત્યારે તિરસ્કારયુક્ત વચનોથી મદિરાનો નિષેધ કરવામાં આવ્યો છે. આવા નિષેધથી પામ્યો હતો. અર્થાત્ રૂશીઆની એક કલમ હલાવાથીજ ત્યાંજ જબરજસ્ત ક્રાન્તિ થવા પામી હતી.

ફ્રાન્સ સરકાર પણ પોતાના રાજ્યમાં બનતો એક પ્રકારનો દારૂ તદ્દન બંધ કરી દીધો છે. લડાઇની પહેલાં ફ્રાન્સની તમામ વ્યક્તિઓ - સ્ત્રી પુરૂષો - તે મદિરાનું સેવન કરતાં હતાં. ચિકિત્સક તથા ઔષધ-શાસ્ત્રીઓ ફ્રાન્સમાં બનતા મદિરાને - તેજ નામના ઝેરી પદાર્થ તરીકે પિછાનતા હતા. અર્થાત્ તેઓનું મનવું એવું હતું કે, તે મદિરા મૈં કરતાં વધારે ઝેરી છે. ફ્રાન્સની દેશભક્ત વ્યક્તિયોએ આ બાબતની ચર્ચા ઉઠાવી હતી કે પોતાની ચર્ચાથી પોતાના દેશબન્ધુઓ આ વિષપાનથી બચી શકે, પરંતુ તેમાં તેઓને પરીપૂર્ણ સફલતા મળી નહોતી. ફ્રાન્સની રૈયત ઉપરોક્ત પ્રથાનો વિરોધ કર્યા સિવાય મદિરા પાનમાં ઘણા દ્રવ્યનો વ્યય કરવા લાગી હતી પરંતુ હવે ફ્રાન્સમાં મદિરા-પાનનો તદ્દન નિષેધ થઇ ગયો છે. આશ્ચર્ય જેવી વાત છે કે અત્યારે ફ્રાન્સના લોક કેવી રીતે મદિરા સિવાય પોતાના મન સંતુષ્ટ કરે છે, તે ઉપર બરોબર ધ્યાન દેવા યોગ્ય છે. ફ્રાન્સમાં યુદ્ધારંભ પછી કેટલાક દિવસે આ નિષેધ નિયમ પ્રચલિત થવા પામ્યો હતો. અર્વાચિન ફ્રાન્સમાં તે મદિરાને કોઇ હાથ સરખો પણ લગાડી શકતું નથી. કબુલ કરવું પડે છે કે રેસ્ટોરંટ સામગ્રીના ભંડારખાનાઓમાં તેનો ઉપયોગ હજુ પણ કરવામાં આવે છે. ફ્રાન્સ સરકાર એક હુકમ કઢાવી અન્ય મદક પદાર્થોનો નિષેધ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. આશા નહિ-અહર્નિશ વિશ્વાસ રાખવામાં આવે છે કે, તેઓશ્રીનો આ પ્રયત્ન સફલ નિવડશે.

દક્ષીણની ગ્રેટ બ્રિટન આ વિષે વિશેષ બનવું નહોતું અત્યારે કંઇક કંઇક બનવું થવા લાગ્યું છે તો પણ અત્રેની સરકારે

કરેલી નથી તેમજ કોઇપણ જગાએ મદિરા લાવવો નહિ તેમજ પિવો પણ નહિ અને વેચવો પણ નહિ આવી રીતનો પ્રતિબંધ કર્યો નથી. તો પણ લડાઇ પહેલાં મહારાજા પાંચમા જ્યોર્જ પ્રતિજ્ઞા કરી છે કે, જ્યાં સુધી રણ સંગ્રામ ચાલુ રહે ત્યાં સુધી પોતાના કુટુંબમાં મંદિરાનો ગંધ પણ ન આવવા દેવો. સ્વર્ગવાસી લોર્ડ કિચનરે પણ તેજ દિવસે એજ પ્રકારની પ્રતિજ્ઞા લીધી હતી. આ વખતે તેઓ લડાઇ ખાતાના પ્રધાન હતા. હજુ પણ ગ્રેટ બ્રિટન સરકાર મદિરા-નિષેધ માટે તદ્દન શાન્ત તો નથી. તેઓશ્રીએ તેજ મદિરા પર પોતાની જગાત વધારેલી છે, ઝેરી અતિ માદક-મદિરાનું બંધ કમતી કરવાની બાબતમાં કાયદાઓ કરી દીધેલા છે. લડાઇ પહેલાં ઇગ્લાંડના મદિરા ગૃહો જેટલો સમય ઉઘાડા રાખવામાં આવતાં તે અત્યારે રહેવા પામતાં નથી-અત્યારે તો ફક્ત પહેલાના વખત કરતાં અરધો સમય તે ખુલ્લા રાખવાની છૂટ આપેલી છે, અને તેમાં વળી ઠરાવેલા સમય કરતાં બે-અઢી કલાક અગાઉ મદિરા-ગૃહોબંધ કરાવામાં આવે છે કે, આડી રાત સુધી લોક મદિરા પાન કરવા પામે નહિ. લડાઇ અગાઉ અત્રેના લોક રાતના બાર બાર વગા સુધી મદિરા ગૃહો ઉપર ભીડ મચાવી રહેતા હતા કોઇ પણ વ્યક્તિ બીજી વ્યક્તિને માટે મદિરા ખરીદી શકતો નથી-ગમે તેવો નિકટનો સમ્બધિ તે કેમ ન હોય! ગમે તો મોટા લોકોના વિશ્રામ-ગૃહ (clubs) ગમે તો હલકા પ્રકારના ભોજનાલય અને દુકાનો, ગમે તો નાટય-મંદિર તથા પ્રમોદ-ભવન, અગર ગમે તો નાંની નાંની દુકાનો, દરેકને આ નિયમ સમભાવે લાગુ પાડવામાં આવેલ છે. સિપાઇઓના નિવાસસ્થાન અને રણસંગ્રામની સામગ્રીનાં કારખાનાઓ નજદીકની મદિરાની દુકાનો ઉપર તો એથી પણ કડક રીતે આ કાયદાનો અમલ કરવામાં આવે છે.

ઉપરોક્ત કાયદાઓથી દેશનું ઘોડું ઘણું પણ હિત-સાધન અવશ્ય થવા પામેલ છે. પરંતુ દેશહિતેચ્છુઓનાં મનનું સમાધાન આટલેથી થાય તેમ તો નજ કહેવાય. તમો અહિંઆં ગમે તે ગલીમાં, ટ્રામગાડીમાં, સાર્વજનિક સ્થાનમાં કયે જગ્યાએ જોશો તો કોઇ પણ મનુષ્ય મદિરામાં ગરકચુર થયેલો તમને મળશે નહિ. અત્યારે યુદ્ધ-સામગ્રી તૈયાર કરવા વાળા કારખાનામાં કામ કરનારાઓની ગેરહાજરી કે શિકામત સાંભળવામાં તમને આવશે નહિ. તેમજ તેઓના અનિયમિત પણાની કે કામની ફરીયાદ જરા પણ આવશે નહિ.

લડાઇના પહેલાંજ ગ્રેટબ્રિટનમાં મદિરાનો શોખ કમતી થવા લાગ્યો હતો. વીસ, ત્રીસ કે પચાસ વર્ષ પહેલાંની અપેક્ષા તો અત્યારે ઘણીખરી અહિંસા મદિરા-પાનની કમતી થઇ ગઇ હતી. મદ્યપાન નિષેધકના આન્દોલનોએ ઘણી વ્યક્તિઓને મદિરાના કટ્ટા દુશ્મન બનાવી મુકયા છે કેટલાએક લોક અત્યારે મદિરાને અડકતા પણ નથી. તેમજ કેટલાક લોકોએ મદિરા-મિશ્રણ દવાનો પણ ત્યાગ કરેલો છે, અને તેથી કરીને ઘણા ચિકિત્સકોને પોતાના નુસખામાં ફેરફાર કરવો પડે છે. કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તો એટલે સુધીનો પ્રતિબંધ કરેલ છે કે, ઉત્સવોમાં પણ મદિરાનો ઉપયોગ કરવા દેવો નહિ. કોઇપણ સારા કાર્યમાં પણ મદિરાનો ઘણોજ કમતી ઉપયોગ કરવામાં આવે છે. પરલોક વાસી મહારાજા સાતમા એડવર્ડનું પણ એવુંજ કહેવું હતું કે, મ્હારી પ્રજામાં મારા મંગળ કાર્ય બાદ કેવળ પાણી પીજો. શરૂઆતથીજ અહિંસા જન-સમાજનો નિશ્ચય દૃઢ કરવાનો સતત પ્રયત્ન કરવામાં આવ્યો છે કે, મદિરા-પાન તે દેશનો મહાન શત્રુ છે.

આવી રીતનો મહા ભગીરથ પ્રયત્ન કરવા છતાં પણ મદિરા-ગૃહમાં દાઢડીઆની સંખ્યામાં કંઇપણ ઘટાડો થયેલો જોવામાં આવતો

નથી—જ્યારે ને ત્યારે તે સરાગજનતાઓની ભીડ હાજર જોવામાં આવે છે. જો કે મદિરા-ગૃહના ઉઘાડવા બંધ કરવાના વખતમાં એકદ ઘટાડો કરવામાં આવ્યો છે, પરંતુ તેના વેચાણમાં એક શિલિંગ પાઉનો પણ ઘટાડો થવા પામ્યો નથી. ભિન્ન ભિન્ન હોટેલોમાં—ભોજનાલયોમાં જ્યાં ધનવાન અને ગરિબ સ્થિતિના મનુષ્યોની હરનિશની આવજા થાય છે, ત્યાં વાઇન અને સ્પિરિટના બાટલાઓ જથ્થાબંધ ખેરેદવામાં આવે છે. આવી હોટેલો તથા ભોજનાલયોને પણ મદિરા ગૃહનો સમયનો કાયદો લાગુ પાડવામાં આવેલો છે તોપણ ગત સાલમાં રૂ. ૧૬,૫૦,૦૦,૦૦૦ કરતાં પણ રકમ પણ દારૂના બદલામાં ખર્ચ થઇ હતી. આવી જબરી રકમ દારૂ જેવા માદક-પીણામાં સ્વાહા થઇ જતાં કોઇપણ આશ્ચર્ય નથી લાગતું? આવીરીતની બાંધેર લાડાઇમાં દરોજ બાર કરોડ રૂપીયાનું ખર્ચ થાય છે. ત્યાં મદિરા જેવા માદક પ્રદાર્થમાં લગભગ અડધી અબજ જેટલી રકમનો દુરૂપયોગ થાય છે તે કેટલું શોચનીય કહેવાય? આવા પ્રકારના ધન-ક્ષય સાથે દેશ-હિતેચ્છુ દુરદર્શી નેતાઓનો ગાઢો સમ્બંધ છે. * (અપૂર્ણ)

ગાંજાની ગીરફતારી.

બલે પીલે ભરી ગાંજો, તમારૂં શુરૂ કરવાને,
બલે પીલે ભરી ગાંજો, અદનનું તુર કરવાને.
બલે પીલે ભરી ગાંજો, ગુમાવી દેહ મરવાને;
બલે પીલે ભરી ગાંજો, નીશામાં નીત ભાગવાને.
બલે પીલે ભરી ગાંજો, પીતાનું નામ બોળાવાને;
બલે પીલે ભરી ગાંજો, બદન ધુળમાં રોળાવાને.
બલે પીલે ભરી ગાંજો, મમત્વ છાની ભગાવાને;
બલે પીલે ભરી ગાંજો બના દુર્ગણ જગાવાને,

ઇ. બી, પવાર, ધોળકા

* હિંદી 'સરસ્વતિ'માંથી અનુવાદ

જાપાન અને હિંદુસ્થાન.

(લેખક-દફતરી નંદલાલ વનેચંદ ધોરાજી)

આપણો દેશ હુન્નરાળામાં બીજા દેશો કરતાં કેટલો બધો પાછળ છે તે નીચેના મુકાબલાથી માલુમ પડશે.

જપાન દેશમાં મેંકડે સત્તર ટકા જમીન વાવેતર કર્યા વિનાની પડતર રાખવામાં આવે છે. અને તેનો ઉપયોગ જંગલને માટે કરવામાં આવે છે. જપાની લોકોને જંગલ ખુબસુરત બગીચાનો અદ્ભુત શોખ હોય છે. એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જનિય સંપત્તિની વૃદ્ધિ માટે વન વિજ્ઞાનના સિદ્ધાંતાનુસાર જંગલોનો પ્રબંધ કરવો જોઇએ.

સને ૧૯૧૦માં જપાનમાં ૨૮૬૮૦ એકર રાજ્યનું જંગલ હતું. ૬૫૨૪૦૮૫ એકર રાજ્યનું પોતાનું જંગલ હતું અને ૨૦૮૩૩૧૭ એકર વિશેષ વ્યક્તીઓ મ્યુનિસિપાલીટીઓ અને ધર્માદા સંસ્થાઓનું જંગલ હતું. આમ રાજ્યના જંગલમાંથી ૭૧૦૦,૦૦,૦ પૌંડનો ફાયદો થાય છે. રાજાને પોતાને પોતાના જંગલોનો ૬૫૦૦૦૦૦ પૌંડનો ફાયદો થાય છે. અને બીજા પ્રકારના જંગલોમાંથી પાંચ વરસમાં મેંકડે ૬૦ ટકા ફાયદો થય છે.

જપાને પોતાની પ્રાચીન કારીગરીનું રક્ષણ કરી હુન્નરની ઉન્નતિ માટે ઘણું કર્યું છે, નવી નવી કારીગરીઓનો ફેલાવો કરવામાં કચાશ રાખી નથી, રેશમના કીડાં ઉછેરવાનું કામ કે જેમાં ૨૦૦,૦૦,૦૦, કુટુંબો રોકાયા છે અને તે કામ ઘણા મોટા પાયા પર ચાલે છે તેમાંથી ઉત્પન્ન થતું રેશમ વણવા માટે જપાનમાં પાંચ છ લાખ ઘરોમાં આઠ દશ લાખ આદમીઓ લાગે લાગે છે આ કામ માટે ઓછામાં ઓછી દશ લાખ શાળો ચાલે છે. કાગળ બનાવવા માટે ૫૦ હજાર કારખાનામાં

અને ઘરોમાં લગભગ એક લાખ એંશી હજાર માણસો કામ કરી રહ્યા છે. ચટાઈઓ અને ટોપલીઓ બનાવવાનું કામ વિશેષ કરી જે જાપાની લોક ઘરમાંજ કરે છે જે કારખાનાં ચાલે છે તે બધાં ઘરમાં કામ કરનારાઓને સહાય કરવા માટે છે. આને માટે આશરે અઢી લાખ માણસો કામ કરી રહ્યા છે અને કંઈ નહીં તો લગભગ પંચ લાખ પૌંડ પ્રતિ વર્ષ કમાઇ શકે છે

પૂર્વે વિજળી અગર વરાળથી ચાલતાં કારખાનાં જાપાનમાં બીલકુલ નહોતાં પરંતુ છેલ્લાં પચાશ વર્ષમાં ઉદ્યોગ ધંધાની આ શાખાની ઉન્નતિ અદ્‌ભુત રીતે વધી ગઇ છે. સને ૧૯૧૨માં ૪૬૦૦ કારખાનાઓમાં સાંચાથી કપડા વણવાનું કામ થતું હતું. ૧૧૭૫ કારખાનાં સાંચા કામ અને લોખંડની વસ્તુઓ તૈયાર કરતાં હતાં અને પરચુરણ બીજે તૈયાર કરવાનાં કારખાનાં ૧૨૬૧ હતાં. છપાઇનું કામ, કાગળ બનાવવાનું, ચામડાનું અને એવાં બીજા અનેક કામો કરવાનાં કારખાનાઓ પણ સંખ્યા બંધ હતા એકંદર રીતજીક બળથી ચાલતાં ૬૨૫૦ કારખાનામાં ૮૦૦૬૦૦ પુરૂષો તથા સ્ત્રીઓ કામ કરતાં હતાં. આ કારખાનાનાં સાંચા કામ ચલાવવા ૨૮૦૦૦૦ હોર્સ પાવર ખરચાતી હતી. જાપાનના વેપારનું અનુમાન એટલા ઉપરથી થઇ શકે છે કે સન ૧૯૧૦ માં ૪૫૮૪૨૮૯૦ પૌંડનો માલ દેશમાંથી બહાર મોકલવામાં આવ્યો અને ૯૨૨૬૨૨૮૦ પૌંડનો માલ બહારથી જાપાનમાં લાવવામાં આવ્યો હતો.

સને ૧૯૧૦માં ખુદ જાપાનમાં ૯૫૭૫ ખાણો હતી અને તે ૨૦૬૮૧૩૨ એકર જમીનમાં ફેલાએલી હોઇ તેમાં ત્રણ લાખ મજુરો કામ કરતાં હતાં, તેને લીધે ૧૩૦૦ માઇલ રેલથી ચાલનારા ટ્રામો હતી અને તેલ વિગેરે લઇ જવા માટે પંપ નાખવામાં આવ્યા હતાં તે સાલમાં કાઢવામાં આવેલાં બનીજ પદાર્થની ઉપજ ૧૫૫૮૪૦ પૌંડ થઇ હતી. બાણેનું મહત્વ નમાં કેટલું છે તે એટલા ઉપરથી કે ગંધક પેદા કરનાર તરીકે આખી દુનિયાં બધા દેશોમાં જાપાનનો નંબર બીજો મોટું તેલ બનાવવામાં તેનો નંબર ૧૫ છે. સન ૧૯૦૫ થી કોલસાની બાબતમાં તેનો નંબર આઠમો છે. આવી રીતે જાપાનની આશ્ચર્યજનક ઉન્નતિ સાથે આપણા દેશનો મુકાબલો કરવાથી સહજ માલુમ પડે છે, જે તે માંહેનો કોઇ પણ બાબતનો હુનર હિંદુસ્તાનમાં નથી એમ કહીએ તો ચાલે. આ શું ઓછું શોચનિય છે.

નેપોલિયનના વિચાર.

મોહમ્મદનું ધર્મ યુદ્ધ છે. જેથી તે અમર્યા નથી લોક જેને ધર્મ કહે છે તે તો ઓઓ તથા પુરોહિતનો વ્યાપાર છે. હું જ્યારે જે દેશનું શાસન કરું છું, ત્યારે તે દેશનો ધર્મ તે મારો ધર્મ છે. હું ફ્રાંસમાં રોમન કેથોલિક છું. અને મિસરમાં મુસલમાન છું. જો કદી યાહુદીઓનું શાસન મારા હાથમાં આવે તો સુલેમાનનું તૂટેલું મંદિર ફરીથી બનાવીશ.

મનુષ્ય જાતિનાં હૃદય પર જે કંઇ સ્મૃતિ રાખવામાં આવે તેજ અમરતા છે. જેના દ્વારા કંઇ કાર્ય સિદ્ધિની સમ્ભાવના હોય છે, તેની સાથે રાજા પ્રેમ કરે છે. જ્યારે એ સંભાવના મટી જાય છે ત્યારે પ્રેમ નથી રહેતો.

બાહ્યની ૬૬ ચેષ્ટા કરતાં ચક્ષુની અનિષ્ટ ચેષ્ટા સારી છે.

દેશોમાં બુદ્ધિમાનોની કમી નથી. એમને યોગ્યતાનુસાર સ્થાન આપવું એજ સુવ્યવસ્થા છે. બળદ હાંકનાર મંત્રીમંડળનાં સંમતિ આપી શકે તેમજ મંત્રી બળદ સુવ્યવસ્થા થાય છે.

હોવો જોઇએ. અને તે ચમત્કારને લીધે મારી પ્યારી ઘડીકમાં સરી જાય છે અને પાછી તુરત આ તેનાં "જાને-મન" સાથ જીવતી થાય છે. મને આ વિચાર આવતાં તેના પ્રત્યે અત્યંત સ્નેહ ઉભરાયો અને ટેલીફોનના ભુંગળાંમાં બે પાંચ સાત ચુંબનો કરી પાડ્યાં. મારી વ્હાલીના કાને જઇ ખરે પણ આખું? ચુંબનના ચુચકારા તો દેઇ ચડ્યા. અને તર્તજ સામેથી પ્રત્યુત્તર આવ્યો.

"એ ચુચુક ચુચુક કઇ મારી શોખીન સાથે કરો છો?"

બીસીસ પુરાં બીજ્યા, હવે પુરી ક્રમઅખ્તી! જરૂર કઇ ઉંધું ચતું સમજી ગઇ, એમ જાણી મેં ટાપાં આપવાં શરૂ કર્યાં:—ના, વ્હાલી! અહીંઆં તો કોઇ તારા જેવી એક પણ પરી નથી. એ તો તારા શબ્દની તાલાવેલીથી આ ટેલીફોનના ભુંગળાંપર ચુચકારા બોલ્યા છે."

"હંઃ હંઃ હું જાણું છું. બધું જાણતી છું. મને પણ સમજાવતાં બહુ આવડે છે. સમજ્યાને! પણ એ રાંડને તો ચોટલો પકડીને ધૂણાવી નાંખીશ."

"જો એવું ના કહેતી. અહીંઆં તો કોઇ નથી. આ તારો વ્હાલો એકલો એકલો બેસી સીગારેટના ધુમાડા કાઢતો હતો અને જરા આરામ ચેરપર લોટી ગયો હતો. અને હમણાં તું મારી વ્હાલી સાથ વાતે વળ્યો છું."

"ના ના' મને લાગે છે કે કંઇ દાળમા કાળું છે."

"જો એવું ના કહીશ. તું એવો નકામો સવાગ બકબક કર્યા કરે છે? ચાલ, માંડીવાળ તારૂં સત્ય બામાનું રસાળું! અને લલકાર—

જરા કહે દો સાંવરીયાસે આયાં કરે
દીલે શયદાન જાની જલાયા કરે-કોઇ કરૂણા-
આયાં કરે મન ભાયા કરે.....

.....

એવી કોઇ મધુર રાગણી ચલાવ કે મને ભ્રમ, આરામ દિલ રહેજા!!"

"અરે, આજે આ ધતીંગ શું લઇ બેઠા. મને લાગે છે કે આજે તમે ખુબ હાંસ્યું જણાય છે! તમે ઘેર તો આવો, આજ એવું તો "પણ" લેવાનું કે આખો ભવ સુધરી જાય!"

"હંઃ હાં, સારૂ, તું ગમે તેમ બોલતી બબકતી હોય પણ મારા દીલમાં તો એજ છે કે વ્હાલી, સુણાવ. સુણાવ, તારા મીઠડા ટહુકાની લલકાર ચલાવ!"

"જુઓ, પછી હું બીજવાર જવાની છું હંઃ. સીધા સીધા ઘેર આવો, પછી તમને બધું સુણાવું છું."

"ના, ના પ્યારી સુરત, મનમાની મુરત, મારી દાનાઇ ભરેલી દીલબર, આ ટેલીફોન માંજ એક ચલની ચલાવ! જરા જોતો ખરી, તેલીફોનમાં અવાજ કેવો મીઠો મીઠો લાગે છે. જાણે ફોનોગ્રાફની એકાદ ચુડી (રેકાર્ડ) ચાલતી હોયની!! ચલાવ, ચલાવ, એ મારી ફોનોગ્રાફની ચુડી! ચલાવ તારૂં ગુલબુલી ગાતું સુણાવ."

"મૂઇ ચુડી થતી હું! તમારે ગાટે તો ચુડી નહીં પણ ચુડેલ જોઇએ ત્યારેજ તમારો બધો બબધરો ગેડીગાગડો જાણે પડોંચી જાય."

"વાહ, પણ તું નહીંજ બોલવાની કે? જો હું તને સાફ સાફ કહી દઉં છું કે બોલ! નહીં તો પછી વિવાદનું બારમું થયું સમજી લેજે! તારાં ગુલબદન ગુણે ગુલાબ સરખાં તન બદનપર આ-જાન કુરબાન છે, ત્યાં સુધી તને વ્હાલી, પ્યારી, જાન, વીગેરે શબ્દથી મીઠું બનાવું છું. નહીંતર તારા હાલ હવાલ કોઇ જુદાજ હોત, વ્હાલી જરા માની જાઓ!

"પણ તમોને ના કોણ કહેતું છે? મારા પિયારમ પાડાંગોળાને મારાથી ના પણ કહેવાય ખરી કે! તમે ઘેર તો આવો. ગરિબડાંઓના ચેલા, અને મારા લાડવા પિયુજી? પધારો ઘેર, પછી ઉડાવીએ હેરેર!"

"ડાલી મારી, તું ડાહી તો ઘણી હોં કે! હું હમણાંજ આવ્યો હું! આપણી મોટરગાડી હમણાંજ આવશે, કે પછી આ તારો એકનોએક જાનીસાર તેમાં ચઢી બેસતાં વાર નથી કરવાનો પણ એટલીવારમાં તું બધીની ના થ્રમ જતી હું કે!"

"વાહ આનો તમારા નામના કકડા કે હું છું. અરે, પણ આ હમણાંજ પેલા પેસ્તનજી દારૂ વાલાનું બાકી માસનું બીલ રૂા. ૧૨૭૫) તું આવ્યું છે તે એટલું બધું ક્યાંથી બજ્યું? કયા કીકાના લગન વેરામાં વાવર્યું?

"હા, રે હા. તું ચુકવી દેજે! એ જે એને ચુકવવામાં વિલંબ ન કરતી!"

"અરે, પણ થોડું ને ઘણું રૂા. ૧૨૭૫) તું બીલ? તમને તે શું કહું જાણે! આમને આમ બધું ચુમાવવાના! છતે રોટલે છોકરાં રડાવવાના. તમારાં લક્ષણ હવે તો કંઇ તલે?"

"ચાલ બેમ, વળી પાછી બિકરી કે?

"હું તો બિકરીએ નથી ને બિકરીએ નથી, પણ એટલું બધું કયા મહેમાનની મહેમાનગીરીમાં ઉડાવ્યું. કેટલાક ગફતલાલ સાથે મરેલા છે?"

"ચાલ છોડ તારી લવરી! તું શું સમજે? પેસ્તનજી કાકાને ત્યાં જઇએ તો પ્રથમ આવકારમાં માનપાન મળે, બીજી સરભરા મદિરાની થાય અને છેવટે બંદાર નીકળી, કોઇ બચુમોલી મોજ ભોગવાય. આ બધી લહેજત કોનાં કરમમાં લખાયલી હોય! ભાગ્યવાન સિવાય આટલો બધો દામદમામ બપકો અને લખ લુંટ બચો કોણ અભાગી કરી શકે? બહારમાં કેટલી ઇજ્જત પડે? જેમ આપણાં ખરચા પાણી વધારે તેમ માન મરતબાના પોકારો વધે! તને આ વાતની ખબર નથી તો પછી નકામી તડપીચ શાની કરી રહી છે? તારે તો નથી દેવા પડતા? તારા બાપદાદાએ થોડીજ પોટલી બધાવી આપી છે? પેદા કરનારાજો અને વાપરવાજો, આ તારો પાંચ હજ્યો જુવાન પડયો છે, પછી તારે એટલી બધી લાયરી કરવાનું કંઇ પ્રયોજન?" "થાકયાં ને હાર્યા સભારાથી."

આ છણકણાટ ભરેલા જવાબથી મને જરા તાનો લાગ્યો, અને એક ઓઝટ ખેંચી કાઢી. પણ અરે, પ્રાણ પ્રિયાનાં ગુલાબી ગાલ પર મારાં આંગળાંના લીસોટા પડવા જોઇએ, તેને બદલે આ તો મારો હાથ છોલાતાં મને સમજ આવી કે મેં મદિરા રાજ્ઞના ફરમાનથી ટેલીફોનના ભુંગળાંપર થપ્પડ લગાવી હતી. કિન્તુ તેથી મારું ગજબ ઇલેકટ્રીક બેટરી ગોકળી હોય તેમ ઉલટું ફુલ પાવર ચાલવા માંડયું:— ચુપકર, નાફરમાન, બેકદર ગધી! તારી ફુલી દહાડે દહાડે લંબાતી જાય કે?

"જાણ્યું જાણ્યું, હવે જરા ડાહ્યા ડમરા બનો. મારાથી તો આ તમારા બટવેડા ન સહન થાય! આ બધું બૂકો છો તે તમે નથી બોલતા, પણ તમારા પેટમાં પડેલા મદિરાજીની મસ્તી છે."

"તારી બધી લપ્પન છપ્પન અને માથા ફોડ રહેવા દે તને તે દિવસે એક કટોરી ભર ગોળને કહ્યું. રે આટલો આટલો આગ્રહ કર્યો, પણ તારા દિલમાં ન વસ્યું, એટલે પછી તને એની ટેસ્ટદાર લહેજત ની બબર મારી નાજની!!"

"છીઃ છીઃ બોલ લહેજત! કેટલી વખત તો લુગડાંના લચકા કરીને ઓબ્યા અને કંઇ કેટલી વખત તો પેલી રાંડ મૂઇ ફીમીયાંબનના પેટ ભર્યા. પછી એનાથી તે કેટલીક લહેજત હોય વાર!! વાહ, તમારી લહેજતને પણ શું કહું? જાણે એવાં બતરડાં આવે છે કે એ મદિરાને તો આખા હિન્દુસ્તાનમાંથી દેશનિકાલ કરું?"

"વાહ વાહ, દેશનિકાલ કરજો હોં કે? પણ તેને કયાં મોકલશો, આન્દામાન કે? ગભરાતી રખે! હું પણ તેમાં તને મદદ લાગીશ, પણ હેં - હેં! બ્હાલી, જો તું વિકટોરીઆની ગાડી પર ચઢી બેસીને ઢંઢેરો પીટે, તોપણ તારું ટકુ ન ચાલે સમજી

કે.!! કમકે એના મોજમજા કંઈ તારા જેવાં આ ભડછેટ રાખવાંવાળાંને થોડીજ મળવાની છે? ચાલ, હું કમભાગ્યો આવ્યો હું! પછી બધું નિરાંતે બોલીશું અને સાંભળીશું અત્યારે તો—

"મને આવે છે ફેર, તુંને મારું મન કેા સખી!"

તેમ મારું મગજ તારી વાતનાં ટહુકારથી ચકર ભમ્મર ચાક ફરી રહ્યું છે. "આટલું બોલતાં અને વાતનું અંતિમ લાવતાં બ્હાલીને 'કીસ' યાને ચુમ્બન દિવા બોકી કરવાને મારું મન તલપાપડતા ધરાવતું હતું જેથી ટેલીફોનનાં ભુંગળાંમાં એક જોરથી ડાકું માર્યું. મારું કમનસીબ, અરે ભાગ્યવાન કે દાંત પડતાં પડતાં બચી ગયો. મને જરા તમ્મર આવી ગયાં અને હાથમાંનું ભુંગળું ધબાક દઈને નીચે લટકી પડયું આરામચેર નજીકમાંજ હતી એટલે તે પર ગબડતાં ગબડતાં મે મારું આશન લીધું. અને મારા કસન નોકરને હાંક મારીઃ—અલ્યા કહના! અરે, એા કસન! કયાં મરવા પડયેા? જરા અહીં આવતેા! બસ, તમે લાંબાંથી મોટર લાવવાનું કહી દે

"મારા બીડબંજન કસને મને જરા આરામ લેવા પોઢાડી દીધેા. અને તરત મોટર ડ્રાઇવરને ખબર આપવા દોડયેા. કારણ મારેા કસન મોટરકારનેા બહુ શોખીન હતેા. તેણે બાપ જનમમાં પણ મોટરકાર કેવી થાય તે જોઇ ન હતી. આજ બે ત્રણ મહીના ઉપર જ્યારે હું એને ખૂણે ખાંચરેના એક નાના ગામના દુખલવાડામાંથી ખેંચી લાવ્યેા, ત્યારે તેા છેક અનપઢ અને રાની ગેવાળીઆ જેવેા હતેા. જ્યારે પહેલ વહેલેા મારી સાથે સુરત નગરીમાં પ્રવેશ કીધેા ત્યારે તેા, એ છેક બાઘુડા બની ગયેા હતેા. જ્યારે મારી સાથે મોટરકારમાં બેસે છે ત્યારે તેા એટલેા બધેા હરખાય છે કે જો કોઇએ છુપા કેમેરાથી એનેા ફેાટેા ઉતારી લીધેા હેાય, તેા રમુજી પીકચરની પીકરીથી ફેાટેા ઉતારનારને ઘેર બેઠાં ટંકશાળ પડાય.

વાંચનાર અજાજ! જો તમારે તાલેવ જાનવું હેાય તેા પધારજો કમભાંજ, તે આપેા તબેલામાં ઘૂસેા કે. અત્યારેજ મોટર આવશે અને આ નામદાર સંગાથે એ મારેા રમુજી કસન બેા બાં માં બોસીને બડાર નીકળશે. એ વખત સાંધી તમેા તમારેા કેમેરેા ચલાવી લેજો કે બસ આબાદ પેમાદાર!!

મોટરકાર આવતાંજ મારા કસને મને વરદી આપી, પણ હું મહિસાગર સાથે બાથમબાથીમાં ચકચુર હતેા એટલે કસને કંઇ સહેલસુત્રે મને મોટર સુધી લઇ જાય તેમ હેાતું. તેણે મને ખુબ દેાડાવેા. હું તેા શેાધતેા એટલે બચેા. અગર જો કોઇ નાહીંમત હેાત તેા જરૂર મરેા કસન તને બેાબરેા કરી. સાલપાંસળી જુદી કરી નાંખતે, તેમાં કંઇ નવાઇ નહેાતી. તેણે મને બાંયનું ટેકણ આપ્યું એટલે આપણે શ્રી અર્ધા ઘસડાતા ને કટી કટી પગ ઉઠાવતા મોટર પાસે જઇ પહેાંચ્યા. હું તે મોટરમાં બેસતાંજ ખૂણે પડીને ખુમારી માં ખુમારીમાં પડી રહેા, પણ મારેા કસન! અરે તેણે તેા મોટરનાં પગથીયાં પર પગ મુકતાંજ પેાતાનું હાસ્ય પોઝીંગ પૂરેપૂરા સૂરમાં છેાડી મુકયું. જાણે હાસ્યની ચાવી મોટરમાંજ ભરી લીધી હેાય!!!

"શેઠ સાહેબ, મોટર કઇ તરફ વાળું" મારા ડ્રાઇવરે નમ્રતા ભરી અદા વાપરી શબ્દો ચાર કર્યો.

મેં આંખ ઉઘાડી ઉત્તર આપ્યેાઃ—"કયાં તું મને શું કામ પુછે છે, લઇ જા કોમીળ જનને ત્યાં!"

મારા કસને જાણ્યું કે આતેા હીરે ન બધુ મારા શેઠે કાચું કાપ્યું, કોમીળ જનનું ઘર છે નજીક, એટલે એક બે મિનિટમાં તેા મોટર ત્યાં ઉતારી નાંખવાની એમ સમજી તેણે ડ્રાઇવરના કાન ફુંકયા અને મોટર છૂટી. જેમ જેમ

મોટર વેગ વધતો, તેમ તેમ મારા કસનનો કુદકારો પણ ન સમાતો. જરાવારમાં તો અગે હોપપુલ પસાર કરી સુરતનું નાકું છોડી દીધું. અમે રાંદેરના રસ્તે વળ્યા હતા. રસ્તો પણ એવો ટકોરાબંધ હતો કે મારો કસન, જેમ મોરલીપર સર્પ ઘુમવા લાગેા. હવે મારામાં જરા ચેતન આવવા માંડયું હતું. હું જ્યારે બધુ શુદ્ધિમાં આવ્યો અને જોઉં છું તો કીમીયાં જનને બદલે આ તો ઓલપાડની ઝાંખી થઇ. મેં ડ્રાઇવરને પૂછ્યું:-અરધા ક્યાં ?

" કસને કહ્યું ત્યાં " ડ્રાઇવરે જવાબ આપ્યો

" પણ તને શું બગડ્યું ? "

" મને કસને કહ્યું કે શેઠ તો અત્યારે ગમે તેમ કહે, પણ આપણે મેલા ઓલપાડવાળા માણેકચંદ પાસે લેણા રૂપીઆની ઉઘરાણી કરવાની છે. માટે ચાલ, મોટર ફેરવ. "

" તેથીજ તેં આ તરફ હોડી મૂકી કે ! "

" હા, જી. "

" ચાલો ઠીક થયું. મારો બ્હાલો કસન ડાહ્યો તો થયો ! ચબગક પણ અથાગ, ચાલાક પણ બેહદ, યાદદાસ્તમાં તો બી. એ. અને એમ. એ. ની ગોખણપટ્ટીને પાણી મપાવે તેવો. " મેં બબડવા માંડયું. પણ બબડાટમાં લપ્પન છપ્પન કરતાં, કસનની બાહોશી ની પ્રશંસા વધારે પ્રમાણમાં હતી. ખરં કહું તો મારા કસને મોટરની હરણધુનમાં મારો એકે શબ્દ સાંભળ્યોજ ન હતો.

ઓલપાડની બાગોળમાં બરાબર સ્હામે મી. લટકુમીયાંના દર્શન થયાં. અગે તેને જોઇ મોટર થોભાવી, અને લટકુમીયાંને પણ માગે લીધા.

મોટરનું પગથીઉ ચઢતાં ચઢતાં લટકુમીયાંએ પોતાની શુદ્ધ બાળીનાં ચલાવવા માંડયું:-" કયું, અગે શેઠ-મકરીયજ ! આપ આજ ઓલપાડ મેં આયેં ? "

મેં કહ્યું:-" બહુ થયું બાંગી જંજાળ " તમે મળી ગયા તે ઠીક થયું. પેલા માણેકચંદ પાસે દોઢસોથી બસ્સા અને પોણોસોથી ચારસો એટલે રૂપીઆ ત્રણસો કહાડવા છે. ને તમારાથી સીધો ઉતરશે. અમને તો વાયદે ઉડાવે છે. "

" શેઠ, વાત તો ખરી ! પણ મારૂં કમીશન ? "

" કમીસનમાં કીમીયાં જનનો જલસો. "

" બસ, બસ, મારી મહેનત સફળ! સાલી કીમીયાં જન ની બડી ચમત્કારંડી હય અયેં આજ ઉનને ઠીક કર દેવેં " લટકુમીયાં કીમીયાં જનની ધૂનમાં ચારે બાજુ દાટાર મારતા હતા એટલામાં અમારી મોટર માણેકચંદના બારણામાં આવીને ઉભી રહી. લટકુમીયાં કીમીયાં જનની લાલચમાં સપડાયલા હતા એટલે તે હર્ષના માર્યા કુદી પડયા અને તેથી જરા સારી પેઠે કુટાયા કેમકે મારા કસને જાણ્યું હતું કે બીયાં ઉતરેથી કુદશે તો બરોબર દાડકાં દોઢસાં થઇ જશે, તેના કરમાં જરાવાર ચોખી જમીન ધીમેથી ઉતરવાનું કહું એમ જાણી ઉલંગ મારતા લટકુમીયાંનો પગ પકડી લીધો અને તેથી બીયાંના બરોબર દાણા ચેચાયા ! ધમાકો અને સપાટી પણ એવો થયો કે જો મોટરને બદલે કદાચ બગદ ગાડી કે ઘેડાગાડી હોત, તો તેનાં જનવરો બડકીને કંઈ કેટલે દૂર ભાગી ગયાં હોત! પરંતુ બચેા નહીં. લટકુમીયાં એવા કદાવર નર હતા કે બે ચાબને ભારી પડે ! લટકુમીયાંનો આ પડતો આખડતો બબંકર સપાટો જોઇ બિચારો માણેકચંદ પેચો પડી ગયેા. જરાપણ લાંબી ચોડી કરવા વિના ચટ્ટ ને પટ્ટ રૂપીઆ બબડાવી નાંખ્યા. મેં જાણ્યું કે હવે તો લટકુમીયાં કીમીયાંજનની ઝાંખી કરાવવીજ પડશે, નહીં તેા લટકુમીયાં આપણા જેવાને તો એક સપાટામાં બાદર-બટ્ટુ બનાવી નાંખે.

મેં કહ્યું—લટકુમીયાં, ચાલો એગે ગે.ડરનો !

લટકુમીયાંનું નામ સાંભળી મારા કસનને હસવું આવ્યું અને મરાસ કર્યો કે:—શું, શું લટકુમીયાં ?

મહર ધ્વજની ગણત્રીમાં મૂકી સાની પેઠે સહેલ કરાવી છે. મેં બહુ યાદ કર્યા પછી યાદ આવ્યું કે સુરતમાં ટેલીફોન નથી, પણ મેં મુંબઇના દવાખાનામાં પીવા બદલે નોકરી કરી હતી, ત્યારે ટેલીફોન જોયા હતા અને સર પણ સાંભળ્યા હતા. આજે તેજ ધુનમાં મુંગતને ટેલીફોનવાળું બનાવી એક વખત સુખનું સ્વપ્ન જોઇ શકયો. જો એ સ્વપ્ન કાયમનું રહ્યું હોત તો આજે સુરત નગરીના લોક ટેલીફોનમાં વાત કરતા થયા હોત!!

ઓટલામાં પોર્યાની ડોસી છણુછણાટ કરતી આવી અને આબાદ વિદ્યુછને ઘસડાતી ઘસડતી ઘરમાં લઇ ગઇ. ગરમ પાણીએ નવરાવ્યો, એટલે હું જરાવર શુદ્ધિમાં આવ્યો. કોણ જાણે કેમ, આજે હું અત્યંત શરમીંદો બન્યો અને તેથી મેં પોતે કાન પકડયા અને નીચે પ્રમાણેનું પાણી મુકયું:—

"મેં સ્વપ્નમાં અનુભવ્યું છે કે અઢળક દોલત હોય, તે પણ આવાં પીધેલપણામાં તાત્કાળીક નાશ થાય છે. માટે આજથી હું મારા બાલ બચ્ચાંઓ સાથે નિશા નામે દરેક વ્યસનનો ત્યાગ કરી, સુખરૂપ દિવસ ગુજારવાની પ્રતિજ્ઞા કરું છું."

પોર્યાની મા એક ઝીણી હાય મારી, ખુશ થતાં બોલીઃ-પરમેશ્વરે આજે અમો રંક તરફ જોયુ છે. હે ભગવાન! એવી બુદ્ધિ સદા નિભાવજો!

ત્રિપુટી. વિદ્યાર્થી
રંગુન

ગાંડાભાઇ પ્રાણજીભાઇ
દેશાઇ ગરોલીકર.

જોઇએ છે.

જીવદયા ફંડમાં મદદ આપવી શકે તથા 'સત્સંગ' ગ્રાહકનો ફેલાવો કરી શકે એવા પગારથી અથવા કમીશનથી કામ કરનાર એજંટો.

ઠેકાણું:-સત્સંગ ઓફિસ, સુરત.

જ્યારે હાદર નીચેની 'લેટર બોક્સ'માંના પત્રો કાઢી નોકરે તેને બંધ કરી ત્યારે પ્રભાતકુમારની આંખ ઉઘડી ગઇ. 'અરે! છ વાગી ગયા' એમ કહેતાં તે પલંગપર બેઠો થઇ ગયો. બેઠાં બેઠાં મેલથી ઘેરાયલાં આકાંક્ષાને તેણે જોયું. પછી દરેક રથળે પાણી જોઇને તે વિચાર કરવા લાગ્યો. આજ દુકાનો બીડી ઉઘડશે. ટ્રંકમાંથી પોતાની પત્નીનો પત્ર કાઢી વાંચવા લાગ્યો. એમાં લખ્યું હતું કે "ગરમીની રજાઓ આપ અત્રે પધારજો. મેં કેટલાંક ચિત્રો ચિતર્યા છે તે આપને બતાવવાં છે" ચિત્રો જોવાને પ્રભાતનું હૃદય વ્યાકુલ થઇ રહ્યું હતું. આજ સાંજની પંચનદ મેલમાં ઘેર જવાનો ઠરાવ હતો. કારણકે આવતી કાલથી કોલેજ બીડિંગ સુધી કોલેજ બન્ધ રહેવાની છે. બોર્ડિંગના સર્વ વિદ્યાર્થીઓ ઘણા દિવસથી વિચાર કર્યા કરતા હતા કે ગરમીની રજા કયાં ગાળીશું. પ્રભાતે નિશ્ચય કર્યો હતો કે રજાનો સદુપયોગ સસુર પક્ષમાં રહીને કરીશું.

જ્યારે બેઠા બેઠાં પ્રભાતનાં વિચારપુષ્પો ખીલી રહ્યાં હતાં ત્યારે બોર્ડિંગના સર્વ વિદ્યાર્થીઓ જમવા ગયેલા હતા. પ્રભાતનો ઓરડો સર્વ વિદ્યાર્થીઓનું બેસવાનું સ્થાન હતું. પ્રભાતમાં સર્વનાં ચાહ પાણી પણ અહીંજ થતાં હતાં. નજરોનજર ઉઠીને કહ્યું "ઓહો પ્રભાત કુમાર આજ આટલા બધા બહેલા ઉઠયા? રટવ તો સળગાવો" બીજી બાજુથી ચિત્તરંજન, દયાચન્દ્ર, રાજકુમાર સર્વ ઉઠીને ત્યાં આવી બેઠા. રટવપર ચાહનું પાણી થવા લાગ્યું. અને સર્વ ગરમીની રજા કેમ

પ્રકારે ગુજરતી તે ત્રિપે વાતચિત કરવા લાગ્યા. પ્રભાતે કહ્યું "મારે કેટલીક વસ્તુઓ ખરીદવી હતી, પણ વર્ષાદને લીધે આજ દુકાનો મોડી ઉઘડશે."

દયાચન્દ્ર પ્રભાતનો સહાધ્યાયી હતો, તેણે કહ્યું "થોડા વખત પછી દુકાનો ઉઘડશે. વસ્તુઓ ખરીદવી એમાં કેટલો ટાઇમ લાગશે?'

પ્રભાતે કહ્યું:—કેટલંક ગુજરાતી પુસ્તકો મારે ખરીદવાં છે."

મૃદુ હાસ્ય કરી દયાચન્દ્રે કહ્યું હું ધારું છું એ હર મેજેસ્ટીસ સર્વિસને માટે હશે. ઠીક!

(૨)

ચાહ પીતાં પીતાં રાજકુમારે કહ્યું "ત્યારે તો તમે આજ પંજાબમેલમાં જશો નહીં વારૂ?"

પ્રભાતે કહ્યું "પંજાબ મેલથીજ જવાય." દયાચન્દ્ર—સહારનપુર મૂકી સાથે જવા માટે બે દિવસ થોભશો? હાં પણ તમારે એક એક મિનિટ યુગ જેવી જાય છે, કારણ કે ત્યાં ચિત્રોનો રંગ ઝાંખો થઇ જાય છે, કેમ પ્રભાતભાઇ!

પ્રભાતની મશ્કરી કરતાં સર્વે હસી પડયા. પ્રભાને શરમને લીધે નીચું જોયું.

એ વખતે એક ઉંચો અને શરીરે પુષ્ટ મધ્ય પુરૂષ સમાન વસ્ત્ર ધારણ કરી દરવાજા પર આવીને ઉભો રહ્યો. એની સાથે પાછળ બે પોલિસના સિપાઇઓ હતા. તેને જોઇને સર્વ વિદ્યાર્થીઓ હસતા બંધ થઇ ગયા.

આગન્તુકે પુછ્યું "આ બોર્ડિંગ છે ને?"

દયાચન્દ્રે કહ્યું 'હાજી"

આગન્તુક-એમાં પ્રભાતકુમાર મિશ્ર નામનો કોઇ વિદ્યાર્થી છે? પ્રભાતનું હૃદય ધડકવા લાગ્યું. સર્વ વિદ્યાર્થીઓએ આશ્ચર્ય ચકિત થઇ પ્રભાતના મુખ સામું જોયું. પ્રભાતે કહ્યું "હાજી, મારૂંજ નામ પ્રભાતકુમાર છે"

—"આપનું ઘર એલ્મોરામાં છે?'

—"હાજી"

—"આપ Third year માં અભ્યાસ કરો છો!'

—"હાજી"

—"આપનાં લગ્ન લાહોરના દુર્ગાદાસની બ્રાહ્મણ પુત્રી સાથે થયાં છે?"

પ્રભાતનું મુખ કમળ એકેક સવાલનો ઉત્તર આપતાં કરમાવા લાગ્યું. તેનું હૃદય ધડકવા લાગ્યું. અંતિમ પ્રશ્નના ઉત્તરમાં 'હા' કહી તેણે એક દીર્ઘ નિઃશ્વાસ મુક્યો.

આગન્તુકે કહ્યું "હવે હું સત્ય જણાવું? હું પોલિસનો માણસ છું. અને સી. આઇ. ડી. નો એક ઇન્સ્પેક્ટર છું. ઘણી મહેનત બાદ અમને ખબર મળી કે આપ અહીં આવ્યા છો. અને હું મારા ઉપરી અમલદારના હુકમથી અત્રે આવ્યો છું માટે તમારે મારી સાથે ચાલવું પડશે.

—"ક્યાં આવવું પડશે?"

—"પ્રથમ તો મ્હોટા સાહેબની પાસે તમારે આપવું પડશે."

—"પછી?"

—"પછી મ્હોટા સાહેબનો જે પ્રમાણે હુકમ હશે તે પ્રમાણે કરવામાં આવશે."

સર્વ વિદ્યાર્થીઓ એક બીજાનાં મુખ સામું જોવા લાગ્યા એક બે જણાએ ત્યાંથી ખસવાનો પ્રયત્ન કર્યો એટલામાં ઇનસ્પેક્ટરે કહ્યું 'તમે કોઇપણ અહીંથી ખસવાનો પ્રયત્ન કરશો નહીં; નહીં તો મારે લાચારીએ પોલીસની કાર્યવાહી બજાવવી પડશે."

સર્વ એક બીજાનાં મ્હોં તરફજ જોઇ રહ્યા. ઇન્સ્પેક્ટરે કહ્યું "હવે પ્રભાતકુમારની જડતી પડશે માટે તમારે પંચના સાક્ષી બનવું પડશે."

દયાચન્દ્રે કહ્યું "ક્ષમા કરો! અમે અમારા નિરપરાધી મિત્રના સાક્ષી બની શકતા નથી."

ઇન્સ્પેક્ટરે કહ્યું "જોઇ તમારી સર્વની ઇચ્છા. છેવટે મારે બ્હારથી કોઇ ભલા માણસને બોલાવવા પડશે."

વકીલની સલાહ લઈ કંઈક છોડવાનો પ્રયત્ન કરીએ."

ત્રણે પ્રભાતના સહાધ્યાયી હતીને વકીલ પાસે જવા નીકળ્યા.

પ્રભાતને લઈ જતી ગાડી દંડી સડકપર તેડવા લાગીછે. જુમ્મા મસ્જીદ, પરેટનું મેદાન, કિલ્લો, એ સર્વનું સુન્દર દૃશ્ય પણ પ્રભાતનાં ચિત્તને પ્રસંદ કરી શક્યા. ઓડવર્ડ પાર્કનો સુન્દર વાયુ પણ તેને સારો ન લાગ્યો. તેના હૃદયમાં એમ થયા કરતું હતું કે ઘોડાઓ એક એક કદમ ચાલી કઠોર કેદખાનાં તરફ લઈ જાય છે. કેદખાનાનું કાળું અંધારૂં, પ્રભાતના હૃદયપર આવ્યું હતું તે શ્વાસ પણ લેવો નહોતો. સડકના ફુટપાથપરથી બોજો લઈ મજુર ચાંદની ચોક તરફ જતા હતા. પ્રભાતે વિચાર્યું કે, આ મજૂર તો છે, પણ સ્વતંત્ર છે. હાયા આજે હું પ્રભાત ન હોત અને એક મજૂર હોત તો હું આજે સ્વતંત્ર હોત પણ હું પ્રભાત છું તેથી કેદી છું. પોલિસના હાથમાં કેદી તરીકે હું. અજાણ્યા પણામાં અપરાધી ઠરાવી દીધો છે.

પ્રભાતનો વિચારનો અન્ત આવતો નહોતો પણ વિચાર કર્યાથી શો લાભ? જાણે કોઇ કહેતું હોય કે "તું મુક્ત થવાનો નથી." એવો પ્રભાતને ભાસ થતો હતો.

દરિયાગંજનો કિનારો છોડી ગાડી ગિરજા તરફ જવા લાગી અને કોર્ટ હતી ત્યાં આવીને ઊભી. કોર્ટની ચારે બાજુ સુન્દર રમણીક બાગ હતો. બાગમાં પુષ્કળ પુષ્પો ખીલેલાં હતાં, અને પુષ્કળ ખીલવાનાં પણ હતાં.

ઇન્સ્પેકટર ગાડીમાંથી ઉતરી પડ્યો. સાથે સાથે પ્રભાત પણ ઉતર્યો. તેને અંદર લઈ જવામાં આવ્યો. ઓરડો સર્વ સામાનથી સુસજ્જિત હતો પણ પ્રભાતનું હૃદય તેનાથી પણ આનંદ પામ્યું નહીં. કારણકે તે કેદી છે. અપરાધી છે.

વચમાં એક સુંદર માર્બલની મેજ હતી. અને તેની ચારે બાજુએ કેટલીક ખુરશીઓ ગોઠવેલી હતી ઇન્સ્પેકટરે પ્રભાતને કહ્યું "તમને અહીં ખુરશી પર બેસો હમણાંજ મોટા સાહેબ આવશે."

પ્રભાતનાં હૃદયે ધીરજ ન ધારણ કરી. તે રોઇ પડ્યો. તેણે કહ્યું "હું સત્ય કહું છું કે હું પોલિટિકલ કેશ વિષે કિંચિત્ પણ જાણતો નથી. મને અભ્યાસ શિવાય અન્ય કંઇ ખબરજ નથી. હું કોઇ વર્તમાનપત્રો પણ વાંચતો નથી. દયા કરી મને છોડી દો. હું સાચું કહું છું કે મેં કોઇ પણ જાતનો અપરાધ કર્યો નથી." એવું કહી પ્રભાતે ઇન્સ્પેકટરના ચરણોમાં પોતાનું શીશ મુકયું.

ઇન્સ્પેકટરે પ્રભાતનું શીશ ઉંચકતાં નમ્ર સ્વરે કહ્યું "બાબુ! એ વાત મને કહેવાથી કોઇ પણ જાતનો ફાયદો નથી. હું તો હુકમનો તાબેદાર છું. મ્હોટા સાહેબના હુકમથી હું તમને અત્રે લાવ્યો છું. તે જો તમને છોડી મુકવાનું કહે તો હું એક સેકન્ડ પણ વાર લગાડું તેમ નથી. આ પડદાની પેલી બાજુ મ્હોટા સાહેબ છે અને મારી ઓફિસ પણ ત્યાંજ છે. હું જઇને મારૂં ઓફિસ વર્ક કરૂં છું તમે અહીં બેસજો. હમણાંજ સાહેબ આવે છે"

ઇન્સ્પેકટરના જવા બાદ પ્રભાતે વિચાર્યું કે પોલિસનાં માણસો પત્થર હૃદયના હોય છે– હૃદયહીન હોય છે. દયા અને મમતાનો તદ્દન તેઓમાં અભાવ હોય છે. હાય! મને મનુષ્યની વચમાંથી લાવી યમ દૂતોની વચમાં લાવવામાં આવ્યો છે. પ્રભાત ટેબલ પર શીશ મુકી અશ્રુ સારવા લાગ્યો.

(૫)

"પ્રભાત" કોઇએ મીઠા સ્વરથી કહ્યું પણ પ્રભાત તો વિચાર કરતો હતો કે આ પરાધીનતાનો જાળમાંથી શીશ ઉંચુજ કરીશ નહીં.

પુનઃ કોઇએ તેવાજ મીઠા સ્વરથી કહ્યું "પ્રભાત!"

શીશ ઉંચું કરીને તેણે જે કંઇ જોયું તેનાથી તે સ્તંભિતજ થઇ ગયો. તેણે વિચાર કર્યો કે આ સ્વપ્નું છે કે હું દિવાનો બની ગયો છું?

પ્રભાત એમ ધારતો તો કે એક શરીરે દૃઢપુષ્ટ લાંબો પહોળો અંગ્રેજ આવીને મને પુછશે કે "હુમ સચ કહેો." પણ તેના બદલામાં એક સર્વાંગ સુન્દર સુન્દરીને જોઇ તે અવાકજ બની ગયો. તેણે મનમાં ધાર્યું કે આ પોલિસની નવી જાળ છે. સુન્દરતાની જાળમાં નિરપરાધીઓને ફસાવવાનો આ એક ફન્દ છે. મને એમ ખબર ન હોતી કે પોલિસમાં સ્ત્રી ડિટેક્ટીવો પણ હોય છે.

યુવતીએ કહ્યું—"તમે મને ન ઓળખી શકયા એનું એક કારણ છે કે, હું તમારાં લગ્ન વખતે આવી નહોતી. ત્યારે પ્રેમ આઠ દિવસનો હતો. હું સુશીલાની બ્હેન છું."

સુશીલા પ્રભાતની પત્નીનું નામ હતું. પ્રભાતે વિચાર્યું કે પોલિસ કેટલી ઉત્સાહ છે? કેવી જાળ પાથરી છે? તે મૌનજ રહ્યો. સુન્દરીએ પુછ્યું "તમારી ફ્રેન્ચેજમાં રજા પડી?"

પ્રભાતનું હૃદય વિદીર્ણ વેદનાઓથી ભેદાયલું હતુ. તેણે કહ્યું "સાચું કહું છું કે મને લાહોરના કેશની જરાપણ ખબર નથી. આપ ગુસ્સે થશો નહીં."

"લાહોરનો કેશ?" લાહોરનો કેશ કેવો? તે સુન્દરીએ પૂછ્યું.

પ્રભાત—"તમે જે કેશને માટે મને અત્રે પકડી મંગાવ્યો છે તે કેસ. હું ઇશ્વરના સોગન્દ ખાઇને કહું છું કે હું કંઇ પણ જાણતો નથી."

"પોલિટિકલ કેસ કેવો? મને તમે ઓળખતા નથી? હું સુશીલાની બ્હેન છું તમારી સાળી થાઉં છું" સુન્દરીએ કહ્યું.

જરા વાર રહીને પ્રભાતે કહ્યું "તો તમે આ થાણામાં શા માટે આવ્યાં?"

"થાણું કેવું? આ તો અમારું ઘર છે. પરમ દિવસે લાહોરથી એમની બદલી દિલ્હી થઇ અને તે સી૦ આઇ૦ ડી૦ ખાતામાં. મેં ધાર્યું હતું કે તમે અહીંઆ છો. અને તેથીજ સુશીલાને પણ મેં અત્રે બોલાવી છે. તમને મેં કહ્યું હતું કે બોર્ડિંગમાંથી તમને બોલાવી લાવે." સુન્દરીએ બોદ ભાંગતાં કહ્યું.

તેજ વખતે ઓરડામાંથી નીકળી ઇન્સ્પેક્ટર કહ્યું "પ્રભાત! મારા મ્હોટાં સાહેબ એજ છે. હવે તમને મુક્ત કરવા ન કરવા તે એમની ઇચ્છાપર અવલંબેલું છે."

એક ક્ષણમાં પ્રભાતની સમજમાં સર્વ હકીકત આવી ગઇ. ઇન્સ્પેક્ટર એનો સાળો અને યુવતી એની સાળી છે. ઉભય પ્રભાતના લગ્ન સમયે આવી શકયાં નહોતાં તેથી પ્રભાતે તેઓને પીછાણી શકયો નહીં.

સુન્દરીએ પોતાના પતિને કહ્યું "તમે પણ છોકરાની એવી મશ્કરી કરો છો કે! તેનું મુખ કરમાઇને જરાક થઇ ગયું." હસીને તે પ્રભાતને સુશીલાના ઓરડામાં લઇ ગઇ કે જ્યાં સુશીલા બેઠી હતી.

૬

બીજે દિવસે ઇન્સ્પેક્ટર સાહેબે બોર્ડિંગના સર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ કરી પોતાના છ માસના પુત્રના અન્નપ્રાશન સંસ્કારમાં બોલાવ્યા. સર્વેએ પ્રસન્નતા પૂર્વક ભોજન કર્યું. એ મશ્કરીની થર્યા બોર્ડિંગમાં દિવસમાં એક બે વખત થતી. *

"પ્રણવ ભવન"
અલ્લાબાણ.
(ચોરાબહેા.)

} અંબેલાલ સવરામ
ભાઇ દેશાઇ.

* હિન્દી ઉપરથી.

પટેલની કંપનીના નાળીયા રેટ

ખેતીમાટે

પાણીનું સસ્તુ સાધન છે

જેની ઉત્તમતાને માટે વડોદરામાં ભરાયેલા પ્રદર્શનમાં ઉંચા પ્રકારનો

ચાંદ તથા સરટીફીકેટ મલ્યાં છે

સૌથી ફાયદાકારક મજબુત સસ્તા અને સાદા છે.

એન્જીનથી અને બળદથી ચાલે છે એક બળદથી બે કોસનું પાણી આપે છે અને એન્જીનથી ચલાવો ત્યારે બીજા કોઈપણ જાતના પંપ કરતાં અડધા અડધ ઓછા હોર્સ પાવરથી ચાલે છે.

૧ થી ૮૦ ફુટ ઊંડા કુવામાંથી પાણી કાઢે છે અને એકથી આઠ કોસનું પાણી આપનાર નાના મોટા તૈયાર મલે છે. કીંમત રૂ. ૧૫૦ થી ૫૦૦

વધુ ખુલાસા માટે રૂબરૂ મળો યા લખો.

અબાલાલ એમ. પટેલની કંપની.

દરેકજાતના પંપ અને એન્જીન વેચનાર તથા દુરસ્ત કરનાર

૪૦ દરીયાપુર, નાની સાલેપરી—**અમદાવાદ.**

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ, એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

મંદાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય કબજીયત રહેતી હોય માને Dyspepsiaનો અકસીર ઇલાજ. ૧ રતલની બાટલીની કીંમત રૂા.૧.

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ સમગ્ર હિંદમાં પ્રસિદ્ધ છે. અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે. રતલ ૧ની બાટલીની કી. રૂ. ૨॥

ગમેળા પ્રકારનો દુખાવો, લકવા, સંધીવા, સુળ, ચુક, ઉલટી, ઝાડા, મરડો, કોલેરા, અરૂચી, અજીર્ણ, ખાંસી, દમ, સળેખમ, સરદી, માથાનો દુખાવો, દાંત કે દાઢનું કળતર અવાળુનો દુખાવો, મોંમાંથી દુર્ગંધ છુટવી, મળચ આવવી, ખાટાં કે તીખાં ઘચરકાં, કાનનું પાકવું, પરૂ વહેવું, આંખો દુખવી, શરીરે સોજા આવવા, ઘા લાગવા, ઘસાર પડવા, હાથ પગમાં ચીરા પડવા, ઘાંનુ પાકવું, ઘામાં જીવ પડવા, રાંજણ, નાસુર, પીન્નસ, સુસ્તી, બેચેની, નબળાઈ, નામર્દાઈ, હરસ, પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, બરોળ, અંડવૃધ્ધિ, પ્રદરરોગ કોઈ પણ જાતનો વાળો, ન્હાર, વિગેરે અનેક રોગ આ એકજ દવાથી તત્કાલ દુર થાય છે, વળી ભમરી, મધમાખ, વીંછી, વિગેરેના ડંખ ઉપર આ એક જાદુઈ દવા છે. માંકડ મચ્છર, વંદા, કરોળીયા, કસારી ઉધેઈ વિગેરે નુકશાનકારક જંતુનો નાશ કરે છે.

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઈ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બહહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર અલૌકીક જ છે. ઉંચામાં ઉંચી જાતનાં કોઈપણ પેનકીલર કરતાં અમૃતબંદુ ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની ઘટાડેલી કીંમત માત્ર રૂ. ૧॥ પોસ્ટેજ સાથે છે છ શીશીના રૂ. ૮) પોસ્ટેજ માફ.

કેટલોગ મફત મંગાવો.

સીરનામું:—

"અમૃતબિન્દુ"—ઓફીસ

નડિયાદ

લોકહિતાર્થે માત્ર લાગત કિંમતે નીકળતા

ઉત્તમ અને સસ્તા ગ્રંથો

રોયલ આઠ પેજી મોટા ગ્રંથો.

ગ્રંથનું નામ	પૃષ્ઠ સંખ્યા.	મુલ્ય.
યોગવાસિષ્ઠ મહારામાયણ-બે ભાગમાં	૨૦૦૦	૬,
શિવાજી છત્રપતિ, ઉત્તમ મોટું ચરિત્ર	૩૫૦	૧,
શાન્તિપર્વ મહાભારતનું	૮૫૦	૩॥
ભગવતી ભાગવત અથવા દેવી ભાગવત	૬૫૦	૩॥
આર્યભિષક્ વૈદક ગ્રંથ નવી સુધારેલી આવૃત્તિ	૬૦૦	૪,
રાજસ્થાનનો ઇતિહાસ ભાગ ૧લો મેવાડ	૮૦૦	૨॥
દારૂણોધ નવીન ભાષાન્તર	૪૦૦	૧।

નાના કદના ઉત્તમ અને સસ્તા ગ્રંથો.

ભગવદ્ગીતા શ્લોક તથા અર્થ સહિત ૦)૯, પાકુ પૂંઠું ૦)૯, રેશમી ૦
સદ્ગુણી બાળકો વા બાળકોની વાતો ૦,૯, બાળમદ્યોધ ૦)૯
ભજનસાગર ૦)૯ એકાદશ સ્કંધ ૦॥ મનહર પદ ૦)૯॥

પોસ્ટેજ બહુ વિગતપાર સૂચિપત્ર મુફત

ગોવર્ધનાય વિમુ ન પ્રંગલમાતનોતિ

પુસ્તક ૬ઠ્ઠું
અંક ૬-૭

ૐ

પોષ-માહ
સં. ૧૯૬૪

सत्संग.

—વિષયાનુક્રમ.—

વિષય.	પૃષ્ઠ.
૧ થી ૬ કવિતાઓ; ૭ તંત્રીની નોંધ.	૧૫૯–૧૬૪
૮ ગોળગોળારાજાના ભડભાડ;	૧૬૭
૯ કન્યાઓનો સંવાદ	૧૬૯
૧૦ મદિરાપાન પર સખ્ત પ્રહાર	૧૭૧
૧૧ મત અને તેના પાશકનો સંવાદ...	૧૭૪
૧૨ નીતિ વચનામૃત	૧૭૮
૧૩ વિદ્યાર્થી વર્ગને બ્રહ્મચર્ય સંબંધી હિતવચન	૧૭૯
૧૪ મનાંજનની ગંગા મેળવી કરી શકે	૧૮૦
૧૫ કેળવણી પ્રચાર અવરોધન	૧૮૧
૧૬ ગુર્જરકવિ આપણને શું શીખને છે ? ...	૧૮૨
૧૭ ભદ્રા કવિ વિરહોની; ૧૮ વીર સારસિયસ ...૧૮૫–૧૮૮	
૧૯ સિપારીઓએ ત્રણ્ય વ મુદ્દેનો વેરો ખાધતો દાખલો ૧૮૯	
૨૦ નદિ કથાવા કેમ; ૨૧ યમુના ૧૮૫–૧૯૭	
૨૨ કલિયુગી સંતાન; ૨૩ ગો ભદ્રા સભા (કલકત્તા)૨૦૧–૨૦૯	

શ્રી દુર્જનનિષેધક ૭
દયા પ્રબોધકઅને નીતિવર્ધક મંડળ તરફથી

મહેતા પ્રભુ ભગવાન પ્રસાદ

વાર્ષિક
લવાજમ
રૂ. ૧-૦-૦

અગાઉથી
ગ્રાહકોનું

તંત્રી અને પ્રકાશક:—
દેવકરણ દામજીભાઈ દેશાઈ.
મુંબાદેવી રોડ-સુરત

ગ્રાહકોનેજ? એક મફત ભેટ ચાલુ માસ સુધીજ!!

બંગાળી ભાષાના સાહિત્યસમ્રાટ સુપ્રસિદ્ધ લેખક બંકીમચંદ્રની
કસાયલી કલમથી લખાયલી ઐતિહાસિક નવલકથા.

મૃણાલિની.

આ અત્યુત્તમ નવલકથાનો સુપ્રસિદ્ધ ગુર્જર લેખક બાલકવિની વિજયી લેખીનીથી ગુજરાતીમાં અનુવાદ થયો છે. નામદાર ગાયકવાડ સરકારે ઇનામ અને લાયબ્રેરી માટે મંજુર કરી છે. પુસ્તકમાં આર્યાર્પનો દિવ્યોપદેશ, અદ્‌ભુત પાત્ર નક્શા, દુઃખના ડુંગરો, અડગ ધૈર્ય વગેરે વિષયો હાસ્ય, શૃંગાર વીર અને કરૂણારસથી ભરપુર છે. તમામ પત્રકારોએ એકે અવાજે વખાણેલી છે. ઉંચા ગ્લેઝડ કાગળો, પૃષ્ટ ૨૦૦ છનાં મૂલ્ય માત્ર રૂપિયો એક.

માલવકેતુ.

ઇંગ્લાંડના સુપ્રસિદ્ધ લેખક શેક્સપીયરના "મેકબેથ" નામે અત્યુત્તમ નાટક ઉપરથી શ્રીયુત નારાયણ વસનજી ઠક્કુરે અનુવાદ કર્યો છે તે ઉંચા કાગળો પર છાપેલું બાર આનાના મૂલ્યનું નાટક તદ્દન મફત ભેટ. પોસ્ટેજ વી. પી. જુદું. બહુજ થોડી નકલો છે. જરૂર તુરતજ મંગાવી લો.

લખો:—"પુષ્પહાર" ઓફીસ—સુરત.

પુરૂષ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી દવાખાનું કયા છે!

દેશી ઔષધાલય

ઝાંપાબજારની બરાદી શેરીને નાકે

તમારે દેશી દવા વાપરવી હોય તો મળો. તમને દરેક રોગની દેશી દવાઓ મળશે. તથા બાત્રી પણ થશે માટે બહેનો નાશીપાશ ન થાઓ અને એક વખત દવાખાનામાં આવી મુલાકાત લ્યો તેથી તમારા મનની બાત્રી થશે. માટે એકવાર જરૂર પધારશો.

ડૉ૦ સરસ્વતીબાઇ ભગવાનદાસ.

દમ, હાંફ અમુઝણના

પ્રખ્યાત વૈદ્ય

તરફથી જાહેર બબર આપવામાં આવે છે કે હમારા દવાખાનામાં આંખના તમામ રોગની દવા બંધવા જનાર પાસેથી ફી લેવામાં આવતી નથી. સેકડોબંધ આંખના દરદીઓ સારા થઇ ગયા છે, તેના હમારી પાસે બાની પુરાવા જોઇએ તેટલા મોજુદ છે. તેમજ દમ, હાંફ, અમુઝણ, ઉધરસ ગમે તેટલા જુના હોય તો પણ દિવસ બારમાં આરામ કરીએ છીએ. વીસ થી ૨૫ વર્ષના જુનામા જુના દમ હમાએ સારા કરેલા છે. ૧ દાખલા તથા સરનામાં હમારી પાસે છે. જેથી આપને બાત્રી થશે, (લોક અને પ્રજાના) ભલા સારૂ આ જાહેર બબર છપાવવાની જરૂર પડી

ફી માટે યોગ્ય સગવડ કરી છે.

સુરત મંછીપરપરા કસારાશેરીમાં } આર્યવિદ્યુત વૈદ્યક ઔષધાલય વૈદ્ય શીવશંકર બાઇશંકર જોશી

પુસ્તક ૯મું. અંક ૬-૭મો

सत्संग.

भाल-ફાગણ સં. ૧૯૭૪.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

દુનિયા અજબ ઝુકતી રહી.

હસ તોરસે દેખો ખલક, ઉસી તોરમેં દીખતી રહી,
જૈસી ઝુકાવે આદમી, વૈસી અજબ ઝુકતી રહી;
મક્રમ દીખો મક્રમ દિસે, હિલતા દીખો હિલતી રહી,
ખુદરત અજબ ગૈબી ઝાર દુનિયા અજબ ઝુકતી રહી.

૨

મંધી દિખો મંધી પડે, સસ્તી દીખો સસ્તી પડે,
જીસ ચસ્મ સે દેખો ઐસી દુનિયા અજબ ઝુકતી રહી;
સયતાન કો સયતાન લે, દાનેકું દાનિ દીખ પડે,
ખુબ ખ્યાલ સે દેખો ઉસે, દુનિયા અજબ ઝુકતી રહી.

૩

[1] લખ્ખો નકસતે આપકે, પડયાદી વૈસા સત પડે,
બદનાગ કયું ઉરીકો કરો, દુનિયા અજબ ઝુકતી રહી.
બદસિ ખલક હોકબ દીસે, ને ખીમે [2]ઝબાન દીખ પડે,
નારત દુબોવન વાલીએ, દુનિયા અજબ ઝુકતી રહી.

૪

કબ્રાન ખીયાબાન વો, મેઝીત મંદીર દીખ પડે,
સમશાન કબરસ્તાન વો, દુનિયા અજબ ઝુકતી રહી,
ના અલગ એ ખુદ સે ખલક, હો ખ્યાલ વૈસી દીખ પડે,
બન અનલ હક સે દેખ રે, દુનિયા અજબ ઝુકતી રહી.

દેસાઇ મોતીલાલ મથુરભાઇ મહુધાવાલા.

---

[1] શબ્દો. [2] રંગ.

શ્રી ૐ

ગો--ભારતી સંવાદ.

દોહરો.

નંદન આનંદ કંદ નંદ, વ્રજવિહારી વ્રજરાજ;
ગુણી ગોવિંદ ગોપાલ જે, સમરૂં પ્રથમ ગોદાજ.

શાર્દુલ.

ઇચ્છા જોવાને થઇ મન વિષે. દેશો દશા, ભારતી-
નારી રૂપ ધરી ઢરે મલપતી, દૃષ્ટી પથે સારતી,
શાન્તી ને સુખવાસમાં નિરખીં સૌ. લાગી દિલે હર્ષવા,
થાતાં દૃષ્ટ સમીપ ભાત સુરભી, પામી છ આશ્ચર્યતા.

સોરઠો.

વિલોકી નિજ દેશ, પ્રફુલ્લ બની હૃદયે અતિ;
પણ જોતાં ગો વેશ, ભાન-સાન ભૂલી ગઇ.

ભુજંગી.

પુછે ભારતી સુરભી દૃષ્ટ આવી,
"દુઝે કેમ હે ! દેવી! કે' ધૈર્ય લાવી!
છવાયો બધે હર્ષ આ વર્ષ પૂરો,
તથાપી તને કેમ દેખું અધૂરો !

લાવણી.

'શું પ્રશ્ન પૂછો છો માત મને પ્રિયકારી,
કોણ દાદ સુણે છે કહો કળી મહીં મારી ?
દઇ પોષું દહીં ને દૂધ-ઘૃત વળી સારૂં,
મનુ જ્ઞાન ટકાવા જોડ ગણ્યું છે બ્યારૂં;
નહીં અંતર રાખું લેશ હૃદયની માહી,
રહ-રાય, બિન્દુ-ઇસ્લામ ટોળમાં કપાંહી;
જે કરે સેવ મુજ મેવ, મેળને ગમતો;
જ્યમ ખેતી કરે ખેડુત, દુઃખ સહુ ખમતો.
વળી ધાન્ય-ધન નિપજાવું ને ઉગાડ્યું,
મુજ ઉદર થકી બહુ પુત્ર શ્રેષ્ઠ પરખાવું;
કરે મહેનત દહાડો-રાત, ટાઢ-તડકામાં,
જુઠે સેવક થઇ સાથ ઘણી પડખામાં,
કદિએ નવ ધારૂં હેત મણી મુજ પુત્રો,
તોપણ ખમવાને દુઃખ ઘડાયલ સુત્રો;
ઉપયોગી પણ નવ ખાય તૃણ વિણ બીજુ,

કરે નિજ ધણીને ન્યાલ અંતરે રીઝું.
તદપી તુજ તનુજો મુજ રક્ષણ નવ કરતા,
ઇરલામી-ખ્રીસ્તી નિજ નાટ મુજ દેહ હણતા;
સંખ્યાબંધ મરતી વિણમોત પ્રતિ વર્ષે,
નવ બચાવ કરવા કોઇ વ્હાર કરે હર્ષે,

સોરઠો.

સુણી વચનો સુરભી, અંતરે ત્રાસ ઉઠયો;
કરૂણામય મુરતી, ભારતી સુયરે છે.

ઉપજાતી.

ઉદાસ શાને દીલ થાય દેવી, હવે સેવશે પુત્રજ નેમ સેવી;
દુઃખી બધા હાલ હવે જણા છે, સુપો તણાં દિન ઝબૂકી રહ્યા છે.
વિચારી જોને ઉદયાસ્ત થાયે, અસ્તોદય પાછળ છે સદાએ.
વિદ્યુતણી એ ઘટમાળ છે જે, નહીં કદિ પાર પમાય તે તે.
કહું હવે આવત દિન રૂડો, જરશે કળાનોજ પ્રભાવ કૂડો;
મળી ગયા એકે તનુજ મારા, થતા સહુ દિત તણા સુધારા.
થશેજ હા! પ્રાપ્ત સ્વરાજ્ય જલ્દી, મોન્ટેગુ આવ્યા છ લઇજ તરદી,
બત્રીસમી નેશનલ કોન્ગ્રેસે, હરાવ કોગેાછ જે એક વેશે.
વળી સભા રક્ષણ માટ તારા, ભરીંતી જુદી તનુએજ મારા,
ન લેશ શંકા મનમાહીં લાવે, ચટપાછ વ્હારે વીર પુત્ર ભાવે.

દોહરો.

પ્રસન્ન થઇ વચનો સુણી, હૃદય ભરી ગોમાત;
આપી આશીષ પ્રેમથી, ભારત વીર વિખ્યાત.
"મન ઇચ્છિત ફળ મેળવો, મેળવો પ્રભુની મ્હેર;
તમ ઠારે વ્યાપી રહે, હરનિશ લીલા હર્ષેર."

'પ્રેમી'

તો શું!

બળું ઉરમાં, કથી સ્થિતિ હમારા દેશની તો,
જણું ઉરમાં અને ઉરમાં, કહો તેથી હમોને શું?
જહાં જોઈ બધી, જોઇ વળ્યો ખૂણે ખૂણે,
નિહાળી સ્વાર્થની આજ, તહીં શું હોય હા! બીજું?
ભટકયો શહેર બજારે, નિહાળ્યાં ગામડાંયે મ્હેં,
વળ્યો હું જોઇ વસ્તીને, નિહાળી 'ઉર દાઝો' મ્હેં.
ન દીઠું દેશને માટે, બળન્તુ ઉર મ્હેં જોયું,

ન દીઠી દેશની દાઝો. ન દાઝે દેશ માટે દો,
ન સૂણ્યાં દેશનાં ગીતો, ગવાતાં ગેરી સો ગીતો,
ચૂણી જે ઉર ઉકળતું, બળું હું તો બીજાને શું ?
મરી પડતાં દીઠા લોકો, આ જગતના પ્રેમે,
ન દીઠો દેશનો પ્રેમ મરૂ હું તો બીજાને શું ?

૮-૫-૧૭

સ્નેહ સાગર.

અતિ જંજાળી શેઠને એક મહાત્માએ લગાવેલો જ્ઞાનનો ફટકો.

(પ્રયોજકઃ-ગુણાનુરાગી મુનિશ્રી વિનયચંદ્રજી બરવાળા સંપ્રદાયના.)

ગઝલ—કવાલી.

અરે ઓ શેઠ જંજાળી ? રહ્યો શું મોહમાં માલી,
ન જોયું આપ નીહાળી, રહ્યો જડ ભાવને ઝાલી—૧.
કંઈ કર હીત સંભાળી, પડને પુણ્યની ડાળી,
કરી માયાજ તેં વ્હાલી, ગુમાવી જીંદગી ખાલી—૨.
વરસ આ સાઠ તો વીત્યા, ન ગાઈ ધર્મની ગીતા,
કરી ના આતમની ચિંતા, પકડશે કાળ ઓચિંતા—૩.
ભમાયો ભ્રાંતીમાં ભુલી, ફસાયો ફંદમાં ફુલી,
હૃદય ચક્ષુ કર ખુલી, ભગજ મુકી ન ખાલી—૪.
મળી આ દેહ બહુ મુલી, ગયો દેવા વિષે, હુલી,
પકડી (તેં) પાપની પુળી, કનક મુકી ધર્મે ધુળી—૫.
મુસાફર બે દિવસનો તું, મુસાફરી ચંગલે આવ્યો,
નથી આ ચંગલો તારો, વૃથા તું બોલ મા મારો—૬.
કહું છું પ્રેમથી વ્હાલા, હવે લે હાથમાં માળા,
ઉપાધી ના તજ ભલાં, હૃદયના બોલને તાળાં—૭.
ઉમર આ રાખમાં રોળી, ન જોયું ચિત્તમાં ઝોળી,
મળી તે મર્મની ગોળી, ઉદરમાં જીંદગી બોળી—૮.
નથી ઘરબાર આ તારા, નથી સુત દ્રવ્ય કે દારા,
ધની લે, ધર્મના મારા, કહું તું માની લે મારા—૯.
હવે લે ચિત્તમા ચેતી, ઘરમની બેડને બેતી,
સીખામણ હું કહું કેતી, વૃથા તું પીલ મા રેતી—૧૦.
વિનય મુની વદે ભાવે, ગઝલ એ પ્રેમથી ગાવે,
યુગોની ભંત સમજાવે, સમય આવો ફરી નાવે—૧૧.

ફકીરી બહુજ પ્યારી છે.

ફકીરી વાહ! મજાની છે, ખુમી તહારી અતિ ન્યારી,
ફીકરની ફાકીઓ ભરવી, ફકીરી બહુજ પ્યારી છે.
હવે હું તું બધું મેલી, અલખના લેખમાં હલ્લી,
અજંપા દ્વૈતને ભૂલી, ફકીરી બહુજ પ્યારી છે.
ઉચાળા આ બધા મેલી, બાલપણના ભાનમાં ભૂલી,
ફકીરીમાંજ ફરવું છે, ફકીરી બહુજ પ્યારી છે.
અરે! આ કોષ્ટ દેહીને, કરી મન દાહમાં મુરી,
સ્વરૂપ મહારૂં આહ! જોયા, ફકીરી બહુજ પ્યારી છે.
ઝળકતી જે બધી જ્યોતિ, ત્રણે કાળેજ એ સ્થિતિ,
અહા! એ દિવ્ય જ્યોતિની, ફકીરી બહુજ પ્યારી છે.
ફકીરોની ફકીરીમાં, બધાં વિશ્વે સમાયે છે,
ફકીરી ફંદ હરનારી, ફકીરી બહુજ પ્યારી છે.
અરે! ઉપભોગ શા કરવા, હવે મરણ નથી મરવા,
હું તુંનો યોગ એ કરવા, ફકીરી બહુજ પ્યારી છે.
ફકીરી હાલ સારો છે, અરે! સંસાર આરો છે,
હરિ એ પંથ ન્યારો છે, ફકીરી બહુજ પ્યારી છે

હરિ-ભંડાર, પીઝ] હરિરામ.

તુજ પ્રેમને દિલ ઝંખાય છે.

તુજ આંખમાં કામણ ભર્યું, મમ જીવ ત્યાં લટકી રહે.
કંઈ સ્નેહનું ઝરણું ભર્યું, તુજ નેત્ર હા! ચમકી રહે.
જોતાં બનું હું બહાવરો, તે પ્રેમ તુજ માણું પ્રિયા,
છૂપા ઇસારા નેનના, ઘાયલ કરે બહાલી પ્રિયા.
નવ બોલતી મુખથી કંઈ, પણ નેત્ર ચમકે પળપળે,
લાખો રૂપૈયે ના મળે તે, રહેજમાં આવી મળે.
અનુભવ થયો પાકો પ્રિયા, તુજ નેત્રના પલકારથી,
કર બહાલ બહાલી પ્રાણ તું, સુખમન તણા અધિકારથી.
આશક તણા છે ઠાર બહુલાં, આંખના પલકારમાં,
તે આંખમાં ઝેર ભરી, મારતુક બની તું પ્યારમાં.
તરસાવ ના તરસાવ કા? મારી નયનના બાણને,
ઘેલો થયો આ જીવ મારૂક, તુજ વિના તે જાણને.
કૈં કૈં જીવનમાં થાય છે, કૈં કૈં હૃદય જોવામ છે,
બહુ થયું બસ ખતમ કર, તુજ પ્રેમને દીલ ઝંખાય છે.

નામદાર વાઇસરાયની ધારા સભામાં રાવ-
બહાદુર બી. એન શર્માએ
દારૂની બદી બંધ દારૂની બદી બંધ કરવા
કરવાનો ઠરાવ. ને માટે એક ઠરાવ મૂકયો
હતો. ઠરાવમાં એમ હતું
કે સરકાર દારૂની બદી બંધ કરવા માટે પોતાનો
નિશ્ચય કરી ધીરે ધીરે એ દુષ્ટ બદી ઓછી
કરે. આ ઠરાવનો વિરોધ સર્વ યુરોપિઅનોએ
કર્યો તથા એમના પક્ષમાં ૨૦ વિરૂદ્ધ ૩૩ મતે
ઠરાવ ઉડી ગયો. સરકાર તરફથી એનો
અસ્વીકાર કરતાં સર જ્યોર્જ બાર્ન્સે કહ્યું કે
"અમે પ્રજાની સ્વતંત્રતામાં હાથ નાખવા માગતા નથી. વધુમાં તેઓ કહે છે
"આથી ગરીબોમાં ઘણો અવિશ્વાસ ઉત્પન્ન
થશે." અમારે ગળે આ વાત નથી ઉતરતી
કે "જ્યારે એક રૂપીઆની નોટ અને નિકલની
બે આની ચલાવવામાં ગરીબોમાં અવિશ્વાસ
ઉત્પન્ન થવાની આશંકા કરવામાં ન આવી
ત્યારે દારૂની બદી ઓછી કરવાના સમ્બન્ધમાં
શા માટે કરવામાં આવી હશે? J/.

ભોળીઆરાજ્યનો ભડભડાટ.

તુલસી તણમેં જનીયેા ઘડેા ગરીબ નીવાજ
મેાતી કણ મેાંઘા કીયા, મેાંઘા કીયા અનાજ.

* * *

કહેતી મીસરી ખાંડ હે, રહેણી તાતા લેાહ;
કહેણી કેવે રહેણી રખે, એસા વિરલા કેાક.

વાહરે તુલસી! ને વાહરે કબીર!! અજબ
મેાહિની આ સાખીમાં સરખી! હું તેા ગેાટેગેાટ
ભર્યાજ કરૂં! ન થાકું કે ન પાકું!! પણ એ
અમૃતરસનું પાન કર્યાં કરૂં! અને એની
ધૂનમાં લેાટયાજ કરૂં!! રે ગુલાંટ માર્યાજ કરૂં!
શું સાખીમાં મીઠાસ!! અરે જેમાં મીસરી ને
ખાંડનીજ વાત આવે ત્યાં મેાંમાં પાણી કાં ન
આવે ભલા?!! પણ સસુર આપણે તેા ઘેારી
રસ્તેા ચૂકી ગલીકુંચીમાં ઘૂસ્યા! અને લાભની રે
કામની વાત તજી ગામ ગપાટે ચડયા!! અરે
આપણી કહેવાની મતલબ એજ છે જે એ
બેજી બકનેાની સાખીમાં ન્યાય કરતેા દાપી
રહેા છે?! કહેણી કહેવા કરતા રહેણી સાખી
કહેણીને દિપાવવાને શું આખું કર્યું છે?!
આજ કાલ જ્યાં લેાય ત્યાં કરવા કરતાં
કહેવાનું વધુ થઇ ગયું છે! ગેાકેા ચાલતાં
ચાલતાં અમે કલાણું કાર્ય આને માટે કરીએ
છે, એમ કહેતા જાય છે. પણ તેમાં પેાતાનેા
ગુહ્ય સ્વાર્થ સાધતાં થી જાય છે!! શું એ
એક દેખીતી ઠગ વિદ્યા નથી?! અરે આંખે
કાજળ આંજવાનું કહી તેઓ મેસના ટીકા
ગાલે પણ નથી કરતા?!! એ એક દુનિયાની
વિચિત્રતા!! અંધમતા યાને ડાલમડૂલતા જે કહેશેા
તે ચાલશે!!

* * *

સ્વરાજ! સ્વરાજ્ય!! જ્યાં જુઓ ત્યાં
સ્વરાજ્યના પેાકારેા! કેંગ્રેસ સ્વરાજ માંગે!
લીગ સ્વરાજ માંગે!! આખું હિંદ સ્વરાજ
માંગે!!! એટે અવાજે સાઇન કરી, મિટિંગ
ભરી, ડેપ્યુટેશન, ફેપ્યુટેશન વગેરે સર્વે ધમાલ
કરી જ્યાં ત્યાં આપણી માયાળુ સરકારને
કહેવાઇ રહ્યું છે કે "અમને અમારૂં દઇ દેા!
અમે સાગીર હતાં તે લાયક થયાં છીએ! અરે
પારણાંમાં ઝૂલતાં હતાં તેજવાને મર્દ થયા છીએ!!
માટે હવે તમારૂં વાલીપણું તજો અને અમેાને
અમારૂં પાછું દેા!!" જ્યાં હકની વાત આવી ત્યાં
નાહકીઓના ગેટમાં કાળ, ક્રસકેા, ચૂંક વગેરે

જપને ઇંનજીન અને પોતરે બોઇલર ચાલુ થયાં છે. અને બબાળવા મંડી પડયા છે કે " ના ! ના !! એવું ના કરતા !!! હજુ એઓ તો ગહા પચ્ચીસીમાં છે, એમને જંગલી બુદ્ધિ છે. હોંશ કોશ વિનાના છે. એઓ તો સમજ્યા વિના ભીંતમાં માથું મારે છે !! અકકલ વિનાના ઓથમીર છે. અને કાળાં કૃત્ય જેવા સીદી છે. માટે એવાઓ સ્વરાજ શું ચલાવશે ?! હજુ તો એઓ સ્વરાજનો સંપૂર્ણ અર્થ પણ નથી સમજી શકયા તો સ્વતંત્ર કયાંથી ચલાવી શકશે ?! " વળી તેઓ સ્વરાજવાદીઓને ડાહ્યા ડમરા થઇ શિખામણ દે છે કે " એ બબાળા તમારે શું કામના ?! તમારે સ્વરાજ શું ? અને પરરાજ શું ?! સ્વતંત્ર શું ?! અને પરતંત્ર શું ?!! એ તો બધું સો ટીકા ટીક! રે ટીકા ટીક !! રે વગર અર્થની મહેનત, મારે જવા દીઓ એ વાત ! અને જોહુકમીઓના હુકમને જી જનાબે આલી કરી ચલને દો અને ડમાઇ, જકડાઇ, સંકડાઇ, અકળાઇ, અકળાઈ, ઝીકાઇ જેમ પેટ ભરતા આવ્યા તેમ પેટ ભર્યા કરો !!! અને નીચા નમી જુહાર કર્યા કરો!! બધુ ઊપાધી શું કામની ?!! ચિંતા વન્દે અને કાળાં કૃત્ય જેવા સીધી રહી નમ્યાજ કરો ! નમ્યાજ કરો !! નમ્યાજ કરો !!!

નમો નમોને ! નમો નમોને !!
નમો નમાવીએ ! જેમ તમોને !!
કરો ગમારૂં ! કરો ગમારૂં !!
કહ્યું કરો તો ! ક્ષેમ તમારૂં !!
ક્ષેમ તમારૂં ! અમે જાણ્યાજી !!
જોહુકમીઓના જૂઓ બબાળા !!!

અરેરા હિંદવીરો જાગો ! જાગો !! આ તમારા ડાહ્યા ડમરા હિતેષીઓની શિખ મણ ધ્યાન ધરો !! અને ચૂપ ચાપ દંડાગાર ! બરદે પધાર ! જેમ થઇ શાંત રહો !!! કેમ શું થયું ભલા ? આવ બસાબ્બે પકડ ગયા ?!!

* * *

પણ સબુર આ ડાહ્યા ડમરા બબાળા મારતા હિંદ હિતેષીઓને પેલી મરઘા વાલી વાત કહેવી રહી ગઈ. જૂઓ સાંભળો, બનો હંડા અને હિંદનું ધાન્ય ખાઇ તાજા માજા બની રહેલા ગોધાઓ હિંદની કાંધ દાઝ ધરો ! અને હિંદ સ્વરાજ્ય પામે તેનાં પૂરા-ભગત બનો તેમાંજ ઇશ્વર રાજી ! ખુદા રાજી !! ઇશુ રાજી !!! યાને વિવિધ નામે કહેવાતો એક મહા પિતા પણ રાજી ! રાજી !! રાજી !!! વાત એમ છે જે એક મરઘીને બે ધણી એટલે બે મરઘા મરદ હતા ! જો કે મરઘી બેઉને અનહદ પ્રેમથી ચાહતી હતી તથાપિ મરઘાઓની સ્વતંત્રતા લુંટાવી હતી. બેઉ મરઘા એક એકની ધર્પાને પાત્ર થયા હતા. એક દિવસે બેઉ મરઘા સામ સામી આવી ગયા. એટલે પછી પૂછવું જ શું ? ચાંચમ ચાંચ ! રે બાથંબ બાથ !! ને મારંમાર પર ચાલ્યું ! આ મહાન યૂદ્ધ જોવાને માટે માનવોનું ટોળું ભેગું થયું ! જોનારને આસાદ ગર પૈસાનો તમાશો જોવાનું થયું ! અનેકં પૈસો મરઘો હાર્યો ને પૈસો જીત્યો !! એમ ચાલુ થયું ! વખત ઘણોજ વીતી ગયો તથાપિ યૂદ્ધ સમાપ્ત થયું નહી. આખરે બેઉ મરઘા લોહી લુહાણ થઇ ગયા ! માથાં કૂટયાં ! આંખ ફૂટી ! ચાંચ બોખરી થઈ ! પણ મરઘા એક એક પર પૂરા જોસથી પ્રહાર કરતા અટકયા નહીં ! એ તામાં એક પ્રેક્ષક વર્ગમાંથી હીચકારો માણસ બહાર આવી, મરઘાઓને શિખામણ દેવા લાગ્યો !! યારો તમે શાને માટે મરો છો ?! મરઘી તમો બેઉને ચાહે છે તો સાથે રહો અને લડાઇ ટંટો બંધ કરો ! આવી હીચકારી સલાહથી જે એક મરઘો ગીંયા ભાંઘ જેવો કમજોર હતો અને જેની લડાઇમાં આંખ ફૂટી ગઇ હતી, તે બોલ્યો ઓ હિચકારા માનવી ! શું તું નથી જાણતો કે " પરતંત્રમાં રહેવા કરતાં મોતને શરણ થયું ઘણુંજ બહેતર છે ! " અહીંથી ચાલ્યો જા અને

હવે તારો ધિક્કારપત્ર એ એક શબ્દ પણ બોલીશ નહીં કે જે આદમ જાતને લ્યાનત બર્યો છે! ના! અમે બેઠ લડીશું! અને આખરે જીતશે તે મરદોનો સોલ્ડ માલીક થશે. અમારૂં જીવન હંમેશાં સ્વતંત્રજ હોય છે!! અમે પરતંત્રને સહન કરી શકતા નથી!!! જોયું બીરાદરો આ એક મરદાનાં વાગ્યો અને શું તેનાં શરાતન?!! અરેરે સ્વતંત્ર એ શબ્દ બોલતાંજ કેટલું જોડી ચડી આવે છે! પ્રભુ હિંદને બાળકો ઇંગ્રેજ સરકાર પાસે સ્વરાજ અપાવો!!! હિંદનાં બાળકો હંમેશાં તેનું ભલું ચાહશે! અને તેનાં માનને માટે જાન આપવા પણ તત્પર રહેશે!!! શાંતિ! શાંતિ!! શાંતિ!!!

ભોળીયા રાજા.

કન્યાઓનો સંવાદ.

(૦)

૧લી કન્યા.

અરેરે! આજ કોણ જાણે કેમ અદ્‌ભુત ગાયનજ મારાથી ગવામા કરે છે. કોઇ પારકું માણસ આવે છે તો મનમાં ગાઉં છું, પણ અત્યારે તો કોઇ નથી, તો લાવની, તમોને ગાઉં!—

આજ ઉલ્લાસ—ઉલ્લાસ—અંતરમાં થાય!
રહુરે ઉંડાણોમાં હાસ, સ્વર્ગ સરીખો બાસઃ
દિવ્ય દશાનો રાસ રાગણિઓ ગાય!
આજ ઉલ્લાસ—ઉલ્લાસ—અંતરમાં થાય!

(બીજી કન્યા પ્રવેશ કરે છે. તે આનંદમાં નહીં, પણ ચીડાયેલ દેખાય છે.)

૨ જી કન્યા.

અરી, આટલો બધો આવેશ શાનો? તું ગાંડી તો નથી થઇના? શું ભાઇના વિવાહની વાત આવી, કે તારી પોતાની સગાઇ થઇ?

૧લી કન્યા.

વિવાહ નથી થયો, ને સગાઇએ નથી થઇ. પણ બહેન, હું રાજી થાઉં તેનાં તારે શા માટે બળવું જોઇએ? કારણ જણવું છે? આજ મને કવિરાજે પોતાના ભાંગના પ્યાલામાંથી થોડી પ્રસાદી આપી, અને બાપુજીએ ના કહેવાથી હું પી ગઇ; તેથી અત્યારે આ આનંદના ઘોન ઉતરે છે!

૨ જી કન્યા.

અરરર! તારા બાપુજી પોતે તો એ માંડા કવિની સાથે વટલાય છે, પણ સાથે લાગી તને પણ વટલાવે છે કે શું? અમારા ક્ર્‌ય. દ. ડા. ના ઘરમાં તો અમે ભાંગ પીવી કે કોઇ પણ જાતનો નશો કરવો, એ પાપ સમજીએ છીએ.

૧ લી કન્યા.

હશે, અમારૂં ઘર જૂદું છેઃ અને તમારૂં ખ. દ. ડા. નું જૂદું.

૩ જી કન્યા.

એટલુંજ નહીં, બહેન. તમારા ઘરનો કાયદો એ કંઇ ઇશ્વરનો કાયદો નથી. તમારા નીચ ઘરમાં તો આજકાલના પાખંડી બાવાઓની પૂજા અને સાચા મરદ - મહાત્માઓના અપમાન થાય છે.

૨ જી કન્યા.

ત્યારે શું કેદ કરવામાં પાપ નથી? અમારી શિક્ષાપત્રી ખોટી?

ચોથી કન્યા (ભાતી)

બહેનો, હું તો એમ સમજું છું કે માણસની શિક્ષાપત્રી ખોટી અને પ્રભુની હોય તે સાચી.

---

* ખરેખરજી દિનિમારજી ગાડરનું ટુંકાનામ.

૬ ઠ્ઠી કન્યા.

ત્યારે પાપ શેમાં હશે, બહેન ?

મોતી.

સાંભળ, માણેક ! ચોરી કરવી; હિંસા કરવી; પર પુરુષ તરફ નજર કરવી, એ અપરાધોમાં પાપ છે. ઘણાએ પાપીઓ પાપને વખતે નશો કરીને વધારે અપરાધી થાય છે. પણ પ્રભુનાં સ્વજન કરવાં, અને પોતાના રાજા અથવા માલીકની સેવા કરવી, એમાં પુણ્ય રહેલું છે; અને એવા પુણ્યશાલી સેવકોમાં કોઇ કોઇ પોતપોતાના ઇષ્ટ દેવની ખૂબી લઇને વધારે વીર વિક્રમ અને અલ્લાહના બંદા બને છે. ઓ માણેક, ઋષિઓ તો ક્ષીરસમુદ્રના પીનારા હતા ! ખરી વાત તો એ છે, કે બહારથી જે કંઇ માણસની અંદર પડે છે; તે જહરમાં જાય છે, અને નિકળવા યોગ્ય હોય તે પાછળથી નિકળી જાય છે. પણ ચોરી કરવાની અને હિંસા કરવાની દુર્વાસના હૃદયમાંથી રફૂચક્કર છે: એ દુર્વાસનાને પાપની સમજવી. ઓ ગોરી બહેન, સંભળાવો તો તમારો અંતર બહારનો સોરઠો !

(૮ મી કન્યા) ગોરી.

સાંભળો, બહેનો !
અંતરથી અભડાય, સાચી આભડછેટ એ:
બહાર ભલે બહુ ન્હાય, તેથી કાંઇ વળે નહીં !

બધી કન્યાઓ.

"વશ રાખી દિલ આ રંગ મોઝાર—
"વીરતા દાખવો સંસારે !"

૫ મી કન્યા.

ત્યારે બહેન, તમાકુનું કેમ હશે ? બીડી પીવામા કે હુક્કો પીવામાં પાપ હશે ?

૬ ઠ્ઠી કન્યા.

તોબા બહેન ! પાપ શાનું ? ઘણીએ દેશાનમાં વહી ગયેલાઓ બીડીઓ પીએ છે; અને આપણા દેશમાં પણ કેટલ દેશ નારદ ઓરતો તેમની નકલ કરે છે. પણ એમાં કંઇ માલ નહીં. ખાલી નઠારો ધુમાડો પેટમાં નાંખવાથી ફાયદો શો ?

૭ મી કન્યા.

આપણને મન ન થાય તો આપણે ન પીએ, પણ બહેન, જેને મન થાય અને જે પીએ, તેમને આપણે ખારી આપત્તી જોઇએ. આપણે તે જે કરતાં કંઇ હૃદયમાં વધારે માનું હોઇએ, એવું અભિમાન ન રાખવું જોઇએ પણ ચાલો, મોતી બહેનને પૂછીએ ! (પાસે જઇને) મોતી બહેન, ફેંસલો આપશો કે ?

મોતી.

તે શું. બહેન મારેજ માથે બધો ભાર નાંખ્યા કરશો કે ? ખેર, મારે તો ઉપાડ્યા વગર છૂટકો નથી. અરે ! મેનાં બહેન, સંભળાવ તો પેલો તારો યોગવિષયનો દોહરો ?

(૧૨ મી કન્યા) મેનાં.

ઘણી ખુશીથી ! સાંભળો, બહેનો:—
વિવિધ વિષયવશ હોય જે તે વિયોગ દાસ:
વિષય સકલ સંન્યાસ તે યોગીનો ગુણ ખાસ!

બધી કન્યાઓ.

" વશ રાખી દિલ આ રંગ મોઝાર-
" વીરતા દાખવો સંસારે !

૯ મી કન્યા.

ત્યારે, બહેન, અફીણનું કેમ ?

૧૦ મી કન્યા.

અફીણ લઇને રાજપુતો રણમાં વિક્રમ કરવા જતા, ત્યારે કસુંબાથી તેમનું પરાક્રમ ઝળકી નિકળતું ! પણ ઘેર બેસીને કસુંબો પીનારા તો ચિંથરા દયાપાત્ર બની જાય છે'

૧૨ મી કન્યા.

અને, તોપરૂ, દવા તરીકે અફીણ પણ સારી વસ્તુ છે. પ્રમાણથી સેનાં આવકે તો એ વિષ નહીં પણ અમૃત છે, એમ મેં સાંભળ્યું છે.

મોતી.

એ બરૂં, બહેન! પણ હાલ કંઈ રાજપુતોને પણ રણમાં ચઢવાનું રહ્યું નથી. ફ્રાન્સ અને બેલ્જિયમમાં જે લડવા ગયા હોય તે ભલે ત્યાં કસુંબો કાઢે. બાકી આંહીં તો મને કંઇ ઉપયોગ લાગતો નથી! અરે હૃદય બહેન! સંભળાવ તો પેલી તારી સાચ: વિકમની

(૧૬ મી કન્યા) હૃદય.

સાંભળો, બહેનો:—

"નશો તો સમજે સાચો નાથનર નામનો તમે:
પરપોટા બધા : ક્ષણ વાત થતાં શમે!

બધી કન્યા.

"વશ રાખી દિલ્લ આ રંગ મોજાર—
"વીરતા દાખવો સંસારે!"

૧૩ મી કન્યા.

ત્યારે બહેન, કોઇ કોઈ લોકો દારૂ પીએ છે તેનું કેમ?

૧૪ મી કન્યા.

તેનું એમ, કે સત્યાનાશની તૈયારી! આપણા ધર્મમાં એનો હુકમ છે, કે લુગડા ઉપર દારૂનો છાંટો પણ પડે તો તે ધોઇ નાખવું જોઇએ; અને શરીર પર પડે તો નહાવું જોઇએ.

૧૫ મી કન્યા.

ત્યારે દ્રાક્ષારસ તો બહુ વૈદો પીએ છે અને પાય છે, તેનું કેમ?

બહેનો, દ્રાક્ષારસને નામ વૈદો કોઇ વાર દ્રાક્ષાસવ પણ આપે છે, અને દ્રાક્ષાસવને નામે કોઇ વાર "પોર્ટ વાઇન" પણ ખુસી જાય છે. સાચું પૂજારો, બહેનો, તો એ બધામાં કંઇ માલ નહીં. શરબત પીવું એ એરાક હક છે, પણ શરાબ? અરે તારા બહેન, સંભળાવ તે પેલી તારી શરાબીની બરાબી વિષે જોત?

(૧૭ મી કન્યા) તારા.

સાંભળો બહેનો!

"શરાબી બરાબી બધીનું નિદાન:
"બન્ને આદમી બેઇ બ્રેમાં છે જનન:
"ભુલાવે બધી નીતિનું જેહ ભાન:
"કુળ ના મનુષ્યે કદી તેનું પાન!

બધી કન્યા.

અહિત મદિરા તણું પાન:
મનુજ વિસરે નિજ ભાન:
બા બહાલાં!
નરક ધક્કડે બહ સાન:
નિયમ મચવે તોફાન:
તજને તે તમે!

હા! નહિંજ બોટો પરપોટો ટકવાનો!
તને ત્રિલા, તો મને ત્રિશા: સૂઝે ન દિશા
માર્ગ ન કશા!
"દુનિયાને તજવાનાં સુદિનોને સજવાનાં!
વશ રાખી દિલ આ રંગ મોજાર
વીરતા દાખવો સંસારે!

(બુદ્ધિ પ્રકાશ.) 'કાન્ત.'

મદિરાપાન પર સખ્ત પ્રહાર.

(૨)

સારાંશકે, તે ધનક્ષયના જવાબદાર તેઓનેજ ગણવામાં આવે છે. આવા બારિક સમયમાં જન-સમાજે તો વિચાર કરવો જોઇએ કે, કોડી કોડી કરીને પણ ધનનો સંગ્રહ કરવો. બસ કંઇક એવા કારણોને લઇનેજ જન સમાજને અપીલ કરવામાં આવે છે કે, મદિરા પાનના અંદર થતું નકામું ખર્ચ સદાને માટે બંધ કરે. કંઇક સર્વમાન્ય લોકો સરકારને પણ અરજ ગુજર છે કે, દરેક જાતનો મદિરા

બનાવવાનું, વેચવાનું, ખરીદવાનુ અને પીવાનું તદ્દન બંધ કરી દેવામાં પોતે પગભર બને. હુક સમય ઉપર પ્રધાન મંત્રી શ્રી. લોઇડ જ્યોર્જ-ના મુખમાંથી એવા શબ્દો નીકળ્યા હતા કે જો અમારે હુકમનીનું જોર કમતિ બનાવવું હોય તો અમારે પ્રથમ મદિરા-પાનને તદ્દન કમતિ કરી દેવો જોઇએ અર્થાત્ મદિરાપાનને સદાને માટે વિદાયગીરી દેવી જોઇએ. શ્રી. લોઇડ જ્યોર્જ એક પ્રભાવશાળી પુરુષ છે; પરંતુ ગ્રેટબ્રિટનના કલાલો (શરાબ-વેચનારાઓ) પણ જેવા તેવા નથી. તેઓને ડર લાગે છે કે આ આન્દોલન (રીવાજ) અસરકારક ન થઇ જાય.

અમેરિકાનાં સંયુક્ત-રાજ્યોએ કેટલાએ પ્રદેશોમાં તીક્ષ્ણ મદિરાને બનાવવાનું, વેચવાનું ખરીદવાનું તથા પીવાનું તદ્દન બંધ કરી દીધું છે. સમયાનુસાર ફક્ત દવાઓમાં મદિરાનો ઉપયોગ કચિત્ કચિત્ કરવામાં આવે છે. જે આન્દોલનની પ્રથમનો ઉપરોક્ત સુધારો થયો તે વાતને આજ લગભગ સીત્તર વર્ષ થવા આવ્યાં છે, પરંતુ સને ૧૮૮૦ સુધી તેની જડ બરાબર જામી નહોતી, ત્યારથીજ દિનપરદિન તેનો પ્રભાવ અધિકાધિક જામતો ગયો હતો. અને તેનું આખિરી પરિણામ એ આવ્યું કે, અમેરિકાના સંયુક્ત પ્રાંતોમાં ઘણું ખરું કરી ૪૬ છ્યા જગોમાં (સંયુક્ત-રાજ્યોમાં) મદિરા વ્યાપાર બંધ જેવો થઇ ગયો છે-નષ્ટતાને પામ્યો છે. આ મહાન દેશના ૪/૫ થી પણ વધુ વ્યક્તિઓએ કોઇ પણ પ્રકારનો તેજ મદિરા બનાવવાનું લાવવાનું કે વેચવાનું બન્ધ કરેલું છે કચિત્ દવાઓના અનુપાનમા તેનો ઉપયોગ કરવામાં છે, તે પણ ક્યારે, ડોક્ટરનો ખાસ અભિપ્રાય હોય ત્યારેજ. અત્રેના આ આન્દોલનોએ લગભગ ૨૩ વિધાન-સભાનાં પોતાના વિજયનો વાવટો ફરકાવ્યો છે. અને અત્રેનું "મદ્ય-નિષેધક મંડલ" પોતાનું કાર્ય ઉત્સાહ પૂર્વક કરી રહેલ છે. એ મંડલનો એવો મુદ્રા લેખ છે કે, આખા દેશમાંથી મદિરા-પાન બંધ ન થાય ત્યાં લગી એક સરખી રીતે પ્રયત્ન ચાલુ રાખવો—જ્યાંસુધી દેશમાંથી મદિરા-પાનને સદાને માટે બંધ કરાવવો.

મદિરાની બહુ ચાહવનારઓ, તથા મદિરાના પૂરા બકતો (પીનારાઓ) મદિરા-પાન નિષેધકના પૂરેપૂરા વિરોધી હોઇ, તેઓના પ્રયાસને તોડી પાડવાનો પ્રયાસ કરે છે. અને તેમ કરવામાં તેઓનો સ્વાર્થ સમાયેલો હોવાથી તેઓ તેમ કરે તે વાત સ્વાભાવિક છે. મદિરા દેવીના ભકતોનું એવું કહેવું છે કે, સરકારને આ બાબતનો કોઇ પણ જાતનો અધિકાર નથી. તે કોઇ પણ વ્યક્તિના ખાવા પિવાને બંધ કરી શકે. સરકાર પોતાની નાગરિક-વ્યક્તિઓ-વિષયક સ્વતંત્રતા માં હસ્ત ક્ષેપ કરવો જોઇએ નહિ.

આ વિરોધી પક્ષ એક વાત તદ્દન ભૂલી જાય છે કે, સરકારનો કાયદો છે કે; ઔષધમાં ઉપયોગી પડતા અતિરિક્ત વિષ-મારક પદાર્થનું વેચાણ કરવું તે પણ એક જાતનો અપરાધ છે અને આ પ્રકારના અપરાધીઓ શિક્ષાને પાત્ર છે. તો પછી મદિરા જેવા વિષને માટે આવા સમયમાં કાયદો કેમ કરવો ન જોઇએ? કેમકે તેની અસર વિષયુક્ત પદાર્થોથી કંઇ કમતી નથી. વિષથી મંડલ-મદિરા દેવીના ભક્તો આ વાતનો ખ્યાલ પણ નથી કરતા કે ગુન્હેગારો લોહ શૃંખલા પહેરી ઘરે છે. મહોન્મત્ત કદખાનાઓમાં પુરાવું પડે છે, અને ચેપી રોગો તા રોગીઓની ભયંકર એકાન્તવાસ સેવનના લીધે અલગ કરવામાં આવે છે સરકારમાન્ય આનન્દા બાળકોને રક્ષણના ગોકલા માટે જમાનત કરે છે, દરકયાત કેળવણી વગેરે દેશનાં કાયદાઓ કરી દયાન કરે છે. તેમજ જે માતા-પિતા પોતાનાં બાલ બચ્ચા સુધીમાળ નથી રાખતાં, જે સંતાનના ભરણ પોષણનો પ્રતિબન્ધ નથી

બે એક સરિતાના સામસામેના કિનારાઓ ઉપર આવેલા છે. કાનસાસમા કેટલોક સમય થયો મદિરા-પાન બંધ કરી દેવામાં આવેલ છે. અને મદિરા-પાન બંધ કરવાથી નાનસાસના નગર જનોનું કેટલું હિત થવા પામ્યું તે વાત સરિતાના-સામે કિનારે આવેલા મિસેરીકરણના નગરજનોથી અજાન રહ્યું નહોતું. અને તેનું પરિણામ એ આવ્યું કે, તેઓએ પોતાના હિતની ખાતર બીજોજ વર્ષથી કાનસાસનું અનુકરણ કરી મદિરા-પાન બંધ કરી દીધું.

સંયુક્ત-રાજ્યોના જે પ્રાન્તમાં મદિરા-પાનનો નિષેધ કરવામાં આવ્યો તે સમયે મદિરા નિષેધક મંડલના વિરોધી (મદિરાપાન કરનારા) ઓએ તરહ તરહના ઉત્પાતો કર્યા, તેઓ ચોરી છુપીથી મદિરા બહારગામમાથી લઇ આવી પિતા હતા; તે એટલે સુધી કે કેટલાક જુદીજ રીતે બિમાર પડતા હતા, અને ડૉક્ટરના હાથથી જુદોજ અભિપ્રાય મુહાંત લખાવી લેઇ, દવામાં અનુપાન દારૂનું કરવાનું લખાવી લેતા હતા. અને એવા કેટલાએક નિષ્ઠાવાન ડોક્ટરો મદિરા-પાનના ભક્તોના દુર્વ્યસન પ્રવૃત્તિમાં મદદગાર બનતા હતા. સમય આવી પહોંચતાં ઉપરોક્ત દુષ્પવૃત્તિ પણ કાયદાઓથા અને મદિરા નિષેધક મંડળના ઉપદેશોથી સદાને માટે થવા પામ.

જે યંત્રો મદિરા બનાવવાના ઉપયોગમાં આવતાં હતાં, તે યંત્રો અત્યારે અન્ય વસ્તુઓ બનાવવામાં કામ લાગે છે. તેમજ જે મદિરા મંદિર હતાં તે અત્યારે ભોજનાલય, કાર્યાલય, વસ્તુ સંગ્રહાલય અને લાયબ્રેરીયો તરીકે વપરાતાં આજ નજરે પડે છે. જે જે સામગ્રીઓ અત્યારે એવા ઉપયોગમાં વપરાય છે કે, આગળ ઉપર કોઇપણ વ્યક્તિને મદિરા જેવાં દુષ્પરિણામ ચાલુ રહેશે એવું બોલવા સરિખી પણ રહેશે નહિ.

યૂરોપ અને અમેરીકામાંથી તો મદિરા જેવી રાક્ષસી દેવીનો બહિષ્કાર થવા માંડયો છે; પરંતુ આ સ્વર્ગિય ભારતમાં મદિરાનું ખર્ચ જે દિ પ્રતિદિન વધતું જાય છે, તે શુ આશ્ચર્ય તથા ખેદની વાત નથ ? ભારતના સંતાનોએ આવા ભયંકર દુર્વ્યસનથી જલદી મુક્ત થવું જોઇએ. પરમાત્મા આ ભારતના ઋષિ સંતાન જેવા બાળકોમાંથી આ ભયંકર દુર્વ્યસનને સદાને માટે નાબુદ કરો એજ આ લેખકની અંતિમ પ્રાર્થના છે. અસ્તુ!!! *

સ્નેહયોગી.

* સરસ્વતિ ઉપરથી.

"મન અને તેના પાળકનો સંવાદ."

પ્રથમ પાળકને થયેલો પસ્તાવો.

(રાગ આનંદ સાગર આજ ઉલટયો મોતીડે મેડાલા વરસ્યા)

મનરૂપી મૃગલુ આ દોડી, ખાયો ભરે ભવસાગરમાં;
ગોતી વળ્યું ગાંડું બની પુરમાં, પૂછતું પૂછતું સરને ઘરમાં.
વીંટાયું વિષ વંટોળીયે આ પર, જીવન તણી આશા છોડી
દમ દઇ તોએ દુઃખદે સઉને, પરહરી નીતિ આજ્ઞા તોડી
રાખતું નથી 'જય કોઇનો ઉરમાં વાગરો ત્યારે જાણી રહ્યા
વાળ્યાં વ્યર્થ તું મુગીદે મુરખા,રજ તું સંગજ નવ વીસરી જા

'હે અભાગીયા મન! તું કોઇ માણસનું સારું ડગર થવાનું નથી અને થયુંજ નથી. તું એક મદીરા પીધેલ ભટ્ટની માફક ઉંચા વાંસ પર ચડનારૂં માંકડું, યાને ત્યાંથી પગથીયાં આદી કાંઇ પણ ન જોતાં અંજાઇ જઇ નીચે પડનારૂં વાદરજ છે. તું એક ઘડીમાં પાતાળમાં જેવું છે તો એક ઘડીમાં આકાશમાં ફરે છે તને કોઇપણ રોકવાને સમર્થ નથી તને તો જાણે કૂલપાવર ગાડો હોયની એમ મદમાં ચેકું થઈ ગએલું છે. ભર્તૃહરીમા કહ્યું છે કે "હે મન! ચપળતાથી તું પાતાળમાં પેસે છે. આકાશને ઉલંઘીને આગળ ચાલ્યું જાય છે. દીશાઓના મંડળમાં ભટકે છે, પોતામાં રહેલા નિર્મળ બ્રહ્મને ભ્રાંતિથી પણ કેમ સંભારતું નથી અને તે સિવાય શાથી તું નિવૃત્તિને પામીશ પરંતુ શાસ્ત્રકારો ગમે તે કહે પણ તું તો બેધડક જુસ્સામેર પવનની વેગે પોતાને ફાંકે ને ઠેકાણે દોરાય છે. તને એમ નથી લાગતું કે આ તો ઇંદ્ર ભુવન છે યાને આ તો રમણીય બાગ છે યાને આ તો નઈનો કુંડ છે, તારી આગળ સર્વે સરખું જ છે, તને કોઇપણ જાતની તૃપ્તિ થતી નથી, તું તો હરનીશ ભવમાગરમાં ભટકયાજ કરે છે અને જાણે અનેક વસ્તુ નીરખીને આનાજ જાણે અમૃત ભરેલું છે એમ ધારી અનુધાર્યો કુદકો મારે છે. ઘડીમાં બીજે સ્થળે જઇ જાણે આજ કસ્તુરીનો પુંજ હશે એમ ધારી એમાં પડતું મુકે છે, એમ તું અનેક ઠેકાણે વલખાં મારતું ફરેકા ખાવાને અનેક સ્થળે ભટકયાજ કરે છે પણ તારી ધારણા કદાપિ પણ બર આવતીજ નથી. કદી તું ફાવી જાય છે તો પણ એવે કોઇજ ઠેકાણે, બાકી સર્વે સ્થળેથી તો તું નિરાશ થઇ વીલે મોંઢે પાછું ફરે છે, તું કેવડું મોટું છે. તારૂં શું કામ છે. તારૂં કેવું રૂપ છે. તારે અહીં આવી શી ફરજ બજાવવાની છે તેની તો તને ખબરજ નથી. જેમ મને તો ક્યાંથીજ હોય કારણકે તેં મને દગે દીધો છે. મેં ધણુંએ જાણ્યું હતું કે તું મારૂં છે પણ ઓ મન મસ્તાના ઘોડા! તેં તારી લગામ તોડી નાંખી; તોફાને ચડી આગથી તેમ નાશી જઇ મને નહક સતાવી રહ્યું છે. કહ્યું છે કે.

એમ સર્વને ગાપું હું, પણ મુજને માપે મન,
મારી તુલના મન થકી, સર્વથી મોટું મન.

એ મુજમ હે મન! તેં મને તારા કાબુમાં રાખ્યો છે. તેં ભલભલાને પણ બોળ્યા છે અને બોળવે છે તો મારી શી ગુંજાશ, પણ હવે હું તને મારી ગોઠે સમજ્યો છું. ધીરે ધીરે હવે તારા માટે ઓસડ તૈયાર કરીશ પણ હાલમાં તો તું એવું ચંચળ, ચપળ, અને સુક્ષ્મ વસ્તુ છે કે તું કોઇ પણ વખત કશાએ કામમાં મારા કબજામાં આવતું નથી, તને બહુ બુરી બો પડી છે તે તું શાનું મારા કબજામાં આવી શકે? કહેવત છે કે "બુરી બો પડે તે ડગલે ડગલે નડે" તેથી હે મનને ધારણ કરનાર એટલે તારા પાલક તને એકનું એકજ માની તું રંગીલું રસીલું કોમળ ગમરૂ ચૂલાની નાનકડું મોજીલું મન જાણી ઘણાં ઘણાં લાડ લડાવ્યાં, જાત-જાતના મેવા મીઠાઇ, તથા તીખા તમતમાં, ખાટા મોળા મીઠા સુગંધીદાર મજેદાર મસાલા વીગેરે ખટરસ ચળાડી જાતે-જાતના રંગે રમાડી ભાતભાતની તારે માટે મેં જોગવઇઓ કરી. તું પાણી માગતું તો દુધ લાવી હાજર કરતો, કદી તને એમ થતું કે બસ આજ તો આ દાળ ભાત રોટલી કરેલાં નથી જમવાં તો હું તારા માટે અન્ય પકવાન પકાવી જમાડતો તેની સાથે કઢેલાં દુધ, ઇલાયચી, કેશર, કસ્તુરી, સાકર, બદામ, પીસ્તા, વીગેરે અનેક જાતાં સેજાનાં નાંખી તારી હજુરમાં આ મજુર લાવી રજુ કરતો. એમને એમ દિન પ્રતિદિન જેમ જેમ મેં તને મોંઢે ચઢાવ્યું તેમ તેમ તું ઓ ઇમલીશ મન! દીવસે દીવસે કુલાતુંજ ગયું અને જોબનના મદમાં અનેક તરેહની

સાહચર્યથીઓમાં કુસંગ તને બીલકુલ સારા નરસાની તેં ગમજ ના પડી. તને મેં નાનપણથી એટલે તું મનરૂપી કુમળું વૃક્ષ હતું ત્યારથી તારૂં ડાળું ભરી નાંખ્યું હોત તો તું આ વખતે આવા ઘટાદાર અનેક ડાળાઓથી ઘેરાએલું ગંજાવર ઝાડ થવા ન પામત પણ હાલ હવે હું શું કરૂં? તે વખત મને કાંઇ તારી લક્ષીતે લહેરમાં અને તને લાડ કોડ લડાવવામાં કિંચિત્ માત્ર પણ ખબર પડી નહિ. હવે તો-

"પ્રથમ નહિ સમજ્યો મન માંહ્ય
હવે પસ્તાવો કર્યે શું થાય."

તેથી જેમ પાળેલો સાપ પોતાનેજ ડશે તેમ હું એક ગરીબ બીચારા ભોળા પાળકને તું ડસવા જબરો વેગ કરતો આવ્યો છું. તું આટલા બધા દરજ્જાને શાથી લાયક થયો તે બધો મારોજ વાંક છે, કેમકે જ્યારે જ્યારે તને જે જે જાતની ઇચ્છાઓ જેવી કે દારૂ પીવાની, ગાંજો ફુંકવાની, પર સ્ત્રી ગમનની. નાચ રંગની મિષ્ટ ભોજનની, ઐશઆરામની ઊંઘ આળસની છેલાઇ ભલાઇની વિગેરે વિગેરે જે જે તારા વીચારો થયા તે તે વીચારોનો હુકમ મેં માથે ચઢાવી તે તે ક્ષણે તને તારા કલ્પ્યા પ્રમાણે મેં તારી તમામ જીજ્ઞાસાઓ પૂર્ણ કરી, એમાંથીજ તને આ બુરી ટેવ પડવાથી આ હરામ ચશકો તને લાગ્યો છે. જેથી તું તારા અસલ સ્વરૂપે પ્રગટ થયું છે જેમ એક વાઘનાં બચ્ચાંને જે પોતાની જનેતાના ઉદરમાંથી જનમ્યો ત્યારથી તેને પોતાનો ખોરાક તજવી માંસની ખોરાકે ચાલુ કર્યો પણ લાગે દીવસે પણ કવચિત તેણે લોહીનું એક બિન્દુ પડેલું ચાટવાથી તે તરતજ તેના અસલ કુદરતી સ્વભાવમાં આવી ગયો અને પોતાના પાળકનુંજ ભક્ષણ કરવા તત્પર થયો તે મુજબ તેં મારા ઉપર હવે આ મુશ્કીલતો વીતાડવા માંડી. મેં જાણ્યું કે હવે આ મન કાંઇક સમજણું થયું હશે, પણ નહિ નહિ, તેની આદતો જેવી ને તેવીજ છે, હવે તો ઉલટું સાંસું થઇને મારાજ ગળે બેસી મારૂંજ લોહી ચુસવા સમર્થ છે. જેમ નિર્દય કસાઇ સમય આવ્યે પોતાના પંપોલા મેંઢા ઉપર છરી ફેરવતા જરાપણ દયા ખાતો નથી તેવીજ રીતે જ વખતે તેં કરવા માંડયું છે. હું તારા વાસ્તે ઘણીએ મથી મર્યો પણ તું અંદર રહેલું છે એટલે હું શું કરૂં? હમણા જો બહાર હોત તો તને બાંધી મુસ્કેટાટ કરત, પણ તું તો મારા અંતઃકરણ ઉપર બેસી મારૂં કાસું કસેજું કરે છે. હવે તારો ત્રાસ મારાથી ખમાતો નથી. હવે તાગથી હું હજારવાર હાર્યો છું. તારાં મનગમતાં માગણાં મારાથી પુરાં થઇ શકતા નથી. હરી હરી હુંજ હીણ ભાગી કે મેં પ્રથમથીજ તને મોઢે ચઢાવ્યું, હવે મારા દુઃખની સીમા ના રહી. હાથનાં કરેલાં હવે હૈયેજ વાગ્યાં છે. હવે કોઇ રીતે આ મનથી મુકત થવાની બારી સુજાતી નથી. હર હર ઇશ્વર, હવે શો ઇલાજ કરવો એમ વીચાર સાગરમાં પાળક તણાયો છે તેવામાં આ બગરૂ મન એકદમ જાગી ઉઠી બાહોશીથી બોલવા મંડી પડયું કે સાંભળ અલ્યા પાળક! તેં મને ના ઓળખ્યું? મારૂં નામ શું? પાળક કહે, તારૂં નામ શું તે વળી મન. મનજી કહે હાં હાં મન, મન. અરે ભોળા ઓલીયા આદમી, આ મને તો આખી દુનિયા ઠના કરી નાંખી છે અને કરી નાંખું છું જે વળી કરી નાંખીશ. જેણે મને પોતાના કબજામાં રાખી બરોબર કાબુથી કેળવી સારે રસ્તે શીખામણ દઇ ચલાવ્યું છે તેનો તો હું સદાનો ચર્ણ ચાંપનારો દાસ થઇ હાજર હાજર હરદમ કદમમાં પડી બે હાથ જોડી બરદાશ ઉઠાવું છું પણ જેણે આ મોજીલા મનને ચાળે ચઢાવી રઝળ્યું છે તેનો તો મેં મૂળમાંથીજ નાશ કરી નાંખ્યો છે. હે મુરખા પાલક! તને એવું જુઠું બોલવાની ટેવ પડી અને તારા સ્વાર્થને લીધે તેં મને દોડાવ્યું તો પછી સરકારનો હુકમ

થયો એટલે આ કામદાર ભાઇ તો એટલી વા- ટજ જોઇ રહ્યા હોયની તે પછી કાંઇ બાકી મૂકેજ કે! કેમ પાળક પિતા! પછી હું શું તેં મને, ઝુલાવ્યું, કુલાવ્યું. મારી મરજી મજબ ખોરાક, પોશાક, મોજશોખ, આકાર, નિદ્રા, વ્યસન, વ્યભિચાર, વિગેરે વિગેરે તમામ સ્વછંદે ચડાવી મન ગમતાં લાડ લડાવી અને બગાડયું પછી કાંઇ બંદાના બહારની બાકી રહેજ કે? નાના ભાઇ, કહો પછી કોઇ બાકી રહે! કેમ અલ્યા બીજાઓ સાક્ષી પુરતા નથી. કે હાજતો પછી કાંઇ બાકી રહેજ નહિ. એવું મુખ જોઇને તે ગમે તેવો બોણી વગરનો મનુષ્ય હોય તેને પણ ચેતન આવી જાય તો હું તો એક મન રાતા મોનું મદીરા પીધેલું માંકડ પછી મારામાં કાંઇ મણા રહેજ કે? જાણે મારો વેગ તે તો મોટારકાર ચાલી કે કાંતો બે ઘોડાની ફેટીન દોડી કે કાંતો સાઇકલ પર બંદાની સ્વારી ચાલી નાના હ- મણાની હવામાં ઉડતી સળભરીન અને બલુન, યાને ઍર આગબોટ દોડી, કેમ પાલક ભાઇ બોલતા નથી, મારામાં આપના પ્રતાપથી એ- બળ આવી ગયું છે કે પવનના વાવટે એટલે સુધી હું ચડી શકું છું કે ઘડીમાં અમેરીકાના પાસિફિક મહાસાગરમાં આળોટું છું, ઘડીકમાં ભુમધ્ય સમુદ્રમાં મજવા ચલાવું છું. ઘડીમાં એરેબીયન સમુદ્રમાં સ્ટીમર ચલાવું છું. ઘડીમાં જી. આઈ. પી. અને બંબઇ મેલનું ઇનજીન ધકેલું છું, ઘડીમાં હીનાલય પર્વતના ધવલ- ગીરી શીખર ઉપર ચડીને કુદું છું, ઘડીમાં લંકાપુરીની બજર લઇ ધશમશીયું દોડી આવું છું, તો ઘડીમાં ઝાડનાં ઝાડ ને વાડના વાડ ઉખેડી નાખું છું. તેમાં કોઇ સારું કામ કર- વાના તો સોગનજ છે, આ તો મારા મનના ઊટાંગ મારા હવાઇ વીચારોને જરતાં કંઇ વાર છે! મારા પાલકને કાને કાંઇ વાત આવી કે તરતજ બંદાની બગી જોડાઇજ છે ને? પવનના વા, વ ઝોડાના અરબ્બી ઘોડાઓ જોડાય જ છે ને! અને બંદા બંદરમાં બાંદરાની માફક પહોંચી આમ તેમ ડોકીયાં કરેજ છે ને! એક દીવસ મારા પાલકને વિચાર થયો કે ગંગા જેવી પવિત્ર નદીમાં આ મારાં પાપ નીવારવા માટે જઇ સ્નાન કરું તે પહેલાં તો મ્હારા વીચાર ઘોડા દોડી પહોંચી ગંગામાં ગરકાવ થઇજ રહ્યા છે ને! ભાઇ પાલક માટે મારું તો તારે નામજ ના દેવું. મારા આવા આચારણ માટે તો હું સર્વને વ્હાલુંજ લાગું છું. કેમ વ્હાલું ન લાગું?: પાલકનો હુકમ અને મનની મોજ, દેવતા ને દારૂ બને ભેગા થયા પછી શા માટે ભડાકો થવાને કાંઇવાર છે! સત્વર હજરવાર આ સેવક તૈયાર છે. મારા મહેરબાન, હું તો ડાલાની સાથે ડાલું અને ગાંડાની સાતે ગાંડું. જો મને મુકારી સત્સંગે ચડાવો તો હું પલમાં પકડાઇ જઇ તાબેદાર થઇ જાઉં, પણ મન જીતવું મુશકેલ.

"મન જીતવું મુશકેલ જગતમાં મન જીતવું મુશકેલ
યારો! ખરો કહ્યા કહીને ખેલ. જગતમાં મન જીતવું.
આવી ચડે ભરતી ઉદધીમાં, ચાલે સરીતા
રેલ-જગતમાં
આગમ નીગમ ચડી, અથાડે પળમાં, ખોટા ખેલાવે
ખેલ-જગતમાં.
મન વશ કરવા વિદ્યા જાણે. માણે સૃષ્ટીમાં
શેલ-જગતમાં.

પાળક આ સાંભળીને પૂર્ણ પસ્તાઇને પ્રતિ ઉત્તર દેવા લાગ્યો કે ખરી વાત. ભાઇ- બેશક નાના બાળકોને માબાપ લાડથી ઉછેરે છે બાદ સુજાવરથાએ પહોંચતાં પોતાના માબાપો ને ઘરમાંથી ધસડી કાંઢી મોટાની આમ-માનો ભંગ કરે છે તે મુજબ મારા પ્રત્યે તારી વર્તણુંક થઇ ગઇ લાગે છે!' હવે હું શું કરું કણીઘરને દુધ પાઇ ઉછેરેલો તે પાળકનેજ ડસવાનો, કારણ કે 'બીજું કોણ તેને મળે. હમેશનો જાણીતો તો ખરો.' વગમાં મનથી

સહન શક્તો નહિ થઇ શકવાથી બોલી ઉઠયું-પાલકજી. બાળકોને કાંઇ તમે મને આપી એવી કેળવણી અપાતી નથી માટે મને સારી સ્થિતિએ ચઢાવવા માગતા હો તો ઉત્તમ કેળવણી આપી મારા ભાવત બની શિક્ષાનો સબળ અંકુશ વાપરો અને કાબુની ચાબુકથી બુબ ધારશો ત્યારેજ મારું ઠેકાણું પડશે. હવે તો હું હરાકું થઇ ગયેલું છું. મને બહુ બોટી લબ્બકો પડેલી છે માટે મને સારી શીખામણ આપશો તો સારાં ફળ ચાખશો અને બોટી સલાહ આપશો તો બોટાં ફળ ચાખશો કારણ કે દરેક વ્યક્તિને પોતાનાં બરાં બોટાં કરણીનાં ફળો ભોગવવાંજ પડે છે તેમાં મારે કાંઇ લેવા દેવા નથી. હું તો તમારો વગર પગારદાર હાજર હજુરી છું. મારી મજુરીની ફરજ ફક્ત બજાવું છું. એ બધી વાત બરી પરંતુ ઓ સુકલીશ મન, મારો જન્મારો તારી સરભરા કરવામાંજ ગયો. હવે તો હું છેક હારીજ ગયો છું માટે મને કાંઇ સન્માર્ગ સુચવ તો મારી સાથે તારું પણ કલ્યાણ થશે એમ કહેતો પાલક પાગલ થઇ મનને પાયે પડી ગયો, જેથી મન કહેવા લાગ્યું કે સાંભળ ત્યારે મારી છેવટની શીખામણ તને એજ છે કે "દુનિયામાં જેણે મન જીતી લીધું તેનું સર્વે કાર્ય સિદ્ધ થયું."

તે બાબત કવિવર્ય ચિત્રકારની કાદમરીમાં લખાએલું નીચેનું સંગીત શ્રવણ કરવાથી બો પાલક પિતાજી! તમોને સઘળું અથઇતિ સ્મરણ થઇ આવશે.

"જગમાંહી જેણે મન જીત્યું તેણે જીત્યું સર્વ
ગણાય-આ જગમાંહી
સ્વર્ગતણાં પણ અલભ્ય સુખડાં તેને તુચ્છ જણાય
.. આ જગમાંહી;
વિષયમાંહી મદમત્ત બની માતંગ જુઓ સપડાય
મધુર વેણુના નાદ થકી, મૃગ પારધી હાથે હ-
ણાય-આ જગમાંહી.
રૂપ પ્રકાશ દેખી દીપકનો, પતંગ બાળે કાય.
રહે જળમા પણ રસના સ્વાદે, મીન તણો જીવ
જાય-આ જગમાંહી.
કહણ કાષ્ટ ભેદી નીસરે પણ કમળ નહીં ભેદાય
પરાગ ગંધે મસ્ત બની અલી કુસકળી મહીં ગુંજ-
ળાય-આ જગમાંહી.

વાહ! ભોળકા મન વાહ પાળકને સુધારવા તેં ઠીક યુક્તિ બતાવી. વાહ શો મનનો ચમત્કાર! સૌ મનની મિત્રતામાંજ સમાએલું છે. માટે ઓ દુનિયાના દાના દોરતો આપ સર્વે આપના મન પોતાનાજ ગુરૂ બનો ને મન મલ્યો હાંકનાર સુકાની સારો હશે તો આ ભવસાગર તે સુખમતાથી તરી જશે સુજ્ઞેષુ કિં બહુના

જી. બી. પવાર. ધોળકા.

Morals નીતિ વચનામૃત—ઉત્તમ વાક્યામૃત.

લેખકઃ—શ્રી સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

"बालादपि हितं ग्राह्यम्"-બાળક પાસેથી પણ હિત વચન ગ્રહણ કરવું.

"जीवितोऽपि वरं शत्रु, न मूर्खो हितकारकः"-ડાહ્યો દુશ્મન સારો, પણ મુર્ખ મિત્ર સારો નહિ.

'न प्राणान्ते प्रकृति विकृति जयांति खोत्तमानाम्'-ચંદન સુવર્ણ અને શેલડીની જેમ ગમે તેટલાં ઘર્ષણ તાપ કે છીન થાય તેપણ પ્રાણાન્તે પણ ઉત્તમ પુરૂષો પોતાની પ્રકૃતિને બગાડતા નથી, બગાડવા દેતા નથી, પરન્તુ તે અધિક નિર્મળી થતી જાય છે.

'जननि जणजे भक्त सो, कां दाता कां शूर;
नहि तो रहेजे वांझणी, मत गमाये नूर.'

'क्षमा खड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति'-જેના હાથમાં ક્ષમા રૂપી (દિવ્ય) ખડ્ગ

રહેલું છે તેને દુર્જન (અથવા દુષમ કલિકાળ) શું કરવાના છે? કશુંજ નહિ.

'સોબત તેવી અસર'—સારી કે નઠારી સોબત મુજબ સારી કે નઠારી છાપ પડે છે.

ગામ કે શહેરની ગટરોનું પાણી પણ ગંગાને મળવાથી 'ગંગાજળ'ના ઉપનામને પામે છે અને ગંગા નદીનું નિર્મળ અને મિષ્ટ જળ પણ સમુદ્રને મળવાથી ખારું થઇ જાય છે.

"મૂરખ સાથે ગોઠડી, પગ પગ હોય કલેશ"-મૂર્ખની સોબત કરતાં વનવાસ ભલે

"અવગુણ ઉપર ગુણ કરે, તે નિરલા જગ જોય"-સજ્જન એવા હોય છે.

"કથની કથે સબ કોય, રહેણી અતિ દુર્લભ હોય"-જ્યાં રહેણીકરણી ઘર પાસે, ત્યાં કથની ગિણતી આવે.

'શીલ રહિત નર કૂટડાં, જેવાં આવળ ફૂલ;
શીલ રાગ જે ભર્યા, તે માણસ બહુ મૂલ.'

'કર્મ કટક છતે તે જિન, તેથી ત્રાસે તે છે દીન.'

છવી શકિત ગોપે તે ચોર 'પડિત તે જે નિરભિમાન' 'કરત પાપથી પંડિત સોય, કિંસા કરત મૂઢ સો હોય.

'અંતરલક્ષ રહિત તે અંધ, જાનત નહિ મોક્ષ અરૂ બંધ;'

'કલ્પવૃક્ષ સંજમ સુખકાર, અનુભવ ચિન્તામણિ વિચાર.'

'કામગની વર વિદ્યા જાણું, ચિત્રા વેલી ભકિત ચિત્ર આણ,'

'સત્ય વચન મુખ શોભા ભારી, વજ્ર તણોધ સંત તે ધારી.'

'સદ્‌ગુરૂ ચરણરેણુ શિર ધરીએ, ભાલ શોભા છણ વિધ ભવિ કરીએ.'

'મિષ્ટ વચન સહિત તે ન, ગર્વ રહિત તે જ્ઞાન પ્રમાન;'

'ક્ષમા સહિત તે શૌર્ય બખાન, વિવેક સહિત ચિત્ત તે જાણ.'

'અવસર ઉચિત બોલી નવિ જાણે, તાકું જ્ઞાની મૂઢ બખાને'

'મોહ સમાન રિપુ નહિ કોય, દેખો સહુ અંતરગત જોય.'

વિદ્યાર્થી વર્ગને બ્રહ્મચર્ય સંબંધી હિત વચન

લેખક—(શ્રી સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કપૂરવિજયજી

બ્રહ્મચર્ય એ વિદ્યાર્થી માત્રને પ્રાણ-આત્મા સમાનજ સમજવું જોઇએ.

પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર વર્તન એ બ્રહ્મચર્યનું બાહ્ય જીવન છે.

પ્રથમ વિદ્યાર્થી અવસ્થામા મન વચન કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઇએ.

બ્રહ્મચર્યની રક્ષા અને પુષ્ટિ થાય એવું અને એટલુંજ નિર્દોષ ખાનપાન કરવું.

સ્વ ઇન્દ્રિયોને કાબુમાં રાખનારજ બ્રહ્મચર્ય સારી રીતે પાળી શકે.

ઇન્દ્રિયોને કબજામાં રાખવી તે સુખ-સંપદાનો માર્ગ છે અને તેને મોકળી મૂકી દઇ તેના ગુલામ બની જવું તે દુઃખ દારિદ્ર યા આપદાનોજ માર્ગ છે.

બ્રહ્મચર્ય એ સદ્‌ વર્તન યા ચારિત્ર્યના પ્રાણ આધાર રૂપ છે. બ્રહ્મચર્ય એ ઉત્કૃષ્ટ પદ પામવાને અસાધારણ કારણ રૂપ છે, શુદ્ધ બ્રહ્મચર્યને પાળનાર જગતમાં ભારે પૂજા સત્કારને પામે છે, બ્રહ્મચર્યના પ્રભાવ વડે દીર્ઘ આયુષ્ય, ભવ્ય સુંદર આકૃતિ, મજબૂત બાંધો, ઉગ્ર પ્રતાપ અને વીર્ય પ્રાપ્તિ, રક્ષા તથા વૃદ્ધિ થવા પામે છે. નઠારા વિચાર, ઉચ્ચાર (વાણી) અને આચાર રૂપ અબ્રહ્મ યા કુશીલ સેવવા વડે વિદ્યાર્થી જીવનમાં અને આગળ ઉપર ભારેવાર હાનિ થવા પામે છે, તેથી સારા સુંદર

તેમ છે. દુનિયામાં એવા ઘણા સભ્ય દેશો છે જ્યાં નહાનાં નહાનાં બાળકો શિવાય બીજાં બધાં લખી વાંચી જાણે છે. એ બધા દેશોની સાથે હિંદુસ્તાનમાં લખી વાંચી જાણે એવા માણસોની સરખામણી કરતાં નિરાશાના ગોથાં ખાવાં પડે તેમ છે? સ્પેનમાં બે કરોડ માણસની વસ્તી છે અને તે કેળવાએલા હિન્દીઓ કરતાં કંઈક વધારે છે છતાં જેટલી શક્તિ સ્પેનની છે, તેટલી હિંદુસ્તાનની નથી. પોર્ટુગાલની વસ્તી ૧૬૦૦૦૦૦ જેટલી છે પણ હિંદુસ્તાન પોર્ટુગાલ કરતાંએ શક્તિહીન છે. ડેનમાર્કની કુલ વસ્તી ૨૫ લાખની છે પણ હીંદુસ્તાન તેના કરતાંએ દુર્બલ છે, જો હિંદુસ્તાનના ૧૮૫૩૯૫૭૮ કેળવાયલા એક તદ્દન જુદા દેશમાંજ એકજ સાથે વસતા હોત તો તેઓ ડેનમાર્ક, પોર્ટુગાલ અને સ્પેનના જેવા શક્તિશાળી થાત અને ઉન્નતિ માર્ગમાં આગળ વધી શકત પણ તેમ બની શકે તેવું નથી, કારણ કે તેઓમાંથી ઘણા ખરાં જુદે જુદે સ્થળે વિખેરાઈ ગયા છે. એ સિવાય તેના બીજા પણ કેટલાંક કારણો છે. ઘણી તંદુરસ્ત માણસોને પોતાના ધારેલા રથળે જલ્દી જવાની જ્યારે જરૂર હોય છે ત્યારે તેઓ ઉતાવળે ચાલીને અથવા દોડીને પણ જઈ શકે છે પણ તેમને જો કેટલાંક લુલાં લંગડાં અને એવાજ બીજા અપંગ માણસોને સાથે લઈને જવાનું હોય છે ત્યારે તેમનાથી દોડી શકાતું નથી પણ ધીરે ધીરે બધાને સાથે કે કેડ ઉપર બેસાડીને જવું પડે છે. હિંદુસ્તાનમાં કેળવાએલા વર્ગ કરતાં અભણ વર્ગ ઘણો મોટો હોવાથી દેશની આવી સ્થિતિ છે. તેથી કેળવણીના પ્રચાર માટે દરેક હિંદીભાને તન, મન અને ધનથી પ્રયત્ન કરવો એ તેનું મોટામાં મોટું કર્તવ્ય છે.

મુક્તિફોજ આપણને શું શીખવે છે!

લખનાર:-સંઘવી વાડીલાલ મુળજીભાઇ, લીંબડી.

જનરલ બુથનું નામ એટલું બધું જગજાહેર છે કે જેણે મનુષ્ય વર્ગના ઉન્નતિ માટે અત્યંત આશ્રાન્ત શ્રમ વેઠેલો છે. જેના વિશાળ હૃદયમાં મારો દેશ અને મારા અંગ્રેજ બંધુઓ એટલુંજ નહોતું પણ માનવ બંધુઓ એજ લાગણી અને પ્રેમથી જેનું હૃદય ભરપુર હતું. ઈંગ્લાંડમાં જન્મેલા આ કર્મવીરે માત્ર યુરોપમાંજ નહિ પણ ભારત જેવા હજારો ગાઉ પર દૂર પડેલા પ્રદેશમાં આવીને દુષ્કાળ દીનતા અને અજ્ઞાનથી દુઃખી થતાં ભારતનાં અભાગ્ય બાળકો અને અપંગો માટે અથાગ પરિશ્રમ કર્યો છે. જેણે પોતાની બુદ્ધિશાળી અને સહાનુભૂતિ વાળી પત્નીની અમુલ્ય સહાયતાથી ૫૦ વર્ષ ઉપર સ્થપાયલી "મુક્તિફોજ" જેવી વિશ્વ પ્રિય અને હિતકર સંસ્થાનો જન્મ આપ્યો છે.

"મુક્તિફોજ" હાલમાં ૫૬ દેશોમાં પ્રચલિત છે. તેનું કાર્ય બેત્રીસ ભાષામાં ચલાવાય છે. દરરોજ તે સંસ્થાઓમાં ૨૮૦૦૦થી વધારે ગરીબ લોકોને આશ્રય આપવામાં આવે છે. સ્ત્રી પુરૂષ અને છોકરાં માટે ૨૨૯ ખોરાકીના ભંડાર અને સંરક્ષણ સ્થળો છે, ૧૫૭ ઉદ્યોગના કારખાનાં છે, ત્યાં અનાથ અને બહિષ્કાર પામેલા લોકોની પાસે કામ કરવામાં આવે છે. મુક્ત થયેલા કેદીઓ માટે ૧૭ આશ્રમો, બાળકો માટે ૩૭ આશ્રમો. પતિત સ્ત્રીઓના ઉદ્ધાર માટે ૧૧૬ ઉદ્યોગ મુકે; ૧૮૬ ખેતીવાડીના સંસ્થાન, છોકરાઓ માટે ૫૪૧ દૈનિક શાળાઓ, ગરીબોને સહાય કરવા માટે ૬૪૯ આશ્રમ રૂપ ન તરોક ઉપયોગ કરવાના કુંપડા, રોજ ના મળી શકિત હોય તેમને માટે ૧૬ ઉદ્યોગ

સંબંધી હકીકત નોંધી લે છે. તેના કેદખાનામાંથી નીકળ્યા પછી જ્યાં સુધી તેને કાંઇ રોજગાર મળી આવે ત્યાં સુધી મુક્તિફોજવાળા અધિકારીઓ ગુન્હેગારને જે આશાનાં વચન આપે છે તે પુરેપુરી રીતે પાળે છે, અને વળી છેક અધઃપાત પામેલા જન પ્રત્યે સપ્રેમ સદ્ભાનુભૂતિ રાખવાથી તેમનામાં નવી આશા અને સ્વાભિમાનથી નવી ભાવના જાગૃત થાય છે. ઘણીવાર ભલું કરનાર માણસ પોતે પણ અધમ જીવનમાંથી શુદ્ધ થયેલો હોય છે.

મુક્તિફોજ કેદખાનામાંથી મુક્ત થએલાં મનુષ્યો ઉપરાંત મદ્યપાન, જુગાર અથવા બીજા દુષ્ટાચારથી પતિત થયેલાઓને પણ દાખલ કરે છે. ઇંગ્લાંડના એક એક ભાગમાંથી રખડતા અધમ, પતિત મનુષ્યોને કાંઇ ઉદ્યમ સોંપવામાં આવે છે. તેમની સાથે સરત એટલીજ કરવામાં આવે છે કે તેમણે સંસ્થાના સર્વ નિયમાનુસાર વર્તન કરવું જોઇએ અને બીજા માદક પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ. મજુરીમાંથી કાંઇક બચાવ કરવાનો તેમને બોધ કરવામાં આવે છે—જો તેઓની વર્તણુકમાં સુધારો થયેલો માલુમ પડે અને દક્ષતાથી તથા સંતોષકારક રીતે કામ કરતા થાય તો ધીમે ધીમે તેમને ઉંચી પાયરીએ ચઢાવવામાં આવે છે, તેમને વધારે સારો ખોરાક અને રહેવાની જગ્યા વધારે સારી આપવામાં આવે છે, અને તેમના પગારમાં રફતે રફતે વધારો કરી આપવામાં આવે છે. તેમના ઉપયોગ માટે એક એક વાંચનગૃહ આપવામાં આવે છે. મનુષ્યોમાં અરસપરસ બંધુ ભાવની વૃદ્ધિ થાય તે માટે પ્રયાસ કરવામાં આવે છે, અને કેળવાયેલ જ્યારે તેઓ ઉપયોગી અને હોંશીઆર કામ કરનાર થાય ત્યારે મુક્તિ ફોજવાળા તેમને ઇંગ્લાંડના સંસ્થાનોમાં રોજી શોધી આપે છે.

આથી જન સમુદાયમાં જે મનુષ્યો છેક અધમ, પતિત થઇ ગયેલાં હોય છે, જેમને એમ લાગે છે કે જગતના હોંશીઆર કારીગરોમાં એમને માટે કાંઇજ સ્થાન નથી, તેમનો ઉત્કર્ષ કરીને તેમને તેઓ મનુષ્યત્વમાં લાવે છે.

પૂર્વની તેમજ પશ્ચિમની પ્રજા બન્ને સંબંધે મુક્તિ ફોજનું કામ સંતોષકારક નિવડ્યું છે; અને વિશેષ કરીને ભરતખંડની લુટફાટ કરનારી કોમ સુધારવાને ખાતર કરેલા તેમના પ્રયાસોથી ઘણો લાભ થયો છે. આ કોમના મનુષ્યોની સંખ્યા બધી મળીને લગભગ ૩૦,૦૦,૦૦૦ થાય છે. તેઓ ભટકતા, જંગલી, રઝળીને જીંદગી પુરી કરનાર હોય છે. તેઓએ પ્રમાણિકપણે ઉપજીવિકાના સાધન પ્રાપ્ત કરવાથી કેટલો લાભ થાય છે, એ વાત તે લોકોને સમજાવી તેમને વણવાનું, શેતરંજી બનાવવાનું, ઘરનો સામાન સાફ કરવાનું, કપડા ઓટવાનું શીખડાવ્યું.

મુક્તિ ફોજવાળાઓ ઇંગ્લાંડ ઉપરાંત અન્ય જે દેશોમાં અનેક સ્થળે સહાય્યતા કરેલી છે તેમાં હિન્દુસ્થાન મુખ્ય છે. ઈ. સ. ૧૮૮૨માં આપણા દેશમાં મુક્તિફોજના અધિકારીઓની એક નાની ટોળીએ પોતાના કાર્યનો આરંભ કર્યો હતો. અને ત્યાથી ગામડાની અનેક દૈનિક શાળાઓ ઉદ્યોગ ગૃહો, ખેતીના સંસ્થાન વણવાનું શીખવાની શાળાઓ, ડીસ્પેન્સરી વગેરે ઉપરાંત નિરાશ્રિત છોકરા છોકરીઓ-પુરૂષો સ્ત્રીઓ માટે મુંબાઇમાં, એક કલકત્તામાં અને એક મદ્રાસમાં એમ ત્રણ ઉદ્ધારક ગૃહની સ્થાપના કરી છે, આ સંસ્થાની બીજી પેટા શાખા ઘણે સ્થળે સ્થાપવામાં આવી છે. આ વર્ગની ઉન્નતિ કરવા માટે જે પદ્ધતિનો ઉપયોગ આપણા દેશમાં મુક્તિ ફોજ તરફથી કરવામાં આવે છે, તેનું જો અધ્યયન કર્યું હોય તો હીણભાગી સ્વદેશ બધુઓ અને બહેનોની સ્થિતિ સુધારવા માટે બનતો પ્રયાસ એ પોતાનું કર્તવ્ય જે બધુઓ અને બહેનો સમજતા હોય તેમને ઉપયોગી સુચના મળે.

ગતિ છે' ફિરદૌસીના એ વચનમાં ક્રોધને પણ વિશ્વાસ આવ્યો નહિ. પરંતુ ઉન્સરીએ ફિરદૌસીની પરીક્ષા લેવા સારૂ તેને કહ્યું–અમારામાંથી પ્રત્યેક જણ કવિતાનું એક એક ચરણ કહેશે અને જો તું છેલ્લું ચરણ કહી કવિતાને પૂર્ણ કરી દઇશ તો અમે સર્વ તારા કવિપણાનો સ્વીકાર કરીશું.' ફિરદૌસીની અનુમતિ મેળવીને ઉન્સરીએ પહેલું ચરણ કહ્યું:—'ચૂ આરજે. તૂ માહ નવાશદ્ રૌશન્' (હે સ્ત્રી તારા વદનના તેજ આગળ ચન્દ્રમાનું તેજ તુચ્છ છે) અરજદી નામક બીજા કવિએ બીજું ચરણ કહ્યું—'માનન્દે રૂખત્ ગુલ્ ન બુવદ્ દર ગુલશન્' (તારા ગાલની સાથે સ્પર્ધા કરવાવાળું ગુલાબનું ફૂલ કોઇ પણ ઉપવનમાં નહિ મળે.) ફરૂખી નામના કવિએ ત્રીજું ચરણ કહ્યું—'મુજ્ગાનત્ હમી ગુજદ્ર કુનદ્ અજ્ જૌશન્' (તારાં નેત્ર કટાક્ષ ઠવવનું પણ વિદારણ કરવામાં સમર્થ છે.) છેવટે ફિરદૌસીએ ચતુર્થ ચરણની શીઘ્ર પૂર્તિ કરી દીધી–'માનન્દે સનાને ગીવ દર જંગે પશન્' (તે બેત્રોની ઉપમા પરમેશ્વર યુદ્ધના હારથી ગીવના ભાલને સારી રીતે શોભાવશે.)

ફિરદૌસીની કલ્પના અને ઇરાનના ઇતિહાસનું તેનું જ્ઞાન જોઇ બીજા કવિઓ વિસ્મિત થયા ઉન્સરીએ પુનઃ તેને ભિન્ન ભિન્ન કઠિન વિષયો ઉપર કવિતાઓ રચવાનું કહ્યું, અને ફિરદૌસીએ તત્ક્ષણ કહેલા વિષયો ઉપર કાવ્યો રચ્યાં અને અન્ય પ્રશ્નોના પણ ઉચિત ઉત્તર આપ્યા. ઉત્તરો સાંભળીને ઉન્સરીને અત્યંત આનંદ પ્રાપ્ત થયો. ફિરદૌસીની યોગ્યતા નહિ સમજનારાઓ તેણે શોક પ્રગટ કર્યો અને ક્ષમા માગી ફિરદૌસીને પોતાના ઘરમાં રાખી લીધો. ફિરદૌસીનો મેળાપ થવાથી ઉન્સરીને પણ લાભ થયો. ઘણા વખત પહેલાં સુલતાન મહમ્મુદે ઉન્સરીને ઇરાનના પ્રાચીન ઇતિહાસ ઉપર એક મહાકાવ્ય રચવાની આજ્ઞા આપી હતી. પરંતુ કોઇને કોઇ બહાનું બતાવી ઉન્સરી તે કાર્યને મુલતવી રાખતો હતો. ખરું કારણ તો એ હતું કે તેનો તે કામ પોતાની શક્તિ બહારનું લાગતું હતું. ફિરદૌસીને આ વાતની ખબર પડતાંજ તેણે તે કામ કરવાનો સંકલ્પ કર્યો. ઉન્સરીને તે જાણીને અત્યંત હર્ષ થયો. તે દિવસ ઉન્સરીએ ફિરદૌસીને રાજ દરબારમાં સઇ જઇ સુલતાનને બધી હકીકત કહી સંભળાવી. અન્ય સુલતાનો જેવો મહમ્મુદ પણ સ્તુતિ-પ્રિય હતો. મહમ્મુદે ફિરદૌસીને એક એવી કવિતા રચીને સંભળાવવાની આજ્ઞા કરી કે જેમાં તેની આત્મ પ્રશંસાનું વર્ણન હોય! ફિરદૌસીએ આશુકવિ હોવાથી તત્ક્ષણ એક કવિતા એવી રચી કે જે સુલતાનનો અતિશયોક્તિ ભાવથી પૂર્ણ હોવાથી અત્યંત રોચક માલમ પડી. તે દિવસ ફિરદૌસીને પણ અન્ય કવિઓ સમાન રાજમાન પ્રાપ્ત થયું. મહમ્મુદે તેને પોતાની વાટિકામાં રહેવાની અનુમતિ આપી. અને યોગ્યતાનુસાર તેને વૃત્તિ મળવા લાગી. આ પ્રમાણે અનુકુળ પરિસ્થિતિ પ્રાપ્ત થયા પછી ફિરદૌસીએ પોતાના મહા 'કાવ્ય 'શાહનામા' ને રચવાનો પ્રારંભ કર્યો. ગીઝનીમાં ચાર વર્ષ વ્યતીત કર્યા પછી મહમ્મુદની આજ્ઞા લઇ તે પોતાની જન્મભૂમિમાં આવ્યો અને ચાર વર્ષ સુધી ત્યાં રહ્યા પછી ગીઝની પાછો ગયો. એટલા વખતમાં 'શાહનામા'નો જેટલો ભાગ તૈયાર થઇ ગયો હતો તેને વાંચીને મહમ્મુદ અતિ પ્રસન્ન થયો. અને ફિરદૌસીને સમયાનુકુળ સારો પુરસ્કાર પણ મળ્યો પરંતુ ફિરદૌસીની રે, મહમ્મુદની ભાગ્ય હીનતાથી એ સ્થિતિ ચિરસ્થાયી ન રહી. કારણકે સુલતાનનો એક અત્યંત માનીતો અયાઝ નામનો ગુલામ હતો. અયાઝની આંતરિક આકાંક્ષા એવી હતી કે ફિરદૌસી મારાં પણ સ્તુતિગાન કરે; કિન્તુ ફિરદૌસીએ એ ગુલામની કિંચિન્માત્ર પરવા કરી નહિ. અયાઝ જાતે કારસ્તાની ગુલામ હતો. મહમ્મુદની ધર્મોન્મત્તતા તેને પૂર્ણ જ્ઞાત હતી. ફિરદૌસીના નાશના કાર્યમાં

તેનો ઉપયોગ કરવાનું ધાર્યું. એક દિવસ તેણે સુલતાનને સંભળાવ્યું કે ફિરદૌસીએ શાહનામામાં સર્વ પારસી રાજાઓની સ્તુતિ કરી છે. તે ઇસ્લામી ધર્મમાં શ્રદ્ધા રાખતો નથી, એ સ્પષ્ટ જણાય છે. ધર્મ વિષયક પ્રશ્નોની ઉપસ્થિતિથી મહમ્મુદની જ્ઞાન શક્તિનો લોપ થઇ ગયો. અયાઝની વાત ઉપર વિશ્વાસ લાવીને ક્રોધિત થઈ ફિરદૌસીને બોલાવ્યો અને કહ્યું–"તું નાસ્તિક છે, એવો મારો વિશ્વાસ છે. અને તને હાથીના પગ તળે કચરાવું છું કે જેથી તને તેમજ બીજા નાસ્તિકોને એ ખબર પડે કે ઇસ્લામી ધર્મમાં શ્રદ્ધા નહિ રાખવાથી કેવું પરિણામ થાય છે!" ફિરદૌસીએ અતિ વિનીત ભાવથી કહ્યું–"કોઇ દુષ્ટ જણે મારા ઉપર દોષારોપણ કર્યું છે. એમાં સત્યનો અંશ પણ નથી. મારી પયગમ્બર સાહેબ ઉપર અટલ શ્રદ્ધા છે."

મહમ્મુદે કહ્યું–"અધિકતર તુસ પ્રાંતમાંજ નાસ્તિકોના જન્મ થયા છે. અને તું પણ તેજ પ્રાંતનો નિવાસી છે. તેથી મને તારા ઉપર પણ અધિક શક છે. ખબરદાર, આ વખતે હું તને ક્ષમા આપું છું. હવેથી તું ભવિષ્યમાં એવું કાર્ય કરીશ નહિ." એ કે ફિરદૌસી સંકટમાંથી નીકળી ગયો પણ બન્નેના મનમાં વિરોધ પડી ગયો. શાહનામાનો બાકીનો ભાગ દર કોઇ પ્રકારથી ફિરદૌસીએ મહમ્મુદની પાસે મોકલી દીધો. તેના પરિશ્રમની મહમ્મુદે ઉચિત પ્રશંસા કરી પણ તે એક નાણાંનો લોભી માણસ હતો. તેથી તેણે ફિરદૌસીને ૬૦ હજાર દિરમ ચાંદીના સિક્કા આપ્યા.

ફિરદૌસીની ધારણા એવી હતી કે સુલતાન તેને પ્રત્યેક ઉત્તમ વાક્યની એક દિનાર તો અવશ્ય આપશે, પરંતુ એ પ્રમાણે નહિ મળવાથી તેનું મન ઉદ્વિગ્નતાને પ્રાપ્ત થયું. ક્રોધ યુક્ત દશાને તેણે તે રકમનો વ્યય કરી દીધો. સાર્વજનિક હમામખાનામાં તેણે ૨૦ હજાર દિરમ આપ્યા, બીજા એક કાર્યમાં ૨૦ હજાર આપ્યા અને બાકીના ૨૦ હજાર ગરિબોને દાનમાં વહેંચી આપ્યા. મહમ્મુદની પારિતોષિક વૃત્તિનો તિરસ્કાર પૂર્વક વ્યય કરીને ફિરદૌસી ગીઝનીમાં જઇ છુપાઇ રહ્યો. તેણે સુલતાનના પુસ્તકાલયમાંથી યુક્તિ પૂર્વક શાહનામાની એક પ્રત ચોરી લીધી. અને મહમ્મુદની તુચ્છતા ઉપર તેણે એક કાવ્ય લખી શાહનામામાં સમ્મીલિત કરી દીધું એ શાહનામા જેવું પર્યન્ત ભાષામાં અન્ય કોઇ પણ કાવ્ય નથી. પ્રાયઃ એ કાવ્ય પર્યન્ત કવિયોને કંઠસ્થ હોય છે.

ફિરદૌસી ચાર માસ સુધી ગીઝનીમાં રહી પછી ગુપ્તપણે હેરાત ચાલ્યો ગયો. મહમ્મુદના જાસુસો તેની પાછળ લાગ્યાજ રહ્યા. પરંતુ અત્યંત કઠિન આપત્તિયોની સામે થઇને પણ તે પોતાની જન્મભૂમિ તૂસમાં પહોંચી ગયો. આખરે તો એ પણ એને છોડવું પડયું ને તે રૂસ્તમદાર શહેરના સુબેદારના આશ્રયમાં રહેવા લાગ્યો. ત્યાં તેને ઉચિત માન મળ્યું.

ફિરદૌસી હવે વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયો. જીંદગીભરના પરિશ્રમનું પરિણામ કાંઇ નહિ આવવાથી તેનો ઉલ્લાસ પણ નષ્ટ થઇ ગયો. ગામે ગામ છુપાઇ રહેવાનું હવે તેનામાં સામર્થ્ય પણ રહ્યું નહિ. તેણે પોતાના બાકીના આયુષ્યને ઉત્તમ રીતે વ્યતીત કરવા સારૂ રૂસ્તમદારના સુબેદારની આજ્ઞા લઇ તે રજ્જ નામક ગામમાં આવ્યો. એ વખતે મહમ્મુદ હિન્દ ઉપર ચઢાઇઓ કરવાના વ્યવસાયમાં પડયો હતો. એક દિવસ તેને વજીર સાથે વાતચીત કરતાં ફિરદૌસીનું સ્મરણ થયું. અને પોતાનાં કૃતકર્મોનો પશ્ચાતાપ પણ થયો. તેણે ફિરદૌસીના સમાચાર પૂછયા. વજીરનો ફિરદૌસી સાથે ઘનિષ્ટ સંબંધ હોવાને લીધે તેણે તેની હૃદય વિદારક ઘટનાનું સાચું વર્ણન કર્યું. એ શોકયુક્ત સમાચારને સાંભળી મહમ્મુદને અત્યંત ખેદ થયો. તેણે અગણ્ય વસ્તુઓથી લાદેલા ૨૦૦ ઉંટ ફિરદૌસીને માટે મોકલ્યા.

મહમ્મુદની મોકલેલી બહુ મૂલ્ય વસ્તુઓનો ઉપભોગ મહાકવિના ભાગ્યમાં લખાયલો નહોતો. એ ઉપહારની વસ્તુઓને અને ફિરદૌસીના સંતપ્ત મૃત શરીરનો મેળાપ ગામના નાકા ઉપર નિર્માણ થયો હતો! જો એ સંપત્તિ એક દિવસ પ્રથમ પ્રાપ્ત થઇ ગઈ હોત તો ફિરદૌસીને પોતાના કાવ્યગ્રંથના પરિશ્રમના પુરસ્કારની અને મહમ્મુદકૃત ગ્રંથના આદરની સારી રીતે સમજ પડત!

ફિરદૌસીને માત્ર એક કન્યા હતી. વાસ્તવિક રીતે તે એ સંપત્તિની અધિકારિણી હતી કિન્તુ પિતાના મૃત્યુ પછી આવેલી સંપત્તિને તે કન્યાએ ધર્મવિરુદ્ધ ગણી પાછી મોકલી દીધી!

મૃત્યુકાળ—ફિરદૌસીનું મૃત્યુ હિજરી સન્ ૪૧૧માં થયું. તેની કબ્ર તૂસ શહેરમાં છે. એમ કહેવાય છે કે ફિરદૌસીએ પારસી રાજાઓનું કીર્તિગાન કર્યું તેથી અબુલ કાસિમ ગુરગાનીએ તેની કબ્ર સામે નિમાજ પણ પઢી નહિ. તે રાત્રે અબ્દુલ કાસિમના સ્વપ્નાવસ્થામાં મહાકવિ ફિરદૌસી સ્વર્ગના ઉચ્ચાસન ઉપર બેઠેલો જણાયો. કાસિમે પૂછ્યું કે આ શ્રેષ્ઠ પદ તને કેવી રીતે પ્રાપ્ત થયું? ઉત્તર મળ્યો કે ઇશ્વરની સ્તુતિની બે પંક્તિઓનું ફળ છે:—

જહાનરા કુલન્દી વપરતી તુઇ
નદાનમ્ ચેઇ હરચે હસ્તી તુઇ

(સંસારના વૈભવ અને ક્ષુદ્રતાનું કારણ તુંજ છે. તું કોણ છે એ હું નથી જાણતો પરંતુ જે છે તે તુંજ છે એ નિતાંત સત્ય છે.)

મહાકવિનો શાહનામા ગ્રંથ પર્શિયન કાવ્ય ગ્રંથનો મુકુટ મણિ ગણાય એ નિર્વિવાદ સત્ય છે, જો કે પ્રાચીન ઇતિહાસ શુષ્ક પ્રકટ થાય છે પણ મહાકવિ ફિરદૌસીએ પોતાની પ્રતિભા સંપન્ન લેખિનીથી તેને અધિક હૃદયંગમ કરી દીધો છે. ફિરદૌસીએ અભિમાન પૂર્વક એમ પણ કહ્યું છે કે મેં ઇરાન દેશના ઇતિહાસને પુનર્જીવિત કર્યો છે આ કથનને અસત્ય કરવા માટે કોણ તૈયાર થશે? કાવ્ય ગ્રંથની ભાષા અત્યંત રોચક, શુદ્ધ અને ઉત્તેજક છે. અરબ્બી શબ્દોની મદદ વિના પર્શ્યન ભાષા કેટલી ઉત્તમ લખાય છે. તેને માટે આ આદર્શ ગ્રંથ છે.

જો સાંપ્રત કાળમાં કોઇ લેખક પર્શ્યન ભાષામાં અરબ્બી શબ્દોના પ્રયોગ વિના લખે તો તેને અશક્ય લાગે છે. પરંતુ શાહનામા એટલો મોટો ગ્રંથ હોવા છતાં પણ તેમાં અરબ્બી ભાષાના શબ્દો નામ માત્ર આવેલા છે. તેથી ફિરદૌસીની વિદ્વત્તા અને લેખનશક્તિ જણાઇ આવે છે. તે એક અદ્વિતીય કવિ થઇ ગયો છે એમાં તો શકજ નથી.

ધીરજ.

વીરે હોરેશીયસ.

જ્યારે લુસિયસ ટાર્કિનિયસ રોમનાં સિંહાસન ઉપર બેઠો ત્યારે તેના પુત્ર સેકસટસે લુક્રેસિયા નામની એક કુલિન સ્ત્રી ઉપર અત્યાચાર કર્યો. લુક્રેસિઆએ અત્યાચારની વાત પોતાના પતિ અને પિતાને જણાવી આત્મઘાત કર્યો. જ્યારે એ વાત રોમના નિવાસીઓને માલમ પડી ત્યારે તે લોકોએ લુસિયસ ટાર્કિનિઅસ અને સેકસટસને પોતાના દેશમાંથી હાંકી કાઢ્યા અને સર્વની સમ્મતિથી કાઉન્સલને રાજ્ય ભાર સોંપ્યો.

રાજભ્રષ્ટ રાજાએ પુનઃ રાજ્ય મેળવવા એક પ્રબળ રાજા પોર્સિનાની સહાયતાથી રોમ

ઉપર સવારી કરી. એ વિકટ સમયમાં રોમની સ્વાધીનતા સાચવવાવાળો વીર હોરેશીયસ હતો. રોમન ઇતિહાસના લેખકોએ એ વીરનાં અમર ગુણગાન ઘણી રોચક ભાષામાં કર્યાં છે.

અનેક પ્રખ્યાત કવિઓએ પ્રત્યેક ભાષામાં એનાં કાવ્યો લખ્યાં છે. પ્રસિદ્ધ લેખક મેકોલે એ પણ એના ઉપર કાવ્ય લખ્યું છે.)

રોમના રાજા ટાર્ક્વિનના જુલ્મથી કંટાળીને રાજાને સિંહાસન પરથી ઉતારી દેવા નિકાલ કર્યો. ને રોમના લોકો ઉપર નારાજ થઇ ટાર્ક્વિન એટ્રુરિયાના રાજા પોર્સિનાની પાસે સહાયતા મેળવવા માટે ગયો. પોર્સિનાએ પ્રતિજ્ઞા કરી કે:—કે "રાજાની વિરુદ્ધ બળવો કરનારી રોમની સ્વતંત્ર પ્રજાને દંડ દઇને હું રાજા ભ્રષ્ટ રાજાને પુનઃ સિંહાસનપર બેસાડીશ." પોર્સિનાએ પોતાનાં લશ્કર તૈયાર થવાનો હુકમ આપ્યો અને અન્ય રાજાઓનાં લશ્કરને પણ સહાયતા માટે મંગાવ્યાં.

વિભુવન વિજયી પોર્સિનાની આજ્ઞા કોણ નહીં માને? ચારે બાજુએથી લડાઇને માટે બતવાલા હાથીઓનાં ઝુંડોની બાદક સેના આવવા લાગી. અહીંઆ જ્યારે રોમન લોકોને સમાચાર મળ્યા કે સ્વતંત્રતાનો નાશ કરવા માટે પોર્સિનાની પ્રબળ સેના રોમ ઉપર આવી રહી છે-ત્યારે રોમના પ્રત્યેક પુરૂષોએ સર્વ કામ છોડી દઇ હથિયાર ધારણ કર્યાં. કેટલાકોએ પાકેલાં ખેતરોનો પણ ત્યાગ કર્યો-વ્યાપારીઓએ માલ આપવો લેવો બન્ધ કર્યો, ધનાઢ્ય લોકોએ પોતાનાં ધનને તાળું લગાવી ચાવી સ્ત્રીઓને સોંપી દીધી. એવી રીતે સર્વેએ પોતપોતાનું કામ છોડી હથિયાર પકડયા. રોમે સ્વતંત્રતાનો મન્ત્ર જપવો શરૂ કર્યો.

આ બાજુ અતુલ કીર્તિવંત પોર્સિનાની સભામાં ત્રીસ જ્યોતિષો હતા. તે ત્રિકાલજ્ઞ વિદ્વાનોએ પુનઃ પુનઃ ગણિત કરી એક વિચારથી કહ્યું:—"હે વિમલ કીર્તિ સમ્રાટ! હે રણ દેવતાના પ્યારા પુત્ર! તેં મોટાં મોટાં શુભ મુહુર્તમાં યુદ્ધ યાત્રા કરી છે. નવે ગ્રહો તારા ઉપર ઘણીજ શુભ દૃષ્ટિ નાંખી રહ્યા છે. શત્રુનું અભિમાન નાશ કરનારૂં તારૂં પરાક્રમ હોવાથી દેવતા તારા ઉપર પ્રસન્ન છે. તારા શત્રુઓપર શનિની વક્ર દૃષ્ટિ છે. મંગલ ક્રૂર દૃષ્ટિથી તેને જોઇ રહ્યો છે. રાહુ અને કેતુ એની પાસે જવાને આગળ વધી રહ્યા છે. હે દેવતાઓના પ્યારા પુત્ર! તું શત્રુઓનો નાશ કરવા માટે જા, અને યશવરની બની પુનઃ સ્વદેશમાં પાછો ફર."

પોર્સિનાની લાખ્ખો પગપાળા અને હજારો સ્વારસેના સમુદ્રની બાદક બાજુઓના માણસો સુધી ફેલાઇ રહી હતી. ટાર્ક્વિનનો જમાઇ માનિલિયસ પોતાના વિશાળ સૈન્ય સહ સસરાની સહાયતા કરવા માટે આવ્યો હતો. એ વિશાળ સૈન્યને જોઇ પોર્સિના પોતાને ધન્યવાદ આપવા લાગ્યો.

એ અપાર સેનાની વાટ ટાઇબર નદીના કિનારા સુધી પહોંચી અને ત્યાંથી ગભરાઇને લોક ગામોમાંથી નાશી રોમમાં આવવા લાગ્યા પોતપોતાનાં ગારો છોડી વૃદ્ધો લાકડીને ટેકથી ચાલતા ચાલતા રોમમાં આવવા લાગ્યા. માતાઓ પોતાના બાળકોની આંગળી પકડી રોમ તરફ ચાલવા લાગી.

ક્રુર શત્રુ ધીરે ધીરે આગળ વધવા લાગ્યો અને રસ્તામા જે ગામ આવે તેને અગ્નિ લગાડી બાળી મૂકતો હતો-ખેતરોમાં પાકેલા પાકને તેના ઘોડાઓ ખુંદી નાખતા હતા શુન્યકાર રાત્રિમાં દૂરના આકાશને રક્તવર્ણ જોઇને રોમના લોકો સમજતા હતા કે અહીં અત્યાચારી પોર્સિનાની સેના ગામ બાળી રહી છે,

શત્રુ નિકટ આવી પહોંચ્યો. તેના આસ્ટર નામના એક વીર સૈનિકે રોમની બહારની જનિકુલમ નામની જગ્યાને જીતી લીધી. નગરમાં એ સમાચાર પહોંચતાંજ હાહાકાર

થઇ રહ્યો. રાજા કૉંસલ અને પ્રજાના પ્રતિનિધિ ઉભા ઉભા ઉપાય શોધવા લાગ્યા કિન્તુ વધુ સમય ગુમાવવાનો વખત નહોતો. રાજાએ કહ્યું ", એક સ્થાન શત્રુએ લઇ લીધું છે હવે શહેરની રક્ષાનો ફક્ત એકજ રસ્તો છે. અને તે એજ કે રક્ષાને માટે પુલ સમેટી લેવામાં આવે."

એ વખતે એક ગભરાયલા દૂતે આવીને સમાચાર કહ્યા કેઃ-શત્રુ બહુ જલ્દી નગરમાં પ્રવેશ કરનાર છે." કાંસલે પશ્ચિમ તરફ જોયું. તેણે આકાશમાં ઉડતી ધૂળને જોઇને અનુમાન કર્યું કે શત્રુ આવી પહોચ્યો. ધીરે ધીરે તે ધૂળ આગળ વધવા લાગી અને હજારો અશ્વોના દામડાના અવાજથી ધરતી કમ્પવા લાગી. સૂર્યનાં કિરણોથી ચમકતા તેના ટોપ સાફ જણાવા લાગ્યા. સૈન્યની વચમાં સફેદ હાથી દાંતના રથમાં પોર્સિના વિરાજમાન થયેલો હતો. તેના ડાબા હાથ તરફ ભાગો સિમરી હતો અને જમણા હાથ તરફ પરસ્ત્રી પર અત્યાચાર કરનાર ટાર્કિનનો દુરાચારી પુત્ર સેક્સટસ હતો. સેક્ટસનું મુખ જોતાંજ રોમન લોકોનો ક્રોધ ભભૂકી ઉઠયો. સ્ત્રીઓ તેના તરફ મુખ કરી થુંકવા લાગી અને બાળકો ધૂળ નાંખવા લાગ્યા.

આ બાજુ કાંસલનું મુખ ચિન્તાથી ગેરાઇ ગયું હતું. ચિંતાતુર દૃષ્ટિથી તેણે એક વાર શત્રુ તરફ, બીજી વખત કિનારા તરફ દૃષ્ટિ ફેંકી. અધીર બની તેણે કહ્યું "હવે થોડા વખતમાં શત્રુ પૂલ ઉપર આવી જશે. જો પૂલ શત્રુના કબજામાં જતો રહ્યો તો પછી નગરની રક્ષા થવી અસંભવિત છે."

એ સાંભળી વેશીનો રહ્યાની વીર હોરેશીયસ બોલ્યો. " એવો કયો નાધમ છે કે જે પોતાની માતૃભૂમિની રક્ષા કરવામાં પાછો પગ ધરે ! પૂલ તોડવાનું કામ જ્યાં સુધી સમ્પૂર્ણ થશે. એ કામ પૂર્ણ થાય ત્યાં સુધી બે મનુષ્યની સહાયતાથી હું શત્રુના માર્ગને રોકી રાખીશ શત્રુને અટકાવા રાખીશ એવા બે વીર કોણ છે કે જે મારી સાથે આવવાને તૈયાર થાય ?"

સ્પૂરિઅસ લેર્ટિઅસે કહ્યું:-"હું તમારા ડાબા હાથ તરફ ઉભો રહી પૂલની રક્ષા કરીશ"

વીર હાર્મિનિઅસે કહ્યું:-અને હું તમારા જમણા હાથ તરફ ઉભો રહી પૂલને બચાવીશ."

રાજાએ કહ્યું:-ઠીક છે; જેમ તમે કહો છો તેમ કરો. "

એ ત્રણે વીર પુરૂષો સમુદ્રની ભરતી માફકની સેનાને રોકવા માટે આગળ ગયા. અરેખર અન્ય ઉદાહરણો ઇતિહાસમાં બહુજ થોડાં છે. તે સમયના રોમન લોકો પોતાના દેશનું રક્ષણ કરવામાં પોતાનાં તન, મન, ધનની આહુતિ આપતા હતા. દેશહિત આગળ તેમને સર્વ તુચ્છ જણાતું હતું, રોમન લોકો પરસ્પર એક બીજાને ભાઇજ સમજતા હતા.

જ્યારે એ ત્રણે વીરો પોતપોતાનાં હથિયારો ઠીક ઠાક કરી રહ્યા હતા ત્યારે રાજા પોતે પૂલ તોડવાને આગળ ગયો. અહીં શત્રુની પ્રબળ સેના રોમને કચડી નાંખવાને આગળ વધી રહી હતી. સૂર્યનાં તેજસ્વી કિરણોથી તેઓની તલવાર ચમકવા લાગી, અને લડાઇનાં વાજીંત્રો વીર રસ ચલાવવા લાગ્યાં અંતે પોતાનો ઝુંડો ફરકાવતી સેના આગળની આગળજ વધતી હતી.

પૂલની આગળ વધી તેત્રણે વીરો ચુપચાપ ઉભા રહ્યા. તેઓને જોઇને આગળના શત્રુની સેનાના સિપાઇઓ તેઓને શરમિન્દા કરવાને જોરથી હસવા લાગ્યા. તેના ઉત્તરમાં એ ત્રણે વીરોએ પોત પોતાની તલવાર હવામાં ઘુમવવા લાગ્યા. પૂલનો રસ્તો સાફ કરવા માટે શત્રુ સેનામાંથી ત્રણ વીર સેનાનિઓ ઓનવલ, સેક્સ્ટાન અને વિકટા આગળ આવ્યા.

વીર હોરેશિયસે ઓનવાને પૂલ નીચે નદીમાં ફેંકી દીધો. હર્મિનિઅસે સેક્સિના એકજ ઘાથી

બે ટૂકડા કરી નાંખ્યા. વીર હોરેશીયસે પિકમ ઉપર હુમલો કરી તેને જમીનદોસ્ત કરી નાંખ્યો.

એ ત્રણે સેનાનિઓની એ દશા જોઇને શત્રુ સૈન્યમાંથી ચોકકસ લાવસોલસ, અને વીર છાસ્ન્સ એ પ્રમાણે ત્રણ યોદ્ધાઓ આગળ આવ્યા. હર્મિનિયસે અસ્ન્સને જમીન પર ફેંકી દીધો, સેર્ટિઅંશે ચોકકસને કરાવ્યો ને લાવસોલમને વીર હોરેશીયસે જમના દ્વારમાં પડકાર્યો.

આ ઘટનાથી શત્રુની સેના એકવાર આશ્ચર્યમાં ડૂબી ગઇ, પણ પોતાના વીર પુરૂષોની દુર્ગતિ જોઇને બીજી જ ક્ષણે તેઓમાં ક્રોધનો સંચાર થયો. હજુ પણ તે અનંત સેના પૂલથી થોડે દૂર જોનની તેમજ ઉભી રહી અને કોઇની પણ હિમ્મત આગળ આવવાની થઇ નહીં પણ સાંભળો આસ્ટરના નામનો જય ઘોષ થઇ રહ્યો છે. સેનાને હટાવતો લુનાનો વીર ગમ્ભીર ગતિથી આગળ આવ્યો અને તેની સ્કંધ ઉપર વિશાળ ઢાલ લટકી રહી છે. અને બીજા કોઇથી ઉંચકી ન શકાય એવી તલવાર તેના હાથમાં છે. વીર રોમન યોદ્ધાઓ તરફ તિરસ્કાર યુકત દૃષ્ટિથી જોઇ તેણે પોતાની સેનાને કહ્યું:-" જ્યારે આસ્ટર માર્ગ ખુલ્લો કરશે ત્યારે તો તમે આગળ વધશો ને?" અને ત્યાર બાદ પોતાની લાંબી તલવારને ઘુમાવતો આસ્ટર આગળ આવ્યો અને પોતાની સર્વ શકિત એકત્ર કરી વીર હોરેશીયસ ઉપર તલવારનો ઘા કર્યો. હોરેશીયસે પોતાની ઢાલ અને તલવારથી શત્રુના ઘાનો બચાવ કર્યો. શત્રુનો ઘા તેને બરાબર લાગ્યો નહીં પણ હોરેશીયસની સ્કંધ ઉપર એક ઘા થયો. અને તેને ઘાયલ થયેલો જોઇને સેના હર્ષનાદ કરવા લાગી.

શત્રુઓના નાદથી હોરેશીયસના શરીરમાં એક પ્રકારનો વિદ્યુત સમાન ચમકારો થયો. તેણે પોતાનો ચક્ષુ બદલી શત્રુનાં વીર પર એવો ઘા કર્યો કે તેનો મસ્તકનો રોપ કપાઇ જઇને તેનું શીશ ધડથી જૂદું થઇ ગયું. વીજળીથી બળી ગયલાં વૃક્ષ માફક લુનાનો અધિપતિ પૃથ્વીપર પડયો. તેનાં મસ્તક ઉપર પગ મુકી હોરેશીયસે શત્રુ સેના તરફ કટાક્ષ કરતાં કહ્યું:-"મારા અતિથિઓ! તમારો આદર સત્કાર અમે કેવો કરીયું તે જોઇ લ્યો. જોઇએ હવે મારી પૂજા ગ્રહણ કરવા આગળ કોણ આવે છે?" હોરેશીયસનાં વાકય સુણી ઓટરઆના વીરોનાં મુખ પર ક્રોધ, લજ્જા અને ભયની છાયા છવાઇ ગઇ તેઓનું વીરત્વ કયાં નહોતું કિન્તુ સામે પોતાના ધાયલ થયલા યોદ્ધાઓને પડેલા જોઇ અને ત્રણે વીરોને અચળ પર્વત માફક સદાની શાન્તિમાં સુતેલા જોઇ કોઇની હિમ્મત આગળ વધવાની થઇ નહીં. આગળ વાળા સૈનિકો પાછળનાને કહેતા હતા કે:— "આગળ વધો."

ક્ષણ ભરની એ નિસ્તબ્ધ શાન્તિ બાદ એક મનુષ્ય સૈન્યમાંથી બ્હાર આવ્યો અને તેણે ગમ્ભીરતાથી ચારે બાજુ દૃષ્ટિ દોડાવી કહ્યું:-" હે સેકસટસ! તું આગળ આવ હું તને સારી રીતે જાણું છું, પાછળ ન રહે. રોમને જીતવાનો જોર માર્ન છે." સેકસટસે એકવાર રોમ નગર તરફ જોયું, પછી સ્વર્ગે સંચરેલા યોદ્ધાઓ તરફ દૃષ્ટિ ફેરવી ક્રોધથી તેણે આગળ પણ મુકયો પગ ભીતિથી તે પાછળ હટી ગયો.

આ સઘળા વખતમાં પૂલ સમેટવાનું કામ ઘણા ઝપાટાબંધ ચાલી રહ્યું હતું. રોમન લોકોએ પૂલ લગ્ન લાંબો હતો તેથી તેઓએ પોકાર કરીને કહ્યું:-" હોરેશીયસ પાછા ફરો! સેર્ટિઅસ પાછા આવો! લગોએ પૂલ ઉઠાવી લાંબો છે."

સ્પૂરિઅસ અને સેર્ટિયસ શીઘ્રતાથી પૂલની સાથે પાછા ફર્યા. તેઓના વજનથી પૂલ હાલવા લાગ્યો. પણ ઉભરે પાછળ ફરી જોયું તો વીર હોરેશીયસને એકલો શત્રુની સેના સામે નિર્ભય થઇને અડગપણે ઉભેલો જોયો.

તેઓનાં હૃદય ધડકવા લાગ્યાં અને તે હોરેશીયસની મદદ માટે પાછા જવાને પ્રયત્ન કરવા લાગ્યા.

પૂલ તોડી લેવામાં આવ્યો હતો. અને એક મોટા ધડાકાની સાથે પૂલ પાણીમાં પડ્યો. રોમન લોકોએ જોરથી હર્ષધ્વનિ કર્યો. પાણીમાં પડેલો પૂલ જોરથી પાણીમાં વહાવા લાગ્યો.

અહીંઆ એટલો વીર હોરેશીયસ પર્વતની માફક ઉંચું મસ્તક રાખી શત્રુ સેના સામે ઉભો રહ્યો હતો. તેની સામે એક લાખ સેના વીજળી જેવી ચમકતી તલવારો લઇને ઉભી હતી. પાછળ અગાધ નદી પૂર વેગથી વહી રહી હતી.

સેક્સટસે કહ્યું:—"એને જમીન દોસ્ત કરી નાંખો."

પોર્સિનાએ કહ્યું:—"એને પકડીને મારો ગુલામ બનવો."

વીર હોરેશીયસે સેક્સટસને કાંઇપણ જવાબ આપ્યો નહીં. પોર્સિનાને પણ કાંઇ કહ્યું નહીં. તેણે પોતાની જન્મ ભૂમિ તરફ જોઇ ટાઇબર નદીને ઉદ્દેશીને કહ્યું:—"હે ટાઇબર સરિતા! તું રોમન લોકોની માતા સમાન છે. આજ મારું શરીર અને શસ્ત્ર તને આધીન કરું છું." એમ કહીને પોતાની તલવાર મ્યાન કરી અને નદીમાં કૂદી પડ્યો. નદીના બન્ને કિનારેથી દુઃખ અને આનંદનો ધ્વનિ થયો. શત્રુ અને મિત્ર સર્વ આશ્ચર્ય ચકિત થયા. થોડો વખત બાદ પાણીના વહોમાં હોરેશીયસનું શીષ દેખાયું ઓ વખતે શત્રુ અને મિત્ર ઉભય આનંદથી તાલી બજાવવા લાગ્યા.

આ બાજુ હોરેશીયસના જખમમાંથી ઘણું રક્ત વહી જવાથી. કમજોર થઇ ગયો હતો, અને નદીમાં જોરથી પાણી તેને નીચે ખેંચતું હતું. એ ભયાનક નદીનો પાર થવો પણ અસંભવિત હતો

એ સર્વ જોઇને નીમ સેક્સટસે કહ્યું:—"એ મંડાણ મરતો કેમ નથી? જો એ ગુલામ આજ ન હોત તો મર્યાસિન પડેલાં રોમનગર આજ જમીનદોસ્ત થઇ જાત."

એ સાંભળી પોાસનાએ કહ્યું:—"પરમાત્મા! એ વીરની રક્ષા કરો! આજ પૂર્વે એટલું પરાક્રમ અને એટલી વીરતા મેં કોઇનામાં જોઇ નહોતી.

પાણી કાપી નાંખી હોરેશીયસ કિનારા ઉપર પહોંચી ગયો. સર્વ રોમન નિવાસી તેની ચારે બાજુ એકત્ર થઇ ગયા અને 'હોરેશીયસની જય" કહી તાળીઓ પાડવા લાગ્યા.

શત્રુ સેના હોરેશીયસની વીરતા પર મોહિત થઇ પાછી ફરી.

આજ પણ રોમન લોકો વીર હોરેશીયસની કીર્તિ ગાય છે. કુમારીકાઓ પ્રાર્થના કરે છે કે:—"અમારો પતિ હોરેશીયસના જેવો વીર પુરૂષ હોજો." વિવાહીત સ્ત્રીઓ પ્રાર્થના કરે છે કે અમારા પુત્રો હોરેશીયસના જેવા થજો. જ્યારે ઘણા ઘરના લોકો એકત્ર થાય છે. ત્યારે હોરેશીયસની વીરતાનાં ગીતો ગાય છે અને નહાનાં બાળકોને તેનાં પરાક્રમની કથા સંભળાવે છે. માતૃભૂમિનો માંનો ભક્ત વીર હોરેશીયસ યુગો યુગને માટે અમર થઇ ગયો.

'વિદ્યા વિહાર,'
વલસાડ.
૮-૨-૧૮

અમ્બેલાલ રતનજીભાઇ દેશાઇ.

॥ ૐ ॥

'૩ ચાંદીનો મહાન વર્ત્તારો'

(૩ ચાંદીમાં લાંબા ટકાની વધઘટ થયા કરશે)

વાર્ષિક, પહેલા વર્ગની, પોસ્ટ, તાર ખર્ચ, સાથે રૂા. ૩૦) બીજા વર્ગનાં રૂા. ૧૬) એક એક માસનાં રૂા. ૫) ૩, ચાંદી તથા વેપારી બજારોનાં કોઇ પણ સોદામાં સપડાયા હશે તેને યોગ્ય રસ્તે બચાવીશું. લખો—

સંત દેશી વાયુ શાસ્ત્રી જાદવજી ત્રિ. દેવજીભાઇ મકવાણા મુ. રાજકોટ (ઘંઘુકા) ઠે. મકવાણા હોલ.

નહી કમાયા કોણ?

લેખકઃ—(મણીભાઇ રણછોડજી દેસાઇ પલસાણાકર-રંગુન)

નોકર ભલે નહાનો અને,
મ્હોટો થઇને છો મરે;
પેનશન લેશે તો ભલે,
પણ દીન તો કદી ના વળે.

ધનચકકર ઘેલાભાઇ નામે એક મહા વ્યાજુ કરનાર એક વેપારી, દલાલ જે કહો તે પણ એક ગળા ફાંસુ સરાફ હતા. તેમનો બાપીકો ધંધો ગામડાંઓનાં દુબળાં દાઢીયાંને નાણાં ધીરી એકના બમણા કરવાનો હતો. તેમને એકનો એક દીકરો ફકકડચંદ કરીને હતો, કે જે બાપના પૈસાથી અને પોતાની બંત અને હિમ્મતથી બી. એ. સુધી ભણીહું ધસડી લાવી, એક વેપારી પેઢીમાં નોકરી કરી રૂપિયા પાંત્રીસ માસિક પગાર મેળવતો હતો. એક દિવસે ધનચકકર ઘેલા ભાઇ, આ યુરોપમાં ચાલેલા મહા સંગ્રામથી ઉપજેલી મોંઘવારીમાં "**નહી કમાયા કોણ?**" એ વિષય ઉપર પોતાની બેપરી ફેરવવા લાગ્યા, અને તે બોપરી ફરતાં ફરતાં ગકરડીએ ચડી તોપણ તે પોતે "નહી કમાયા કોણ?" એ મહા પ્રશ્નનો નિવેડો લાવી શકયા નહીં અને ઉદાસીન મુદ્રાએ માથા ઉપર હાથ મૂકી, જાણે સેંકડો નરસથી મરી ગએલો ઘેલાભાઇ જાણે આજેજ મરણ પામ્યો હોય તેમ બેઠા બન નિઃશ્વાસ મૂકવા લાગ્યા. એવામાં તેનો સકર્મા—અકર્મા બેટો ફકકડચંદ જે મારી બાંધીને મેળવેલી બે દિવસની રળામાં પોતાને વતન આવ્યો હતો તેણે પોતાના પિતાને ઉદાસ જોઇ કહ્યું "બાપુ!.આપ કંઇ ઉદાસ જણાવ છો!" "ના બેટા! એવું કંઇજ નથી," "ના શું તમારૂં મુખજ કહી આપે છે જે આપ કંઇ ઊંડા વિચારમાં ગુંગળાવ છો અથવા શું કોઇ રૂપીઆ લઇ નાસી ગયું છે?" હવે ધનચકકર ભાઇએ કહ્યું જે બેટા એક બેનું બુંસ મારા ભેજામાં કેટલાક કલાક થયાં ભમી રહ્યો છે તથાપિ તેનું કંઇ નિરાકરણ થઇ શકતું નથી તેથીજ હું ઉદાસ છું. બહકે નિરાશ છું. ત્યારે ફકકડે કહ્યું—બાપા મને કહો. હું તેનો જવાબ આપીશ અને તમારી ઉદાસીનતા મટાડીશ. "વારૂ ત્યારે હું તને કહું છું જેનો જવાબ તું બરાબર વિચાર કરીને આપજે કારણ કે તે એક મહાવિકટ પ્રશ્ન છે. બહકે હું ધારૂં છું કે એ પ્રશ્ને સર્વે જનોનાં હૃદય ડોલાવી મૂકયાં હશે. પણ આપણને શું બબર એ તો બધાનાં હૃદય ચીરીને જોઇએ ત્યારેજ માલમ પડેતો."

"હું જે જવાબ આપીશ તે પુરતો વિચાર કરીનેજ આપીશ."

"જો ત્યારે સાંભળ મારો આ એકજ પ્રશ્ન છે "**નહિ કમાયા કોણ?**"

"બસ બાપુ બસ! આ તમારો સવાલ?"

"હાં હાં એ મારો સવાલ! તેનો શું આપે તું જવાબ?"

"હ્યો ત્યારે સાંભળો આ મારો જવાબ—

"અરે બરબર વિચાર કરીને આપજે. કંઇ બાવાનો બેલ નથી!"

"હાં હાં બાપુ હું સમજી છું અને આ તમારા પ્રશ્નના પ્રત્યુત્તરમાં "**નહી કમાયો હું**" સમજ્યા? આ ચોખ્ખોને ચટ જવાબ."

"એટલે એટલે શું તું બી..એ. થયોને કમાયો નહી?"

"હાં સાંભળો બાપુ હું શું કમાયો ને શું નહી કમાયો."

"ચાલ હું સાભળું છું તે બોલ."

"જુઓ હું પ્રથમ કમાયો કોણ એ સર્વેની તામોવલી ગણાવું છું."

કમાયા કોણ ?

(૧) વેપાર ઉદ્યોગમાં વહન કરી રહેલા સર્વે કમાયા.

(૨) હાંલ્લાં ઘડી રહેલાં કુંભારોએ પોતાના હાંલ્લાં માટીના વાસણોનાં ભાવ વધાર્યા એટલે તેઓ પણ કમાયા.

(૩) હજામોએ હજામતના ભાવ વધાર્યા એટલે તેમાં તેઓની વાળતોડ કમાણી વધી જો કે અસ્ત્રાના ભાવ વધ્યા, સાબુના ભાવ વધ્યા, પાઉડર વગેરે સરંજામના ભાવ વધ્યા તોપણ ડબલ રેટ જોતાં હજામોની કમાણીને ધક્કો લાગેલો જણાતો નથી એટલે તેઓ પણ કમાયા.

(૪) ખેતીવાડી જો આજે સુધરેલ દુનિયાનાં સુધરેલ (વીરેલ) યુવકોને કટાળો આપતી હતી, તે પણ આજે ધાન્ય વગેરે માલોના ભાવ વધી જવાથી લોકપ્રિય થઇ પડી એટલે તેના પણ ભાવ વધ્યા.

(૫) મજુરોના પણ ભાવ વધ્યા એ કહેવાની જરૂર નથી. તે સાથે દૂતણાં, દાટીયાં, ધાંચી, ધાંયજા, સુથાર, લુહાર, વગેરે આલમના ઉદ્યોગી નરોના ભાવ વધ્યા. કોઇ પૈસે માલદાર થયા તો મારા જોયા જેવા ખાઇ ખાઇને ઉંધી ઉંધીને ચિંતા તજી તાજા માજા થયા એટલે શરીરમાં ચરબી વધી એ પણ એક રીતે ભાવ વધ્યા.

(૬) બ્યાજુ શરાફી ધંધાના પણ ભાવ વધ્યા એટલે તમે પણ કમાયા.

(૭) અને આ છેલ્લો જવાબ સારી દુનિયાના નોકરો સિવાય સર્વે કમાયા ગ્રેજ્યુ.

હવે "નહી કમાયા કોણ ?" ના જવાબમાં પ્રથમ હું આપને જણાવી જાયો છું કે "નહી કમાયો હું" અને સાથે નોકરી કરતા નોકરો. પછી ભલે તેઓ પાંચ કે પાંચ હજારનો પગાર મેળવતા હોય કારણ કે:—

(૧) નોકરો નસીબ વેચી ચુકયા છે.

(૨) તેઓના ભાગ્યની ઉલટી મુઠ્ઠી તેઓના માલીકોના હાથમાં છે.

(૩) ભલે તેઓ પોતાને સ્વતંત્ર માને પણ તેઓ તો સદાના બંધાયલા પરતંત્ર, ડાયરા રૂપી સાંકળે જડાયલા જકડાયલા બંધન હાલતના કેદીઓ રૂપ છે.

(૪) નોકરો પોતાની કેટલીક વય વિદ્યા સંપાદન કરવામાં વ્યય કરે છે તદપિ તેઓની વિદ્યા ભાજી મૂળાની માફક અન્તરમાં આને શૂર વેચાય છે. એટલે તેઓ વિદ્યાનો દુરપયોગ કરે છે. વિદ્યા વધવાને માટે છે નહિ કે ઘટવાને માટે. માલ રળી જવાં જેમ માલની કિંમત ઘટે છે તેમ નોકરો. બાપુ, વિદ્યાર્થી મહો. નાખી તેના ભાવ દિનપ્રતિદિન ઘટાડવામાંજ પોતાની બહાદુરી અકકલ હુંશીયારી મરદ નથી દિલદાગરી ચીવટાણાજી આકલ બધી કે ભેંસ તો કહે કે ભેંસની માફક આગળ વધે છે.

(૫) નોકરો એટલા બધા ખુશામતીયા હોય છે કે કદાપિ જો શેઠ કહે કે તારાં ઝાડપર ગાય ચડી શકે તો નોકર કહેશે કે ગાય શું બકરૂં વાછરડું પણ દોડતું ચડી શકે.

(૬) નોકરો તંદુરસ્તીમાં પણ નહી કમાયલા જેવા એટલે હાડકાંનાં ભાંગેલાં ને ભેજાંનાં બાંધેલા હોય છે.

(૭) નોકરોને માટે આખર ઇજ્જત માન ઇરતબો, તાલ તડકો, રાત દહાડો, સુખ દુઃખ વગેરે સર્વે સામન અવળી ધાણીએ પીલાટ વિધિના તરફથી એક સરખાંજ બનાવી દેવામાં આવ્યાં છે.

બાપુ હવે તમેજ બોલો કે "નહી કમાયા કોણ ?" ઉપરોકત જવાબો આપી પરકરમંદ પોતાના પિતાને પ્રશ્ન કર્યો.

પુત્રના આવા અકકલવંત જવાબથી ચતુર ચકકર ભાઇ લાલમાં ખેલા થઇ ગયા અને પોતાના પુત્રને નોકરાપર નહી જવા કરતાં ગામની અંદર સેવ ભમરાની દુકાન કાઢવાનું કહ્યું. કારણ કે તેમાં પણ કમાણી રહેલી છે.

(હરિગીત)

હુનર અને ઉદ્યોગમાં, ગદ્‌ગદ બધા આજે થયા;
પ્રારબ્ધ ગયળાંનાં સીધાં, આ સમયપર કેના થયાં.
કાપ્પડ અને ક્ષોદાતણાં, વેપારીઓ મદ મ્હાલતા;
એ ખંત અને હિંમતતણા, પરિપક્વ ફળને પામતા.
મજુરી તણા ભાવો વધ્યા, માલો તણા ભાવો વધ્યા;
ખાવા તણી સઉ ચીજના, બસ-ના પૂછો ભાવો વધ્યા.
કોઇ ચીજના બમણા થયા, કોઇ ચીજના ત્રગણા થયા;
પણ એકના એક રલા, આ નોકરીના ના વધ્યા.
કહ્યું શ્રેષ્ઠ કૃષી કર્મને, મધ્યમ વણી વેપાર છે;
કનીષ્ટ રહી છે ચાંકરી, જ્યાં આખરી હાયે મળે.
કૃષિ કર્મમાં છે શયદો, વેપારમાં છે કાંયદો;
પણ શયદાની છે જગાપર, નોકરીમાં વાંયદો.
સર્વે કમાયા આજ કંઇ, મહેનતતણું ફળ મેળવ્યું;
પણ કે પડ્યા આ બકકમાં, જેનું અરે કંઇના વળ્યું.
" નોહ કમાયા કોણ ?" તે કહો તો ભલા સજ્જન તમો;
" નિજ નસીબ વેચ્યું નોકરે,
જેના કમાયા દોકડો."

યમુના.

સાતમી સદીમાં દિલ્હીની સમીપ એક મહારમણીય વન હતું. એ વનમાં એક ગોવાળનો નેસ હતો. તે નેસનો માલિક ગાયો ચરાવીને પોતાનો જીવન નિર્વાહ ચલાવતો હતો. તેની યમુના નામની એક પરમ સુશીલ અને સ્વરૂપવતી પત્ની હતી. તે પૂર્ણ પતિવ્રતા હતી. પોતાના પતિને ઇશ્વર તુલ્ય ગણી અત્યંત પ્રેમથી હંમેશ તેની સેવા-પૂજા કરતી હતી. બન્ને સ્ત્રી-પુરૂષ પ્રેમથી સદા પરિપૂર્ણ રહેતાં હતાં. ઇશ્વર તરફથી જે કાંઇ મળતું તેના ઉપર તેઓ સંતુષ્ટ રહેતાં હતાં.

એક દિવસ દિલ્હીનો યવન બાદશાહ કે જે ઘણો દુષ્ટ અને ક્રોધ હતો તે પોતાના અનુચરો સહિત તે નેસ તરફ શિકાર ખેલવા માટે સહસા પહોંચી ગયો. દુર્ભાગ્યથી તે નીચની દૃષ્ટિ યમુના ઉપર પડી ગઇ ! તેના રૂપ લાવણ્ય ઉપર તે મુગ્ધ થઇ ગયો. કામ પ્રદીપક દીર્ઘ ઉચ્છ્વાસ લેવા લાગ્યો. તેણે સતીનું સતીત્વ નષ્ટ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો.. અને પોતાના અનુચરોને ત્યાંજ મુકામ કરવાની આજ્ઞા કરી. વળી બે ત્રણ સિપાઇઓને ફરમાવ્યું કે તે સ્ત્રીને અહીં લઇ આવો. જો ન આવે તો બળાત્કારથી પકડીને લાવો.

હુકમનીજ વાર હતી. ત્રણ સિપાઇઓ તરતજ તે સતી પાસે પહોંચી ગયા અને પોતાના કર્કશ સ્વરથી કહેવા લાગ્યા:-બાદશાહનું ફરમાન છે કે તમારે અમારી સાથે આવવું.

સતી-સાધ્વી અબળા યમુના એ યમદૂતોને જોઇને ગભરાઇ ગઇ અને હાથ જોડી વિનતિ કરવા લાગી:-'તમે શું કહો છો ? મારે ક્યાં ચાલવાનું છે ?' એટલામાં એક સિપાઇ કે જે સ્વભાવે બહુ ક્રૂર હતો તે આંખો લાલ કરી કહેવા લાગ્યો:-"ચાલ, તને બાદશાહ બોલાવે છે. સર્વ વાતની તને ત્યાં ભાળતી મળશે, ચાલે છે કે નહિ ? અમે બળ પૂર્વક તને પકડીને લઇ જઇશું."

તે યવન સિપાઇનાં વચનોથી યમુનાને જેટલું દુઃખ થયું હશે તે અકથ્યજ છે. તે નમ્ર ભાવથી પુનઃ બોલી:-'ભાઇઓ ! થોડીવાર ઉભા રહો. મારા પ્રાણનાથ ગાયો ચરાવવા માટે વનમાં ગયા છે. તેમના આવ્યા પછી આપ જ્યાં કહેશો ત્યાં હું આવીશ. કૃપા કરી થોડીવાર અહીં થોભો.'

સિપાઇ એ સાંભળી કહેવા લાગ્યો–"તારે હમણાંજ ચાલવું પડશે. બસ ચુપચાપ ચાલ-મુંગે મોઢે આગળ થા નહિતો ચોટલો પકડીને ખેંચી જવી પડશે. અમે અહીં એક પળ પણ રહેવાના નથી." યમુના વારંવાર રડતા અવાજથી તે દુષ્ટોને વિનવવા લાગી પરંતુ તેઓને જરાપણ દયા આવી નહિ તે નરાધમો સતીને પકડી જવા ચહાતા હતા એટલામાં ગોવાળ ગાયો ચરાવીને પાછો આવ્યો અને સર્વ પરિસ્થિતિ જોઇ પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યો–"પ્રિયે! આ શું હકીકત છે? આ લોકો કોણ છે! અને તેઓ તને શા માટે પકડવા ઇચ્છે છે?"

યમુનાએ બે હાથ જોડી પોતાના પતિને સર્વ ઘટના કહી સંભળાવી. પરન્તુ શુદ્ધ હૃદયનો સાદો ગોવાળ એ યવનોનો આંતરિક ભેદ સમજી શક્યો નહિ. તે એ સિપાઇઓને કહેવા લાગ્યો–"ભાઇઓ! ચાલો; હું તમારી સાથે આવું છું. બીલકુલ નારાજ થશો નહિ આ એક કોમળ હૃદયવાળી સ્ત્રી છે; તેની ઉપર જોર–જુલમ ન કરો. હું આપની પાસે હાથ જોડીને વિનંતિ કરું છું કે જે કાંઇ આપ લોકોને કહેવાનું હોય તે મનેજ કહો."

સિપાઇઓ તુચ્છકારથી કહેવા લાગ્યા–'અરે તારું ત્યાં કામ નથી! તારી સ્ત્રીનુંજ કામ છે. અમે તેનેજ લઇ જઇશું. તારું કહેવું કાંઇપણ સાંભળવાના નથી.' તે સિપાઇઓમા એક કાંઇક દયાવાળો હતો તેણે પોતાના સાથિ-યોને કહ્યું:–'જોતો યાર! બસીકો પકડકર લે ચલો! બાદશાહસે કહદેંગે કિ વહ નહીં આઇ.'

ત્રણે જણા એવો નિશ્ચય કરીને તે ગોવાળને પકડી શાહી દરબારમાં લઇ ગયા. ગોવાળ હાથ જોડીને બાદશાહને કહેવા લાગ્યો:–'સરકાર! શું હુકમ છે?'

કામાગ્નિ–પીડિત બાદશાહે તેને કહ્યું:–'તારી સ્ત્રી જે બહુ ખૂબસૂરત છે તે મારે હવાલે કર. તે સુંદરી મને સોંપી દેવાથી તું સુખચેનમાં રહી શકશે. વધારે શું કહું? હું તને મોટી મોટી જાગીરો આપી માલ કરી દઇશ!'

વજ્રની સમાન વચન સાંભળતાંજ ગોવાળનું હૃદય કંપી ઉઠ્યું તે વિચાર કરવા લાગ્યો:–'હે ઇશ્વર! શું આ ધરામાંથી શુદ્ધતા ચાલી ગઇ! શું ધર્મ–કર્મ સૌ હવે ચાલ્યું ગયું? શું રાજા પોતાની પ્રજાનું પાલન આવી રીતે કરે છે! અસ્તુ ગમે તેમ થાય; પણ શુદ્ધ હૃદયનો જે હિન્દુ હશે તે એવા કુત્સિત કર્મને અનુમોદન આપવાનાં કદી પણ રાજી થશે નહિ. ભલે પ્રાણ જાય!!!' આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરી ગોવાળ કહેવા લાગ્યો:–"જહાંપનાહ! એ વગર બીજી આજ્ઞા સિવાય બીજી ગમે તેવી આજ્ઞા કરો હું તેનું પાલન કરવામાં તૈયાર છું. આપની નીચ ઇચ્છાને તો કદી પણ તાબે થનાર નથી ભલે મારા ગળા ઉપર આપ તલવાર ચલાવો."

ગોવાળનાં એ વચનો સાંભળતાંજ બાદશાહની આંખ રક્તવર્ણની થઇ ગઇ. તે ચીડાઇને કહેવા લાગ્યો:–'અરે કોણ છે? આ કાફિરને પકડીને કેદ કરો. પાંચ સિપાઇઓ જઇને તેની સ્ત્રીને પકડી લાવો. હું હમણાંજ તે સુન્દરીને ખુશ કરી આ હરામજાદાની ઘમંડ ઉતારી દઇશ' પરન્તુ એ દુષ્ટને એવો જરા પણ સ્વમાનો પણ ન આવ્યો કે આ એક ભારતની રમણી છે કે જ્યાં સતીત્વની રક્ષાને માટે સ્ત્રીઓ પોતાના પ્રાણને પણ તૃણવત ગણે છે!!

આજ્ઞાપાલન મળતાંજ અનુચર લોકો તે સતીને પકડી લાવવા દોડ્યા. બિચારી યમુના પોતાના પતિને આવવામાં વિલંબ થએલો જોઈ વ્યાકુળ થવા લાગી ઘડીમાં તે ઝુંપડી બહાર જતી તો ઘડીમાં પાછી આવતી. એમ પોતાનો પતિ નહિ આવવાને લીધે તે અકળાવા લાગી. એટલામાં બાદશાહના સિપાઇઓ આવીને કહેવા લાગ્યા:–'ચાલ, જલ્દી ચાલ.' થોડીવાર તો તે બિચારી શાન્ત રહી પણ તે દુષ્ટોના વધતા જતા અવિનયથી તેનામાં સહસા દૈવીશક્તિ

ઉત્પન્ન થઇ. તે ચંડિકા સમાન ભીષણ શબ્દે કરી કહેવા લાગીઃ-" દૂર બસો દુષ્ટો! જો જરા પણ શરીરને હાથ લગાડશો તો તમારા દુષ્ટપણાની સજા તરત ચખાડી દઇશ!!"

કોણ જાણે એ શબ્દોમાં શું વિલક્ષણ શક્તિ ભરી હતી કે તરતજ સર્વ સિપાઇઓ એકદમ દૂર બસી ગયા અને એક બીજાના મોઢા સામે જોવા લાગ્યા. થોડીવાર પછી યમુના તેમની સાથે ચાલી એટલે તેઓ એકઠા થઇ શાહી દરબારમાં આવી પહોંચ્યા. યમુનાને બાદશાહ સન્મુખ રાખી સિપાઇઓ ચાલ્યા ગયા. પછી તે કોકિલા વિનિન્દિત સ્વરથી બાદશાહને કહેવા લાગીઃ-"જહાંપનાહ! આ દાસીથી કયો અપરાધ થયો છે? મારો પ્રાણનાથ ક્યાં છે? મને તેમનો તત્કાળ મેળાપ કરાવો; પછી આપ જે આજ્ઞા કરશો તે હું શિરોધાર્ય કરીશ.'

બાદશાહ એ સાંભળીને કહેવા લાગ્યોઃ-પ્યારી દૂર! તારાથી કસુર થવી એ બિલકુલ અસંભવિત છે. દિલરૂબા, તારો શૌહર પણ અહીં મેહમાં છે. તારી ખૂબસૂરતા ઉપર હું મારો શાહી તાજ કુરબાન કરું છું. બ્યારી દૂર! હવે વિલંબ ન કર. મને સરબાર જામે વસલ પીવરાવ. બ્યારી મજા તું પણ લે અને મને પણ આપ." આ પ્રમાણે તે દુષ્ટ યવન બાદશાહે તે પતિવ્રતાને પોતાના વિચારો જણાવી પ્રલોભનમાં ફસાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ યમુના મૌન ધરી સર્વ સાંભળતી રહી. છેવટે જ્યારે તે ક્રોધાગ્નિનો તાપ ન સહી શકી ત્યારે કહેવા લાગીઃ-"બાદશાહ! તને વારંવાર ધિક્કાર છે! હવે મને માલમ પડે છે કે તું કેવા પ્રકારનો આદમી છે. અધમ! નારકી! સાવધાન થા. તારાં એવાં દુષ્ટ વચનો હવે હું સાંભળવા ચહાતી નથી. મારા પ્રાણનાથ ક્યાં છે? જલ્દી બતાવ. મારાથી હવે આ દુઃખ સહી શકાતું નથી." આ પ્રમાણે તે બાદશાહને કહેવા લાગી પરંતુ પોતાના સત્યથકી તે એક કણભર પણ પાછી હઠી નહિં. ધન્ય છે! એવી સતીઓના પ્રતાપથી અત્યારે પણ ભારતનું શિર ઉંચું છે.!!

બાદશાહ યમુનાને આવી રીતે પોતાનાં ધર્મમાં અટલ-અડગ જોઇ બોલ્યોઃ-" જો તું કહ્યું નહિ માને તો તારા ધણીને અહીં બોલાવી તારી સામેજ કત્લ કરી દઇશ."

યમુના ક્રોધથી અભિભૂત થઇ કહેવા લાગીઃ-" શું આવી ધર્મકરીઓ આપની એજ શાહીપણું છે? શું એક અબળાના સતીત્વને ભ્રષ્ટ-નષ્ટ કરવા ચાહે છે? સાવધાન થઇને સાંભળ. હું તો અબળા છું; પરંતુ પોતાના પાતિવ્રત ધર્મની રક્ષા કરવા માટે અમે ભારત લલનાઓ સબળા થઇ શકીએ છીએ. ધર્મને માટે પાણ પણ વેચી શકીએ છીએ. દુષ્ટ! શું તું મારા પતિનું અમંગળ કરી મને ધર્મ ભ્રષ્ટ કરવા ચાહે છે? તું આવી ભૂલ ન કર. મારા પતિના મરવા પહેલાંજ હું સ્વર્ગમાં જઇ મારા પ્રાણનાથના સ્વાગત માટે ઉભી રહીશ. તને હું વિનવું છું કે મારા પતિને તું દુઃખ ન દઇશ. જે શિક્ષા કરવી હોય તે મને કર. હું તારા પાસે ભિક્ષા માગું છું.

યમુનાની અટલા વિનવણી છતાં બાદશાહને દયા ન આવી. તે અત્યંત કઠોર હૃદયનો હતો. તેણે આગળ જે અમાનુષ કાર્ય કર્યું તે આજે-ખતા લેખિનો કંપે છે! તે કામાંધ બાદશાહે ક્રોધાતુર થઇ પોતાના અનુચરોને હુકમ આપ્યો-" તો હરામજાદા ગોવાળની આંખો ફોડી તેને અંધ બનાવો."

હાય! યમુના એટલું સાંભળતાંજ મુર્ચ્છા ખાઇ ભૂમિ ઉપર પડી ગઇ, પણ થોડીવાર પછી ઉઠી અતિ કાતર-દીન સ્વરથી કહેવા લાગીઃ-" જહાંપનાહ! મારી અબળાની તરફ જુઓ. મારો અપરાધ ક્ષમા કરો. ક્રોધને શાન્ત કરો હું હાથ જોડું છું." કિન્તુ એ સર્વ અરણ્ય-રૂદન હતું. તે સાધ્વી સ્ત્રી વિનતિ કરતી રહી એટલામાં અનુચરોએ તે ગોવાળને

લાવી અત્યંત નિર્દયતાથી નીચે પટકો દીધો અને તેની બન્ને આંખો ફોડી લીધી!

યમુના એ દૃશ્ય જોઇને ન ગભરાઇ. ન ચીસાઇ. કેવળ નિર્નિમેષ નેત્રોથી ગોવાળની તરફ જોઇ રહી. પુનઃ હાથ જોડી પોતાના પતિને કહેવા લાગીઃ-"પ્રાણનાથ! જીવનાધાર! તમને જોવાની મને બહુ લાલસા હતી; તે તમારું દર્શન મને થયું. હવે આપ આજ્ઞા કરો કે હું શું કરું! તમારી આ વ્યથા મારાથી જોઇ શકાતી નથી—સહી શકાતી નથી!!

ગોવાળે કરુણ સ્વરથી કહ્યુંઃ—પ્રિયે! જે તને ઠીક લાગે તે કર. હું તેમાં ખુશી થઇશ.'

તે સ્ત્રી પતિની આજ્ઞા મળતાજ ઝટ બાદશાહની પાસે પહોંચી જઇ કહેવા લાગીઃ—'શું તું મારી સાથે પ્યાર કરવા ચાહે છે?' આ પ્રમાણે બોલી તેણે બાદશાહની પાસે પડેલી કટાર ખેંચી લીધી, અને તેને બ્યાન બહાર કરી, મનમાં પોતાના સ્વામીનું ધ્યાન ધરી એકદમ પોતાના છાતીમાં ઘોંચી દીધી! સત્વર તેનો પ્રાણ પરલોકમાં ચાલ્યો ગયો! તે પોતાની કીર્તિ સંસારમાં રાખી જગતના પૃષ્ઠ ઉપરથી પ્રયાણ કરી ગઇ!!

ગોવાળનો જીવ પણ સ્વર્ગે જવાની તૈયારી કરી રહ્યો હતો. સતીના છેલ્લા નિશ્વાસ સાથે તેણે પણ પોતાનો અંતિમ શ્વાસ મૂકયો. તે પવિત્ર દંપતી એક સાથેજ સ્વર્ગારોહણ કરવા ચાલ્યાં!!

બાદશાહ તે વિલક્ષણ દૃશ્ય જોઇ ભયભીત થઇ ગયો. તેણે સત્વર પોતાનો મુકામ ત્યાંથી ઉઠાવવાની અનુચરોને આજ્ઞા આપી. કતિહાસકારો એ બાદશાહને ગોદીવંશના સિકંદરને નામે ઓળખાવે છે. સિકંદર બહુ ક્રૂર અને ઘાતકી ધર્માંધ રાજા હતો. તેને હાથે એવાંજ માઠાં કાર્યો થયાં છે. કહેવાય છે કે યમુનાના સ્વર્ગ ગમન પછી સિકંદરનું હૃદય પીગળ્યું હતું. જ્યારે જ્યારે તેને એ ઘટના યાદ આવતી હતી ત્યારે ત્યારે તેનું હૃદય ભયથી વિકંપિત થઇ જતું હતું. સ્વપ્નામાં પણ તેને કવચિત્ યમુનાની પવિત્ર મૂર્તિ દેખાતી હતી. માનવ હૃદયનો એ એક વિલક્ષણ સ્વભાવ છે કે પ્રત્યક્ષ પાપનાં પરિણામ જોયા છતાં એક વખત અધમ માર્ગે ચડેલું હૃદય સહસા તે માર્ગથી નિવૃત્ત થતું નથી. સિકંદરના સબંધમાં પણ તે નિયમ લાગુ પડયો હતો.

યમુના એક ગોવાલણી હતી અશિક્ષિતા હતી. પણ ધર્મપરાયણા હતી. પતિવ્રત ધર્મની રક્ષા માટે તેણે પ્રાણની પણ પરવા કરી નહિ! ધન્ય છે એવી ભારત લલનાઓને કે જેમણે પોતાના ધર્મની રક્ષા કાજમાં એક ક્ષણ પણ પાછી પાની કરી નહિ! ભારતનું ગૌરવ એવી વીર રમણીઓનાં ઉજ્જ્વલ ચારિત્ર્યોથીજ અખંડિત રહ્યું છે. જ્યારે પાશ્ચાત્ય સુધારાનું અંધ અનુકરણ આર્ય રમણીઓમાં પ્રવેશ પામશે ત્યારે એવી ધર્મ શ્રદ્ધા અચળ રહેશે કે કેમ એ સવાલ છે! પરંતુ જગન્નિયંતા પરમેશ્વરને અન્યથ પ્રાર્થના છે કે તેઓ ભારત લલનાઓને પતિવ્રતધર્મ પરાયણ રહેવાનું અપરિમિત બળ અને સામર્થ્ય આપે! કાળના પ્રવાહમાં એવી દેવવિભૂતિઓ ચાલી જાય છે પણ તેમનાં ચારિત્ર્ય અમરજ રહે છે!!

ધરવાળા (ધધુકા). } ધીરજ.

અવશ્ય મંગાવો?

ઝાડાનો મહાન ઈલાજ!

કુદરતી વનસ્પતિનું જંગલમાંથી ઉત્પાદન કરી તેની યોગ્ય માવજત સાથે કેટલાક સદ્ગૃહસ્થોએ અજમાવેલી, ઝાડાની અકસીર ગોળી! એક વખત અજમાવી ખાત્રી કરો!

ગોળી ૨૫, ની કિમ્મત વી. પી. સાથે ફક્ત રા. ૧।

લખોઃ- મ ગૌરીશંકર અંબારામ જોશી

ઠે. ઔષધાલય—રોજઃ ધધુકા મઝિ

કલિયુગી સન્તાન.

સંધ્યા સમયે સૂર્યનારાયણ ભગવાન પોતાનો રાજ અસ્ત્ર બન્દરી અસ્તાચળની તૈયારીમાં લાલ આકાશ બનાવી રહેલ છે. જન-સમાજ પોતાના ધંધાથી પરવારી ઘર તરફ ઉતાવળે જતા જણાય છે, અને પોતાના નિર્દોષ બાળકો સાથે ગમ્મત કરી, તેમજ વાળુ કરતાં વિનોદાર્થે વાર્તાલાપ કરી, શ્રમિત શરીરને વિશ્રાંતિ અર્પવાનો પ્રયત્ન કરી રહેલ છે અત્યારે એક લાઠ સીત્તેરની વચ્ચમાં ઝોલા ખાતી વૃદ્ધ ડોસી એક નાની પર્ણકુટીના ઓટલા ઉપર બેસી રૂ કાંતવાનો ચરખો રામ ભજનની સાથે ફેરવી રહી છે. આ વૃદ્ધ ડોસી વચમાં વચમાં રાજ માર્ગ તરફ પોતાની દ્રષ્ટિને બળાત્કારે પણ ઘણે દૂર સુધી ફેંકે છે. તેનું હૃદય અતિ ચિંતાગ્રસ્ત હોય તેવું જોતાની સાથે સમજાઈ જાય તેવી છાયા તેના મુખ પર જણાય છે. વૃદ્ધ ડોસીનું ભગજ અત્યારે ભારી ચિંતાયુક્ત વ્યાપારમાં મગ્ન બનેલું છે; તેવામાં સામેના બંગલાના વરંડામાં એક નવોઢા સ્ત્રીએ આવી પોકાર કર્યો-"બાજી! દીનકર મેળ બેસી ચુકયો છે, હવે તો ચરખો બંધ કરો. હવે કેટલી ઉમ્મર કાઢવી છે કે, આટલી મહેનત કરો છો? લ્યો, હું તમને મગની દાળનો ચેવડો આપું. તમને ચેવડો ભાવે છે? જરા ચેવડો ખાઇ પાણી પીઓ. તમને મારા સમ છે. લ્યો જરા લ્યો."

વૃદ્ધ ડોસી—બેટા! હારૂં સૌભાગ્ય અમર તપો! મ્હારા ઉપરની હારી અનુકંપાને હું સારી રીતે સમજુ છું. નકામા સોગન શા માટે કરાવે છે. મ્હને સોગન બિલકુલ પસંદ નથી. હું મ્હારા છોકરાને ઘરમાં આવ્યા સિવાય એક પણ અનાજનો કણ મુખમાં મુકનાર નથી. બેટા! એવી રીતનું ચલણ ચલાવ્યું હોત તો મોટી વહુના ગુલતા ખાવાં ખાતાં હયારનુંયે મ્હારૂં જીવન સમ્પૂર્ણ થઇ ગયું હોત! મ્હારો છોકરૂ કોણ જાણે અત્યાર સુધી કેમ આવ્યો નહિ? જરૂર આજ તે કોઇ પણ નોકરી ઉપર ચઢયો હોવો જોઇએ. શું મ્હારી દશા સદા આવી રહેશે!"

નવોઢા—'દયાવતી' નામની પાડોશણ તે એક ધર્મપાળી પત્નિ હતી. તેનો સ્વભાવ પરગજુ હોવાથી આ વૃદ્ધ ડોસી ઉપર તે બેહદ માયા રાખતી હતી. તેણે વૃદ્ધ ડોસીને ઘણું ઘણું કહ્યું, પણ ડોસીએ માન્યું નહિ. ફકત દયાવતીના આગ્રહથી ચરખો બંધ કરી દીધો. દયાવતીના બંગલામાં ગયા બાદ વૃદ્ધ ડોસી પાછી પોતાના છોકરાની ચિંતામાં પડી; પરંતુ બિચારા છોકરાને પણ આ વાતનું શું ભાન?

"હાનું બચ્યું, રમત કરતાં, ચોસ પારે જાણેજે;
શું? જાણે કે, ફરકી ઉઠે, માતનો જીવ ત્યારે?"

(ફલાપી)

માતૃ-હૃદય પુત્રને માટે કેવાં વલખાં મારે છે તે અનુભવીનેજ ખબર પડે. રાતના આઠ વાગ્યા, નવ વાગ્યા, પરંતુ છોકરૂ ઘેર ન આવ્યો, જેથી ડોસી દેવ દેવતાની બાધા માની ચિંતાતુર-હૃદયથી વૃદ્ધ નયનો દ્વારા ઉના અશ્રુ વર્ષાવવા લાગી! પાડોસીયો પણ પોતપોતાના ઘરમાં જઇ સુવા લાગ્યાં. દરેક સ્થળે શાન્તતાનું સામ્રાજ્ય પથરાઇ ગયું, પરંતુ આ બિચારી ભૂખથી પિડાતી વૃદ્ધ ડોસીને કૂર નિદ્રાએ આદરો આપ્યો નહિ! ડોસી બહાર બેસી બેસીને થાકી ગઇ. આખરે પોલીશ બાતાના પહેરેદારોએ 'બખરદાર'ના બોલ કરવા માંડયા જોથી વૃદ્ધ ડોસી પર્ણકુટીનું દ્વાર પાસી અંદર જઇ પથારી પર પડી. એટલામાં બહારથી પર્ણકુટીનું દ્વાર કોઇએ બખડાવ્યું. ડોસીએ

ઝટ પથારીમાંથી ઉઠી દ્વાર ઉઘાડયું–"મ્મ છોકરુ! આટલી બધી વાર કયાં ગયો હતો!".

છોકરુ—માજી! અંદર ચાલો, પહેલાં જરા ખાઇ લ્યો. પછીથી હું આપને મારો બધો વૃત્તાંત કહું છું.

વૃદ્ધ ડોસીએ છોકરુને બહાર જતી વખતે એક પૈસો આપ્યો હતો, તેના તે ચણા ખરીદી લાવ્યો હતો. જમાનાની પણ કેવી ખૂબી છે કે, આ ભારતવર્ષમાં પ્રાચીન સમયે એક પૈસામાં બે માણસ ભરી પુરી ખાઇ રહેતાં હતાં ત્યારે અત્યારે આપણી વાર્તાના બીચરા છોકરુને એક પૈસાના ફુલ સાડા પાંચ રૂપીયા ભાર ચણા મળ્યા હતા!!! જમાના, તારો પણ બલિહારી!!! અસ્તુ!!! જેમ તેમ માદિકરાએ પરમેશ્વર ઉપર વિશ્વાસ મૂકી ચણા ખાઇ જલપાન કરી લીધું. મા દિકરો અંધારામાં બેસીને વાત કરવા લાગ્યાં:–

"માજી! હું ઘેરથી નીકળી પ્રથમ આશા ભર્યો પુરાજીના દુકાન પર ગયો હતો. પરંતુ ભાગ્ય દેવીયે યારી આપી નહિ. તેઓએ કહ્યું કે, હાલમાં મંદામંદીનો જમાનો છે. એક કદીયાની નિકિ થતી નથી! મ્હારા જુના નોકરોનેજ નિભાવવા અતિ મુસકેલ છે. ત્યાંથી આવો નિરાશા યુક્ત જવાબ સાંભળી હું મ્હારા બાલ્યબંધુના મિત્ર 'ભગનલાલ' ની ઑફીસમાં ગયો તેઓએ કહ્યું કે, 'ભાઇ! ગઇ કાલે એક પટાવળાએ એક મહિનાની નોટીસનું ચબરાકું આપેલું છે તો. આવતે મહિને તેને તે નોકરી ઉપર હું મનના સુખી લગાડી શકું તેમ છું. ત્યાંથી નીકળી હું મ્હારા મામાજીના દવાખાના પર આવ્યો બિમારોની ભારે ગર્દી હતી. મામાજી એક બિમારને તપાસતા બહાર ગયા હતા ત્યાંથી હું નિરાશ થઇ ઉદાસ થતો હતો પરંતુ મોટામાઇ એક બિમાર કુસની વાતો કરતા કરતા દવાખાનાની અંદર ગયા. આ અપમાનને મેં નહિ ગણકારતાં આપણી દરિદ્રાવસ્થાનો વિચાર કરી મ્હોટા ભાઇના દવાખાનાનો પટાવાળો તેમની સાથે આવેલો હતો, તેને કાકાવાલા કરી અંદર સંદેશો કહેવડાવ્યો. પરંતુ જવાબમાં જે શબ્દો સાંભળવા પડયા તેવા શબ્દો આ દુનિયામાં કોઇ પણ મનુષ્યને સાંભળવા ન પડશો. હું મારા ભાગ્યને દોષવાન બનાવી ત્યાંથી રખડતો રખડતો ચાલી નીકળ્યો. આ વખતે સાંજ પડી ગઇ હતી. હું ઘેર આવવાની તૈયારી કરવા લાગ્યો, એટલામાં સામેથી કેટલાક પુરુષો તથા સ્ત્રીઓ ગાતાં ગાતા આવતાં હતાં, તેઓમાંના એકને પૂછતાં ખબર મળી કે નવી દિલ્હીમાં એક નવીન કામ ઉઘડયું છે તેમાં સેંકડો મજુરો કામ કરે છે, ત્યાં મજૂરી કરનારને કામની શી ઉણપ છે. આ પ્રત્યુત્તર સાંભળતાં મ્હારા હર્ષનો પાર રહ્યો નહિ. મેં આવતી કાલથી ત્યાં કામ કરવા જવાનો નિશ્ચય કર્યો. માજી! મ્હેનત કરતાં કંઇ છાર જવાનો નથી. ભૂખે છાર જતો રહે ખરો!" આવી રીતે છોકરુ પોતાની માને કહી મા શું પ્રત્યુત્તર આપે છે તે સાંભળવા બેઠી ટશે માના સામું ઇન્તેજારી હૃદયથી જોઇ રહ્યો.

વૃદ્ધ ડોસી—બેટા! 'પુરુષ પ્રયત્ન, ઇશ્વર કૃપા.'

પ્રિય વાચક વૃંદ! છોકરુની ઉમ્મર અત્યારે ૧૪ કે ૧૫ વર્ષની હતી. ગરિબ કુળમાં જન્મ થવાથી, કેળવણી, શિક્ષણ, મળ્યું નહિ હોવાથી તે બિચારો નિરક્ષર રહી ગયો હતો વૃદ્ધ ડોસીને બીજા બે મ્હોટા પુત્ર હતા–એકનું નામ આનંદ અને બીજાનું નામ સુખરામ હતું. આનંદની વય ૪૦ ઉપરાંત થી હશે. તેની પાસે ઇશ્વરના આપ્યા બે પૈસા હતા. બાળ બચ્ચે પણ સુખી હતો. સરાફ બજારમાં તેનું દવાખાનું હતું ઈશ્વરી કૃપાને લઇ તેનો ધંધો રાબેતા મુજબ રીતે ચાલુનો હતો, કમ-

તેવું લાગતું હતું. છોકરા કુટુંબમાં એક રામપ્રસાદ કરીને વૃદ્ધ પણ દેખનહાર માણસ હતો. ડોસીના દુઃખની દયા ખાતાં આજ્ઞામાં આવી જઈ વૃદ્ધ ડોસીના મોટા પુત્ર ડો૦ આત્માનન્દના દવાખાને જઈ પહોંચ્યો. ડોકટર સાહેબે તેનું સારી રીતે આદર સન્માન કર્યું, જમાનાને અનુસરી પાન-સોપારી સિગેરે આપી આવાગમનનું કારણ પૂછ્યું.

રામપ્રસાદ—ભાઇ! ગુસ્સે ન થાય તે આપને એક બે વચન કહેવાં છે તે કહું.

આત્માનન્દ—આપની સઘળી મતલબ હું સમજ્યો, છતાં આપને જે કહેવું હોય તો કહો. આપ જેવા સેંકડોનું સાંભળી સાંભળીને મારા કાન તો પ્રુટી ગયા (!)

રામપ્રસાદ—તો ભાઇ! એ વાતને અડિંમી પડતી મુકો 'મુએ વર ને ખાળી જાન' આપના કાન ફૂટે અને મારા જેવાના વચનની કિમ્મત ઓછી થાય. જે વાતમા બન્ને જણને નુકશાન તે વાતને જતી કરવી તે વધારે શ્રેય કર ગણાય. હું પણ આપને નારાજ કરવા નથી માગતો. જન સમાજની બત્રિશીયે આપનું ચઢેલું નામ, અને ડોસીના દુઃખની અનુકંપાએ મ્હારૂં-હૃદય મ્હને આપના પાસે ધસડી લાવ્યું. બાકી અહિં આવવામાં મ્હારો કંઇ સ્વાર્થ નથી. આ તો તમને લાભ ને મને યશ બગર ભલી આપિશ હોવાથી આ પગલું ભર્યું હતું. ઠીક સાહેબ! માફ કરજો. રજા છે?

આત્મનન્દ—શું કરું? આપના કહ્યાપણાને મ્હારે નથી જોઇતું. મ્હારૂં હિત મ્હને વધારે સૂઝે છે. પધારો પધારો. હવે આપનાં પગલાં એ વિષયમાં મ્હારા મકાન પર ન થયા પ્રમે તેવું હું ઇચ્છું છું.

પંડિત રામપ્રસાદ પોતાનું થયેલું અપમાન નહિ ગણકારતાં ડોસીના દુઃખ દુઃખનો વિચાર કરતાં ઉતરી ગયેલા ચઢેરે ત્યાંથી ચાલી નીકળ્યા. એટલામાં ડોકટર સાહેબને પટાવાળાએ આવી કહ્યું કે,—"આપને ઘરમાં બોલાવે છે.", આ વાકયને ડોકટર સાહેબે દેવ આજ્ઞા તરીકે તુર્ત અમલમાં મુકવા પેટ પકડીને ઘરમાં દોડી ગયા, અને જુએ છે તો ક્રોધે ભરાયલી દેવી માફક આરક્ત મુખારવિંદ કરીને બેઠી ચડિયા મ'તા માફક પોતાની પતિને જોઇ, ડરતાં ડરતાં પૂછ્યું—"કેમ?" આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાના બદલામાં એક ન્યાયાધીશની ઢબે સામે પ્રશ્ન તેમની પત્નિએ પૂછવા માંડ્યો—"ભક્ષા! એ કોણ વકિલ સાહેબ આવ્યા હતા?" ડોકટર સમય વર્તી પ્રત્યુત્તર નહિ આપતાં અવાક્ થઇ ગયા. પોતાના પ્રશ્નનો પ્રત્યુત્તર નહિ મળવાથી કમલ ક્રોધીત થઇ પુનઃકંઇક વધુ ઓછા પ્રમાણમાં એજ પ્રશ્ન ડોકટર સાહેબની પત્નિએ પૂછ્યો કે,—"બોલોને આ વગર પૈસાનો કોણ વકિલ આવ્યો હતો?" આ વખતે ડોકટરને લાચારાજ બની પ્રત્યુત્તર આપવોજ પડ્યો:—રામપ્રસાદ આવ્યા હતા."

"એમ કે? રામપ્રસાદ!" ડોકટર સાહેબને આ વાકય તુરતજ સમજી જવામાં જેવી રીતે ગણિક રીતે ડો૦ પત્નિએ કહ્યું હતું તે ઉપરથી પુનરાવલોકન માફક બે ચાર પ્રશ્નો થયા:—"વાહવા! શું પોતાના ઘરની વકિલાત કરતાં પોતે બાજ આવ્યા કે બીજાના ઘરની વકિલાત નામ લાભમાં ઘરવા લાગ્યા? આપ લાખ ચોલીશ બેઠા વ્યાજમાં ડૂબ્યાં" આ પ્રમાણે પોતાના પગ નીચે સળગતો અગ્નિ તો હોલવાતો નથી અને ભાઇ સાહેબ લંકા હોલવવા નીકળ્યા છે, હું તમને પોતાના ઘરની વકિલાત નથી આવડતી! હાય! હાય! દુનિયામાં એવા કેટલાએ નબોદ પડયા છે કે જેમને ઘરમાં બેઠાં પણ સુખથી બે ભાખરી સુધી રોટલો ખાવા દેતા નથી. પાંચડીબૂઆ એ પણ વિચાર નથી કરતા કે, આવા મોંઘવારીના વખતમાં પોતાના છોકરાનું કેમ પૂરૂં કરાય છે?" આજકાલની ફેશનની

થરાઈ ગઈ. તે ચિંતા યુક્ત વદનથી ગભરાઈ જઈ બોલવા લાગ્યા—" ભાઈ સાહેબ! તમારા વડિલ સંબંધનો મ્હારો સંબંધ આપની જાણ બહાર તો નથીજ; અને અત્યારે એ સંબંધથી મ્હારા મુખમાંથી કોઈ અનુચિત શબ્દ નીકળી જાય તો એ સંબંધને અવલંબી મ્હને માફ કરશો. " क्षमा विस्रब्धमूषणम् " કારણ કે ક્ષમા કરવી એજ વિરોતું ભૂષણ છે. ગઈ કાલ સાંજના પુવર હાઉસના કંપાઉન્ડ આગળ તમારા લઘુ બન્ધુ છોટુલાલને મેં જ્યારથી જોયો છે ત્યારથી તેની આર્થિકના વિષે મને અનેકાનેક વિચારો આવ્યા કરે છે. ઈશ્વરે તમને બે પૈસે સુખી બનાવ્યા છે. ગમે તેટલું તોપણ તે તમારો મ્હાનો ભાઈ છે. " કડવા કડવો લીંબડો, શિતળ ઝાડની છાય; બન્ધવ હોને બોલડો, પણ આપ્પર પોતાની માંય " આવા એક વખતના શ્રી રામચંદ્રના મુખના વચન છે, તો આ તો વગર કસુરનો તમારો બન્ધુ છે. લાચારીથી બીન ધણે રખડે છે. પોતાનું તેમજ માતોનું ઉદર કેમ ભરવું તેનો વિચાર કરતાં આખરે પુવર હાઉસમાં ભીખ માગવા રખડે છે. જમાનો બારીક છે તો કૃપા કરો તેને અને તમારી વૃદ્ધ માતાને તમારી પાસે રાખો તો ઘણી સારી વાત છે. અર્પાયિત ઉદર નિર્વાહને લીધે સેંકડો નહિ પરંતુ હજારો વ્યક્તિયો અધમાચાર કરે છે. બાબરૂદારના કરજન તેમ કરતાં કદી અટકતા હશે તો આત્મ હત્યા કર્યા સિવાય તો રહેતા નથીજ. આવી ગીતના અનેક વિચારો કરી તમારા ઉપર થયેલા તમારી માતાના અગણિત ઉપકારો વિચારી, તેઓને સુખી કરવા એ તમારો પ્રથમ ધર્મ છે. અર્વાચીન્સે માં, બાયબલમાં તથા કુરાન શરીફમાં પણ કરેલું છે કે, " મનુષ્યમાત્ર પોતાની સાત જીન્દગી સુધી પોતાની માની બાબતને કદાપિ પણ ઉપાયે નહિ તોપણ તે માતાની એક રાત્રીનો બદલો પણ વાળી શકનાર નથી. " તો જેણે તમોને જન્મ આપ્યો છે; તે તમારી માતા બૂખના દર્દે કરી અન્ય ધર્મ સ્વીકારે તો તેમાં તમને લાંછન નથી! "

સુખરામ—હાજી! હું બોલાવવાનીજ તજવીજમાં છું.

સરળ ને મમતાળુ હૃદય સુખરામને માર્મિક મર્મ ન સમજી શકાયું. કુદરતનો એક એવો અબાધિત નિયમ છે કે, સદ્‌બુદ્ધિ મનુષ્યોને દરેક જગાએ પવિત્રતાજ નજરે પડે છે. રામપ્રસાદને પણ સુખરામના શબ્દો અતિ પવિત્રતાજ ભરેલા લાગ્યા, તે વળી બોલવા લાગ્યા—"મારી બાબીનો શો બખરો છે? મારા ભાઇના ગુજર્યા બાદ તેઓનું શરીર પણ લેવાતું બાય છે. એ અત્યારે અહિં નથી રહેતાં! રામ! રામ!! ખરેખર! સ્ત્રીની બુદ્ધિ પાનીએ કહીએ છે તે અક્ષરસઃ સત્ય છે. તો ભાઇ સાહેબ! તમો તેઓને પણ તમારી પાસે રાખવાના હશો? ચા માટે નહિ? સજ્જન પુરુષોની એજ ફરજ છે.

સુખરામ—રામા. કહેવા મુજબ પ્રબંધ કરવાજ વિચારોમાં છું!

આ વખતે રામપ્રસાદ સુખરામના બોલવાનો વ્યંગ બરાબર સમજી ગયા અને તે વ્યંગને દૂર કરતા બોલ્યા કે,—"ઠીક! ભાઇ સાહેબ! મે આપના અમૂલ્ય વખતને રોક્યો તે માટે આપની ક્ષમા ચહું છું.

સુખરામ—આવા કંઇ વધુ ધિક્કારનાં વચનો કહેવા ના હોય તો કહી દેજો. મ્હને બીલકુલ ખબર નહોતી કે આપ આવા વગર પૈસાના વકિલ છો. પ્રણામ! પધારો!!!

પંડિત રામપ્રસાદ બિચારા દુઃખી હૃદયે પોતાનો બોજ સંભાળી લઇ બજાર બીજા ત્યારબાદ ગાનિમ—તંત્ર ચર્યા થવા લાગી કે, જરૂર કમાઉ છોકરા પોતાની વૃદ્ધ માતા તથા પોતાના મ્હાના બન્ધુનું ભરણ પોષણ કરવા રાજી નથી!

તો જાતિના આગેવાનો એ જાતિનો બંદોબસ્ત કરવા માટે એક જગાએ ભેગા કરી,

પંચાયત કરતાં એવો નિકાલ થયો કે બને ભાઇઓને જ્ઞાતિની સમક્ષ બોલાવી કોટુ તથા તેની વૃદ્ધ માતુશ્રીને ખાવા પીવાનો ખંડોમરત કરી આપે તેવું કહેવું પરંતુ આ બન્ને ભાઇઓ તો જ્ઞાતિની પણ પરવા રાખનાર નહોતા. પંચનો હુકમ તેઓને બોલાવવા ગયો, પરંતુ તેઓએ પંચમાં આવવાને માટે સાફ ના પાડી. જ્ઞાતિના કર્તાહર્તા પુરૂષો ઘણા સજ્જન અને ગૃહસ્થ વર્ગ પૈકી હોવા ચાર માણસમાં તેઓનું વજન પડે તેવા હતા. તેઓએ ઉદાર વૃત્તિથી બીજી વખત પંચ ભરવાનો વિચાર કર્યો.

જ્ઞાતિની વાડીમાં પંચ બેસું કરવામાં આવ્યું. પંચ બેસું કરવાનો વિષય આખી જ્ઞાતિમાં જાહેર થયેલો હતો, જેથી જ્ઞાતિના દરેક મનુષ્યો ત્યાં હાજર થયા હતા. દરેક વ્યક્તિની સલાહથી જ્ઞાતિના પૂજનિય, વયે વૃદ્ધ ગૃહસ્થ રામપ્રસાદજીને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું. પ્રમુખસ્થાને રામપ્રસાદની નિમણુંક થયા બાદ પોતાના જ્ઞાતિ ભાઇઓની સલાહથી ડોક્ટર આત્મારામ તથા કંટ્રાક્ટર સુખરામ અને તેના કનિષ્ટ બન્ધુ છોટુને બોલાવવા માટે એક જ્ઞાતિના સભ્ય મનુષ્યને મોકલવામાં આવ્યો. આ વેળાયે પણ આત્મારામ તથા સુખરામે પંચમાં હાજરી આપવા સાફ ઇન્કાર કર્યો. છોટુ જે કારખાનામાં મજુરી કરવા જતો હતો તે કારખાનું બાલુ ઠેકેદારથી ત્યાં કામ પર ગયેલો સભ્ય મનુષ્ય પાછો આવી પોતાને મળેલો પ્રત્યુત્તર જાહેર કરી પોતાની જગા પર બેઠો. સભાના પ્રમુખે ઉભા થઇ પોતાનું બોલવું શરૂ કર્યું:-

"પ્રિય આત્મબન્ધુઓ! આજ આપ સર્વને જે કારણથી અહિં બોલાવવાની તસ્દી આપેલી છે તે આપ સર્વે જાણો છે. છતાં વિદ્વાનને અનુસરતાં બે શબ્દમાં મારે જણાવવું જોઇએ, તે પ્રમાણે જણાવું છું. આ બાબતમાં દરકોઇને પોતાનો મત જાહેર કરવાની છૂટ આપવામાં આવે છે; અને અત્રે ભરાયેલા દરેક જ્ઞાતિ ભાઇઓની સલાહ-સમ્મતિથી આ વિષયનો ન્યાય આપવામાં આવશે:-

આપ દરેક ભાઇઓની જાણમાં છે કે, પંડિત મોહનલાલ પેન્શનર એક વિધવા તથા ત્રણ પુત્રોને પોતાની પાછળ મુકી ગયા છે. અને મહેનતા બને વડીલ પુત્રો સારી કમાઇ કરનાર છે, પરંતુ તેઓનો નાનો પુત્ર અત્યારે કમાવાને લાયક નથી. આ કનિષ્ટ પુત્રની સાથે તેની વૃદ્ધ માતા રહે છે. કમાઉ અત્રે બેઠેલા બે-દિકરાઓ મા-દિકરાને બીલકુલ સહાયતા કરતા નથી. અત્રે બેઠેલા કેટલાક સજ્જનોના મુખથી ઉપરથી આપ દરેકને માલુમ પડશે કે આ મા-દિકરાને બે ત્રણ ઉપવાસે માંડ માંડ પારણાં થતાં હશે આ બન્ને અનાથ જીવોની દયા ખાતર સજ્જનોએ બન્ને વડિલ પુત્રોને સમજાવવા માટે પોતાનાથી બને તેટલું કરી ચૂકેલ છે, પરંતુ રેતીમાંથી કંઇ નીકળે તે વાત હા, પણ આ બન્ને ભાઇના હૃદયમાં સહેજ પણ અનુકંપા આવી નથી. આપણી જ્ઞાતિમાં બે કમાઉ કુટુંબિ હોવા છતાં એક ખાનદાન ઘરનાં મનુષ્ય આવી રીતે ભૂખે મરે તે આખી જ્ઞાતિના ઉપર ખૂની અક્ષર કરી ભવિષ્યમાં જ્ઞાતિમાં મોટું નુકશાન પેદા કરવાનો ભય રહે છે, જેથી જ્ઞાતિના ઉદ્ધાર ભવિષ્યમાં થતી માઠી અસરને રોકવાની ખાતર આજ આપણી જ્ઞાતિની આ સભા ભરવામાં આવી છે. આપ સજ્જનોને જ્ઞાત હશે કે, અર્વાચીન પાશ્ચાત્ય સભ્યતાને દેખ દેખી અવિભક્ત કુટુંબના રીવાજને બદ મૂળથી નાબુદ કરવાનો નકામો સુધારો આપણી જ્ઞાતિમાં દાખલ કરવાનો આ બન્ને ભાઇઓનો વિચાર હશે પરંતુ પાશ્ચાત્ય સુધરા આપણા ભારતમાં કેટલા અંશે કરવા લાયક છે અને કેટલા ગ્રહણ કરવા લાયક નથી. તે વાતનો વિચાર આપ સજ્જનો કરી લેશો. અત્યારે આપણે

જે વાતનો નિકાલ કરવા બેગા થયા છીએ તે આપે સત્ય કહેવું પડે છે કે, સ્વાર્થી મનુષ્યો આજના બેગા થવાના કારણની વિરૂદ્ધ હશે, પરંતુ એ સ્વાર્થ ત્યાગ કરતાં જ્યાં સુધી આપણે નહિ શિખીયે ત્યાં સુધી તો આપણી જ્ઞાતિ કોઇ મહાભયંકર અનાચારો કરતાં શીખ્યા સિવાય રહેશે નહિ. અત્યારના મામલાને આપણી જ્ઞાતિ તરફથી બંદોબસ્ત નહિ કરીયે તો ભાઇભાઇનો સગો થનાર નથી, માતા પિતાની અધમ દશા થયા સિવાય રહેનાર નથી અને આખરે હિન્દુ શાસ્ત્રના કેટલાક રીતિ રિવાજોની સાથે સંયુક્ત કુટુંબોનું સુખ આપણે સદાને માટે ગુમાવી બેસીશું એટલા માટે આ વાતનો 'અત્યારથીજ પ્રબંધ કરી આ બન્ને ભાઇઓની નિન્દનીય વૃત્તિને આટલેથી રોકી લઇ જ્ઞાતિના મસ્તકપર આવી પડનાર ભવિષ્યની આકૃતમાંથી જ્ઞાતિને બચાવવી જોઇએ અને આ પ્રથાને બન્ધ કરવાને માટે આ બન્ને ભાઇઓને સખ્ત દંડ થવાની ખાસ જરૂર છે કે, આખી જ્ઞાતિમાં બોટી અસર થાય તેવાં બિજ તેઓએ વાવ્યાં છે. આ બાબતમાં શિક્ષા કરતાં અગાઉ પુનઃ એક વખત બન્ને ભાઇઓને સમજવા માટે એક સમાદની મુદત આપવી અને આ એક સમાદમાં આ બન્ને ભાદઓ છોકરુ તથા તેના વૃદ્ધ માતાના ભરણ પોષણનો પૂરતો બંદોબસ્ત ન કરે તો તેઓને જ્ઞાતિ દંડ કરવો કારણ આ વૃદ્ધ ડોસાની પંચાયત નહિ નહિ આ પંચાયત આપણી આખી જ્ઞાતિની માતાને માટે છે. બન્ને ભાઇઓ જ્ઞાતિ દંડ કબુલ કરવા તૈયાર હોય તો આપણા પંચ તરફથી આ વૃદ્ધ ડોસી તથા છોકરુના ભરણપોષણનો બંદોબસ્ત થવો જોઇએ. તેમજ છોકરુને આપણી જ્ઞાતિ ફંડમાંથી ગામની રાતીશાળામાં ભણવાની જેમ બને તેમ જલદીથી કોઇપણ સારા પંચે લગાડી દેવો એ આપણે દરેક જ્ઞાતિ ભાઇઓની પહેલી ફરજ છે"

ઉપરોક્ત ભાષણનો ઉકાપોહ જ્ઞાતિના બીજા બે સભ્યોએ કર્યો, ત્યારબાદ પ્રમુખના મતને દરેક જ્ઞાતિ બન્ધુએ સહાનુભુતી દર્શાવ્યાથી આત્માનંદ તથા સુખરામને જ્ઞાતિ બહાર મૂકી દઇ, વૃદ્ધ ડોસીને દરેક વ્યક્તિ પોતાના માતૃ સમાન સન્માન આપવા લાગ્યા; અને તેના નિર્વાહનો બંદોબસ્ત કરી આપવામાં આવ્યો.

આત્માનંદ તથા સુખરામે જ્ઞાતિના દરેક્ષા ચુકાદાને જાણ્યો ત્યારે તેઓ કહેવા લાગ્યા કે, અમારે જ્ઞાતિના બાપની પરવા નથી. કહેવત છે કે:—' નાગાનો પૂઠે આવળ ઉગ્યો તો કહે કે મને છાયા થઇ.'

(૪)

" આગ ! આગ ! ! નો પોકાર આખા નગરમા ફેલાઇ રહ્યો છે. પ્રત્યેક વ્યક્તિ આગ, આગનોજ શબ્દોચ્ચાર કરતાં એકબાજુ જોસબંધ દોડે છે. જ્યાં જુઓ ત્યાં એજ ચર્ચા, એજ ખબર. દરેક મકાનના છાપરા ઉપર જન સમાજનાં ટોળાં બેગાં થયેલાં નજરે પડે છે. રાજમાર્ગમાં જન-સમાજનો ભારે ભીડ જોવામાં આવે છે. પ્રત્યેક વ્યક્તિ દોડતાં દોડતાં એક એકને પૂછવા લાગ્યા કે,—" કયાં લાગી છે ? કોના ઘરમાં લાગી છે ? "

બજારમાં પશ્ચિમ દિશાનું આકાશ લાલચોળ બની ગયું, ધૂમાડાના ગોટે ગોટ આકાશમાં ઉંચે ચઢવા લાગ્યા. હજારો મનુષ્યોની ભીડ મોટી બજારની સમીપમાં જોવા લાગી. આ જગાએ ચાર પાંચ ગજલાનું એક મકાન અગ્નના પ્રચંડ સ્વરૂપમાં તાદાત્મ્ય થઇ રહ્યું હતું. અગ્નિમાં બળતા મકાનની આજૂબાજુ પ્રેક્ષક વર્ગમાં એક તરફ વૃત્તિના તેમજ કમ વૃત્તિના મનુષ્યો પોતાનો દાવ સાધવા ઉંચા ભારી રહેલા હતા, અને તેઓના દેખાવ ઉપરની કુરતીનો પોકાર હોય તેવો જોનારને અત્યારે લાગ્યા સિવાય રહેતો નથી. મોટાર ફાયરી (ઓટોમોબાઇલ) તેમ વિક્ટોરીયા વિગેરેમાં

યૂરોપીયન સાહેબ તથા મડમો પણ આ ભયંકર દેખાવ જોવાર્થે આવેલાં છે. આ પ્રચંડ આગનો દેખાવ દિલ્હી દરબારની રોશનાઇને પણ એક બાજૂ પર બેસાડે તેવો થયો હતો!

જોતજોતામાં દમ આતા પોલીસના સિપાઇઓ ત્યાં આવી પહોંચ્યા, અને મનુષ્યની ભીડને મહા પ્રયત્ને આઘીપાછી કરવા લાગ્યા. આ સમયે અગ્નિ દેવે ભીષણ સ્વરૂપ ધારણ કરી દીધેલું હતું. આખું મકાન આગમાં તારાજ થઇ જવાની તૈયારીમાં હતું ત્યારે આગ બૂઝવનાર ગાડાં આવી પહોંચ્યાં, નરમ પડેલા અગ્નિ ઉપર પાણીના મારો ચલાવા લાગ્યા. અને પાણીના જોપથી અગ્નિના તણખા ઉડવા લાગ્યા.

આગમાં સપડાયેલા ઘરનો એક બાજૂનો ભાગ અડધોપડધો હોલાયો નહિ હશે તેટલામાં એક મનુષ્ય પોલિસની નજર ચુકાવી આગમાં સપડાયેલા મકાનમાંથી બહાર આવી પહોંચ્યો અને જળના બમ્બાવાળાએ તે મનુષ્યની ઉપર એક સરખી રીતે પાણીના વર્ષાદ વર્ષાવવા માંડયો. તે મનુષ્ય જે ભાગમાં ચઢવા લાગ્યો હતો તે ભાગ પાણીના બેહદ મારાથી ખુલ્લો થઇ ગયો હતો. બહાર આવતાની સાથે એક ચારપઇ (ખાટલા) પર સુવાડી સરાફ અન્દરના દવાખાનામાં તેને લઇ જવામાં આવ્યો. અત્યારે આપણી વાર્તાના પરિચયી ડો૦ આત્મારામ પોતાના ઘરના ત્રીજા માળ ઉપર ચઢીને આગને જોઇ રહ્યા હતા તેઓએ નીચે આવી બળેલા કેશને તપાસવા લાગ્યા.

વસ્ત્રહીનું, બળેલા બદનને જોતાં ડો૦ આત્મારામના મુખમાંથી નીચેના શબ્દો નીકળ્યા. "આતો કોઇ સ્ત્રી જાતિ છે." લાસના હાથ-પગ ઢાંકેલા હતા. ડો૦ ઉપરનું વસ્ત્ર સંકેલી તપાસ કરવાનો વિચાર કર્યો તો તેઓએ શું જોયું? ડો૦ પોક મૂકી બોલી ઉઠયા–હાય! હાય!! આતો મારી મનુથી!!! જન્મદાતા માતુશ્રી! હું તારા પેટે પુત્ર કરતાં પત્થર કેમ ના પડયો? કે ધોબીને ઉપયોગમાં આવત! આટલું બોલવાની સાથે ડો૦ બેહદ ધૈયાફાટ રડવા લાગ્યા. આ વખતનો કરૂણાજનક દેખાવ ગમે તેવા પત્થરવત્ હૃદયને પીગળાવવાને બસ હતો!!!*

ધુલીઆ. } "સ્નેહયોગી"
તા. ૨૧-૧૨-૧૭ }

* પંડિત બાળકૃષ્ણ શર્માની એક હિન્દ વાર્તાને આધારે.

ગો મહા સભા. (કલકત્તા)

પહેલો દિવસ.

અખિલ ભારતવર્ષીય ગો મહા સભાની પહેલી બેઠક કોન્ગ્રેસના અરસામાં કોલેજ સ્કવેર યુનિવર્સિટી ઇનસ્ટિટયૂટ હોલ (કલકત્તા)માં થઇ હતી. પ્રતિનિધિયોની સંખ્યા ૬૦૦ કરતાં પણ વધારે હતી, જેમાં સઘળા પ્રાન્તોના લોક હતા. કોઇ કોઇ મુસલમાન સજ્જનોએ પણ હાજરી આપી હતી. પ્રેક્ષક વર્ગની સંખ્યા પણ ઘણી હતી. પ્રમુખનું સ્થાન કલકત્તા હાઇકોર્ટના વિખ્યાતપતિ. મેન જોન્સ ઉંડરહીલ. બાર-[illegible] આવ્યું હતું. પ્રારંભમાં સ્વાગત કમિટીના પ્રમુખે પ્રતિનિધિઓનું સ્વાગત કરતા મહા સભાની આવશ્યકતા ઉપર વિવેચન કર્યું હતું તેમજ બહારથી આવેલા તાર-પત્રો કે જેમ મહામભા તરફ સહાનુભૂતિ પ્રગટ કરવામ આવી હતી તે વાંચી સંભળાવ્યા હતા. ત્યા બાદ પ્રમુખ મહાશયે પોતાનું લખેલું ભાષણ વાંચી સંભળાવ્યું હતું બહ કલકત્તા કોરપોરેશનના ચરમેન પોતે બાયણ કર્યું હતું. અને મુન્શી ભગુનાથ વર્માની મંડળી તરફથી ભાષણ કરવામાં આવ્યું હતું.

બીજો દિવસ.

બીજે દીવસે પ્રમુખે નીચે લખેલો ઠરાવ રજુ કર્યો હતો.

૧. આ ગો કોન્ફરન્સ શ્રીમાન સમ્રાટ પ્રતિ પોતાની સંપૂર્ણ વફાદારી પ્રગટ કરે છે. તથા નામદાર વાઇસરાય અને ભારત મંત્રીનો આભારપૂર્વક સત્કાર કરે છે.

૨. ગોચર ભૂમિના અભાવથી સંખ્યાબંધ બળદ, ગાય તથા વાછરડા નિત્ય મરણ પામે છે. અને એટલાજ કારણથી દુધ ઘી વગેરે પૌષ્ટિક પદાર્થોનો પણ દુકાળ થયો છે. તથા આ સભા સરકારને અરજ કરે છે કે દરેક ગામ અને નગરની પાસે ગોચર ભૂમિને રાખવાને કાયદો પસાર કરવો અથવા તો બીજી રીતે યોગ્ય ઉપાય કે પ્રયત્ન કરવો.

એ ઠરાવ માનવન્ત લાલા દુઃખભંજન રસિંહે મુકયો હતો. અનુમોદન બાબુ અમૂલ્ય ધન અઢા તથા સમર્થન મણીન્દ્ર ચન્દ્રસિંહે કર્યું હતું.

૩. સારા સાંઢ નહિ મળવાનું કારણ ગાય બળદની નસલ (જાત) બગડી જાય છે તેને માટે મ્યુનિસીપાલીટીઓની ફરજ છે કે સાંઢોથી બીજું કામ ન લેતાં યોગ્ય સંખ્યામાં સાંઢોનું રક્ષણ કરવાનો પ્રબંધ કરવો. એ ઠરાવ રામ રક્ષપાલ સિંહે મુકયો હતો. ડો. ગેસવાલે અને ડાકટર એન એન. બોસે અનુમોદન અને સમર્થન કર્યું હતું.

૪. આ સભા અરજ કરે છે કે સરકારે બાદશે કેરી ફ્રૂટ બેલવા અને બીજા લોકોને બેલવાને ઉત્સાહ આપે તથા વૈજ્ઞાનિક બેતીને ઉત્તેજન આપે. એ ઠરાવ બંગ્લા જમના થઇએ મૂકયો, બાબા ભગવાનદાસે અનુમોદન આપ્યું અને મોહની અમીરચંદ, ડાકટર બી. સિંહ પ્રભૃતિ સજ્જનોએ સમર્થન કર્યું હતું.

૫. દુધ નહિ આપતી ગાયોને છોડી મુકવામાં આવે છે તેથી એવી શાળાઓ બેસતી જોઇએ કે જ્યાં બુઢ્ઢાં ઢોર લઇને ગાય બળદોને રાખવામાં આવે એવો પ્રબંધ જો શાળા અને પાંજરાપોળમાં પણ કરવો જોઇએ.

૬ રૂબાના ઉદ્દેશના પ્રચારને અર્થે એક કમિટી નીમવી. જેમાં સર જોન ઉડરફ. સી. એફ. પેન, બી. બી ચક્રવર્તી આદિને નિમવા.

ઉપલો ઠરાવ વૈદ્યનાથ મુકર્જીએ મુકયો અને ડાકટર સિંહે અનુમોદન કર્યું હતું.

૭. પ્રાદેશિક કમિટીઓ નિમવી. રો. નાયકે એ ઠરાવ મુકયો હતો. કે. સી. સિંહે અનુમોદન આપ્યું અને વી. સી મહારાજે સમર્થન કર્યું

અન્તમાં સભાપતિ સર જોન ઉડરફને ધન્યવાદ આપી કોન્ફરન્સ સમાપ્ત થઇ હતી.

(અપૂર્ણ.)

સાપના ઝેરની દવા.

ફાફડીઆ કંટારા, મેથી, અને કોઇ કોઇ વાડ ઉપર એક જાતની વનસ્પત થાય છે. તેને એક જાતનાં પાંદડાં આવે છે. ત્યાર બાદ તેની ઉપર ફટાકડી આવે છે, તે ફટાકડી જ્યારે પકવ થઇ સુકાઇ જાય છે અને ત્યાર પછી આપણે તેને તોડી મોંમાં ઘાલી ચુંક વતી ભીંજાવી સુર્યની સામે ધરી તાપ લગાડીએ, તો તરત કૂટી અંદરના બીઆં ઉડી જાય છે. એટલે તે કૂટી જતી હોવાથી ફટાકડી કહી છે. આ તેની નિશાની છે. કોઇ માણસને સાપ કરડે તો તે વનસ્પતિના પાંદડાં લાવવાં તેમાંથી મોટા માણસને કરડયો હોય, તો ૭ પાંદડાં જોડા સાથે મેળવી વાટીને સાત ગોળી વાળવી. તેમાંની દરેક ગોળી બે ત્રણ મિનિટને આંતરે ખવાડવી કે જેથી તરત તેનું ઝેર ઉતરી જશે. નાના છોકરાને ૩ પાંદડાં વાટી ગોળી ખવાડવી. પાંદડાં, ફટાકડી, બીઆંનો નમુનો અડધા આનાની ટીકીટ મોકલવેથી મોકલી આપીશું. લિ૦

સાંધીઅર (જીલ્લો ભરૂચ) } નરોતમભાઇ ધનજીભાઇ પટેલ.

સને ૧૯૧૪ના મુંબઈ, કાશી તથા ઉમરાવતીમાં
ભરાયેલાં પ્રદર્શનમાં ચાંદ મળેલો છે.
પ્રસિદ્ધ ડા૦ વામન ગોપાળનું
આયોડાઈડ.

સારસ્વા પૂરીલ્લા.

આ જગપ્રસિદ્ધ સારસ્વાપરીલ્લા એવા અનેક ઔષધોથી તૈયાર કરવામાં આવેલું છે કે, ઔષધો કોઈપણ કારણથી દુષીત થયલાં લોહીને શુદ્ધ કરી વૃદ્ધિ કરે છે. ગરમી, પ્રદર, સાંધાનું રહી જવું, મોઢામાં અને શરીરના બીજા ભાગોપર ચાઠાં પડવાં, સ્મરણ શક્તિ ઓછી થઇ જવી, શરીરપર ફોલ્લા થઇ આવવા, મોઢામાં તથા ગળામાં કાણાં પડવાં, નાકનું બેસી જવું, શરીરનું સુજી આવવું, કળતર થવી, ખુજલી, ખરજ, ગજકરણ, હાથપગમાં બળતરા થવી, મોઢામાંથી વાસ નીકળવી, લાળ પડવી, દાંતના પાશનું સુઝવું. દાંતનું હાલવું, તેમાંથી લોહી વીગેરે નીકળવું એ સર્વે પ્રકારના રોગોપર આ ઔષધ ઘણુંજ ઉપયોગી થઇ પડયું છે.

કુદરતી વનસ્પતિનું જંગલમાંથી ઉત્પાદન કરી તેની યોગ્ય માવજત સાથે કેટલાક સદ્ ગૃહસ્થોએ અનુભવેથી, ઝાડાની અકસીર ગોળી! એક વખત અજમાવી ખાત્રી કરો?

ગોળી ૨૫, ની કિમ્મત વી. પી. સાથે દક્ત રૂા. ૧

લખો:—મણીશંકર અંબારામ જોશી

ફે. ઔષધાલય—રાજકોટ ધંધુકા અઈને

હિન્દુઓની સંખ્યા વધારે છે. બેમજ ગાય શબ્દનું નામ સાંભળીને પણ કેટલાક મનુષ્યોના મનમાં સન્દેહ ઉત્પન્ન થયો છે પરન્તુ એ સન્દેહ વિના કારણ છે. જો બાતરી પૂર્વક પશુઓની સંખ્યા અને તેની ઉન્નતિ કરવામાં આવે તો-જે લોક ગોમાંસ ભક્ષણ કરે છે, તેમને માટે પણ બીજા અધિક પશુ મળશે. ગમે તે જાતિનો હોય હિન્દુ મુસલમાન બ્રાહ્મણ પરન્તુ દરેક લોક જે વિષયનો વિચાર કરીએ છીએ તેની સાથે કંઈ ને કંઈ તેઓને પણ સંબંધ છે. કેટલાક લોક ગાયને ખાદ્ય પદાર્થ માને છે. પરન્તુ સઘળા લોકોને માટે ગૌ દુધ, ઘી અને બ્રાહ્મણનો બાપ છે. બીજા દેશોની પેઠે આ દેશમાં પણ દુધ બાળકોનો મુખ્ય ખોરાક છે. ગોટી ઉમરના પણ ઘણા મનુષ્ય દુધ ઘી અને બ્રાહ્મણનો ઉપયોગ કરે છે. ચાહની સાથે પણ (કે જેની ખપત દીવસે દીવસે વધતી ચાલી છે.) દુધનો ઉપયોગ થાય છે. બીજી આ પશુ એક વાત છે કે ભારતમાં બધી જાતના લોક મીઠાઈઓ બનાવવા પણ દુધનો બહુ ઉપયોગ કરે છે. આ દેશમાં બધા મનુષ્યો બળદોથી હળ ખેડે છે, ઘોડાથી નહિ. હમારી કમિટીઓમાં બ્રાહ્મ મુસલમાન બન્ને સંમીલીત છે. મુસલમાન-ભાઇ વિશેષ ધન્યવાદને પાત્ર છે, કેમકે એ લોક હિંદુઓને સાહાયતા કરવાનાં કરી બાર જ્યારે ગાયનું નામ સાંભળીને સંદેહવશ થઇ હટી રહ્યા નથી. આ કોન્ફરન્સ એના સઘળા સભાસદોને એમની સહાયતાને માટે ધન્યવાદ આપે છે. અને પ્રમુખ તરીકે સભાને યાદ દેવડાવું છું કે જે શરતોથી હિંદુ વિધવાના સભાસદોની સહાનુભૂતિ મળી છે તે શરતોનું પાલન કરું. શરતોએ છે કે. કોન્ફરન્સનો જ્યે જ્યો સુધી સંબંધ છે. ત્યાં સુધી આર્થિક દૃષ્ટિથી બધા વિષયોનો વિચાર એથી સ્પષ્ટ થાય છે કે બધું પદાર્થ માની ગૌની રક્ષાને અર્થે વિચાર ન કરતા એની દુધ ઘીની વૃદ્ધિના દ્રષ્ટિ લક્ષમા રાખી ગો-વંશની ઉન્નતિનો વિચાર કરવો.

કેટલાક વર્ષ પર પેઢે પરદેશી પ્રોફેસર મારા હિંદુસ્થાની મિત્રની સાથે રથાનીક મેદાનોમાં ફરતા હતા ત્યાં નાના દુબલા અને વાંકા ડીંગડાવાલા દુબલા પતલા કેટલાક પશુ તેમને દુર્બાગ્ય વશાત આપણે જોઇએ છીએ ચરતા હતા. પ્રોફેસર મહાશયે કહ્યું કે આ દેશ એવી બરબાદ હાલતમાં આવી ચુક્યો છે કે અહીંઆની ગાયોને શીંગડા પણ ઉગતા નથી. આવું બોલવું બરોબર યુક્તિ યુક્ત છે. દેશની જે જાતી ઉત્તમ હોય છે તેજ, દેશ ધન ધાન્યથી પરિપૂર્ણ છે. જે વ્યક્તિ કે વિષયની બોજ કરે છે તેને દરિદ્રતા અજ્ઞાન ગલ્લત અને કોઇ કોઇ કેસોમાં અત્યાચાર ભોગવે છે. કેટલાક કોઇ જગાએ સદ્‌ભાવ સત્‌સંકલ્પ અને મનુષ્યત્વ દેખાય છે. એની સાક્ષી આ દેશની ગોશાળા પાંજરાપોળ આપે છે. એની સંખ્યા પચ્ચ લગભગ છે. પરન્તુ એમાં પણ સુધારાની જગા ... ગૌ મહત્વના વિષયમાં મોટી મોટી વાતો થયા છતાં પણ ગલ્લત અને અત્યાચાર દેખાય છે. ગોવાળોનો ધૂણા તથા અમંત્ર અત્યાચાર પૂર્ણ વર્તન તેનું હલકામાં હલકું ઉદાહરણ છે.

અપૂર્ણ.

જાહેર ખબર.

અમારે ત્યાં સુંદર કબરથો બનાવેલી સીંગલ લાઇન તથા ડબલ લાઇનની જરૂરીયાત એકસરસાઇઝ બુકો તથા બ્લુ, લાલ શાહીનાં બરીકાં મળશે.

લખો:—ચંદ્રશંકર ડાહ્યાભાઇ રાવલ

સામરવામી ગાડીખાતા, કરાંચી

દરેક જાતનાં દાન આપવાનું સુપાત્ર સ્થાન.

હિંદુ અનાથ આશ્રમ

નડીયાદ.

આખા હિંદના હિંદુ જાતીનાં અનાથ બાળોને પાળવામાં આવે છે. વ્યવસ્થા માટે જાહેર પુરૂષોના ઉત્તમ અભિપ્રાય મળેલા છે.

રૂ. ૪૦૦) આપી દેશભક્ત મરહુમ ગો. મી. ગોખલેના સ્મારકમાં બંધાતા કેળવણીના હોલ સાથે એક ઓરડી બંધાવો. ગોખલેના નામ સાથે અમર નામ કરો.

રૂ. ૨૦૦) માં દર વર્ષે એક દિવસ દાતાના નામથી ભોજન અપાય છે આરસની તખ્તીમાં નામનું સ્મારક રખાય છે.

રૂ. ૨૫) માં ભોજન અપાય છે—બોર્ડપર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારાનાં નામ લાઈફ રીપોર્ટમાં પ્રગટ થાય છે.

દાન મોકલી રીપોર્ટ મંગાવો—દરેક જાતના દાનની જરૂર છે.

મંત્રી—

હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ.

ઉંઝા આયુર્વેદિક ફાર્મસી.

સ્થાપન ૧૮૯૪

કારખાનું ઉંઝા

પ્રા. પાટણ.

કાઠીઆવાડ એજંટ

નારાયણલાલ હલસુખરામ

વીરમગામ.

દ્રાક્ષાસવ.

આ દ્રાક્ષાસવ મનમોને શાંત કરી દરેક દરદોનું મુળ ને કબજીઆત તેને દુર-કરી દરદ સાફ લાવી કકડતી ભુખ લગાડે છે, ગાઢી ઉંઘ લાવે છે. રક્તપિત્ત, અમ્લપીત, ક્ષય, લોહી વીકાર વિગેરે અનેક દરદોને નાબુદ કરી અદ્ભુત શક્તિ આપે છે.

કિ. આ. બેકના રૂ. ૧)

અકલ્પધ્વજ યાકુતી.

(ય કુતીનો રાજા)

આ ય કુતી જુવાનીમા જુદા પા જેવા થયેલા શરીરને ખાત્રીપુર્વક નવા જુવાન બનાવી કુદરતી બક્ષીસ જેવી અલોકીક શક્તિ આપે છે. વંશ પરંપરાની જુની યાકુતી છે. આજકાલની નવીન નકલી બનાવટથી આ યાકુતીમાં કીમતી વસ્તુઓનો સમાવેશ કર્યો છે. કિ. ગો. ૪૦ની આ. કના રૂા. ૧૦)

કે. મિ-રોસ સ્ટ્રીટ, કેશવ બીલ્ડીંગ, મુંબઈ ૨,

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ

ધન્વન્તરિ વર્કસ
એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

ભંડાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય. કબજીયત રહેતી હોય અને Dyspepsiaનો ચકરિરકાજ. વ રતલની બાટલીની કીંમત રૂા. ૧.

અચવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ભરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ ગ્રન્થ સિદ્ધાંત પ્રમાણે છે. અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે.

રતલ દીની બાટલીના કીં. રૂ. ૩૫

ધોળકાનાં સુવિખ્યાત વૈદ્ય જાફરભાઈ

જીવણભાઇની રામબાણ દવાઓ

રૂા૦ ૫૦૧નું ઈનામ,

શુક્રસંજીવની ગુટીકા

દરેક માણસ સમજે છે કે ધાતુની મજબુતીથીજ શરીરની શક્તિ અને મજબુતી કાયમ રહે છે, આથી જીવનરૂપ ધાતુમા કોઇ પણ કુટેવદ્વારા કે અનિયમીત રીતે ગેરઉપયોગ કરવાથી શરીર નિર્બળ થઇ જઇ કબજીયાત, વાંસાનું ફાટવું, ચક્કરનું ફરું પડી જવું જ્ઞાનતંતુઓની નબળાઇ, થોડી મહેનતે વધારે થાક લાગવો, મગજનું ખાલી પડી જવું, બેચેની, કામ કરવા ઉપર કંટાળો, હોજરીનો બિગાડ, યાદશક્તિનું કમી થવું, ઉપરમ, ક્ષય શ્વાસ વિગેરે વિગેરે અનેક રોગો ઉત્પન થાય છે. રોગો અને તે સિવાય ધાતુ બિગાડથી થયેલા તમામ દરદોનો નાશ કરી શુક્રસંજીવની ગુટિકા કાયમનું પુરૂષત્વ બક્ષે છે, તેમજ પાચનશક્તિ ને સુધારી દરદને સાફ લાવી કોઇ પણ રસ્તેથી જતી ધાતુને અટકાવી ગમે ને કારણથી પ્રાપ્ત થયેલી નાનાંનો નાશ કરી શક્તિ અને વિર્યને વધારી શરીરને મજબુત કરી પરિપૂર્ણ મરદાઇ બક્ષી એ તેનો મુખ્ય ગુણ છે. છતાં કોઇ શખ્સ સાબિત કરી આપશે કે શુક્રસંજીવની ગુટિકામાં શક્તિ અને વિર્ય વધારવાનો ગુણ નથી તો તેને રૂા૦ ૫૦૧નું ઈનામ આપીશું.

શીશી ૧૫૦ની ડબ્બી ૧ની કીં. રૂા. ૨–૮–૦

તાજુબી ગોલ્ય તિલો.

ગમે તે કારણથી નરમ પડેની ગુપ્ત ભાગની રોગો ઉપર આ તિલાને માલેસ કરવાથી કરીથી ટટાર બની રોગોની કમજોરી દૂર થાય છે.

કીંમત શીશી ૧નો રૂા૦ ૨—૮—૦

રૂા૦ ૫૦૧નું ઈનામ,

જવરહર—ગુટિકા.

અમારી જવરહર ગુટિકાથી દરેક જાતનાં તા ન જાય તો લીધેલા પૈસા પાછા આ મને ચોથીઓ તાર નથી જતો એવું સાબિત કરનારને રૂ. ૫૦૧નું ઇનામ આપીશું

ગોળી ૬૪ની ડબ્બી ૧ના કીં રૂ. ૧–૦–૦

તદ્દન મફત.

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક—નઠારી સોબત અને બરાબ વિચારોથી મનુષ્યને શરીરની પાયમાલી કરનારી કુટેવો પડે છે. તેવી કુટેવોમાંથી મુક્ત કરવામાં આ પુસ્તક એક સાચા મિત્રની ગરજ સારે છે અને તંદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય, ઉમદા વિચાર અને સંપુર્ણ સુખ મેળવવાના અમુલ્ય સાધનો બતાવે છે ને સીવાય અમારો અકસીર દવાઓની સંપુર્ણ માહિતી મળે છે ફક્ત એક પોસ્ટ કાર્ડ લખવાથી તદ્દન મફત મોકલવામાં આવે છે

પરમીઆની અકસીર દવા.

આ દવા ગમે તે કારણથી થયેલ અને ગમે તેટલી મુદતનાં તેમજ કોઇ પણ જાતની પરમિયાનો જડમૂળમાંથી નાશ કરી તન્દુરસ્તી સાથ તાકાત આપે છે અને થતી બળતરા, ચાલતું પરૂ, (રસી) સાંધાનો અને પેઢુનો દુખાવો, કળતર, નિચેની રગમાં થતી પીડા, પાતળી પડેલી ધાતુ, ટીપે ટીપે આવતો પેશાબ પરના માર્ગ નો સોજો, વગેરે દરદો અને આ સીવાય પરમિયાથી થયેલા તમામ દરદોનો ટુંક વખતમાં નાશ કરી આવેલી નિર્બળતાને દુર કરી શરીરને શક્તિ આપે છે.

ડબ્બી ૧ની કીંમત રૂા. ૨—૮—૦

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક મંગાવી વાંચો

આગાની દરેક દવાની માહિતી માટે ધાતુપુષ્ટિ નામનુ પુસ્તક મંગાવી વાંચો.

વૈદ્ય જાફરભાઇ જીવણભાઈ આરોગ્ય વર્ધક ઔષધાલય-મુ૦ ધોળકા—(ગુજરાત)

CAUTION

CAUTION is however required when ordering not directly please see that the bottles contain our Trade-Mark ACHING-HEAD. The wonderful success of ***Dr. G. B's Medicated Snuff*** has given rise to many worthless imitations. REFUSE of THEM ! they will not give your customers the same degree of satisfaction and the substitute may be valueless for the purpose for which you have purchased it or composition is positively harmful.

Avoid substitutes also write for Free Sample.

Guru Basava & Co:

Snuff Manufacturing Proprietors.
Madras E. C.

ખાસ સુચના.

ડાકટર જી. બી. ની ઔષધિ તપખીર

ગમે તે કંપની પાસે ન લેતાં કોઇપણ દુકાનદાર પાસે વેચાતી લેતાં તેં તપખી રની શીશીપર તેમેા ટ્રેડમાર્ક (માથું દુઃખવું) તપાસી લેવા બદલ ખાસજી રાખવી કારણ આજ ઘણા વર્ષના અમારા અવિશ્રાંત પરિશ્રમને લીધે તથા નિષ્કલંક પ્રસિદ્ધિને લીધે આ તરફ ઘણુએાએ અમારી નકલ કરેલી છે પરન્તુ એ નકલી તપખીર કંઇ કામની ન હેાઇ જે માટે આપણે વેચાતાં લઇએ લીએ તે ફાયદો ન થતાં ઉલટું નુકસાન થવાનેા ઘણેા સંભવ છે. તે માટે એવા નકલી માલથી સાવધ રહેા. અને અમારી નમૂનાની શીશી મફત મંગાવી ખાત્રી કરી જૂએા.

ગુરૂ બસવા એન્ડ કુપની

પોસ્ટ બોકસ નં૦ ૫૧૦ મદ્રાસ ઇ. સી.

સને ૧૯૧૪ના મુંબઈ, કાશી તથા ઉમરાવતીમાં
ભરાયલાં પ્રદર્શનમાં ચાંદ મળેલો છે.

પ્રસિદ્ધ ડા૦ વામન ગોપાળનું

આયોડાઈડ.

સારસાપરીલા.

આ જગપ્રસિદ્ધ સરસાપરીલા એવા અનેક ઔષધોથી તૈયાર કરવામાં આવેલું છે કે, ઔષધો કોઈપણ મરજથી દુષીત થયલાં લોહીને શુદ્ધ કરી વૃદ્ધિ કરે છે. ગરમી, પ્રદર, સાંધાનું રહી જવું, મોઢામાં અને શરીરના બીજા ભાગોપર ચાઠાં પડવાં, સ્મરણ શક્તિ ઓછી થઇ જવી, શરીરપર ફોલ્લા થઇ આવવા, મોઢામાં તથા ગળામાં કાણું પડવાં, નાકનું બેસી જવું, શરીરનું સુજી આવવું, કળતર થવી, ખુજલી, ખરજ, ગજકરણ, હાથપગમાં બળતરા થવી, મોઢામાંથી વાસ નીકળવી, લાળ પડવી, દાંતના પારનું સુજવું દાંતનું હાલવું, તેમાંથી લોહી વીગેરે નીકળવું એ સર્વે પ્રકારના રોગોપર આ ઔષધ ઘણુંજ ઉપયોગી થઇ પડયું છે.

કીંમત સવા રૂપિયો. ટપાલ ખરચ ૭ આના. સારો ગુણ આવવા માટે ચાર બાટલાઓ લેવી જોઇએ એકદમ ચાર બાટલી મંગાવનારને ૪॥ રૂપીઆ પડશે. ટપાલ અને બૅંગી ખરચ જુદું પડશે.

ધાતુ શક્તિ વર્ધક અત્યંત પૌષ્ટીક ફોરફરસની ગોળીઓ.

માલેક, ડા. ગૌતમરામ કેશવ,

ગૌતમરામ કેશવનું ઔષધાલય,

ઠાકુરદ્વાર-મુંબાઇ.

અમદાવાદના એજન્ટ ગોકુળદાસ મોતીચંદપાસે મળશે.

લખો:-અમદાવાદ, ઘાંચીની પોળ.

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ ઈનામ.

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા આપીશું. જેથીઓ તાવ નથી ઉતરતો એવું સાબિત કરનારને રૂ. ૧૦૦) ઇનામ આપીશું કીમ્મી ૧ ની ફિ. રૂ. ૧-૦-૦ પોસ્ટ પરેજ નથી.

શક્તિ સજીવન.

શક્તિ સજીવનમાં શક્તિ લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવુ સાબત કરનારને રૂ. ૧૦૦) સો ઇનામ આપીશું. શરીરના તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. કીમ્મી ૧ ની કિ. રૂ. ૨-૮-૦ પરેજ નથી.

ધાતુ વિકાર.

ભયકર દરદોથી બચવું હોય અને તમામ દરદોની દવાથી માહિતગાર થવું હોય તો એક પૈસાનું કાર્ડ લખી ધાતુ વિશેનું પુસ્તક મફત મંગાવી લેવું.

વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજી

મુ. ધોળકા જી. અમદાવાદ.

શક્તિ માટે સૌથી સરસ

રોયલ ટોનીક

(ફાયદો ન થાય તો પૈસા પાછા)

શરીરમાં બેચેની, શરીર કૃશ રહેતું હોય, લોહી ઉડી ગયું હોય, મ શક્તિ ઘણી ગઇ હોય, વીગેરે ત પ્રકારનાં દરદો ઉપર આ રોયલ રામબાણ ઔષધ અકસીર ઉપાય છે.

બાટલીન. રૂા. ૨) ત્રણ બાટલીના રૂા. પા. પોસ્ટેજ ખરચ જુદું.

બગડેલા લોહીને સુધારવા માટે



(ફાયદો ન થાય તો પૈસા પાછા)

ગરમી, પ્રદર, માંધાતું રહી જવું, સ્મરણશક્તિ ઓછી થઇ હતી, ખુશ્કી, દાદર, શરીર પર ફોલ્લા થઇ આવવા, હાથ પગમાં બળતરા થવી, નબળાઇ તથા તેમજ લોહીના બીગાડથી થતાં તમામ દરદો ઉપર ખાસીજ ફાયદેમંદ દવા. કિ. પ્રીમત રૂા. પા. ત્રણ બાટલીના રૂા. ૪ પોસ્ટેજ અલગ જુદું.

બહારગામ માટે એજંટો જોઇએ છીએ.

લખોઃ—દલાલ એજન્સી, ફાલબાદેવી.

મલબારવાડી-મુંબઇ નં૨

વહેલો તે પહેલો (ક્ર સત્વર મંગાવી લ્યો.

સ્વામી રામતીર્થના સદુપદેશ.

ભાગ ૨ થી ૫નો એકત્ર ગ્રંથ—પુષ્કળ માગણીને લીધે ત્રીજી આવૃત્તિ છાપવા નીકળ્યો છે. મોટા (રોયલ આઠ પેજી) પૃષ્ઠ ૪૦૦, પાકું પૂઠું, રૂા. ૧॥ પો. ૦॥

ભાગ ૬ થી ૯ ત્રણ પુસ્તકમાં-આ બાકીના આગળ વિવિધ ગ્રંથમાળા દ્વારા નિકળેલા કોઈને તે માળાનાં અમુક સેટોની અંદરજ તે મળી શકતા; પરંતુ છુટી માગણી વધુ નિરંજનોને હવેથી છુટક પણ મળશે. ત્રણે ભાગમાં મળીને કુલ પૃષ્ઠ રોયલ સોળ પેજી ૧૦૫૦ છે. છુટક માટેની છાપેલી કુલ કિંમત રૂા. ૨॥– અને પાકાં પૂઠાં સાથે રૂા. ૪ છે તેને બદલે રૂા ૧॥– અને રૂા સેવાશે.

નીચલાં પુસ્તકો પણ ઉપલાજ કારણે અને ધોરણે હવે છુટક મળશે.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ.

ભાગ ૧-૨-૩-૪ ચાર પુસ્તકમાં-કુલ પૃષ્ઠ ૧૫૨૫, મૂલ્ય રૂા પાકાં પૂઠાં સાથે

ટુંકી વાર્તાઓ ભાગ ૨-૩-૪.

આ વાર્તાઓ સાંસારિક જોડપને બી પુરુષ, સ્ત્રી, સર્વને માટે અત્યંત બોધપદ છે. રમાં પડોશીઓમાં, સગાંમાં અને જ્ઞાતિ વગેરેમાં થાયતા કલેશ, કંકાશ, ખરાબ રૂઢીઓ વગેરે પર બહુ વાર્તાઓ પ્રકાશ નાખીને સચોટ અસર કરે છે. ત્રણે ભાગ જુદા જુદા બાંધેલા છે. ા પૃષ્ઠ ૯૨૫, મૂલ્ય રૂા. ૧॥ પાકાં પૂઠાં સાથે રૂા છે. તેને બદલે ૧॥–, અને ૨) સેવાશે.

બંકિમ નિબંધમાળા.

પ્રખ્યાત બંગ સાહિત્ય સમ્રાટ બંકિમચંદ્રના ઉચ્ચ વિદ્વત્તા ગંભીર, સમજ બોધપ્રદ પુષ્કળ લેખોનો ઉમદા સંગ્રહ. પૃષ્ટ ૫૮૦. કાગળ ૨૬, મૂલ્ય બાકી પાકું પૂઠું રૂ. ૧॥

પોસ્ટેજ સર્વનું જુદું. ટપાલમાં મંગાવનારે અમદાવાદજ લખવું. એ પુસ્તકે મંગાવ્યા છતાં ન આવે તો બદલામાં થયેલા સજ્જનોનાં કેમકે પ્રતો બહુ નથી.

સસ્તું સાહિત્ય કાર્યાલય. કાલુપોર્ટ્રોવી, મુંબઇ. ૨- ભદ્ર પાસે, અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તંત્રી દોલતરાય દાલ્ભાઇ દેશાઇ, સસ્તું સાહિત્ય આશીમ અબાડરોડ-સુરત
મુદ્રક ખપાટીઆ ચકલા, તાપવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જૈન વિજય

Reg No. B 910

संगः सतां किमु न मंगलमातनोति

पुस्तक ६ठुं. अंक ६ठो

। ॐ ।

वर्ष ६ठुं. सं. १९७४

सत्संग.

—विषयानुक्रम.—

विषय.		पृष्ठ.
१	मातृवन्दना (काव्य)	२३९
२	प्रासंगिक नोंध	२४०
३	दिवसमां गोथीतजानो हरकोभात कायदो ...	२४५
४ थी ६	कविताओ	२४७
७	बुद्धि स्वातंत्र्य अने सहिष्णुता ...	२४९
८	सज्जन अने मिथाडारनो सुधारो ...	२५१
९	हेणीतुं नाळियेर	२५३
१०	हृदय	२५८
११	पत्नीनो पश्चाताप	२६१
१२	प्रकीर्ण विषयो	२६३
१३	पुस्तक परिचय	२६६
१४	गो महा सभा (कलकत्ता) ...	२६७

श्री दुर्व्यसन निषेधक धर्म
कथा प्रबोधकअने नीतिव-
र्धक मंडळ तरफथी

प्रकट थतुं मासिक पत्र

वार्षिक
लवाजम
रु. १-०-०

आश्रय
स्थानोतुं

छपी अने प्रकाशः—

छोटालाल दाजीभाइ देसाइ.

વહેલો તે પહેલો (ઉ) (ઉ) સત્વર મંગાવી લ્યો.

સ્વામી રામતીર્થના સદુપદેશ.

ભાગ ૨ થી ૫ નો એકત્ર ગ્રંથ—પુષ્કળ માગણીને લીધે ત્રીજી આવૃત્તિ હાલમાં નીકળી છે. મોટા (રોયલ આઠ પેજી) પૃષ્ઠ ૪૦૦, પાકું પુઠું, રૂ. ૧॥ પો. ૭૮

ભાગ ૬ થી ૯ ચાર પુસ્તકમાં-ઓ ભારેમાં ભારે આગળ વિવિધ ગ્રંથમાળા દ્વારા નિકળેલ સેટમાંને તે માળાના અમુક સેટોની અંદરજ તે મળી શકતા; પરંતુ છુટી માગણી વધુ નિકળવાથી હવેથી છુટક પણ મળશે. ત્રણે ભાગમાં મળીને કુલ પૃષ્ઠ રોયલ સોળ પેજી ૧૦૫૦ છે. છુટક મારેની છાપેલી કુલ કિંમત રૂ. ૧૫૮- અને પાકાં પૂઠાં સાથે રૂ. ૪ છે તેને બદલે રૂ ૧૫- અને ૨॥ લેવાશે.

નીચલાં પુસ્તકો પણ ઉપલાજ કારણે અને ધોરણે હવે છુટક મળશે.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ.

ભાગ ૧-૨-૩-૪ ચાર પુસ્તકમાં-કુલ પૃષ્ઠ ૧૫૨૫, મૂલ્ય ૨૫- પાકાં પૂઠાં ૩૫-

ટુંકી વાર્તાઓ ભાગ ૨-૩-૪.

આ વાર્તાઓ સાંસારિક હોયને સ્ત્રી પુરૂષ, વૃદ્ધ, સર્વને માટે અત્યંત બોધપદ છે. ઘરમાં પડોશીઓમાં, સત્સંગમાં અને જ્ઞાતિ વગેરેમાં ચાલતા કલેશ, કંકાશ, ખરાબ રૂઢીયો વગેરે ઉપર આ વાર્તાઓ પ્રકાશ નાખીને સચોટ અસર કરે છે. ત્રણે ભાગ જુદા જુદા બાંધેલા છે. કુલ પૃષ્ઠ ૯૨૫, મૂલ્ય રૂ. ૬॥ ને પાકાં પૂઠાં સુધાયે ૨॥ છે, તેને બદલે ૧૫- અને ૨) લેવાશે.

બંકિમ નિબંધમાળા.

પ્રખ્યાત બંગ સાહિત્ય સમ્રાટ બંકિમચંદ્રના હાસ્યરસ, ગંભીર, તેમજ બોધપ્રદ પુષ્કળ લેખોનો ઉમદા સંગ્રહ. પૃષ્ઠ ૫૮૦. કાગળ રફ, મૂલ્ય ૧॥ પાકું પૂઠું રૂ. ૧।.

પોસ્ટેજ સર્વનું જુદું. ટપાલમાં મંગાવનારે અમદાવાદજ લખવું. એ પુસ્તક મંગાવતા છતાં ન આવે તો ખુલાસ થયેલા સભ્યનાં કેમકે પ્રતો બહુ નથી.

સસ્તું સાહિત્ય કાર્યાલય. કાલધોડવી, મુખ્ય, ૨. ભદ્ર પારા, અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તંત્રી દોલતરાય હાથીભાઇ દેશાઇ, સત્સંગ ઓફીસ અંબાજીરોડ-સુરત સુરત ખપાટીઆ ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જૈન વિજય

Reg No. B 710

संगः सर्वा विनु ह्र तेनत्मातनोति

पुस्तक ६ठुं.
अंक ६ ठो

। ॐ ।

चैत्र.
सं. १९७४

सत्संग.

—વિષયાનુક્રમ.—

વિષય.		પૃષ્ઠ.
૧	ગાનવન્દના (કાવ્ય)	૨૩૯
૨	પ્રાંસંગિક નોધ	૨૪૦
૩	હિંદમાં ગૌશીતળાનો પ્રવેશ અને ફેલાવો ...	૨૪૫
૪	થી ૬ વિનાશ્રી	૨૪૭
૭	બુદ્ધિ સ્વાતંત્ર્ય અને મતિમૂઢતા	૨૪૯
૮	લાભ અને મિતાહારનો ચુપારો ...	૨૫૧
૯	જોગીનું નાળિયેર	૨૫૩
૧૦	દુઃખ	૨૫૮
૧૧	પત્નીનો પ્રલાપ	૨૬૧
૧૨	પ્રકીર્ણ વિષયો	૨૬૩
૧૩	પુસ્તક પરિચય	૨૬૬
૧૪	ગૌ મહા સભા (કવિતા) ...	૨૬૭

શ્રી દુષ્કાળ નિવારક ઉંચ
દયા પ્રબોધકમંડળે નીતિ-
પુંજ મંડળ તરફથી.

પ્રસિદ્ધ થયું. આજીવન ગ્રાહક

વાર્ષિક
લવાજમ
રૂ. ૧-૦-૦

આજીવન
લવાજમ

સ્વામી રામતીર્થના સદુપદેશ.

ભાગ ૨ થી ૫ ના એકત્ર ગ્રંથ—પુષ્કળ માગણીને લીધે ત્રીજી આવૃત્તિ હાલમાં નીકળી છે. મોટા (રોયલ આઠ પેજી) પૃષ્ઠ ૪૦૦, પાકું પૂઠું, રૂા. ૧॥ પો. વા૯

ભાગ ૬ થી ૯ ત્રણ પુસ્તકમાં—આ ભારેમાં ભારે આગળ વિવિધ ગ્રંથમાળા દ્વારા નિકળેલા દોઢને તે માળાના અમુક સેટોની અંદરજ તે મળી શકતા; પરંતુ છુટી માગણી વધુ નિકળવાથી હવેથી છૂટક પણ મળશે. ત્રણે ભાગમાં મળીને કુલ પૃષ્ઠ રોયલ સોળ પેજી ૧૯૫૦ છે. છુટક માટેની છાપેલી કુલ કિંમત રૂા. ૧૫।૯ અને પાકાં પૂઠાં સાથે રૂા. ૪૦ છે તેને બદલે રૂા ૧૫।૯ અને રૂા સેવાશે.

નીચલાં પુસ્તકો પણ ઉપલાજ કારણે અને ધોરણે હવે છુટક મળશે.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ.

ભાગ ૧-૨-૩-૪ ચાર પુસ્તકમાં-કુલ પૃષ્ઠ ૧૫૨૫, મૂલ્ય રા૯ પાકાં પૂઠાં ૩૨૯

ટુંકી વાર્તાઓ ભાગ ૨-૩-૪.

આ વાર્તાઓ સાંસારિક હોદ્દાને સ્ત્રી પુરૂષ, વૃદ્ધ, સર્વને માટે અત્યંત બોધપદ છે. ઘરમાં પડોશીઓમાં, સભામાં અને જ્ઞાતિ વગેરેમાં ચાલતા દ્વેષ, કષાય, અણ ફાવ્યો વગેરે ઉપર આ વાર્તાઓ પ્રકાશ નાખીને સચોટ અસર કરે છે. ત્રણે ભાગ જુદા જુદા બાંધેલા છે. કુલ પૃષ્ઠ ૯૨૫, મૂલ્ય રૂા. ૫॥ ના પાકાં પૂઠાં સાથે રૂા છે, તેને બદલે ૫૯ અને ૨) સેવાશે.

બંકિમ નિબંધમાળા.

પ્રખ્યાત બંગ સાહિત્ય સમ્રાટ બંકિમચંદ્રના હાસ્યરસ, ગંભીર, તેમજ બોધપ્રદ પુષ્કળ લેખોનો ઉમદા સંગ્રહ. પૃષ્ઠ ૫૮૦. કાગળ ૨૬, મૂલ્ય ૧૫૯ પાકું પૂઠું રૂ. ૧॥

પોસ્ટેજ સર્વનું જુદું ટપાલમાં મંગાવનારે અમદાવાદજ લખવું. એ પુસ્તક મંગાવ્યા છતાં ન આવે તો ખુલાસ થયેલા સમજવાં કમકે-પ્રતો બહુ નથી.

સસ્તું સાહિત્ય કાર્યાલય. કાલુપોદવી, મુંબઇ. રે. ભદ્ર પાસ, અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તંત્રી દોલતરાય દાણીમાઇ દેશાઇ, સસ્તું એારીસ અમદાવાદ-સુરત સુરત ખપાટીમાં ચકલા, તાપવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જૈન વિજય

ને એ હુકમ મુજબ નહિં વર્તવા માટે કેટલાંક **વાજબી કારણો** (reasonable grounds) ન બતાવી શકે તો તેને પચાસ રૂપીઆ સુધી દંડ કરવામાં આવશે.

"**કેટલાંક વાજબી કારણો**" બતાવનાર શબ્દને સજામાંથી મુક્ત કરવા જોઇએ એમ આ કાયદા ઉપરથી આપણે જોઇ શકીએ છીએ. હવે વાજબી કારણો કોને કહેવાં એ સવાલ ઉપસ્થિત થાય છે. એક શબ્સ જીવદયા, ધર્મ, વિજ્ઞાન અને વૈદકના સિદ્ધાંતો સમજીને શીતલા કઢાવવા ના પાડે અને તેમ કરવાના કારણોમાં પોતાની ધાર્મિક લાગણીઓ દુઃખાય છે તેમજ પોતે એવી રીતે કરે તો પોતાના બાળકની તંદુરસ્તિ બગડશે એમ માને છે એમ જણાવે અને દાખલા દલીલોથી સાબીત કરી બતાવે કે આવી રસીથી શરીરને નુકસાન પહોંચવાનો સંભવ રહે છે તો શું તેનાં આ કારણો "વાજબી કારણો" નહિં કહેવાય? પણ આ નક્કી કરવાની સત્તા મેજીસ્ટ્રેટોને સોંપવામાં આવેલી હોવાથી ઘણા મેજીસ્ટ્રેટો એવાં કારણોને 'વાજબી કારણો" તરીકે સ્વીકારતા નથી, જ્યારે કેટલાકો સ્વીકારે છે તેઓ જણાવે છે કે કાયદામાં અમોને આવાં વાજબી કારણો બતાવનારાઓને સજામાંથી મુક્ત કરવાની સત્તા આપવામાં આવી નથી. આ વિષે અમો લૉર્ડ મોરલી જેઓ સને ૧૯૧૧ માં હિંદી પ્રધાનનો ઓદ્દો ભોગવતા હતા તેમણે આપેલો ખુલાસો નીચે ટાંકીશું. તેઓએ એ સંબંધી પુછાયલા સવાલના જવાબમાં જણાવ્યું હતું કે "જે મેજીસ્ટ્રેટો શીતળા કઢાવવાને ફરજ પાડે તેમને દરેક કેસમાં શીતળા નહિં કઢાવવા માટે દર્શાવવામાં આવેલાં કારણો વાજબી છે કે નહિં તે નક્કી કરવા કાયદાથી સત્તા આપવામાં આવેલી છે." આવી સત્તા આપવામાં આવેલી હોવા છતાં મેજીસ્ટ્રેટો તેમ કરવા ના પાડે છે.

કરાંચીના મેજીસ્ટ્રેટે પોતા સમક્ષ મી૦ જગતીઆની નામના ગૃહસ્થના એવા પ્રકારના કેસના ચુકાદામાં જણાવ્યું હતું કે તેઓ મી. જગતીઆની સત્ય નિષ્ઠાથી શીતળા કઢાવવા સામે વાંધો લેનારા છે તોપણ તેને તેની શીતળા મુકાવવા માટેની ફરજમાંથી મુક્ત કરી શકાય તેમ નથી. આવા પ્રકારનું વર્તન મેજીસ્ટ્રેટો શા કારણથી કરતા હશે તે અમો સમજી શકતા નથી. અમો ઇચ્છીએ છે કે સરકાર તરફથી એ બાબતનો ખુલાસો જાહેર પાડી મેજીસ્ટ્રેટોને તેથી વાકેફ કરવામાં આવશે અને આવા દાખલાઓમાં જે શબ્સો ઉપર કામ ચલાવવામાં આવેલું હોય તેમને જે છોડી મુકવા યોગ્ય લાગે તો તેમ કરવા જણાવશે. સરકાર ફક્ત એક વખત દંડ કરી તે શબ્સને જવા દે છે એમ નથી પણ જ્યાં સુધી તે શબ્સ પોતાનાં બાળકને શીતળા કઢાવે નહિં ત્યાં સુધી વારંવાર તેનો પર કોર્ટમાં કામ ચલાવ્યા કરે છે અને શીક્ષા થાય છે. કાયદામાં જણાવ્યું છે કે જે શબ્સ પોતાના બાળકને શીતળા નહિં કઢાવવા માટે વાજબી કારણો બતાવે તો તેને સજામાંથી મુક્ત કરવો, તો પછી એવા દાખલાઓમાં વારંવાર કેસો કરવાની શી જરૂરીઆત હતી તે સમજાતું નથી. સંધિના કમીશનરે મુંબઇ સરકારે પાસેથી આવા શબ્સો ઉપર કેસો ચલાવવા રજા મંગાવી અને તે મુજબ રજા આપવામાં આવી તે પણ કયા ધોરણે તેપણ સમજી શકાય તેમ નથી. નામદાર વાઇસરાય જણાવે છે કે 'આવા દાખલાઓમાં જ્યારે કાયદામાં કેસ ચલાવવાનું જણાવ્યું હોય ત્યારે તેવા કેસો વારંવાર ચલાવવામાં આવે તેની તરફેણમાં હિંદી સરકાર નથી. અમો ઇચ્છીએ છીએ કે નામદાર વાઇસરાય એ બાબતથી પ્રાંતિક સરકારને વાકેફ કરી આવી રીતે વારંવાર એકના એક શબ્સો ઉપર કામ ન ચલાવવા જણાવશે.

જો આવા કાયદાથી પ્રજાને અગવડતા અને દુઃખો સહન કરવાં પડતાં હોય અને તેનો વારંવાર અમલ કરવાની વિરૂદ્ધ જ્યારે હિંદી સરકાર હોય ત્યારે તો એવો કાયદો, જણીતા અંગ્રેજ ગૃહસ્થ મી૦ જોન બ્રાઇટના કહેવા મુજબ, પડોજ ખેંચાવો જોઇએ.

હવે આ કાયદો રદ કરાવવા માટે પ્રજાએ શું કરવાની જરૂરીઆત છે તે ઉપર આવીશું:-

(૧) લંડનની બ્રીટીશ નેશનલ એન્ટી-વેક્સીનેશન લીગના જેવા જ ઉદ્દેશો અને હેતુઓ વાળી એક મંડળી હિંદુસ્થાનના કોઇપણ મોટા શહેરમાં સ્થાપવી અને દેશના જુદા જુદા ભાગોમાં તેની શાખાઓ ખોલવા પ્રયાસ કરવો.

(૨) વેક્સીનેશન અર્થાત્ ગોશીતલાની રસી મુકાવવાની રૂઢી કેટલી બધી હદે વૈદકીય, ધાર્મિક અને જીવદયાના સિદ્ધાંતો અનુસાર નુકશાન કર્તા છે તેની માહિતી પુરી પાડનારૂં સાહિત્ય દેશની જુદી જુદી ભાષાનાં બ્હાર પાડી લોકોમાં બિના મુલ્યે ફેલાવી તે રૂઢીની વિરૂદ્ધમાં પ્રજામત ઠેળવવા પ્રયાસ કરવો.

(૩) ગોશીતલાની રસીનો ફરજીઆત કાયદો રદ કરાવવા માટે દેશના લાખ્ખો માણસોની સહી સાથેની એક અરજી ના૦ સરકારને કરવી.

(૪) વાજબી કારણો દર્શાવીને પોતાના બાળકને શીતળા નહિ કઢાવનારાઓને કાયદામાં નખાવેલું રક્ષણ હાલમાં મળતું નથી. માટે તે રક્ષણ મેળવવા અરજીપત્રક દાખલ થોડા કેસો ચલાવવા અને ત્યાં સુધી વ્યાજબી ન્યાય ન મળે નહિ ત્યાં સુધી લડત ચાલુ રાખવી.

(૫) આવા કેસોમાં જો વ્યાજબી ન્યાય ન મળે તો તે તરફ વિરૂદ્ધતા દર્શાવવા માટે ગામેગામ જાહેર સભાઓ બોલાવવી અને બની શકે તો જે પ્રમાણે ઇંગ્લંડમાં લીસ્ટર શહેરમાં મરપસ નીકળ્યું હતું તેવું સરઘસો કાઢવા ગોઠવણ કરવી.

(૬) આ સર્વ કાર્ય કરવા માટે મંડળ હસ્તક મોટું ફંડ પણ હોવાની આવશ્યકતા છે, તો તે માટેની ગોઠવણ પણ પ્રથમથીજ કરવી.

આ કાર્ય એટલું બધું મુશ્કેલ છે કે જ્યાં સુધી મીસીસ એની બીસેંટ, પંડિત મદનમોહન માલવિયા, મહારાજા ગોધી જેવા આગેવાનો એમાં આગળ પડતો ભાગ લે નહિ ત્યાં સુધી કાંઇ પણ બની શકવું ઘોડે ઘણે અંશે અસંભવિત છે. અમો ધારીએ છીએ કે કર્મવીર મહાત્મા ગાંધીજી આ સવાલ દેશનાં અનેક સવાલોની સાથે ઉપાડી લેશે અને એ લડત પુર જોશથી ચલાવી આ દેશના લોકોને આવી રૂઢીના ભોગ થઇ પડતા અટકાવશે. મહાત્મા શ્રી પોતે ઘણા મક્કમ વિચારના અને કરવા ધારે તે કરી શકે એવી શક્તિવાળા છે, તો અમોને સંપૂર્ણ આશા છે કે તેઓ આ વિષય હાથ પર લેઇ તે માટે જોઇતી ગોઠવણો કરશે અને તેમાં ફતેહ મેળવવા ભાગ્યશાળી થશે.

વિશેષમાં જો મુંબઇના જીવદયા જ્ઞાન પ્રસારક મંડળનાં કાર્યવાહકો અથવા અન્ય જીવદયાની સંસ્થાનાં ચોલકો જો આ બાબતમાં કાંઇ લિક્ષ્યાર્થ કરી શકે તેમ હોય તો તેમના પ્રત્યે અમારી ખાસ સુચના છે કે તેમણે પણ યથાશક્તિ કાર્ય એ દીશામાં કરવું.

દારૂ અને કેફી પદાર્થો વિરૂદ્ધ જાણીતા ડાક્ટરોના અભિપ્રાય.

દારૂ, ક્રેકેન, અફીણ, ભાંગ, ગાંજો, ઇત્યાદી કેફી પદાર્થોના ઉપયોગથી શરીરને કેટલી બધી હાની પુગે છે તે સબંધી કેટલાક યુરોપીઅન અને દેશી ડાક્ટરોએ એક "મેનીફેસ્ટો" બહાર પાડયો છે, જેનો તરજુમો અમો નીચે પ્રકટ કરીએ છીએ,

"મેનીફેસ્ટો."

કાળજી પૂર્વક કરેલાં વિજ્ઞાનના અનુભવોથી પુરવાર થયું છે અને અનુભવથી સિદ્ધ થયું છે કે—

(૧) દારૂ, કોકેન, અફીણ અને ભાંગ, અને ચરસ જેવાં કેફી પદાર્થો વિષમય હોય છે.

(૨) તેનો સાધારણ પણ ઉપયોગ કર્યો હોય તો-નુકસાનકારક છે, અને હિંદુસ્થાન જેવા ગરમ દેશમાં તો ખાસ કરીને નુકસાન કર્તા છે. થાકી ગએલા શરીરને અને મનને કાયમને માટે રાહત આપવાને તે બિલ્કુલ ઉપયોગના છે.

(૩) જેઓ દારૂ વિનાનું પીણું પીતા છે અને કેફી પદાર્થોના ઉપયોગથી નિરાળા રહે છે, તેઓની સહનશક્તિ વધારે હોય છે, અને તેઓ ચેપી તથા બીજા દર્દોને સહન કરવાને સમર્થ હોય છે.

(૪) દારૂની અસર ખાસ કરીને ગરમીના દર્દ ઉપર વિશેષ થતી હોવાથી તે ઘણા ભાગે ભવિષ્યની ઔલાદને હાનિકર્તા હોય છે.

(૫) દારૂ દુષ્કાળના માઠાં પરિણામોમાં વધારો કરે છે.

(૬) દારૂ પ્લેગને અટકાવવા માટે નકામો છે.

(૭) મેલેરીઆ અને ક્ષયના જંતુઓથી શરીરની શક્તિને દારૂ કમી કરી નાંખે છે.

(૮) ઉપરની બધી માઠી અસરો અફીણ અને બીજા કેફી પદાર્થોની બાબતમાં પણ થાય છે.

(૯) એટલા માટે અમે હિંદુસ્થાનના લોકોને અપીલ કરીએ છીએ કે દારૂ અને બીજા કેફી પદાર્થો કે જેને માટે તેમને ધાર્મિક અને સામાજીક પ્રતિબંધ કરવામાં આવ્યો છે, તેનાથી નિરાળા રહેવું, અને તે પ્રતિબંધ વધારે પ્રમાણમાં ફેલાવવા યત્ન કરવો જોઇએ.

મુંબઇની પાંજરાપોળની વ્યવસ્થા.

ગયા ફેબ્રુઆરી અને માર્ચ માસમાં મળેલી મુંબઇની કોરપોરેશનની બેઠકમાં ને મ્યુનીસીપાલીટીના ઘરડા અને અશક્ત બળદોને વેચી નાંખવાને બદલે શી ભરીને મુંબઇ પાંજરાપોળમાં મોકલી આપવા એવી મતલબનો એક ઠરાવ મી૦ મગનલાલ દલપતરામ ખખ્ખરે રજુ કર્યો હતો. તે ઠરાવ ઉપર ઘણા મેંબરોએ વીવેચન કર્યાં હતાં અને ઘણાઓએ પાંજરાપોળમાં મોકલી આપવા માટે વિરૂદ્ધતા દર્શાવી હતી. આ તકરાર દરમીઆન પાંજરાપોળની વ્યવસ્થા અને ત્યાં જનાવરોની રખાતી સંભાળ અને તેમની થતી સારવાર સંબંધી જે કાંઇ ટીકા થઈ હતી તે વાંચી અમોને ખરેખર ખેદ ઉત્પન્ન થાય છે. અમારી તપાસમાં અમોને માલમ પડે છે કે એ ટીકાઓમાં કાંઇક સત્ય સમાયેલું છે અને તેથી અમો પુરતી તપાસ કરી એ વિષે વધુ લખવા ઇરાદો રાખીએ છીએ. અમો ધારીએ છે કે કોરપોરેશનમાં થયેલી તકરાર પછી ટ્રસ્ટીઓએ ગેરવ્યવસ્થામાં સુધારો કર્યો હશે અને ન કર્યો હોય તો કરશે. આ બાબતમાં વધુ લખવાનો અમારો હેતુ ફક્ત એટલોજ છે કે તેની એક ધાર્મિક બાતાની વ્યવસ્થા સુધરે અને ધર્માદા નાણાંનો અયોગ્ય વ્યય બંધ થતો હોય તો અટકે.

વનસ્પત્યાહારીઓની શારીરીક શક્તિ.

કેટલાકો તરફથી એવી દલીલ રજુ કરવામાં આવે છે કે બનસ્પત્યાહારીઓ કરતાં માંસાહારીઓ શરીરબળમાં ચડે છે. પરંતુ વિજ્ઞાન અને વૈદકની દ્રષ્ટિએ તપાસતાં એવું સાબીત થયેલું માલમ પડે છે કે એવા પ્રકારની દલીલ તદ્દન પાયા વગરની છે. ફ્રેંચ્‌લાંડ, અમેરીકા, જરમની આદિ દેશોમાં શારીરીક બળબળની કસરતોમાં તેમજ દોડવા, તરવા, વીગેરેની સરતોમાં વનસ્પત્યાહારીઓ માંસાહારી કરતાં શ્રેષ્ઠ માલમ પડયા છે. વનસ્પત્યાહારીઓની આવી સરતોમાં કનેક થયેથી આપણે ઘણી વખત વાંચી ગયા હોઈએ અને તેના બનેલા

દ્રષ્ટાંતોમાં નીચેનાં એક દાખલાનો હાલમાં વધારો થયો છે.

"વિવેક પૂર્વક પસંદ કરેલાં માંસ રહિત આહારથી જે કોવત અને પ્રતિરોધશક્તિ ઉત્પન્ન થાય છે, તેનું એક અદ્ભૂત દૃષ્ટાંત, આગષ્ટની સોળમી તારીખે, સેક્ષેાનની પ્રીઝ હીથ-કેપમાં, મીલીટરી સ્ટેશનના રમત ગમતના મેળાવડા વખતે લેન્સ કોરપોરલ, એચ ટેયલર નામના એક લશ્કરી અમલદારે જતાવ્યું આપ્યું છે. તેની ઉમ્મર અઢાર વર્ષની છે અને તે જન્મથીજ વનસ્પતિ આહાર કરનારો છે,

સાત લશ્કરી ટુકડીઓ (બેટલીઅનો) વચ્ચે, પાંચ માઇલની સરતની હરીફાઇ હતી. દરેક ટુકડીમાંથી વીશ, વીશ એમ કરી ૧૪૦ માણસ ચુંટી કાઢી સરત માટે તૈયાર કર્યા હતા. આ સરતમાં ટેયલર ૨૩ મીનીટમાં ૪૦૦ વાર આગળ વધી ગયો અને જીત્યો. તેની ટુકડીએ પાછી પ્રીઝ તરફ કુચ કરી, તે છ માઇલ દૂર હતું અને ત્યાં ગયા પછી તેણે બેટેલીઅનોની રમત ગમતમાં એક માઇલની સરતમાં ભાગ લીધો. તેમાં પ્રીઝ હીથવાળા બધાં માણસોને ઉતરવાની છુટ હતી અને કેટલાક તેવી સરતમાં પ્રવીણ થએલાઓ ઉતર્યા હતા. આ સરતમાં તે ૫૦ વાર આગળ વધી ગયો અને જીત મેળવી. બપોરે પાછો તે ચાલીસ છોકરાની ટુકડીની ક્રોસ કંટ્રી રેસની બધુ માઇલની સરતમાં ઉતર્યો. જો કે રસ્તામાં સુકા ઘાસના ક્ષેત્રો વિગેરે વિઘ્નો હતાં છતાં બાર મીનીટમાં તે ૫૦ સેકંડમાં દોડાય તેટલું અંતર આગળ વધી ગયો."

આવું પરાક્રમ એમ વિશેષ પુરવાર કરી આપે છે કે, વ્યાયામના પરાક્રમ માટે માંસાહાર તદ્દન નકામો છે. આ બીના, ઑલી, ગ્રગ, વૉઇટ, ઑલન, એકર્સ, અને ક્રેડવેલ્શ જેવાં રેકર્ડ રાખનારાઓ તરફથી અનેકવાર પુરવાર કરવામાં આવી છે. અને તેથી છેવટમાં એમ સિદ્ધ થાય છે કે "જરૂરીઆત," એવી જે દલીલ પશુઓનો ધાતકી વધ કરવાની તરફેણમાં લાવવામાં આવે છે તે તદ્દન બિનપાયાદાર અને ખોટી છે.

"ડેલી ટેલીગ્રાફ" અને વનસ્પત્યાહારની હીલચાલ.

લંડનમાં પ્રસિદ્ધ થતા "ડેલી ટેલીગ્રાફ" નો વનસ્પત્યાહારની હીલચાલ માટેનો મત અમો અમારા વાચકોની જાણ માટે નીચે ઉતારી લઇએ છીએ.

"એક વખત એવો હતો કે જ્યારે વનસ્પતિ આહારને માટે એમ કહેવામાં આવતું કે, એકલો વનસ્પતિનોજ આહાર કરવો એ તો કોઇ અંધશ્રદ્ધાથી દોરાઇ ગએલાં મનુષ્યના મગજનો દુષ્કલ્પ કાંટો છે પણ હમણાં એવો વખત છે કે, વીશ વર્ષ પહેલાં વનસ્પતિઆહારની સખ્તમાં સખ્ત હિમાયત કરનારો, તેના તરફ જેટલું લક્ષ આપાવાની વકી રાખતો અને તેનાં જેટલાં અનુયાયીઓ થવાની આગાહી કરતો તેનાં કરતાં વિશેષ અંતઃકરણપૂર્વક લક્ષ તે તરફ આપાય છે, અને વિશેષ માણસો તે પક્ષમાં ભળ્યાં છે. અંતિમ પક્ષના દૃષ્ટિ બિંદુઓમાં મતભેદ હશે. પરંતુ ચોક્કસપણે થએલી વનસ્પતિઆહારની હિલચાલની એક અદ્ભૂત ખાસીઅત એ છે કે એ હિલચાલ ઘણી ઘણી આગળ વધી છે અને કેળવાયલા તથા સંસ્કારી પુરૂષો હવે ખુલ્લી રીતે તેની વ્હારે ધાયા છે. વળી દરેક સાદો અને કુદરતી ખોરાક લેનાર માણસ ઉત્સાહી હોય છે. વનસ્પતિઆહારની રહેણી કરણીમાં કાંઇ એવો આનંદ જનક અથવા તો આકર્ષક ચમત્કાર હોવો જોઇએ કે જેથી તે આહારની હિમાયતે કરનારાઓ તેથી મોહિત થઇ, તેવો આહાર કરનારાઓની મોટી સંખ્યા કરવાને અખુટ પ્રયાસ કર્યાજ કરે છે"

અગાઉ "રેલીટેલીગ્રાફ" એમજ માનતું કે વનસ્પતિ ખોરાકના ફેલાવા માટેની હીલચાલ એક અંધ શ્રદ્ધા છે, પણ વખતના વહેવા સાથે તેના વિચારો પણ ફેરવાયા અને હવે જે હિલચાલને તે વખોડતું હતું તેનેજ તે વખાણે છે. આપણા દેશમાં પણ કેટલાંક એવાં અંગ્રેજી અને પારસી પત્રો છે કે જે અગાઉ એવી હીલચાલની હાંસી કરતા હતા, પણ હવે તેનેજ ટેકો આપે છે. હજુ એવી રીતે ટીકા કરનારા કેટલાક છે અને અમોને આશા છે કે જ્ઞાનના બહલાવા સાથે તેમના ખ્યાલો પણ ફેરવાશે.

M. M.

હિન્દમાં ગૈાશીતળાની રસીનો ફરજીઆત કાયદો.

તે સંબંધી કાંઇક.

લગભગ પચાસથી સાઠ વર્ષ ઉપર આ ફરજીઆત કાયદો જ્યારે હિંદુસ્થાનમા દાખલ કરવામાં આવ્યો હતો તે વખતે પ્રજા મત કેટલો બધો તેની વિરૂદ્ધમાં હતો તે બતાવવાને માટે બંગાળ પ્રાંતના એ ખાતાના સને ૧૮૭૨ની સાલના કામકાજના રીપોર્ટમાંથી તે ખાતાના કમીશનરના નીચેના શબ્દો બહુજ ઉપયોગી થઇ પડશે. તેઓ લખે છે કેઃ—

"આ ફરજીઆત કાયદે. આપ્ય વિભાગોનાં બરોબરી રીતે નિષ્ફળ નીવડ્યો છે. બ્રાહ્મણો, બરમીઓ, રજપુતો અને મારવાડીઓ જેવા ઉચ્ચ વર્ણના હિંદુઓ ગૈાશીતળાની રસીને ધીક્કારે છે તેમજ મુસલમાન કોમના પીરાઝીઓ તે તરફ એકદમ તીરસ્કારની દ્રષ્ટીથી જુએ છે. ** લગભગ દરેક ગામમાં ઘણા લોકો રસી મુકાવવાને ચોખ્ખી ના પાડે છે અને પોતાનાં છોકરાંઓને રસી મુકનારાઓથી ભય. વશાને સંતાડે છે."

આવા પ્રકારની સખ્ત લાગણી આ ફરજીઆત કાયદાની વિરૂદ્ધ હિંદની બે અગ્ર કોમોમાં પ્રવર્તી રહેલી હતી તે વખતે સરકારને એમ લાગ્યું કે આ લોકો ઘણા જહેમી છે અને તેમની આ વિરૂદ્ધતાનું કારણ તેમના વહેમો છે, માટે તે વહેમો ગમે તે રીતે દુર કરવા જોઇએ. હિંદુ ભાઇઓને પોતાના ધર્મ અને ધર્મ પુસ્તકોને માટે ઘણુંજ માન હોય છે અને તેથી તેમના ધર્મ પુસ્તકોમાં આવી રીતે ગૈાશીતળાની રસી મુકાવવાનું કહેલું છે એમ બતાવવાથી તેઓ તેવા પ્રકારની રસી ઘણી ખુશીથી મુકાવશે એમ તેઓએ અનુમાન કર્યું. તે વખતે મદ્રાસની અંદર સંસ્કૃત સાહિત્યનું બહુ સારૂં જ્ઞાન ધરાવનાર એક મી૦ એલીમ નામે યુરોપીઅન રહેતો હતો, તેની પાસે દેશી ભાષામાં ગૈાશીતળાની રસી બાબત એક નાનો શ્લોક તૈયાર કરાવ્યો તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે ગૈા માતામાંથી આ શીતળાની રસી બનાવવામાં આવે છે તેણે વળી જણાવ્યું હતું કે આ શ્લોક તેણે જુના ગ્રંથમાંથી શોધી કાઢ્યો હતો. બંગાળામાં પણ આવાજ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આવી રીતે ગૈા શીતળાની રસીના ફેલાવા માટે જુદા જુદા પ્રકારના જોગ પુરાવાઓ તૈયાર કરવવામાં આવ્યા હતા. આ સઘળી બીના ડૉ. જે. એમ. પીબલ્સ, એમ. ડી., એમ. એ. પી. એચ ડી. કે જેઓ હિંદુસ્થાનમાં ઘણો લાંબો વખત રહી ગયા છે તેમણે પોતાની 'Vaccination a Curse' નામની

ચોપડીમાં બહુ મારી રીતે નોંધવેલી છે અને આ વિષેના ઇતિહાસમાં બહુ-મારું અજવાળું પાડયું છે.

આ કાયદો પસાર થઇ ચુકયો હતો, છતાં ઇલ્લાં દશ વર્ષ અગાઉ જે લોકો રસી નહીં મુકાવતાં તેમના પર તેનો વારંવાર અમલ થયેલો આપણા જાણવામાં નથી. થોડા વર્ષો પહેલાં પંજાબમાં આવેલા મુલતાન શહેરના ડૉ૦ જેઠાનંદે પોતાનાં બાળકને શીતળા કઢાવિવા ના પાડી અને તેમના પર સરકાર તરફથી કામ ચલાવવામાં આવતું હતું, તે વખતે "ઇંડીઆ ઓફીસ" ના સત્તાધિકારીઓ વચ્ચમાં પડયા, તપાસ કરી અને તેના ઉપરનો કેસ પાછો ખેંચી લેવડાવ્યો. આવોજ બનાવ સને ૧૯૧૬ માં કરાંચીની ન્યુ હાઇસકુલના બે શીક્ષકો મી. બી. જે. વસવાની અને મી૦ જેઠમલ પરસરામના સબંધમાં બન્યો. તેઓએ પણ પોતાના બાળકોને રસી મુકાવવા ના પાડી અને સરકારે સ્કુલના સત્તાવાળાને ચઢાવવાથી તેમને નોકરીમાંથી રજા મળી. તેની તેઓએ દરકાર કરી નહિં અને છેવટે સરકારે તેમનાપર કાયદાસર પગલાં ભરવાની શરૂઆત કરી. આ વખતે પણ "ઇંડીઆ ઓફીસ"ના સત્તાવાળાઓ વચમાં પડયા અને મુંબઇ સરકાર પાસે કેસો પાછા ખેંચાવ્યા. ત્યારબાદ સીંધ હૈદ્રાબાદના મી૦ ચીમનલાલ હરજેવરાય ઠાકુર અને મી૦ પરસરામ ભેરૂમલ નામના બે કેળવાયલા માણસોએ પણ પોતાના છોકરાંઓને રસી મુકાવવા ના પાડી, તેથી તેમને તેમના ઉપર કાયદાસર પગલાં ભરવામાં આવશે એવી ધમકી આપવામાં આવી. આથી મી૦ પરસરામે મુંબઇ તેમજ વડી સરકારને તા૦ ૩જી નવેંબર, ૧૯૧૭ના રોજ અરજીઓ મોકલી તેમાં પોતાના રસી મુકાવવા માટે ના પાડવાના કારણો દર્શાવ્યાં. આ અરજીઓનો જવાબ મળે તે પહેલાં સીંધનાં કમીશનરે મુંબઇ સરકારપર દબાણ ચલાવી આ અને એવા બીજા બનાવોમાં કામ ચલાવવા પરવાનગી મેળવી. આ બે સીવાય કરાંચીની ન્યુહાઇસકુલના પ્રીન્સીપાલ મી૦ તારાચંદ કે. શાહાની, બી. એ. અને એજ સ્કુલના આસીસ્ટંટ માસ્તર મી૦ લાલચંદ એ. જગતીઆની એ બંને ગૃહસ્થોએ પોતાના છોકરાઓને શીતળા કઢાવવા ના પાડી અને તેથી તેમના પર કામ ચલાવવામાં આવ્યું અને તેમને છોકરાઓને રસી મુકાવવા હુકમ ફરમાવવામાં આવ્યો. આ સર્વે ગૃહસ્થોએ પોતાના બચાવમાં પોતાના કારણો બહુજ સ્પષ્ટ રીતે દર્શાવ્યાં હતા અને તે સર્વે જીવદયા, ધર્મ અને વિજ્ઞાનના સિદ્ધાંતો પર રચાયલા હતા. તેઓએ આવા વાંધાઓ સત્ય નિષ્ઠાથીજ લીધા હતા એમાં તો શંકા કરવા જેવું કાંઇજ નથી; કારણ કે કરાંચીના સીટી મેજીસ્ટ્રેટ કે જેમના સમક્ષ મી૦ જગતીઆનીનો કેસ ચાલ્યો હતો તેઓએ જણાવ્યું હતું કે મી. જગતીઆની સત્ય નિષ્ઠાથીજ રસી સામે વાંધો લેનારાઓમાંના એક હતા એટલે કે "Conscientious Objector" હતા, તોપણ મેજીસ્ટ્રેટે કાયદામાં આવા પ્રકારના વાંધાઓ લેનાર શખ્સને સજા નહિં કરવાને કાંઇ જણાવેલું નહિં હોવાથી તેઓ કાંઇ કરી શકતા નથી એમ જણાવી તેમને રૂા. ૨૫નો દંડ કર્યો હતો. મી૦ શાહાનીને પણ રૂા. ૫૦નો દંડ કરવામાં આવ્યો હતો. આટલો ભારે દંડ કરવાથી સત્તાવાળાઓને સંતોષ ન થયો તેથી તેમણે ફરીથી નોટીસ મોકલી તેમને તેમના બાળકોને શીતળા કઢાવવા જણાવ્યું અને જો તેમ ન કરવામાં આવે તો ફરીથી કામ ચલાવવામાં આવશે એમ જણાવ્યું. મી૦ પરસરામ ભેરૂમલ અને મી૦ ચીમનલાલ ઠાકુરના કેસો ચાલુ છે અને હજુ કાંઇ પરીણામ આવ્યું નથી. તે દરમીઆન ના૦ વાયસરાયના સેક્રેટરી મી૦ જે. એન. મેક્ફે લંડનની નેશનલ એન્ટી

વધ્યો વહવહાર જોડી ચા, તણો આ વિશ્વમાં ભારી;
મુકી સત્યારમાં પહેલી, વટાણી દુનિયા મારી.
વળી વિજયાને વાટીને, પીએ લોટા ભરી ઘંડા;
ઉપર ગાંજા તણી ચલમો, ચડાવે છે ભરી ન્યારી.
પચવવા મીષ્ટ પકવાનો, અજબ માપૂતી ઊડાવે;
વળી લે પાક માજમેતા, મેળવવાને નીશા સારી.
પીએ ચન્દ્રુસ ઘણા તાડી, વળી ચડસ. ભરી ફુકે;
બન્યા બંધાણી બહુ જગમાં, અમલ ધુંટી પીતા ભારી.
દીવાના કંઇ બની દાસ, તણી દુકાનમાં પેસી;
બધુ એ મેક વેપારની, પીએ પ્યાલી હૃદય બાળી.
ઘણો ખોટા શ્રીમતો તો, દયા કોડીતના દાસો;
પસંદ પડતું સહી પીતા, રૂડી લીજ્જત દીલે ધારી.
કહું કોને હવે હું તો, બધી દુનિયા બસત વાળી;
થવાની આંધી ખુવારી, ખરેખર દિન છે તારી.

ક. ધી. પવાર, ધોળકા.

॥ ઓરૂમ્ ॥

મદ્યપાનની બેહેકાણુ.

કુંડળીયા.

સબૈ પાપનકે મૂંલ હે, સુરાપાન ગુનહાન,
અંગરુજ અવિધ રહે, બદત અતિ અજ્ઞાન,
બદત અતિ અજ્ઞાન, પીવે જો સુરા પ્રીતે,
રહે અંગ ઉન્માદ, સભ્યતા બસે ન ચીતે,
દ્વેષ બઢાવે દેહમેં, પિએ પ્યાલી ભરી જબૈ,
ધીર કહે ધરણીપતિ ? પાપ કરાવે તે સબૈ.

હરિગીત.

દુઃખ દર્દમાં બહુ ગર્ક થાએ બલ્ય નહેં સંચરી,
અવસોનને આમંત્રીને લઘુ વય વિષે બલ્યે મરી;
બુદ્ધિ અને ચતુરાઇ બલ્ય પડી રહે બેભાનમાં,
ભાઇ તજો મનથી અરે ! શું સાર સુરાપાનમાં.
અખડ દોલત જોહની વૈભવ હતા અવની પરે,
સરવે સમેટાયા ખરે નવ રહ્યય કુટુંબ કો કરે;
કો આશરો આપે નહિ બોલાવે નવ કો માનમાં,
ભાઇ તજો મનથી અરે ! શું સાર સુરા પાનમાં.

કંઈ રાજ તાજ વિસરી ગયા રાજા થયા ભિખ માગતા,
મુના ઘણાંજ સમર ત્યિે રહીયા ન કોઇ જગતાં;
કુસંપ વ્યાપી કુટુંબમાં સગપણ રહ્યાં ના સાનમાં
માટે તજો મનથી અરે! શું સાર સુરા પાનમાં.

યાદવ હતા આનંદમાં મદ મત્ત સૌ રહેતા હતાં,
વિષ વારૂણીના યોગથી અવની વિષેથી રહ્યા જતાં
દુષ્ટ દારૂનાં સહવાસથી કોઇ વ્હાલું નાખ્યું ધ્યાનમાં,
માટે તજો મનથી અરે! શું સાર સુરાપાનમાં.

સુરા તમો સુરા તજો ન ભજો તે વેરી દુષ્ટને,
રોગો તણો તે મિત્ર છે શોષી લીયે તન પુષ્ટને;
કહે વીર ધાર્યું ના કરો રાખો શિખામણ કાનમાં,
માટે તજો મનથી અરે! શું સાર સુરાપાનમાં.

વાંગધરા
ધોળકા જંકશન
} ધીરસિંહજી વહેરાભાઇ ગોહિલ,
અલમ્પુર–ભાગદાર

બુદ્ધિસ્વાતંત્ર્ય અને સહિષ્ણુતા.

મનુષ્યને ઇશ્વરે બુદ્ધિ આપી છે. તેનો ઉપયોગ તેણે સત્ય શોધી કાઢવા માટે કરવાનો હોય એમ ઇશ્વરનો હેતુ જણાય છે. અનાદિ કાલથી સત્યાન્વેષણાની પ્રવૃત્તિ મનુષ્યજાતિમાં દેખવામાં આવે છે. જ્યાં બુદ્ધિનો વિકાસ વધારે થયો ત્યાં સત્ય વધારે સમજાયું અને જ્યાં બુદ્ધિનો વિકાસ મંદ પ્રવર્ત્યો ત્યાં સત્ય પણ ઓછું જણાયું. સુધારણા સુધારણા જેને કહેવામાં આવે છે તે બુદ્ધિવિકાસ સિવાય કે તેથી ઉત્પન્ન થયેલા સત્યજ્ઞાન સિવાય બીજું કાંઇ પણ નથી! સુધારણા કરવી એટલે બુદ્ધિનો વિકાસ કરવો અને બુદ્ધિનો વિકાસ થયો એટલે સત્યનું જ્ઞાન આપોઆપ થાય છે. બુદ્ધિનો વિકાસ કેમ કરવો એ પ્રશ્ન માનવજાતિ આગળ હંમેશ આવીને ઊભો રહે છે. પરંપરાગત આવેલી બુદ્ધિ એટલે બુદ્ધિનો વિકાસ થયો એમ પૂર્વના ડાહ્યાને લાગ્યું હતું. હજી પણ તે પ્રવૃત્તિ આપણામાં દેખાઇ આવે છે. અમલનો સુધારો કરો કે હાલનો સુધારો કરવો પણ જો તે વેદસમ્મત હશે તોજ તે માન્ય થશે શકરી પુરાણપ્રિયતાનું જોર મનુષ્ય જાતિના મન ઉપર એટલું બધું છે કે કાલીદાસ સરખા જગન્માન્ય કવિવરને પણ તેની વિરુદ્ધ ઉદ્‌ગાર કાઢવા પડયા છે "पुराणमित्येव न, साधु सर्वं न चापि काव्यं नव मित्यवद्यं सन्तः परीक्ष्यान्यतरद्भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः" પરંતુ આવી પુરાણપ્રિયતાથી બુદ્ધિનો વિકાસ ન થતાં ઉલટી તે ક્ષીણ થઇ જાય છે! ચીનની સ્ત્રીઓના પગ અત્યંત બાલ્યાવસ્થામાં ચુસ્ત બાંધી લેવાથી પગની વૃદ્ધિ પૂર્ણ શરીરના પ્રમાણમાં ન થતાં જેમ તે વિદ્રુપ થઇ સર્વ શરીરનો બોજો ઉઠાવવાને અસમર્થ નીવડે છે તેમ બુદ્ધિને પરંપરાના ક્રમથી જકડીને બાંધી મેલવાથી તે સત્યાન્વેષણારૂપી

શરીરનો ભાર સહન કરવામાં અસમર્થ બની અંધશ્રદ્ધામાં જઈને પડે છે. એ શોચનીય સ્થિતિ નષ્ટ કરવાનો એકજ ઉપાય છે. અને તે એજ કે બુદ્ધિને પૂર્ણ સ્વાતંત્ર્ય આપવું. બુદ્ધિને જે યોગ્ય લાગે તે પ્રતિપાદન કરવા દીધાથી સત્યની શોધ તત્કાળ થાય છે! આ સિદ્ધાન્ત ગમે તે બાબતમાં લાગુ પડે છે. સમાજશાસ્ત્ર લ્યો, કે નૈતિક શાસ્ત્ર લ્યો અને ઠેકાણે સત્યાન્વેષણમાં પૂર્ણ સ્વાતંત્ર્યજ કારણભૂત હોય છે.

યુરોપમાં ગ્યાલિલિઓના પહેલાં નૈતિક શાસ્ત્રમાં બુદ્ધિને સ્વાતંત્ર્ય મળતું નહોતું. સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે એ કલ્પના ઈશ્વરદત્ત છે અને તે ખરી છે, જેથી તેનો વિરુદ્ધ જવું એ ઈશ્વરનો ગુન્હો કરવા જેવું છે એમ મનાતું હતું. વળી એવા ગુન્હાને લીધે ગ્યાલિલિઓને તુરંગવાસ કરવો પડયો હતો. આવી રીતના બુદ્ધિદાસ્યથી તે વેળા યુરોપમાં આધિભૌતિક શાસ્ત્રની મુદ્દલ પ્રગતિ થઈ શકી નહિ; પરંતુ અઢારમા શતકમાં બુદ્ધિને સ્વાતંત્ર્ય મળતાં રસાયનશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર, ભૂગર્ભ શાસ્ત્ર ઇત્યાદિ શાસ્ત્રોમાં ઉપરા ઉપર શોધ થવા લાગ્યા અને આજ યુરોપમાં માણસોએ સંપૂર્ણ નહિ તો બહુ અંશે સૃષ્ટિ ઉપર પોતાનું સાર્વભૌમત્વ પ્રસ્થાપિત કર્યું છે.

સામાજિક શાસ્ત્રમાં પણ તે લોકો આગળ વધ્યા છે. રાજાથી રંક પર્યંત સર્વ માણસો શિક્ષણ લઈ આહાર, નિદ્રા, ભય, મૈથુન એટલામાં પશુ પ્રમાણે ગુંથાઈ ન રહેતાં જ્ઞાન પ્રાપ્યર્થે પ્રયત્ન કરવા માટે સજ્જ થએલા છે. આપણા દેશમાં કેટલેક શિક્ષણના સંસર્ગથી કિંચિત્ બુદ્ધિસ્વાતંત્ર્ય જાગ્રત થયું છે. પરંતુ સહિષ્ણુતા મુદ્દલ ઉત્પન્ન થએલી નથી! બુદ્ધિસ્વાતંત્ર્ય ને સહિષ્ણુતાનો જોડી બેસાડ્યા સિવાય ચાલતું જ નથી. પ્રત્યેકને પોતાની બુદ્ધિને જે કંઈ ભાસે તે બોલી દેખાડવામાં ઇતરની સહિષ્ણુતાની અત્યંત જરૂર પડે છે. ચાતુર્વર્ણ્ય વર્ણવ્યવસ્થા, નિષ્ફળ વિવાહ પ્રતિબંધ વગેરે બાબતો સમાજને હિતકારક છે કે નથી તે પૂર્ણપણે સમજવા માટે તેના ખંડન કિંવા મંડનના અભિપ્રાયો સહિષ્ણુતા પૂર્વક સાંભળવા અત્યંત જરૂરી છે. હિન્દુ સમાજમાં જીવંત પણું ઉત્પન્ન કરવા માટે બુદ્ધિસ્વાતંત્ર્યનો યુગ શરૂ કરવો જોઇએ. નહિતો ચીનાઓ સ્ત્રીઓના પગ પ્રમાણે જેની ગતિ બનશે કોઇ પણ બાબત બુદ્ધિને સમત છે કે નહિ તેનો સ્વતંત્ર રીતે વિચાર કરવો જોઇએ. આજ આપણને શેની જરૂર છે તેનો વિચાર, પરંપરાની દૃષ્ટિએ નહિ કરતા બુદ્ધિનિષ્ઠક દૃષ્ટિએ કરવો જોઇએ. અમુક બાબત પૂર્વથી ચાલી આવે છે. માટે તે વિના સમજે પણ ચાલુ રાખવી એ મૂર્ખતા છે!

એકંદર રીતે હિન્દુ સમાજમાં સુધારણા કરવા માટે આપણી બુદ્ધિને પૂર્ણ સ્વાતંત્ર્ય મળવું જોઇએ. અને એ સ્વતંત્ર્ય મેળવવા સમાજમાં સહિષ્ણુતાની ઘણી જરૂર છે. સમાજમાં સહિષ્ણુતા મુદ્દલ નથી, જેથી ઘણે પ્રસંગે મતભેદ થતાં મોટા વિતંડાવાદ ઊભા થાય છે. નજીવી બાબતો ગંભીર સ્વરૂપ પકડી વૈમનસ્ય ઉત્પન્ન કરે છે. શિક્ષણનું પરિણામ મનને વધારે ઉદાર કરવા તરફ ન થતાં વધારે સંકુચિત, કડવા તરફ, થાય છે. પરંતુ હિન્દુ સમાજની ઉન્નતિ કરવાનો જેને અભિલાષ હોય તેણે પ્રથમ બુદ્ધિસ્વાતંત્ર્ય અને સહિષ્ણુતાને વધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. +

+ બાકી ઉપરથી થોડા મોટાં સાથે.

લડાઈ અને મિતાહારનો સુધારો.

[સને ૧૯૧૭ ના માર્ચ ડિસેંબર માસમાં કલકત્તા ખાતે ભરાએલી ઑલ-ઇન્ડીઆ ટેમ્પરન્સ કોનફરન્સનો પ્રમુખ ડૉ. ચુનીલાલ બોઝના ભાષણ ઉપરથી.]

કાળામાં કાળી વાદળીના કરતે રૂપેરી લીંટી હોય છે, નિરાશામાં પણ આશાના કીરણો હોય છે. એવી સામાન્ય કહેવતી, હાલના ભયંકર યુરોપીઅન વિગ્રહને ખાસ કરીને લાગુ પડે છે. જો કે જેટલી જેટલી પ્રજાઓએ તે વિગ્રહની અંદર ઝીપલાવ્યું છે, તે દરેકને અત્યંત દિલગીરી, દુઃખ અને પાયમાલી વેહમી પડી છે, તોપણ તેથી એક બાબતમાં ઠીક થયું છે કે, તે તે પ્રજાઓએ મિતાહારનો ગુણ સંપાદન કર્યો છે; અને તે ગુણ તેમને વિગ્રહના તેમજ હુન્નર ઉદ્યોગના ઘણા વિકટ સવાલોનું નિરાકરણ કરવામાં ઉપયોગી થઇ પડયો છે. રશીઆએ તેના વોડકાના વ્યાપારને બહુ ભય કીધો છે, અને ત્યાંની અગાઉની સરકારે એવું ફરમાન કાઢયું હતું કે દારૂથી છાકટા થએલા લોકોને અઢાર માસના કેદખાનાની સજા કરવામાં આવશે અને છાકટા થઇને અત્યાચાર અથવા લુંટફાટ કરનારને છથી આઠ વર્ષ સુધી સખ્ત કેદની સજા કરવામાં આવશે. જનરલ આલેક્ષીઝ પોલીવાનોવના શબ્દોમાં કહીએ તો—આ પગલાં લેવાથી એવી અસર થઇ છે કે, (૧) મજુરવર્ગનાં કાર્ય સાધકત્વમાં વધારો થયો છે, (૨) છાકટાઓ અને ભિક્ષુકો અદશ્ય થઇ ગયાં છે, ભિભત્સ ભાષા પણ ભાગ્યેજ સંભળાય છે. (૪) પુરૂષોની સ્ત્રીઓ અને બાળકો પ્રત્યેની વલણમાં સુધારો થયો છે, અને (૫) સ્ત્રીઓ સુખી છે અને ઇશ્વરની પ્રાર્થના કરે છે કે, દારૂ વેચવાની ફરી કદી છુટ ન અપાય તો સારૂં. એક અંગ્રેજ મી૦ હેમીલ્ટન કહાંઇ કે જે લંડનના ઉંચી મેંલનો પેટ્રોગાડનો ખબરપત્રી છે તે કહે છે કે મનાઇ હુકમના પ્રાધાન્યથી ગુન્હેગારો બહુ ઓછા થઇ ગયા છે. સેવીંગસ બેંકોમાં અનામત થાપણનો પણ અદ્‌ભુત વધારો થયો છે, અને પેટ્રોગ્રાડની હોસ્પીટાલોમાં દર્દીઓની સંખ્યામાં પણ આશ્ચર્યજનક ઘટાડો થયો છે એટલું કે જે વોડકાના વ્યાપારના દિવસોમાં એક પાઇ પણ બચાવી રાકતાં નહોતાં. તેઓ હવે હળ અને સોનીના ઓજારો ખરીદે છે. બીજો એક અંગ્રેજ ગૃહસ્થ, મી. સેમ્યુઅલ છ. બ્લાઇથ, કે જે મૉરડે ઇવનીંગ પોસ્ટ પત્રનો રશીઆ ખાતેનો ખબરપત્રી છે તે દારૂની મનાઇ હુકમ પછી રશીઆની સ્થિતિ વિષે લખતાં કહે છે કે, હાલનું લડાઇમાં ઉતરેલું રશીઆ લડાઇ શરૂ થયાં પહેલા અને વોડકાનો મનાઇ હુકમ થયાં પહેલાં જેવું હતું તેના કરતાં ઘણું જ બળવાન અને આબાદ લાગે છે. એડીનબર્ગના પ્રોફેસર સીમ્પસને કેટલાંક આંકડા એકઠાં કર્યા છે જે ઉપરથી જણાય છે કે વોડકાના મનાઇ હુકમનાં ત્રણ માસ દરમ્યાન આગોમાં ૪૭ ટકાનો અને ભિક્ષુકોની પાયમાલીમાં ૫૬ ટકાનો ઘટાડો થયો છે.

સને ૧૯૧૪ની સાલમાં જ્યારે પ્રતિબંધ દાખલ કરવામાં આવ્યો ત્યારે રશિઆની સેવીંગ્સ બેંકોમાં ૧૮૦૦૦ પાઉંડની અનામત થાપણ હતી; સને ૧૯૧૫ની સાલમાં તે થાપણ વધીને ૫,૬૦૦,૦૦૦ પાંઉડની થઇ અને ૧૯૧૬ની સાળમાં ૧૨,૦૦૦,૦૦૦, ની થઇ. દારૂનો ઉપાડ ઓછો થતો ગયો, તેમ પ્રજાની આબાદીમાં સાથે સાથે વધારો થતો ગયો. આ બધું, હાલની રશીઆની દુઃખજનક સ્થિતિ જાગી તે પહેલાં બની ચુક્યું હતું, અને હવે

તો તે દુઃખી દેશનું ભવિષ્ય તો પરમેશ્વરના હાથમાં છે. થોડા વખત પર મળેલા તારના સમાચારથી જણાય છે કે ભાવિ માં રાજ્યકર્તા થનાર હાલના સત્તાધારી પ્રજાજનોથી તે દારૂની બદીને નાશ કરવાના ના. ઝારના નિર્બંધને વળગી રહેવા તૈયાર છે. તેમની સલાહથી મોસ્કોના વીન્ટર પેલેસના ભોંયરામાંના સઘળી જાતના દારૂ અને શરાબોનો નાશ કરવામાં આવ્યો છે.

ફ્રાન્સની સરકારે ફ્રાન્સમાં અને આલ્જીરીઆમાં દારૂની આયાત બંધ કરવાનું સખ્ત પગલું લીધું છે. તેઓએ વળી આખા દેશના દારૂના પાકને હુન્નર ઉદ્યોગના ઉપયોગમાં લેવા માટે જપ્ત કર્યો છે. વળી એમ પણ જાહેર થયું છે કે ફ્રાન્સ અને નોર્વેમાં બધી જાતનાં દારૂની બનાવટ અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને ઘણી જરૂરી ખાદ્ય ખોરાકીની ચીજોની નકામી ખરાબી થતી અટકાવવા માટે બીજી કોઇ પણ કેફી ચીજો બનાવવાનું પણ ઘણા પ્રમાણમાં બંધ થઇ ગયું છે.

યુનાઇટેડ સ્ટેટસમાં, હાઉસ ઓફ રેપ્રીઝન્ટેટીવે, પોસ્ટલ બીલ અમલમાં મૂકી, પ્રતિબંધ પામેલાં કોઇ પણ રાજ્યની અંદર કેફી ચીજ બ્હાણુ દ્વારા લઇ જવા માટે રજા આપવાની અટકાયત કરી છે. યુનાઇટેડ સ્ટેટસના એકંદરે અડતાલીસ રાજ્યોમાંના ૨૫૪૩ પ્રમાણુમાંથી ૨૧૮૮ પ્રમાણુઓએ છેલ્લી ચુટણી વખતે દારૂના વ્યાપાર વિરૂદ્ધ મત આપ્યો હતો, અને માત્ર ૩૫૫ પ્રમાણુઓનેજ (લાયસન્સ) બક્ષીસ આપવામાં આવ્યો હતો. યુનાઇટેડ સ્ટેટસની કોંગ્રેસે તેના પ્રતિબંધ માટે એક ઠરાવ બહાર પાડી જાહેર કર્યું છે કે, પ્રતિબંધ પામેલાં રાજ્યોમાં કોઇ પણ મેઇલ ટ્રેનોએ ન્યુસ પેપર દ્વારા સરકયુલરથી અગર બીજી કોઇ રીતે દારૂ સંબંધી કાંઇ પણ જાહેર ખબર પણ ફેલાવવી નહિં.

સને ૧૯૧૬ ના સપ્ટેમ્બરથી ઓંટરીઓમાં તો પૂર્ણપણે પ્રતિબંધ કરવામાં આવ્યો છે, અને તેના પાટનગર હોરોન્ટોની સામાન્ય નીતિમાં એટલો બધો સુધારો થયો છે કે ૧૯૧૫ની સાલમાં સપ્ટેમ્બરથી ઓકટોબર સુધીમાં જ્યારે દારૂની બદીના પરિણામે બિન છાજતી રીતભાત માટે ૧૦૫૮ માણસોને પકડવામાં આવ્યાં હતાં. ત્યારે ૧૯૧૬ની સાલમાં તે સંખ્યા ઘટીને માત્ર ૨૧૪ ની થઇ છે.

સને ૧૯૧૭ના જાન્યુઆરીથી ન્યુ ઝીલેન્ડમાં સદંતર પ્રતિબંધ કરવામાં આવ્યો છે.

ડેનમાર્કની સરકારે પોતાના દેશનો અનાજ અને બટાટાનો પાક દારૂ બનાવવાના ઉપયોગમાં નહિ લેવાં માટે હુકમ કાઢયો હતો, અને ત્યાર પછી તો લોકોને માટે ખાદ્ય ખોરાકી જણસ રહે તેટલા માટે કોઇ પણ જાતની કેફી વસ્તુ બનાવવાનો નિષેધ કર્યો છે.

એવાં પ્રકારનો પ્રતિબંધ કરવાના સવાલે ઇંગ્લાંડ સ્કોટલાંડ અને આયર્લાંડના લોકોના મન સખ્ત રીતે હળમલાવી મુક્યા છે. ગોડાંજ દિવસ પહેલાં પાર્લામેંટના મેંબરો અને પાદરીઓમાં બનેલાં એક મરબમ ડેપ્યુટેશને ઇંગ્લાંડના મુખ્ય પ્રધાનની મુલાકાત લીધી હતી અને લડાઇ પુરી થતાં સુધી અને લશ્કર હથીઆર મુકત થાય ત્યાં સુધી દારૂનો પ્રતિબંધ કરવા માટે અરજ કરી હતી.

ગ્રોડીનગર્ગના શહેરીઓએ શહેરની કાઉન્સીલને અરજ કરી છે કે લડાઇ ચાલતાં સુધી દારૂનો નિષેધ કરવા માટે ત્યાંની સરકારે પ્રાર્થના કરવી.

યુનાઇટેડ કીંગડમના ફૂડ-કંટ્રોલરે, બીઅર નામનો દારૂ બનાવવાનું પ્રમાણ ૧૯૧૭ના એપ્રીલથી ૩૦ ટકા જેટલું ઓછું કરી નાંખ્યું છે તે સંતોષની વાત છે. તેનો એમ કરવાનો ઉદ્દેશ એ છે કે ખોરાકી માટે જવ અને ખાંડ વધારે પ્રમાણમાં પૂરી પાડી શકાય અને લાર લશ્કર કરવાની મહેનતનો મજુરીને અને બળતણનો બચાવ થાય આવાં પગલાં લેવાથી

ઈંગ્લાંડના હજારો દારૂનાં પીઠાં બંધ થઇ જશે અને ત્યાંની પ્રજાની નૈતિક અને આર્થિક સ્થિતિમાં ઘણો મ્હોટો લાભ થવાની આશા રહે છે.

બ્રિટીશ લશ્કર અને નૌકા ખાતાના અનુભવી નાયકોએ પુરવાર કરી આપ્યું છે કે, વ્યવસ્થામાં અને બળનો કાર્ય-સાધક ઉપયોગ કરવામાં દારૂ મોટામાં મોટું વિઘ્ન રૂપ છે. મર્હુમ મહાન સેનાપતી લોર્ડ રોબર્ટસે એક વખત કહ્યું હતું કે "મને કેટલી વસ્તુઓના ત્યાગ કરનારા માણસોનું લશ્કર આપોતો હું ગમે તેવા રથળે પણ તેની સરહદ લઉં" લેફ્ટેનન્ટ જનરલ સર રેજીનાલ્ડ હાર્ટ જણાવે છે કે, એક અમલદાર તરીકે હું મિતાહારનો પક્ષ કરું છું, કારણકે મિતાહારી મનુષ્ય અને અમલદારનું શારીરિક અને માનસિક બળ વધારે કાર્યસાધક હોય છે, તેઓના શારીરિક તંતુઓ મજબુત હોય છે. તેઓ વધારે સારી રીતે કુચ કરી શકે છે. તેઓ ભાગ્યેજ બિમાર થાય છે કે ગુન્હો કરે છે, અને તેઓની બચાવ કરવાની શક્તિ પણ અતુલ હોય છે.

સર જોન જેલીકો કહે છે કે "એ બધાને અનુભવ હશે કે સીધી રીતે દારૂગોળો ગોઠી દુશ્મનપર કાર્ય કરવું હોય તો મીતાહારીપણું બળવાની અત્યંત આવશ્યકતા છે. કાળજી પૂર્વક લાંબાં વખત સુધી અખતરા કરવાથી માલુમ પડયું છે કે દારૂ લીધાં પછી માણસની શક્તિમાં તેની આગલી શક્તિ કરતાં ૬૦ ટકા જેટલો ઘટાડો થાય છે એમ પુરવાર થયું છે."

સેનાધિપતિ-લૉર્ડ ફ્રેન્ચ કહે છે કે "માદક પદાર્થ વર્જન અને આત્માપરનો કાબુ માણસને વધારે કાર્યસાધક બનાવે છે. માણસોને જે લશ્કરી ટુકડીઓ, બેટલીઅનો અગર રેજીમેન્ટો પ્રવૃત્તિમય અને જે કિર્તિવંત ટુકડીમાં તેઓ હોય તે ટુકડીની કિર્તિ તેમના હૃદયમાં વસી રહી હોય તો, તેઓએ આત્મભોગ, અને આત્મ-કાબુના મહાન ગુણોનું સેવન કરવું જોઇએ."

સેનાધિપતિ લૉર્ડ મેથ્યુએ કહ્યું કે "આ મહાન્ સામ્રાજ્યના પ્રતિનિધિ રૂપ આ શુરવીરોને હું વિનતિ કરું છું કે તેમની ભૂમિ ઇંગ્લાંડે તેમના માટે જે ભાગ ભજવવા આશા રાખી હોય તે ભાગ તેમણે ભજવવો અને દારૂની બદી રૂપ શ્રાપથી નિરાળા રહેવું કે જેથી "જેટલો ધાતકી તેટલોજ બળવાન" એવા શત્રુની સામે ટક્કર ઝીલવાને તેમના શરીર બળથી તેઓ સંપૂર્ણ સમર્થ થાય."

મર્હુમ સેનાધિપતિ સર ! જર્જોર્જ વ્હાઇટ કે જેઓ એક વખત હિંદના સેનાધિપતિ હતા તેઓ કહે છે કે "લશ્કરમાં પ્રથમ સૌથી સલામત જે રસ્તો અખત્યાર કરવો જોઇએ તે માત્ર દારૂનો સદંતર નિષેધ છે," મર્હુમ સદ્‌ગત લૉર્ડ-કીચનર પણ લશ્કરમાં સંપૂર્ણ મિતાહારની હિમાયત કરનાર હતાં.

C. D.

હોળીનું નાળીયેર !

મનુષ્યનાં તકદીરની ઊલટી સુલટી કુદરતના હસ્તકજ નિર્માણ થઇ આવેલી હોય છે. સર્વદા મનુષ્ય સુખી તો સુખી અને દુઃખી તો દુઃખી રહેતું નથી. પરંતુ તે જે અવસ્થાનું દિગદર્શન કરે છે, તે તેનાં એકલાં ભાગ્યનો નહી કિંતુ તેના કર્મનાં ફળ અવશ્ય તે ભોગવતોજ હોય છે. હિંદુશાસ્ત્રનાં અધ્યયનની ઝાંખી કરતાં જે જે તહેવારો આજે રટણ થઇ રહ્યા છે, તે તે તહેવારો કંઇક ગુઢ મર્મનો આદેશ સુચન કરી રહ્યા છે. પરંતુ જેનાં તકદીર ખુલ્લાં હોય

તેજ એ સૂચવાતા આદેશનું અધ્યયન કરી શકે છે. એવા તહેવારોમાંનો હોળીનો તહેવાર ખાસ ધામધુમથી ઉજવાય છે. લોકો ખાઇ પીઇને મસ્તાના બની રંગની પીચકારી મારવામાં ગુલતાન બને છે. તદપિ તે રંગની ઝમક અને મનની મસ્તી વિજળીનાં પલકારાની માફક ક્ષુઝઇ જાય છે. અને તે સાથે તહેવારની મહત્તા અંધારાધોધીમાંજ દટાયલી રહે છે બહારે કોઇ એનો મર્મ કળી શકતું નથી પણ બે સમજ બની પોતે તે એ તહેવારને ધામધુમથી ઊજવવો એ એક ફરજ તરીકે મનાય છે. એવી ફરજથી મુક્ત થવા તથા એનો ગુહ્ય આદેશ સમજવા બહાર આવેલા આપણા મથુરભાઇનું આખ્યાન વાંચકગણને કંઇક રમુજ, કંઇક ઊલ્લાસ, કંઇક ભયભીત, કંઇક શિખામણ તેમજ કંઇક માથાફોડ ભરેલું લાગશે. બહારે શીજગતનાં આસાદ કાન ફોડક! શીરવેધક અવાજના ગડગડાટથી પણ વધૂ ચોંકાવે તો કાંઇ નવાઇ નહી!

(૧)

"આવતી કાલે હોળી!" મારતર લથડતા-રામે નિશાળીઆઓને ઉદ્દેશીને કહ્યું.

"મારતર! હોળીનું મહાત્મય શું? હોળી કામ આવતી હશે? હોળી એટલે શું? અને લોકો હોળીમાં નાળીયેર શું કામ હોમતા હશે વારૂં?" વારૂ આ આપણી ગંગાડમ ભગડમ વાર્તાના નાયક મી. મથુરભાઇ ઉર્ફે બાડકારામે પૂછ્યું.

"બાડકા, તું તો એવોને એવોજ રહ્યો, એકી વખતે કેટલા સવાલ પૂછે છે. ચાલ જો, તારા બધા સવાલનો હું એક ટુંકો જવાબ આપું છું તે તું ધ્યાન દઇને સાંભળજે એટલે હોળી! હોળીનું મહાત્મય! અને હોળીમાં નાળીયેર શા કારણે હોમાય? એ બધું તું બરાબર સારી રીતે સમજી શકશે." અતરે આપણા મી. મથુરભાઇનું નામ બાડકારામ થાથી પડ્યું તેનો કંઇક ઊલ્લેખ કરી આપણું રમ-કીલું મારું આગળ ગબડાવ્યું. બાર વરસની બાળ ઊમ્મરે મથુરભાઇનાં પિતાએ તેને ક ખ ગ ઘ ને ઙ નો પાઠ શિખવા નિશાળે મુક્યો. ગત બાર વર્ષમાં મથુરભાઇને ઘોડે ચઢાવી દેવામાં આવ્યા હતા, અને બારકા કુળની એક કન્યા કુળવધૂ રૂમઝુમ કરતી ઘરમાં પ્રવેશી ચુકી હતી. અને એલાયચી ટીકડીનાં લલાણાં લેવાઇ ચૂકયાં હતાં. આવી પ્રસાદીથી મથુરભાઇએ મ્હોં મીઠું કરી, વિદ્યાર્થી જીવનમાં ધમ કરતું કે એક પગથીઉં મુકયું. અને કરંવતનો ક ને ગધેડાંનો ગ કરી ઘૂંટવા માંડયો. ચૌદ વરસને એક દિવસની નાની વયે પીપરડીનાં મોટાનો માર ખાઇ ખાઇને મથુરભાઇએ બાળપોથીમાં ડાબે હાથનાં પહેલા નંબરે પાસ થઇ પહેલી ચોપડીમાં પ્રવેશજ કર્યો. અને નિશાળીઆઓનાં મ્હોં મીઠાં થયા, આવી રીતે પોતાનું વિદ્યાર્થી જીવન પસાર કરતાં જ્યારે પણ મહેનાજ મોટાઓનો માર ચમકાવતા કે ઊલુલુ કરી નંબર બીજાનું બેન્ડ બજાવતા ઘર તરફ ભાગતા. એક દિવસે મહેતાજીએ મથુરભાઇને પીપરડી-ની મોટી કાપી લાવવાનો હુકમ આપ્યો, કે મારી પપરડી અને બાંગી પીપરડી, બરાબર સાફ કરી મોટીપર આંગળા આંગળાને અંતરે ત્રીણ કાપા પાડયા. ભોગજોગે પ્રથમ માર ખાવાની વારી આપણા વાર્તા નાયકને આવી, એટલે જુઓ પછી મારતરનું કોકું? જોતી કેરની કે મોટીના ટુકડાજ ટુકડા. મહેતાજી ખરું રહસ્ય સમજી ગયા, અને કંઇ પણ બોલ્યા નહી. બીજે દિવસે પાછો તેજ મુજબ હુકમ આપ્યો કે પેધેલા મોરની માફક તેવીજ રીતે કાપા પાડી લાવ્યા. આ વખતે મહેતાજીએ એક નેતરની સોટી પાસે રાખી હતી. પીપરડીની મોટીનો પ્રથમ સપાટો મથુરભાઇ ઉપર પડયો, કે છોકરાઓ હસ્યા, આથી મારતરે નેતરની સોટીયો

ધાટ ઘડવા માંડયો. અમલ સપાટાના ઝપાટાથી મથુરભાઇએ- સમયસૂચકતા વાપરી તેતરની સોટી માસ્તરના હાથમાંથી છુટવી લઇ આડા અવળા બે ચાર સપાટા ફેરવી ઘર તરફ પલાયન કીધું આવી આવી ગદ્દામરતીથી મથુરભાઇનું નામ બડકારામ ઠતિદાસ મશહુર થઇ પડયું.

(૨)

માસ્તર લઘડતારામે હોળીનાં મહાત્મ્યની ઝાંખી કરાવવા માંડી. થાકયો ! આપણા દેશમાં જે જે તહેવારો પાળવામાં આવે છે તે તે તહેવારો ખાસ ધર્મનાં બંધન ઉપર રચાયલાં છે. દરેક દરેક તહેવારો ધર્મને નામે ચાલુ થયા છે. તેવીજ રીતે આ હોળીનો તહેવાર પણ ધર્મનાં લક્ષ્યબિંદુથી શરૂ થયો છે. હોળીની અંદર પ્રથમ તો સર્વેએ પોતાનાં પાપ કર્મોને હોમી દેવાં જોઇએ.

અંતર અને બહારનાં રાક્ષસોને હોમવા એજ હોળીનો હેતુ છે. એટલે કે કામ ક્રોધ લોભ મોહ વગેરે જે અંતરના દુશ્મનો છે, અને આપણો નાશ કરનારા છે, તે સર્વ એમાં હોમવા જોઇએ અને બહારનાં દુશ્મનો તે સમાજને અધોગતિમાં લાવનારી પ્રવૃત્તિઓને હોમવી જોઇએ. એવા દુશ્મનોને અગ્નિ સિવાય કોણ પણ પોતાની પાસે રાખી શકે એમ નથી. એટલે અગ્નિ તેને પાસે રાખી પંપાળતો નથી પણ પોતે સ્વાહા કરી જાય છે. બીજું હોળી આપણને સ્વાર્થ ભોગ આપતાં પણ શિખવે છે. પરમાર્થને માટે વિના સંકોચે સ્વાર્થભોગ આપતાં કદી પણ પાછા હઠવું નહિ. અને હંમેશને માટે શાંતિ ભોગવાય એવું સ્થાન મેળવવું તે સ્વર્ગ છે. ત્યારે એટલું ધ્યાનપર રાખજો કે હોળીમાં તમો જે નાળિયેર હોમો છો, તે હોમાતાં નાળિયેરની સાથે તમોને પાપને રસ્તે દોરતા વિચારો રાગદ્વેષાદિને, પણ હોમવા ચુકતા નહિ. અને તેને હોમી તમારી અંદર ફરી પ્રવેશ કરી શકે એવાં દ્વાર સદાને માટે બંધ રાખજો કે જેથી તમારો આત્મોદ્ધાર વિના સંકોચે, વિના વિલંબે, પ્રભુની જરાપણ આનાકાની સિવાય રાજી ખૂશીથી થઇ શકશે એમાં કંઇપણ શક નથી. માટે હું તમને ફરીથી પણ સલાહ આપું છું કે " તમો આવતી ફાલ્ગની હોળીમાં જે નાળીયેર હોમો તેની સાથે તમારા ઉપરોક્ત દોષો પણ ચૂકશો નહી અને તેમાંજ તમારું ખરું શ્રેય રહેલું છે, નહી તો શેઠની શિખામણ ઝાંપા સુધી તેમ માસ્તરની શિખામણ દરવાજા સુધી ગણી, ભલે હોળીની ફરતા ડંડુકા લઇ ઊભા રહો, જે જે નાળીયેરો હોળી મા તાનાં ભડકો તરફથી હોમાય તે બાવાને માટે તમારા ડંડુકાનો પ્રસાદ હોળી માતાને ચખાડજો અને તેનાં મ્હોંમાં આરોગતાં નાળીયેર ઝુંટાવી બરકે પડાવી ખાજો!!! અને તેમાં પણ માંહોમાંહે ટંટા કરજો ભલે શીર ફોડી કેસજો! અને હાડકાંનો ખુરદો થવા દેજો કે હોળીના ચાર દિવસની રજા સાથે હોળીમી આહુતિ!!! શું સમય છે? તહેવારનો શું ઉદ્દેશ છે? તેનાં તરફ કેવા આંખ આડા કાન કરી જવાય છે? ઇશ્વર એ બધું જુએ છે! અને આજની અધોગતિ એ તેનાં ફળરૂપ બદલા રૂપણ જે કહો તે રૂપ છે, એમાં શું નવાઇ?

(૩)

ઉપરોક્ત કથને આપણા બડકારામ ઉપર કંઇક જાદુઇ, કંઇક વિજળીક રે કંઇક ચમત્કારી અસર કીધી. અને તે હવેથી પોતે પોતાનાં દુશ્મનોને હોળીમાં હોમવા ચોકકસ થઇ રહ્યા. ઘેર ગયા ત્યાં પણ કંઇ ચેન પડયું નહી. શું દુનિયા પાપાચારથી ભરેલી છે? એજ વિચારે તેમનાં મસ્તિકને ફેરવી મૂકયું, રે અધધિયું બનાવ્યું. લાવ ત્યારે હું એ પાપાચારોને હોળીમાં કેવી રીતે હોમી શકાય તેનો દૃષ્ટાંત જનસમૂહ સન્મુખ હંમેશને માટે

સ્થાપી-ચિરંજીવી રૂપ મૂકું તોજ મારું નામ મથુરીઓ-ઊર્ફે બાકારામ-ખરું. ખરેખર આ દુનિયામાં બળીયાના બે ભાગ છે, તેમ બોકા વિધા બે પણ એક તેજ અને અસરકારકે હોય એમાં નવાઇ નથી. ત્યારે હવે હું કેવી રકમની બકરા વિધા વાપરું તો વૈતરણી તરું અને સ્વર્ગે પાર ઊતરું? ત્યારે એતો એજ, મારતરના બોલો મુજબ હોળીમાં નાળીયેર હોમવું! અને તેથી દુરમનોનું બળીદાન આપવું! તેમ હવે મારે પણ જીંદગી પર્યંત મારા બદનનાં ગજવામાં નાળીયેર રાખી ફરવું અને જ્યાં જ્યાં આચણો નો! જ્યાં જ્યાં ઊપાધિઓ આવી અડે! અને જ્યાં જ્યાં બાપાચાર નજરે ચડે કે બલાસ! નાળીયેરનો ગોટો સીજગનમાંથી છોડવો અને કાસળ કાઢવું, કે બેડોપાર! વાહવાહ આનાં જેવી યુક્તિ દુનિયામાં બળતી મુસ્કેલ છે!! ભલા ભલા શોધકોનાં ભેજાં પણ મારાં ભેજાં સામે કંઈજ વિસાતમાં નથી!! શું વાત છે? આ હોળીની રજામાં ખૂબ નાચ્યું! ખૂબ કુદ્યું! અને લોકોનાં લાકડાં ચોરી લાવી હોમવાં હોળીમાં!! શું, શું, ગમ્મત આવશે? રજા તો બસ છોકરાંઓની મજા! હોળી થઇ! તેના તહેવાર પણ ગેલ ગમ્મત હુલ્લડ તોફાન વગેરે પંચરંગી પકવાનથી સમાપ્ત થઇ ગયા!! લોકોનાં ભેજાં એ આનંદથી ખાલી થયાં. સૌ સૌને ઠેકાણે પડી ગયા પણ આપણા મી. મથુરભાઇનાંદિમગજમાં તો હોળીનું નાળીયેર રમ્યા કરતું હતું! અને એમણે તો બેચાર નાળીયેર ખરીદી તેમાનું એક ગજવામાં રાખવાનું પણ શરૂ કરી દીધું.

(૪)

હોળીની રજા બલાસ થતાં નિશાળીઓનાં પેટમાં ફાલકો પડયો, અને આપેલા પાઠોનું અધ્યયન કરવા બેઠા. નિશાળે જતાં છોકરાઓએ પોતાની માતાને કેવા પ્રકારની હેરાની આપી હશે? તે બાબતમાં દિલગીરી સહ જણાવવાનું કે આપણે કંઇ જાણતા નથી! જેની કુખમાં તેઓ પાકયા હશે તેઓને તો પોતાનાં ચિરંજીવીઓનાં બત્રીસે લક્ષણની બરાબર બબર હશે. એટલે આપણને એવી ઊંડી નાહકીઆ વાતોમાં ઊતરવાની જરૂર નથી. ભલે બાળકોની માતાઓ પોતાનાં બાળકનાં ગજવામાં લાડવો આપે કે ધાણી! કે પછી સરબોડાનાં સોટાના સપાટા! એ તો ભલા જેને જેવું દિસું હશે તેજ જાણતા હશે! પછી જેને જેવી પ્રસાદી!! જેને જેવો ભાવ ને જેને જેવી રૂચી!!! હશે! પણ આપણા વાર્તાનાયકનું કોકું તો જરા જૂઓ. તેની માતા તેને નિશાળે મોકલવા ઘણો આયહ કરી રહી છે, પણ જતો નથી. તેઓને તો આજે સ્કુલની માસિક ફીનાં પૈસા જોઇએ છે. માતા કહે છે બેચાર દિવસ બાદ આપીશું! મથુરભાઇ તેનો ધનકાર કરે છે. એવામાં બરડાપર બે ચાર સપાટા ફરતાં નિશાળ તરફ રંઝાક બેન્ડના અવાજને પણ ભુલાવે એવો બેસુરો અવાજ કાઢતાં ગભરડી મારતા કે નિશાળે પહોંચ્યો પણ નાળીયેર સાથેજ છે.

કલાસ ચાલુ થતાં છોકરાઓનાં પાઠ લેવામાં, ત્યારબાદ માસિક ફીની માંગણી થઇ. મથુરભાઇનું કોકું જોવા જેવું હતું. વારી આવતાં ડોકું ધૂણાવ્યું, એટલે બારડીબંધ ઉભા રહેવાનો ઓર્ડર થયો. ઉભો થતાંજ વિચાર કીધો શું બણાવે તેમાં પણ પૈસા? બાપ! બાપ!! બાપ!!! જ્યાં જૂઓ ત્યાં પૈસા વગર તો ડગ ભરાતુંજ નથી! ત્યારે એવું પૈસા ખરચીને લીધેલું બણતર પણ શું કામનું? બાપા કહેતા હતા કે આંગળના ઋષિમુનિઓ ખાલી ગાવલની મૂકી લઇ બણાવતા હતા, અને તે પણ જે રાજી ખૂશીથી આપે તેની પાસેજ લેતા હતા અને કેટલામને તો પોતાની પાંસે રાખી વિના મૂલ્યે વિદ્યાદાન આપતા હતા, ત્યારે આ-

જના જમાનામાં પૈસા નહી આપે તો ભણા-વવુંજ નહી એ કયાંનો ન્યાય? છટ! એવું વેચાતું જ્ઞાન મારે જોઇતું નથી. આગળના ઋષિમુનિઓ જે વિદ્યા આપતા તેથી જન્મનું સાર્થક થતું અને સ્વર્ગે જવાતું ત્યારે હાલમાં પૈસા ખરચી લીધેલી કેળવણી ગુલામીનાં રસ્તા ઉપર દોરે છે. બોલું ભણુંશું કે બાપા, તારમા-સ્તર! પોષ્ટમાસ્તર! રેંગમાસ્તર! વગેરે વગેરે માસ્તરનાં પુછ્યાં બલાડાં એ લલચાવશે અને ગદ્ધા વૈતરીમાં ફસાવશે! નહી તો ટપાલી! ગંહેતાજી! કારકુનજી! છેવટે નહીં તો હવાલદારની ટાપટીપવારી પણ અપાવશે. અહીં તેમાંજ જીવનની મહત્તાને હોમી દેશે! માટે મારે તો આ પોપટીઆ બલ્કે ગદ્ધા વૈતરીઆં શિક્ષણ જોઇતું નથી! ભણવું એ નથી અને સાહેબ બાપા કહેવડાવવું એ નથી! બાપનાં ઢેકાં છે તો ચાળવશું અને વર્ષ દિવસે મહેનતનો બદલો મેળવશું! આ આવ બલા પકડ ગલા શી કામની?" આવા વિચારો ચાલતા હતા એટલામાં ગજવાંપર હાથ પડયો અને ચેત્યા! "વાહવાહ માસ્તર આપેલી શિખામણનો બદલો માસ્તરને આપવો!" આવો પાકો નિશ્ચય કરી, નાળીયેરનો ગોટો ફાડયો અને માસ્તર લક્ષ્મડતારામનાં માથાંપર ભમ કરતો કે ઠોકયો! જરાજર માંથું રાઇ કરાવી આવેલા સુલેમાન સાટકા જેવા માસ્તરનાં નાળીયેરી ડોયા જેવાં માથાં ઉપર ડોયો જઇ ચોંટયો કે પછી શું બાકમાતની ધડધડ?!! બેટો બપોરો પડતાંજ રક્ત ગંગા જોવાં લાગ્યાં! આ બનાવ જોઇ છોકરાઓ માસ્તરને પાટાપેટાસની ધડાપડીમાં પડયા કે લાગ જોઇ મયુરભાઇ ઉર્ફે બડ-ફારામ ઘર ભણી પલાયનમઃ કરી ગયા. પાછળથી તેમનું નામ સ્કુલમાંથી કાઢી નાખવામાં આવ્યું, અને ડામીસમાં કરી ગયું. [ખરેખર, વર્તમાન કેળવણી હોલી ઘણીજ સખ્ત અને ભોગાઉ છે. વળી રંક કુટુંબમાં ઉછરતા છોકરાઓ માટે ભવિષ્યમાં આગળ વધવાનાં સાધનો આપણા દેશમાં ઘણાંજ જૂજ છે, એટલે તેઓ બિચારા અધૂરી કેળવણી લઇ નોકરીનાં ફાંસામાં ફસાઇ જાય છે અને તેમાંજ તેઓનું અમોલ જીવન કર્તવ્ય શૂન્ય થઇ જાય છે! બલ્કે નોકરી કરતાં તેઓને ઉપર રંમરજુ કરવાનો વખત પણ ઘણોજ જૂજ મળે છે. શું આ આપણા દેશની એક દુઃખલવિ સ્થિતિ નથી? ખરેખર કેળવણી તો મફતજ હોવી જોઇએ!]

(૫)

ઉપલી વાતને કેટલાંક વર્ષ થઇ ગયાં છે. મયુરભાઇને હવે ગૃહસ્થાશ્રમની ઝુંસરીમાં જકડાવું પડયું છે. માતપિતા પણ મરણ પામ્યાં છે. પોતે કૃષી કર્મ કરી ગુજરાન ચલાવે છે. ગૃહસ્થા-શ્રમનાં ઘણાક અમલ રિવાજો તેમને ભારી થઇ પડે છે. તે સર્વે રિવાજોમાં એકે પગે આગ મૂકવા તૈયાર થઇ રહ્યા છે, પણ એમની વાતોને કોઇ ટેકો આપતું નથી. ઘરમાં દસ વર્ષની કન્યા ઘનશ્યામ કરી રહી છે. હવે ઘરમાં સ્ત્રી આવા ધાય છે. જ્યારે ત્યારે છોકરીને માટે શું કીધું? એ પ્રશ્નજ સ્ટેજનાં ઉપર આવી ઉભો રહે છે. છોકરીને પરણાવતાં લગભગ બે એક હજારની પુંજી જોઇએ પણ તેમનાં ગજવાં તો ખાલી છે. જે કાંઇ હતું તે માબાપના દહાડા-પાણીમાં સમાપ્ત થયું હતું. તે વખતે મયુર-ભાઇએ તો નાળીયેર હોમવાનો વિચાર કીધો હતો! પણ આ બાજુ ન્યાતીલાઓ કાચા ન હતા. ભડેંણાં રહેંણાના ભયે લોકોનાં હાથ દબાવાઇ ગયા હતા. આથી મયુરભાઇ કંટાળી ગયા હતા, પણ લાચાર થઇ બેસી રહેવું પડયું હતું. કમી હાલમાં ખેતીમાંથી પણ એવી સારી ઉપજ નડી થતી કે તે તેમાંથી પોતાનાં ગુજ-રાન ઉપરાંત કંઇક બચાવી છોકરીનાં લગ્ન કરે. રાત દિવસે તેમને એજ ચિંતા રહેતી કે "હવે છોકરીનું શું કરવું?" પણ મક્કમ ચ્યાર પર આવી શકતા નહી; તેમનો વિચાર

તો એવો હતો કે આ વખતે ન્યાતીલાઓનાં માથાંમાં નાળીયેર મારી રીતરિવાજને હોમી દઇ છોકરીને કોઇ ભણેલા સાથે વગર ખર્ચે કીધે પરણાવી દઉં. પણ શું કરે. આ વખતે તેમનો જમો પકડી બેઠેલી ઘરવાળી છોડે એમ ન હતી. તે તો પોતાની છોકરીના લગ્નમાં બે હજાર રૂપીઆ ખરચાવવા માંગતી હતી, પછી ભલે તેની પાસે પૈસો ન હોય તો કરજ કરી લાવે! ઘરગીરો મુકે! જમીન વેચે કે મથુરભાઇ ભંગીયાને ત્યાં વેચાય! તેની તેને જરૂર રા.. એ દરકાર ન હતી. પણ તેને તો ઉંચા કુટુંબમાં બડેખાંઓને ત્યાં છોકરી પરણાવવી હતી. અને એજ રૂદન પાટલો વેગ્યનો ચાલુ હતો. મથુરભાઇએ બધાંને નાળીયેર સોંપવા માંગતા હતા પણ અહીં તેમ કરવા તેમનું જીગર ના પાડતું હતું, કારણ કે જેવાં હતાં તેવાં પણ પોતાનાં અંતર સાથે બંધાયલાં હતાં, એટલે શું કરે? અહીં કંઇ લથડતારામ નહી હતા કે બેટો મપારો ઠોકે! એતો ત્યાંજ ચાલે કે જ્યાં કંઇ લાગતું વળગતું નહી હોય!!! આવી ઉપાધીઓથી મથુરભાઇ કંટાળી ગયા હતા, અને ધર્મ પ્રતિ તેમનું લક્ષ્ય ખેંચાતું ચાલ્યું. નરસિંહ મહેતાનાં પદો મુખપર કરી રાખ્યાં!! અને આખો દિવસ "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ!!" આ પદ ઉલટાવી ઉલટાવી ગાતા હતા. અને કોઇપણ રકમની ચિંતાને દૂર કરતા ચાલ્યા!! એવામાં ગામમાં પ્લેગ ચાલુ થયો!! અને લોકો ભાગવા-નાસવા લાગ્યા. પણ મથુરભાઇએ નાસવાનું દિલ કીધું નહીં. કર્મ સંજોગે દુર્ભાગ્યવશાત્ એકજ દિવસે તેમની મનમાની મોહરદાર અને બાળકન્યા પ્લેગ રાક્ષસનાં કાળમુખમાં સપડાયાં! આવા વજ્રાઘાતથી મથુરભાઇ પોતે પોતાની અક્કલ ઠેકાણે રાખી શક્યા નહીં. અને ઘરમાં માચીમ સળગાવી મૂકી. પછી શું હોય? લોકો દોડ્યા પણ અગ્નિ-દેવ પડળ પડે એમ ન હતાં, લોકો મથુરભાઇને પકડે તે પહેલાંજ તેમણે "ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ" ના ચરણને લલકારતાં પોતે પણ નાળીયેર હોમી ઝંપલાવી મુક્યું!!! [ખરેખર આજકાલનાં સામાજીક બંધનો તેમજ રીતરિવાજો જેઓ ગરિબ તવંગરને માટે એકજ લાઇન પર રચાયલાં છે તેની અંદર હમેશને માટે આગ મુકવાની જરૂર છે. ગરીબો એ કામ કરવામા કુણીભૂત થવા નથી કારણ તવંગરોનો લાભ કુમતો હોવાથી તેઓ ચોવીસે કલાક બંબાની સુંઢથી પાણીના મારો ચાલુ રાખે છે, અને કોઇને જરાપણ ફાવવા દેતા નથી. ભુલે ચુકે જો કોઇ ગરીબ બહાર આવે તો તે પોતે તેમાં હોમાઇ જાય છે. એટલે આવી અંધાધૂંધીમાં સપડાનાર તવંગરો ગરીબોને પોતાની બીછાવેલી જાળમાંથી મુક્ત કરશે તોજ દરેકેદરેક સભાનું શ્રેય થવા સંભવ રહે છે!!]



પત્ર હાથમાં લઇને કૈલાસ પાલખાઝ રોડની ખુલ્લી ખડકીની ઠંડી હવા ખાતો હતો. પંણ ચોડીવારમાં પસીનાથી તેનું શરીર ભીંજાઇ ગયું શું કરવું? કેવી રીતે કરવું? તે ધ્યાનમાં આવ્યું નહિ. જ્યાં કોઇપણ પોતાનું નથી, ત્યાં માણસો હોય તો પણ જંગલ છે; લંડનની તે સડક પરથી કેટલાક સભ્ય જેન્ટલમેન Gentleman સારાં સારાં કપડાં પહેરીને ચાલ્યા જતા હતા:-પણ કૈલાસ તો બધે જંગલમાં બેઠો હતો. તે કોની પાસે જઇને કહે કે ભરત-

બંડની મ્હારી પ્રસિદ્ધ પેઢીનું આજ દેવાળું નીકળ્યું છે! અને મેં જે રૂપિયા આવવાની આશા હતી, તેની ઉપર પાંચસો પૌન્ડ કરજે લીધા હતા, તેમાંથી એક પેની પણ ચૂકાદો કરવાની મ્હારી તાકાત નથી? ટેબલ ઉપરથી કાગળ ઉઠાવીને ફરી તેણે વાંચ્યો. મિત્ર રમેશે લખ્યું હતું કે,—"તમારા પિતાજી મરણ પામ્યા ત્યારથી મુનીમોની ઉસ્તાદીથી પેઢીનો વહિવટ સારો નહોતો પણ જે ધારવામાં નહોતું તે આજ થયું! દેવાળું પિટાયું છે! જો તમે જલદી આવશો તો કંઈક પતશે. પત્ર વાંચીને જલદી આવો?"

કૈલાશ કરજદારોને દરરોજ આશા આપતો હતો કે હિન્દુસ્તાનમાંથી મ્હારા રૂપિયા આવવાના છે. ૭ માસથી રૂપિયા રોકાણ હતા—પરંતુ કૈલાશની ઇમાનદારી પર વિશ્વાસ હતો. એ માટે હોટલવાળી મિસ જેનોએ ભાડું પણ માંગ્યું નહિ, તેમજ કેટલાક મિત્રોએ પણ સહાયતા આપી હતી. શનિવારના રોજ ભારતની ટપાલ વહેંચાતી હતી. કૈલાશ રૂપિઆની આશામાં હતો. જ્યારે મિત્ર રમેશનો પત્ર મળ્યો, ત્યારે જાણે મેઘ વિના વિજળી નીચે પડી! પાસે એક પૈસો પણ નહિ, વળી આશાલતા પણ કરમાઈ ગઈ?

શિર પકડી કૈલાશ ઊભો થયો, તેના લલાટ ઉપર પસીનાના બિન્દુ બાઝ્યા, બન્ને હાથો વતી પોતાનું શિર જોરથી દબાવ્યું. વિચાર કર્યો મહા પુરુષો પર આથી પણ અધિક આપત્તિ આવી છે? શું હિન્દુસ્તાન નહિ જઈ શકાય! શું એકવાર પ્રયત્ન કરી શકાય? જો ભારત પહોંચી જવાય તો કાંઇક થઇ રહે. પણ પાસે એક કોડી પણ નથી! અંગ્રેજના દેશમાં ભારતવાસીનો વિશ્વાસ કોણ કરે? વળી ભારત પહોંચવાને થર્ડ કલાસનું ભાડું ૨૦ પૌન્ડ છે, ક્યાંથીએ ૨૦ ગિનિ મળી શકે? આશાથી ઉત્સાહિત થઇને કૈલાશ નવ વાગે કાંઇ પણ ખાધા પીધા વિના રિફ્રમ હોટલથી ઉતરીને સડક ઉપર આવ્યો.

(૨)

'રૂગિન્સન' એન્ડ કમ્પની, જે પૂછવાથી માલમ થયું કે, હિન્દુસ્થાન જવા માટે કાલ ૭-૨૦ મિનિટપર સ્ટીમર ઉપડશે એટલા સમયમાં જો કોશિશ કરીશ તો ૨૦ પૌન્ડ એકઠા કરાશે તો ભારત પહોંચી જઈશ!

ફરતા ફરતા સંધ્યાકાળ થયો, પોતાના સર્વ મિત્રોને કૈલાશે પોતાની હકીકત જણાવી, કેટલાકે સહાનુભૂતિ દેખાડી,—કેટલાકે પોતાની અસમર્થતા પ્રગટ કરી-કોઇએ એક કે દોઢ પૌન્ડ દઇને તેને બીજા મિત્રોની સહાયતા માગવાનું કહ્યું. જ્યારે સાંજના સાડાપાંચ વાગે અને વિશ્વની સમ્પત્તિથી અલંકૃત લંડન નગર વિજળીના દિવાઓથી ચળકી ઊઠયું!—તે વખતે કૈલાશ નિરાશાના કાળા મેઘથી, પડી જઇને નિર્જીવ જેવો બની ગયો. આખા દિવસમાં તેને કેવળ ૩ પૌન્ડ મળ્યા, બાકી ૧૭ પૌન્ડ મળવા અશક્ય હતા, જે ૭ માસથી કરજદાર છે, એને કોણ નાણાં ધીરે? કૈલાસનું માથું ઘૂમવા લાગ્યું! તે વિચાર કરવા લાગ્યો, કે સંસાર હૃદય હીન છે, ચારે તરફ જે હજારો મનુષ્ય ઉજળા કપડાં પહેરીને ફરે છે. માનોકે તે સ્વાર્થના સફેદ ચિંથરાઓમાં ઢંકાઇને ફરી રહ્યા છે, સહુ પોતાનું સુખ ઇચ્છે છે, બીજાના દુઃખથી કોણ દુઃખી છે? કૈલાશને મનુષ્યો પર ઘણોજ તિરસ્કાર થયો! તે વખતે એક વર્તમાન સમાચાર વેચવાવાળો છોકરો અવાજ કરતો નીકળ્યો-"સાંજના તાજા સમાચાર-ગિલ્ડનપાર્કમાં મકરીનો આત્મઘાત-એના ખિસ્સામાંથી નીકળેલી ચિઠ્ઠી-તાજા સમાચાર."

એક ક્ષણમાં કૈલાશને મસ્તકમાં વિજળીનો ચમકાર થયો! એ છોકરા પાસેથી એક કોપી London News ની ખરીદી, એમાં મકરી નામના એક યુવકના આત્મઘાતના તાજા સ-

માચાર હતા, કૈલાશ-પાસેની હોટલમાં ચાલ્યો ગયો, એની આંખ વિકટ હાસ્યથી નાચી ઊઠી! સવારથી તેણે પાણીનું ટીપું પણ, "મ્હોમાં નાખ્યું નહોતું ?-પણ તેને યાદ પણ નહોતું. નોકરના પૂછવા ઉપરથી તેણે ચિઠ્ઠી લખવા માટે નોટપેપર અને કવર માગ્યાં. અરધો કલાક બેસીને તેણે દશ બાર ચિઠ્ઠી લખી કવર ઉપર ઠેકાણું લખીને બિસ્માંમાં રાખી લીધું, પછી નોકરને પૈસા આપીને તે બ્હાર નીકળી ગયો.

રસ્તામા બ્હાઇટ એન્ડ બેડલા, ની દુકાનમાંથી અઢી પૌન્ડની એક પિસ્તોલ અને ચાર કારતૂસ ખરીદ્યાં. દૂકાન બ્હાર એક ભિખારીને પોતાના જેવી હાલતમાં દેખ્યો; તે ભીખ માગતો હતો. કૈલાશના બિસ્માંમાં કેવળ બે પેન્સ હતા તે તેને આપી દીધા.

(૩)

નિલ્સન પાર્કમાં કૃત્રિમ સરોવરના કિનારે બેસીને કૈલાશ વિચાર કરી રહ્યો હતો કે કાલ સવારમાં વર્તમાન પત્રમાં તાજા સમાચાર મોટા અક્ષરે છપાશે!

" An Indian student shoot himself " his name is Kalidas chandra.

એ વખતે કોઇએ પાછળથી ખભાનો સ્પર્શ કર્યો. ફરીને જોયું તો માલૂમ થયું કે, મિસ માઉન્ટરોજ છે. સભ્યતાને લીધે ઊભા થઇને કૈલાશે તેને બેસાડ્યાં. મિસરોજે પૂછ્યું- "આપની હોટલમાં કેમ ન આવ્યા મિ૰ કલાસ ?" કૈલાશ જ્યારે "કંટરબરી હોટલ"માં ભોજન કરતો હતો, તેમાં મિસરોજ ભોજન પિરસવાનું કામ કરતી હતી. મિસે ફરીથી કહ્યું- "શી ચિન્તામાં છો મિ૰ કૈલાસ ?"

કૈલાશે કહ્યું-"તમને માલૂમ છે કે આ તળાવમાં એક દિવસ પ્રેમથી નિરાશ થઇને જર્મન કવિ-દુખી જઇ મરી ગયો હતો, તેનું નામ શું હતું ?'

મિસરોજ-'અરે! અભાગી એવા શું વિચાર કરે છે ?'

કૈલાશ-'ખરેખર નિરાશાથી મોત સારું છે!'

રોજનું હૃદય કંપી ઊઠ્યું! એણે કહ્યું- 'ચાલો મિ. કૈલાસ નાવમાં સહેલ કરી આવીએ.'

તળાવનું કાળું પાણી જોઇને કૈલાશે કહ્યું-'ક્ષમા કરો! મિસ, મ્હારી પાસે એક પેન્સ પણ નથી.'

રોજ ફરી કંપી ઊઠી! અને કહ્યું-'સાર મિ. કૈલાસ, કાંઇ વાત કરો કારણ કે આજ મ્હારો જીવ સારો નથી'

કૈલાશે કહ્યું-" મકેરીના આત્મઘાતની વાત વાંચી છે ?'

કૈલાશે કોટનું પાકીટ ખોલતા સાથેજ મિસરોજે કહ્યું-'એમ તેને શા માટે કરવું પડ્યું ?'

કૈલાશ-'નિરાશાથી વંગ થઇને એણે જે કાંઇ કર્યું છે તે હીકજ કર્યું છે?'

પાકીટની કોઇકે કડી બ્હાર લટકતી હતી, તે જોઇ કહ્યું-'કહો એ શું ચાહતો હતો?'

કૈલાશ-'સંસાર સર્વને માટે સોનાનો બાગ છે ? નહિ, ઘણાકને માટે તે નરકથી પણ અધિક છે !'

મિસરોજે કૈલાશના બિસ્માંમાંથી એક કડી ખેંચીને તળાવની વચ્ચે જોરથી ફેંકી દીધી!

કૈલાશે કહ્યું-'હાય રાક્ષસી, તેં મ્હારી અન્તિમ આશા પણ છીનવી લીધી!'

મિસરોજે કહ્યું-'મિ. કૈલાસ મ્હારી બીક ચાલી ગઇ! કોઇ હોટલમાં જઇને ભોજન કરશું. મ્હને બહુ ભૂખ લાગી છે!'

કૈલાશ—'તને ક્યાં માલૂમ છે કે, તેં મ્હારો સર્વ નાશ કરી દીધો હવે કાંઇ બીજો ઉપાય!'

મિસરોજ—'એવા નિરાશ વિચાર છોડો. ચાલો ઉઠો ?'

(૪)

ભોજન કર્યા પછી એકલા ઓરડામાં બેસીને મિસે રોજે કહ્યું—'કહો મિ. કૈલાસ, તમે એવાં હલકા કામ નહિ કરો કે?'

કૈલાસ—'હું આજ રસ્તાનો ભિખારી છું. મિસરોજ? આજ તમે ખાડામાં છો, તો હું કાલે જરૂર ભૂખે મરી જઈશ?'

તેના મોઢા તરફ જોઈને રોજે કહ્યું—'તમારે કેટલું દેવું છે?'

કૈલાસ—'૫૦૦ પૌન્ડનું દેવું છે, અને ૨૦ પૌન્ડ બાકી, હિન્દુસ્તાન પહોંચીને મ્હારા મિત્રો પાસેથી કાંઈક રૂપિઆ લઈને મુકરદમો લડી મુનીમોએ આપેલું પાછું કઢાવીશ। પેટીમાં કોઈ પણ જાતનો વાંધો નથી, પરંતુ પહોંચવું કઠણ છે?'

પાકીટમાંથી ચેક-બૂક કાઢીને મિસરોજે ૬૦૦ પૌન્ડનો એક ચેક કૈલાશના નામે લખી દીધો કૈલાશે નીચા નમીને જોયું કે તેની પૂંજી ૬૦૦ પૌન્ડની હતી.

કૈલાશે કહ્યું "તમે સાક્ષાત્ દેવી છો, પણ હું નથી ધારતો કે જે દેશ આજ મ્હારી છે, તે કાલ તમારી થાય!"

મિસરોજ—'તમારી દશા જુઓ મિ. કૈલાસ? આપણે બદલામાં આપનો રોટો જરૂર મોકલી દેજો, Good Night.

રસ્તામાં જતાં જતાં મિસ રોજને કેટલીક વાર પોતાની આંખો રૂમાલથી લુછી નાખી! ત્યારે આગળ રસ્તો સૂઝ્યો; તેને એ વાતનું ધ્યાન નહોતું કે આજ તેની પાસે એક પૈસો પણ નથી!

કૈલાશે મનમાંને મનમાં કહ્યું, પરમાત્માએ આ અમૂલ્ય હૃદય-ક્યાં છુપાવી રાખ્યું હશે? મોટા મોટા પૈસાદારો મકખીચૂસ અને આ એક સાધારણ સ્થિતિવાળી રમણી વિશ્વ પ્રેમિકા!!! *

રોજદ. (ધંધુકા) } "સુરેન્દ્ર"

* હિન્દીને આધારે.

પત્નીનો પશ્ચાતાપ.

"લ્યો રે કાચનાં વાસણો, કાંસકી આપના રમકડાં" વીગેરે લાંબી બૂમ મારતો એક ફેરીવાળો નિર્મળા જે ચાલીમાં રહેતી હતી તે ચાલીમાં આવીને ઉભો રહ્યો. નિર્મળાની પડોશમાંજ લક્ષ્મી રહેતી હતી તેણે નિર્મળાને હાંક મારી બોલાવી. ફેરીવાળાનું ટોપલું નીચે ઉતર્યું અને જે પ્રમાણે એકાદ ખેતરમાં પંખીનું ટોળું આવીને પડે તેજ પ્રમાણે ચાલીમાંની સર્વ સ્ત્રીઓ તે ફેરીવાળાના ટોપલાની આસપાસ ફરી વળી! કોઇએ કાચની બરણી ખરીદી, કોઇએ કપ રકાબી ખરીદ્યા, કોઇએ પોતાનાં બાળક માટે રમકડાં ખરીદ્યાં અને સર્વ બેદની વિખરાઇ ગઇ.

નિર્મળાના અંતઃકરણમાં એકાદ બે આયના અને કાચનાં રમકડાં ખરીદવાની ઇચ્છા થઈ પરંતુ પાસે પૈસા ન હોવાથી તેણે દયામણું મુંખ કર્યું. તે જોઇને તેની પડોશણ લક્ષ્મીએ નિર્મળાને એક બાજુએ બોલાવી કહ્યું "આ ફેરીવાળો કેની, નિર્મળા બ્હેન ઘણોજ સારો માણસ છે. તમારી પાસે હાલ પૈસા ન હોય તો ઉધાર વસ્તુઓ લ્યો. તે પૈસા માટે લેશ પણ તકરાર કરે એવો માણસ નથી."

આ જગતમાં કેટલાક પ્રચ્છન્ન શત્રુ મિત્ર રૂપે હોય છે! નિર્મળાને લક્ષ્મીની સલાહ ઘણીજ પસન્દ પડી, પણ તે પહેલાંજ તેને પશ્ચાતાપ થવા લાગ્યો હશે.

લક્ષ્મીની ભલામણથી નિર્મળાને જે જણસો જોઇતી તે 'ઉધાર' મળી. રોજ ફેરીવાળો ચાલીમાં આવે અને બે ત્રણ દિવસને અંતરે નિર્મળા તેની પાસેથી ઉધાર જણસો જે જોઇએ તે લે. ફેરીવાળો બોલે ચાલે નહીં એટલે સારો માણસ! અને તેમાં લક્ષ્મીની ભલામણ!! પછી તે પૈસા ન માગે તેમાં નવાઇ પણ શું? હશે, નિર્મળાની પૂર્વ સ્થિતિ હવે વાંચકને જણાવવી જોઇએ.

નિર્મળાના પતિ કાન્તિલાલને એના વડિલની કાંઇ મિલ્કત નહોતી. કાન્તિલાલની ઉમ્મર પાંચ-છ-વર્ષની થઇ એટલે તેના પિતાએ સ્વર્ગમાં પ્રયાણ કર્યું. કાન્તિલાલનું પાલન પોષણ તેના મામાએ કર્યું, તેના મામાની મિલ્કત પણ પોષણ પુરતીજ હતી. જેમ તેમ 'સ્કૂલરશીપ'ની પરીક્ષા સુધી કાન્તિલાલને તેના મામાએ મદદ કરી. કાંતિલાલ એક સરકારી ઓફીસમાં દર માસે પચ્ચીસ રૂપીઆના પગારે નોકરી ઉપર રહ્યો. મુંબઇ આવતાંની સાથેજ તે પોતાનાં કુટુમ્બ સહ રહેવા લાગ્યો. ગામડામાંથી માણસ મુંબઇ સરખા શહેરમાં આવે એટલે ત્યાંની ધમાલ જોઇ એકદમ ગભરાઇ જાય છે. ત્યાં ઘર બોલા વેચારા આવતા જતાના તરેહના મદાર્થી જોઇ શું કરવું અને શું રહેવા દેવું એમ તેનાં અંતઃકરણમાં થાય છે. નિર્મળાની સ્થિતિ એવીજ રીતની થઇ હતી.

એ પ્રમાણે બે માસ વીતી ગયા. પતિની પરવાનગી સિવાય આપણે વસ્તુઓ 'ઉધાર' લીધી એ બરાબર કર્યું નહીં એવું નિર્મળાને લાગ્યું, પરન્તુ 'આજ કહું' 'કાલે કહું' એમ કરી કરી તે દિવસો નિર્ગમન કરવા લાગી.

એક દિવસ બોલાં બોલાં નિર્મળાએ સરવાળ કરીને જોયો તો ફેરીવાળાના દશ રૂપીઆ થયા છે એમ તેને જણાયું. આટલી મોટી રકમ થઇ હશે એમ તેને કલ્પના પણ નહોતી, તે એકદમ ગભરાઇ ગઇ. ફેરીવાલાના પૈસા અદલ પતિને કહેવું કિંવા ચુપચુપ ફેરીવાલાનો પૈસા પતાવી દેવા એ વિચારમાં તે હતી એટલામાં "બોરે કાચંનાં વાસણો" નો ધ્વનિ તેને સંભળાયો, અને ફેરીવાલો ચાલીમાં આવીને ઉભો રહ્યો. દરરોજ નિર્મળા ફેરીવાલો આવ્યો કે તેની ટોપલી તરફ ધસી જતી અને આજ ફેરીવાલાનો અવાજ સુણતાંજ તે દ્વાર બન્ધ કરી અંદર બેઠા. ફેરીવાલાએ નિર્મળાને આજે જોઇ નહીં એટલે તે બાબત તેણે લક્ષ્મીને પૂછ્યું:-" તે તમારા નવીન મૈત્રીણી ક્યાં છે"? ઘરમાં હશે" લક્ષ્મીએ તુરત ઉત્તર આપ્યું "હું હમણા બોલાવું છું" કહી લક્ષ્મી નિર્મળાની ઓરડી તરફ ગઇ અને "નિર્મળા! નિર્મળા! તમને ફેરીવાળો બોલાવે છે" એમ બૂમ મારવા લાગી. નિર્મળાને દ્વાર ઉઘાડવાંજ પડ્યાં. નિર્મળા ફેરીવાળા પાસે આવી. નિર્મળાને જોતાંજ ફેરીવાળાએ કહ્યું "બ્હેન! બે મહિના થઇ ગયા. હું પૈસા માટે આજદિન સુધી એક શબ્દ પણ બોલ્યો નથી. મારા પન્દર રૂપીઆ નીકળે છે તે જલ્દી મને આપી દો, નહીં તો હું સ્મોલકોઝ કોર્ટમાં ફરીયાદ કરીશ."

ગરીબ બિચારી નિર્મળા! ફેરીવાળાની ધમકી સાંભળી તે તો એકદમ ગભરાઇ ગઇ, અને તેના પન્દર રૂપીઆ થયા એ સાંભળી તેને અત્યંત આશ્ચર્ય લાગ્યું!! નિર્મળા નિર્મળાને જગતનો અનુભવ નહોતો!!!

સન્ધ્યાકાળે કાન્તિલાલ ઑફીસમાંથી ઘેર આવ્યો ત્યારે હમેશ પ્રમાણે પ્રસન્નવદના નિર્મળા ઓરડીનાં દ્વાર પાસે આવે "સુસ્વાગતમ્" કહેવાને ઉભી રહેલી તેને દૃષ્ટિગોચર થઇ નહીં. ઓરડીમાં જતાંજ નિર્મળા નીચું મુખ રાખી મુસકે મુસકે રૂદન કરતી તેને માલમ પડી.

કાન્તિલાલે કહ્યું:—બ્હાલી! શા માટે તું રડે છે? શું તને કાંઇ દુઃખ થયું છે?" એટલે નિર્મળા વધુ રડવા લાગી. છેવટે તેણે કહ્યું. "મારાથી એક ભયંકર ભૂલ થઇ ગઇ છે. આપ મને ક્ષમા કરો તો કહું."

"તારી ભૂલ ક્ષમા કરવા યોગ્ય હશે તો અવશ્ય હું ક્ષમા કરીશ, પરન્તુ આગળથી હું વચન આપી શકું નહીં" કાન્તિલાલે કહ્યું.—ત્યારબાદ નિર્મળાએ સર્વ હકીકત કહી સંભળાવી. કાન્તિલાલે પેટી ઉઘાડી અને નિર્મળાના હાથમાં પન્દર રૂપીઆ આપતાં શાંતપણે કહ્યું "બ્હાલી! તારી ભૂલ ક્ષમ્ય છે તેથી જ તને એક વખત ક્ષમા આપવામાં આવે છે. મારી સાંપત્તિક સ્થિતિ કેવી છે એ તું સારી રીતે જાણે છે, પરન્તુ હવેથી મોહની જાળમાં ફસાઇશ નહીં. 'મુંબઇ' એટલે 'મોહમયી.' મોહ ઉત્પન્ન કરનારું આ શહેર છે. સમજી? હવે પુનઃ એવો પ્રસંગ લાવીશ નહીં!".

નિર્મળાના કાન ઉઘડ્યા. હાલમાં કાન્તિલાલને પચાસ રૂપીઆ મળે છે અને પતિપત્નીનો પ્રેમની ગાંઠ કરનાર એક નવું બાલક પણ ઇશ્વરે બક્ષીસમાં આપ્યું છે.

નૂર્ય-સુતાનાવટ નિકટ અડચા હુંડાશની. } અમ્બેલાલ સંપરામ-ભાઇ દેશાઇ.

પ્રકીર્ણ વિષયો.

લંડનમાં જુદા જુદા વર્તમાન પત્રોનો કેટલો ફેલાવો છે?

લડાઇ બન્ધ પડેલાં એટલે કે સને ૧૯૧૪ના જુલાઇ માસ પહેલાં લંડનમાં બ્હાર પડતાં જુદાં જુદાં વર્તમાન પત્રોનો કેટલો ફેલાવો હતો તેની વિગત એક અંગ્રેજી વર્તમાન પત્રમાં નીચે મુજબ આપવામાં આવી છે.—

નામ.	નકલો.
ડેલી ક્રોનીકલ	૧૩૬૩૭૭
,, એક્ષપ્રેસ	૪૦૦૦૦૦
,, મીરર	૬૬૦૦૦૦
,, સ્કેચ	૬૮૩૫૦૦
,, ટેલીગ્રાફ	૧૮૩૩૬૨
ધી રાઇમ્સ	૧૪૦૦૦૦
ડેલી મેઇલ	૮૧૪૫૧૨

આમાંથી પહેલાં અને છેલ્લાં પત્રની કિમત લડાઇ પહેલાં અર્ધી પેની હતી, અને જો કે તેમની કીમત હાલ વધીને એક પેનીની થઇ છે તોપણ તે બન્ને પત્રોનો ફેલાવો ૧૯૧૭માં લડાઇ પહેલાં હતો તેના કરતાં વધારે હતો

'ધી થંડરર' પત્રની કીમત લડાઇ દરમીઆન બે પેનીની થઇ ગઇ છે, છતાં તેનો પણ ફેલાવો વધ્યો છે.

ડેલી ટેલીગ્રાફ, મીરર, અને સ્કેચના ફેલાવામાં પણ ૧૯૧૪ની સાલના કરતાં હાલ ઘણો વધારો થયો છે.

ડેલી એક્ષપ્રેસનો ફેલાવો હાલ ૬૦૦૦૦૦ કોપીનો છે, અને ડેલી ન્યુસ કે જેની એક નકલની કિમત અર્ધી પેની છે કે જેનો ૧૯૧૪ની સાલનો ફેલાવો કેટલો હતો તે જણાવવામાં નથી આવ્યો, તેની આજ આખા દિવસમાં એક એક લાખ જેટલી નકલો ખપે છે.

કુંકામાં કાગળની કિંમતમાં વધારો થઇ ગયો છે, છતાંયે અને બીજાં વર્તમાન પત્રો લડાઇના સમાચાર જાણવાની અભિલાષાને લીધે કોઇની ન શમી શકે તેવી ક્ષુધાનું સંતર્પન કર્યા જાય છે.

અરે અફસોસ! આપણા દિવસનાં પ્રકટ થતાં છીંકણીની ખપતી આટલી બધી મ્હોટી

ગાયોથી જેવા ભાર બરદારી બળદો પેદા થાય છે તેવાજ બળદો દુધાળી ગાયોથી પણ ઉત્પન્ન થઇ શકે છે. વળી દુધ અત્યારે મોટા શહેરમાં વસતી પ્રજા માટે બહુ અગત્યની ખોરાકની ચીજ થતી જાય છે. વળી સારી દુધાળી ગાયને ઉછેરવાનું જેટલું ખર્ચ લાગે છે તેટલુંજ દુધાળી ન હોય તેવી ગાયને ઉછેરવાનું ખર્ચ લાગે છે. તેથી કરીને દુધાળાં ઢોર રાખવા એ વિશેષ નફાકારક છે. કેટલાંક એમ વાંધો ઉઠાવે છે કે સૌથી સારૂં દુધાળું પ્રાણી તો ભેંસ છે, કારણ કે તેના દુધની અંદર ગાયોના દુધ કરતાં વધારે સત્વ હોય છે તેથી તે ઘી બનાવવામા વધારે અગત્યનું છે, તે વાત ખરી, પણ હું એમ માનું છું કે બહુ કાળજીથી પસંદ કરેલી અને સારી ઉછરેલી ગાયો જો સારી વ્યવસ્થા અને કરકસરથી ગોશાળામાં રાખવામાં આવી હોય તો, તેઓ ભેંસોના જેટલુંજ દુધ આપી શકે છે મને ખાત્રી છે કે, પ્રાણીઓ પર પ્રીતિ રાખનાર કોઇ પણ માણસ, હું હિંદમાં વસ્યો છું, ત્યારથી જે સુંદર ગાયો મ્હેં જોઇ છે, તેવી ગાયોમાંથી તેવાજ સારાં લાભો પ્રાપ્ત કરી શકશે તો, તે ભેંસો કરતાં ગાયો રાખવાનું વધુ પસંદ કરશે.

ઢોરોના તબેલા વિષે મુંબઇના નામદાર ગવર્નર લોર્ડ વીલીંગ્ડનના વિચારો

તબેલાના માલિકોએ પોતે જાતિ દેખરેખ રાખવી જોઇએ અને તબેલામાં વારંવાર તપાસ કરવા જવું જોઇએ. જે નાનાં ઢોરોને તે ઉછેરતો હોય તે કાંઇ લાભ આપે તેવા થાય નહિ ત્યાં સુધી એટલે લગભગ ત્રણ વર્ષ સુધી તેણે નફાની બહુ આશા રાખવી નહિ. એમ-કર્યાથી તેના ઢોરોની સંખ્યામાં બીજા વાછરડી વાછરડાંથી વધારો થશે અને તેઓ ઘણાં સારાં દુધાળાં નીવડવાની વકી રાખી શકાય. બાકી વધારાના જે હોય તેને લીલાઉથી અથવા ગોખને એમ જેવી નાંખવા કે જેથી બીજા પાડોશના ઢોરોની સ્થિતિમાં પણ સુધારો થાય. તેણે તેના તાબાની દરેક ગાયનું એક રજીસ્ટર રાખવું, અને તેમાં દરેક વર્ષે કેટલાં વાછરડાં જન્મે છે, અને આખા વર્ષમાં કેટલું દુધ આપે છે એ વિગેરે દર્શાવવું. તે ઉપરાંત હું એક એવી સુચના કરૂં છું કે, ઢોરોનાં સંગ્રહમાં ઢોર જે પ્રદેશ અથવા રાજ્યનું હોય તે પ્રદેશ અથવા રાજ્યના નામથી તેનું નામ પાડવું-દાખલા તરીકે, મેરી ઑફ જુનાગઢ; રોઝ ઑફ રાજપીપળા-વીગેરે. આ ઉપરથી તે ઢોર કયા દેશનું છે અથવા કયી જાતનું છે, તે હમેશાં જાણી શકાય.

તે ઉપરાંત ઢોરોને જૂદી જૂદી જાતની અંગ કસરત કરાવવી, અને જેમ અને તેમ પ્રાણીઓને માટે નિર્માણ થએલી કુદરતી રહેણી કરણી પ્રમાણે ઉછેરાય તેમ કરવું. નાનાં ઢોરનાં બચ્ચાંઓને કદી બાંધવા નહિ, તેમને તો જેમ અને તેમ છુટા દોડવા દેવાં, અને જ્યારે બાંધી રાખવા હોય ત્યારે ઝુંપડા નીચે એક ખુલ્લા મેદાનમાં, તેઓ અંદર દોડી શકે તેવી રીતે રાખવાં.

ઢોરોને પુષ્કળ ખોરાક આપવો, બરાબર ખોરાક આપ્યા સિવાય કોઇપણ પ્રાણી બરાબર ઉછેરી શકાય નહિ. પણ ખોરાક અને કાળજીથી કરેલી માવજતથી ગાયો રીતસર ઉછેરી શકાય છે, વધારે દુધ આપે છે, અને નાનાં બચ્ચાંઓ ઉત્પન્ન કરી શકે છે. ઢોરનાં નાનાં બચ્ચાંને નાનપણથીજ સારી રીતે ખવરાવી ઉછેરવામાં આવ્યાં હોય તો થોડા વર્ષમાંજ પ્રૌઢ-પકવદશા પ્રાપ્ત કરશે અને ઉપયોગી થઇ પડશે.

ગોશાળા તબેલા બરાબર શુદ્ધ રાખવાં અને ગાયો જ્યારે કોઢમાં હોય ત્યારે તેમને સુવાને માટે બરાબર સાધન કરી આપવું.

(જાન્યુઆરી, ૧૯૧૮ના એગ્રીકલચર જનરલ ઑફ ઇંડીઆમાંથી)

પુસ્તક પરિચય.

વિદ્યા રૂપી વાડી—રચનારઃ-કરમશ્રવી રહીમભાઇ નાનજીયાણી બી. એ. કચ્છ-કેરા. કીંમત ૦-૧૨-૦

આ એક હિંદુ ગૃહ વ્યવસ્થાના નમુના સરખી નવલકથા એમને મુંબાઇવાળા સુપ્રસિદ્ધ કવિ ભાઇશંકરજી શર્મા તરફથી અભિપ્રાય માટે મળી છે, જે અમો આભાર સહીત સ્વિકારીયે છીએ. આ ગ્રથનો કરતા ગુજરાતી ભાષાના વાચકોને એવો જણીતા છે કે તેમના અંગત વખાણ સાથે લખાણનો બહોળો પરિચય આપવાની અગત્ય રહેતી નથી. એમાં ઉગતી પ્રજા કેવી જાતના શિક્ષણને યોગે પ્રેમાવશાણી પ્રજા નીવડે, અને તેમાં કયા યત્નોની કાળજી રખાય તો તેથી માતૃદેવો ભવ અથવા તો પિતૃ દેવોભવ ની વેદમાન્યતા ચિરંજીવી બની શકે એ તરફ ખાસ લક્ષ રાખવામાં આવ્યું છે. હાલ જે શાળામાં શિક્ષણ અપાય છે તે આ પ્રકારના નમુનાનું હોવું જોઇએ એમ આ ગ્રંથ વાંચતાં દરેક હૃદયમાંથી આપો આપ ઉત્પન્ન થાય એવી પ્રકરણ રચના અને પાત્ર યોજના છે. સરળ શબ્દ પ્રવાહને મધુર વસ્તુગતી સ્થાયી ભાવમાં ખીલવવા બહુ કાળજી રાખેલી જોવામાં આવે છે. અમારા વાચકોમાંથી જેમને પોતાની પ્રજાને એક ભવિષ્યના જમાનામાં આદર્શ તરીકે ઉભા રાખવાની ઇચ્છા હોય તેમણે તેમની બાળ પ્રજાના હાથમાં એક વખત આ પુસ્તક મુકી જોવાની તક ગુમાવવી જોઇએ નહીં એમ અમારી ખાસ ભલામણ છે.

ત્રણ ભાષાનો ગોમિયો—આ ગ્રંથ પણ ઉપરના રચનાર વિદ્વાન સાક્ષરનો રચેલો ગ્રંથ છે. ને તેમાં ગુજરાતી, કચ્છી, ને ઇંગ્રેજી ભાષાને એક બીજાના સંબંધથી ઓળખાવી તેનું સ્મરણ હૃદયમા દ્રઢીભૂત થાય તે અર્થે ચોગ્ય ગ્રમ કરવામાં આવ્યો છે, જેથી એકે પણ વાર શિક્ષકે એક વિદ્યાર્થીને બીજી સ્હેલી રીતે બંને ભાષાઓમાં હાથ લાગે છે. એટલું જ નહિ પણ તે સાથે ઇંગ્રેજી ભાષાની ચુંચવણની કુંચીઓ પણ ઉકેલવાની શક્તિ સંપાદન થઇ શકે એવી સઘળી ગોઠવણો વાચકને રસ્ટિગમ્ય બની રહે છે. જેથી કેવળ કચ્છી ભાષાના જાણનારનેજ આ ગ્રંથ ઉપયોગી છે એમ નહીં માનતાં દરેક ઇંગ્રેજી ભાષાનો પ્રવિણ પ્રવાસી એક વખત આ તરફ દ્રષ્ટિ દોરશે તો તેનો બદલો તેમાંની માહિતી વડે તે અજાણ્યા દેશમાં મેળવશે એવો અમને ભરોસો છે. તેની કીંમત ૦-૧૨-૦ છે ને તેના કરતાને 'કચ્છ-કેરા' ને સિરનામે લખવાથી મલી શકશે.

સિરાકણી—આ ગ્રંથ પણ શ્રીયુત સાક્ષર ખાનસાહેબ નાનજીયાણીયે હમણાંજ પ્રગટ કરી જનસમાજની વાજબી સેવા ઉઠાવી છે, એમ અમો કહીયે તો તે ખોટું નથી.

દરેક ધર્મશાસ્ત્રો મનને કેળવવાની ભલામણ કરે છે, તે તરફ ખાસ તકેદારીથી દોરી હૃદય કેમ નિર્મળ બનાવી મનની અજાણતાઓ દુર કરી શકાય, એ વાત આ ગ્રંથમાં પુષ્કળ દાખલા દલીલો સહીત સમજાવી છે. તેમજ તેમાં બોધો ને દોહરાઓ પણ સમય સમયના રણગાર સરખા મુકી વાંચકને પ્રિય થઇ પડે તેવી બધી ગોઠવણો બગીચાનાં ફુલફુંડાં સરખી સાદાઇથી વનવિલ છે, જેમાં સાદી ભાષાથી ખાસ અભિરુચીમાં બનવા જોગ વધારો થાય છે. છેવટે તનના તાપ નિવારવ સાદી ને સસ્તી દવાઓ શારીરીક રોગપર ચમત્કારિક અસર કરી શકે તેવી ચુંટી ચુંટીને આપેલી છે. આ ગ્રંથ પણ ખાસ બાર આનાની કીંમત પ્રમાણે નજીવી રકમે હાસલ થાય છે જેથી સંપૂર્ણ ધન્યવાદને યોગ્ય છે.

મહિલા મહોદય—લેખક મુનિ શ્રી બાળવિજયજી. પ્રકાશક શેઠ દેવચંદ દામજી કુંડલાકર-જૈન ઓફિસ-ભાવનગર. રોયલ બાર-પેજી પૃષ્ઠ ૧૪+૧૭૮ બ્લેક કાગળ પાકું રંગીન પૂઠું કિંમત રૂ. ૧-૪-૦

પુસ્તકનું પૂઠું લાલ અને લીલાં રંગથી શ્રી-સરસ્વતીના બ્લોક સાથે સુંદર બોર્ડરથી શણગારેલું છે પુસ્તક ઉપલક નજરે જોતાંજ ઘણું સુન્દર લાગે છે, અને ખરેખર અંદરનાં વિષયો પણ યથાક્રમે બાલિકાઓને અતિ ઉપયોગી અને ઉંચી શૈલીયુક્ત શિષ્ટ-ભાષામાં દર્શાવેલ છે. આરંભમાં લેખક મુનિ શ્રી બાળવિજયજીની છબી તેમનું જીવન તથા ઉપોદ્ઘાત છે. પશ્ચાત્ પુસ્તકની પ્રસ્તાવના ગુજરાતી ભાષાના જાણીતા લેખક શ્રીયુત છગનલાલ હરિલાલ પંડ્યાએ લખી છે. પુસ્તકની મહત્તા સંબંધી એમણે પ્રસ્તાવનામાં દર્શાવેલા શબ્દોજ અત્રે અનુકૂળ થઇ પડશે.

"રોગને મૂળમાંથી નાબૂદ કરવો હોય તો તેનું બરોબર કારણ (નિદાન) ઓળખવું જોઇએ. તે પ્રમાણે તેમણે ગર્ભસ્થાનથી પ્રારંભ કરીને બાલકના જન્મ પહેલાં પણ તેના ભવિષ્યના હિતની ખાતર કેવા ઉપાયો લેવા જોઇએ તેને ઉંચી કોટિમાં લઇ જવા માટે કેવી રીતે માતપિતાએ વર્તવું જોઇએ તથા પ્રસન્ન થયા પછી કેવી રીતે શિક્ષણ આપવું જોઇએ એનો યથાર્થ ચિતાર આપેલો છે અને આપણા પરમપૂજ્ય ધર્મશાસ્ત્રોના આધારથીજ સિદ્ધ કરી આપ્યું છે કે પ્રજોત્પત્તિને માટે પ્રથમ માતપિતાએ પોતેજ યોગ્ય બનવું જોઇએ ને ત્યારપછી સુક્ષેત્રમાં બીજ વાવવામાં આવે તો તે પરિણામે સારાં ફળ આપનાર તથા ચિરંજીવ થયા વિના રહેજ નહિ

પાછળ કેટલાક સતી સ્ત્રીઓ તથા મહાપુરૂષોના ચારિત્રો પણ આપ્યા છે. અમે આ પુસ્તક અથ ઇતિ વાચ્યું છે, અને અમને તે અતિ ઉપયોગી લાગ્યું છે. વાંચી શકતી સ્ત્રીઓએ આ પુસ્તકનો અભ્યાસ કરવો જોઇએ

સ્ત્રી સુખ દર્પણ (શ્રાવિકા)–સચિત્ર પત્ર. તંત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકર–જૈન ઓફિસ ભાવનગર વાર્ષિક લવાજમ રૂ. ૩–૦–૦

આ માસિક અમને શરૂઆતથી બદલામાં મળતું આવ્યું છે. પ્રથમ જોે કે આ માસિક અમને કેવળ જૈનોપયોગી માલમ પડયું હતું પરન્તુ ઉત્તરોત્તર આ માસિકની દિશા સર્વ માન્ય થવા પર હતી. છેલ્લો ૧૧–૧૨ સંયુક્ત અંક જોતાં અમને આનંદ થયો. વિષયોની ચૂંટણી બોધપ્રદ, વાર્તાઓ પણ શિષ્ટ ભાષામાં લખાયલી છે ઉપરાંત લગભગ બધા વિષયો સચિત્ર છે. ચિત્રો પણ મર્યાદિત છે. આવાં માસિકનો ફેલાવો વધે એવું અમે ઇચ્છીએ છીએ.

ગો મહા સભા (કલકત્તા)

પ્રમુખ સર જોન ઉડરફનું ભાષણ.

[ગતાંકથી ચાલુ]

ગોવાળીઓ વ્યાપારી છે. અને તેઓ જેમ બને તેમ વધારે લાભ મેળવવાની ઇચ્છા રાખે છે તોપણ દયા ધાર્મિક ભાવ એ લોકોમાં દેખાય છે. મૂર્ખ બેલગાડી હાંકવાવાળાઓની ઉદાસીનતા પણ બેટલી નિકૃષ્ટ નથી પરંતુ કોઇ કોઇ પુરૂષોની ઉદાસીનતા બધી હાની પેદા કરે છે. એ લોકોનું કર્તવ્ય છે કે એ વિષયમાં જાગૃતકાર થાય અને સારું કામ કરે. મેં સાંભળ્યું છે કે આજકાલ કોઇ કોઇ હિંદુ ઘરોમાં સ્ત્રિઓએ પ્રાચીન ભાવ

અને રીતી છોડી દઇ ગાયોની સેવા કરવી છોડી દીધી છે. જ્યારે એમની મા અને દાદીઓ ગો સેવા કરતી હતી. મારા ખ્યાલમાં આવે છે છે તેઓ પોતાને મડમ સાહેબ સમજવા લાગી છે. અને ગો સેવાનો ભાર પોતાના નોકરોને માથે નાંખે છે. ગો સેવા જેવું કામ પોતાને લાયક ગાનતા નથી. એનું પરિણામ એ આવ્યું છે કે ગફલત, ખરાબ વર્તન અને કંઇક અંશે ભૂખમરો. જોવામાં આવે છે. એ વાત હું જાણું છું ઘણુ ખરૂં વાંઝડાને જે દુધ આપવું જોઇએ તે ને આપતા તેઓને ભૂખે મારવામાં આવે છે. દૂધ નહિ આપતી ગાય. તથા બૂઢી ગાય નકામી સમજવામાં આવે છે અને તેના ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. ડૉ. જોશીનું કહેવું છે કે સાધારણ રીતે શહેરના ગોવાળા વાછરડા પાયલા નથી કેમકે તેનાથી પૈસો પ્રાપ્ત થતો નથી. ઘણા ખરા ગફલતને લીધે તેઓ મરીજાય છે. કોઇ કોઇ ઠેકાણે તો જીવિત અવસ્થામાં પણ મેલું ખેંચવાની ગાડીમાં જોડવામાં આવે છે. જ્યાં શીંગડાં વાળા પશુઓ પર આવા પ્રકારનો અત્યાચાર કરવામાં આવે છે ત્યાં કલ્યાણની આશા શી? આદિમતિવાસી (જંગલી) કોલા લોકોનો વ્યવહાર કઠોર હોવા છતા પણ પૃથક અને ઉત્તમ છે. કોલ લોક દૂધ પીતા નથી કારણકે પ્રકૃતીએ વાછરડાને જે વસ્તુ ઉત્પન્ન કરી છે તે વસ્તુથી તેઓને વંચિત રાખવા ચાહતા નથી. ઉચ્ચ કુલની પ્રાચિન મુસલમાન મહિલાનું એક ઉદાહરણ એ છે કે પોતાના પુત્રએ જ્યારે એક અંગ્રેજ કલેક્ટરના કહેવાથી દૂધ ન આપતી ગાયોને નિરૂપયોગી સમજી વેચવા અથવા તો મારી નાખવી એમ કહ્યું ત્યારે માતાએ પુત્રને જવાબ આપ્યો કે ગાયને પછીથી મારો પણ પહેલા મારો જ વધ કરો! આપનવિતું એ માત્ર જિન્હજ નથી પરન્તું એ એક નિશ્ચિત ઉદાહરણ છે. ગયા કેટલાક વર્ષોથી ઘણાં મનુષ્યોની એવી ઇચ્છા હતી કે એક ગો મહાસભા ઉપસ્થિત કરવી. અને તે પ્રમાણે તે ઇચ્છા ફળીભૂત થઇ. એ ઉપરથી એમ માલમ પડે છે કે વર્તમાન દુર્દશાનો અટકાવ કરવાને અર્થે સહવાસના અને ગોપ્રેમ ઓછામાં પ્રમાણમાં ઉત્પન્ન થયા છે પરન્તુ વાત માત્રમાંજ એનો અન્ત આવે એ પ્રમાણે કર્તવ્યનિષ્ઠ થવું. આપણે એકદમ હરખાઇ ન જવું જોઇએ. અને એમ ન સમજવું કે સફળતા આપણે બહુ પાસે છે. જ્યાં સુધી કર્તવ્ય ક્ષેત્રમાં યોગ્ય પ્રયત્ન ન કરવામાં આવે ત્યાં સુધી માત્ર ઉત્તમ વિચારોની જાગૃતિ પુરતી નથી. આપણે એવી ચમકતી આતશબાજી નથી જોવા માગતાં કે જે એકદમ ઠંડી થઇ જાય. પરન્તુ આપણે એવી રોશની જોવા માગીએ છીએ કે જેનો ફેલાવો થોડો હોય પણ ગરમ ઉજ્વલ અને સ્થાયિ હોય. સરકારી રીપોર્ટો પરથી માલમ પડે છે કે ગયા કેટલાક વર્ષોથી સરકારે એ દિશામાં પોતાની દૃષ્ટિ લંબાવી છે. પરન્તુ સરકારની ઇચ્છા લોક સમાજની સહાયતા વિના પાર પડવી સંભવિત નથી. એ પૂર્ણ કરવાને માટે આપણે પણ દૃઢ સંકલ્પ કરીએ.

જો કે એ વિષયમાં હું વિશેષ જાણકાર છું એવો દાવો નથી કરતો તોપણ એ વિષયમાં કંઇ બોલવાનો મને લાભ આપ્યો છે તેથી હું આનંદિત થાઉં છું. મારી સંમતિ છે કે વર્તમાન ભારતની પ્રધાન સમસ્યા આર્થિક છે અર્થાત્ આ દેશના લોકોને પેટપૂરતું અન્ન કેવી રીતે મળે?

આ સમસ્યાનું સમાધાન ઘણા દીવસપર થતું જોઇતું હતું પરન્તુ વર્તમાન મહાયુદ્ધના કારણને લીધે ખાદ્ય પદાર્થોની મોંઘવારીને લીધે અટકાવજ નહિ પણ જ્યારે સંસાર વ્યાપી દુર્ભીક્ષનો ભય ઉભો થવાનો સંભવ છે, ત્યારે તો એ સમસ્યાનું સમાધાન કરવું વિશેષજ આવશ્યક છે. ભારતના ખાદ્ય પદાર્થોના સાંધારણ પ્રશ્નો તરફ ઘણાં લોકોનું ચિત્ત આકર્ષાયું છે

બધ પદાર્થોમાં પણ મુખ્યત્વે કરી દુધ, માખણ, ઘી, ના પ્રશ્નો સાથે હમારો વિશેષ સંબન્ધ છે. આ દેશના ઘણા સ્થળોમાં જીવનના અભાવનું કારણ આળોહવા જણાવવામાં આવે છે. બીજા કારણોને લઇને એનો પણ પ્રભાવ પડે છે ખરો પરન્તુ એ એકલુંજ કાંઇ પુરતું કારણ નથી કારણ કે આળોહવાનું અસ્તિત્વ પ્રથમજ છે, પરન્તુ આળોહવાનાજ માત્ર જે વિષમય ફળ દેખાડવામાં આવે છે તે પ્રથમ જોવામાં આવતાં નહોતા. સંભારતવર્ષિયોના નૈસર્ગિક દોષથી કે અહિંની આળોહવાનાજ માત્ર કારણથી જીવનનો અભાવ છે. એમ કહેવામાં છે તે નથી પરન્તુ ભોજન-જળ-હવા અને સ્વાસ્થ્યના અભાવને લીધેજ ઉત્પન્ન થયો છે. અનેક મનુષ્યોએ જોયું છે કે દેશમાં ઉદ્વેગનું સામ્રાજ્ય છે. અને જીવનની નિર્બળતાનું મુખ્ય કારણ તેજ છે. જ્યારે ખોરાકની તંગી છે ત્યારે **શીકાયત** કરવાથી તે મોટી મોટી ઔષધિઓના પ્રયોગથી કંઇ પણ લાભ થઇ શકે એમ નથી અને એવી સ્થિતિમાં શરિર આરોગ્ય રહી શકતું નથી. કામ કરવાની શક્તિની ન્યૂનતા છેજ અને જે વિશેષ શક્તિ હોવી જોઇએ તેની પણ ન્યૂનતા છે. પુરતું ભોજન ન મળવાને લીધે સત્ય વિચાર કરવાને પણ આપણે અસમર્થ થતા જઇએ છીએ. અને હું તો ઘણા વખતથી કહેતોજ આવ્યો છું કે ભારતવર્ષને મુખ્ય આવશ્યકતા શરિર સામાર્થ્યનજ છે. અને એ શક્તિ અન્ન પર ઠરી રહી છે કારણકે અજજ સંસારમાં દૈવિક અને ભૌતિક સામર્થ્યનું મૂળ છે- ભોજન હવા પાણી વ્યાયામ. અને આરોગ્ય જાળવવા કેવાં પ્રકારનું કામ કરે છે તે બંગાલીઓની નવી પલટણોએ સિદ્ધ કરી આપ્યું છે. મારા કેટલાક મિત્રોને એ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું છે. તેઓનું એવું કહેવું છે, જેઓની યુવાન સૈન્યમાં ભરતી થઇ છે, તેઓની કાયાએ જાણે જુદુંજ સ્વરૂપ ધારણ કર્યું છે. એનું કારણ શું છે. ભોજન હવા અને વ્યાયામજ એ ત્રણ શિવાય કોઇ ગુપ્ત કારણ નથી. ભારતવાસીને પુરતું ભોજન મળે તોજ ભારત ખરેખરૂં ભારત બને એટલુંજ નહિ પણ મનથી તેમજ તનથી પ્રથમ સુદૃઢ બને. એક હિંદુસ્થાનના લેખમાં મારા વાંચવામાં આવ્યું હતું આ દેશ માનસિક દુર્બળતા પણ ભોગવે છે અને તે યુક્તજ છે પરંતુ આ વાતનો હું અસ્વિકાર કરૂં છું. માનસિક દુર્બળતા અસ્તિત્વ ધરાવતીજ નથી. જે છતા જે માનસિક દુર્બળતા ભોગવે છે તે પોતાનાજ ખોટા કર્મનાજ ફળ છે. ભારતની ભવિષ્યની ઉન્નતિને અર્થે ખોરાકીનોજ પ્રશ્ન વિશેષ મહત્વનો છે. એ રાકના પ્રશ્નની પાછળજ ભારતની દરિદ્રતા દેખાય છે અને આ શિવાયના બીજા કારણોની ચર્ચા હું અહીં નથી કરતો. હમારી કોન્ફરન્સના નિયમાનુસાર એ વિષયનો કેવલ આર્થિક દૃષ્ટિથીજ અત્રે વિચાર કરવાનો છે. રાજનીતિ કે બીજા પ્રશ્નો સાથે સંબન્ધ રાખવાની જરૂરજ નથી. નિરામિષ આહારી આ દેશના કરોડો મનુષ્યોનો દુધ અથવાતો તેનાથી ઉત્પન્ન થએલો પદાર્થ પ્રધાન ખોરાક છે. અને જો તે મળી શકે તો એ પદાર્થમા પણ સ્વાસ્થ્ય અને બળ આપનારી સામગ્રી સંપૂર્ણ પ્રમાણમા છે. અને આપણો એજ વિષયમાં મુખ્ય સંબન્ધ છે. દુધનો પ્રશ્નજ શુદ્ધ ખાદ્ય પદાર્થોના મહાન પ્રશ્નોનો મુખ્ય અંશ છે. ઉપર ઉપરથી જોતાં દુધનો પ્રશ્ન સહેજ માલુમ પડે છે પરંતુ સારી રીતે વિચાર કરતા માલુમ પડે છે કે સાર્વજનિક સ્વાસ્થ્ય રક્ષાના પ્રશ્નોમાં દુધનો પ્રશ્ન અત્યંત રહસ્ય યુકત છે. ડાકટર જોશીએ પણ બતલાવ્યું છે કે કંઇક યોગ્ય કારણથીજ દુધની સમસ્યા ઉત્પન્ન થઇ છે. પહેલી વાત એ છે કે દુધ ઘણું ખરૂં બધા મનુષ્યનો ખાદ્ય પદાર્થ છે. બીજી વાત એ છે કે જો દુધ બગડી જાય અથવા તો તેમાં ભેળસેળ કરવામાં આવે તો ક્ષય જેવા રોગનાં જીણાં જીણાં જંતુઓ તેમાં ઉત્પન્ન થાય છે. (અપૂર્ણ)

બાશ પ્લેગ અને કોલેરાને માટે અકસીર

(Darbar's) કૃષ્ણ ભીન્ડુ

શીશી નાની ને પ્રાકૃમ મોટાં—ઔષધ એક અને ગુણ અનેક ખાવાથી, પીવાથી, ચોળવાથી, સુંઘવાથી, મસળવાથી, ચોપડવાથી, છાંટવાથી, ફાયદોજ ફાયદો.

આંખનો દુખારો,, ચકકર, ઉલટી, ઝાડો, મરડો, ચુક, બાદી, બારહજમી, પેટની દુર્ગંધી, ઠાંસો, હાંફણ, બીથી, દમ, પેટનો દુખાવો, પ્લેગ, કોલેરા, તાવ વીગેરે વીગેરે અનેક દર્દોના તાત્કાળ નાશ કરે છે.

મોટા પરોપકારી પુરૂષો માત્ર ગરીબોમાં વહેંચવા ખાતરજ હજારો શીશીઓ ખરીદ કરી ગરીબોને વહેંચી મહા પુણ્ય પ્રાપ્ત કરે છે.

કીંમત બાટલી એકના રૂ. ૧-૮-૦ પો. જુ.
ત્રણ બાટલીના રૂ. ૪-૦-૦ ,,

Agents and Sub-Agents wanted for every part of India.

દરબાર એજન્સી
નડીયાદ (ગુજરાત) B. B. & C. I. Ry.

અવશ્ય મંગાવો?

ઝાડાનો મહાન ઈલાજ!

કુદરતી વનસ્પતિનું જંગલમાંથી ઉચ્ચેદ કરી તેની યોગ્ય માત્રાજત સાથે કેટલાક સદ્ગૃહસ્થોએ અજમાવેલી, ઝાડાની અકસીર ગોળી! એક વખત અજમાવી ખાત્રી કરો!

ગોળી ૨૫, ની કિમ્મત વી. પી. સાથે દક્ષા રૂા. ૧

લખોઃ—મણીશંકર અંબારામ જોશી.
ઠે. ઔષધાલય—રાજકોટ (કાઠીયાવાડ)

જાહેર ખબર.

અમારે ત્યાં સુંદર કવરથી બનાવેલી સીંગલ લાઈન તથા ડબલ લાઈનની જથ્થાબંધ એકસરસાઈઝ બુકો તથા બ્લુ, લાલ શાહીનાં પડીકાં મળશે.

લખોઃ—અંબાશંકર ડાહ્યાભાઈ રાવલ.
રામસ્વામી ગાંડીખાતા, કરાંચી.

ૐ

'રૂ ચાંદીનો મહાન વર્તારો'

(રૂ ચાંદીમાં લાંબા ટકાની વધઘટ થયા કરશે)

વર્ષોક, પડેલા વર્ગની, પોસ્ટ, તાર ખર્ચ, સાથે રૂા. ૩૦) બીજા વર્ગનાં રૂા. ૧૧) એક એક માસનાં રૂા. ૫) રૂ, ચાંદી તથા વેપારી બજારોનાં કોઈ પણ સોદામાં સપડાયા હશે તેને યોગ્ય રસ્તે બતાવીશું. લખો—

સાધ્ય દેશી વાયુ શાસ્ત્રી જાદવજી દેવજીભાઈ મકવાણા મુ. રાજકોટ (કાઠીયાવાડ) ઠે. મકવાણા હોલ.

સત્કારાયેલાં નવીન પુસ્તકો.

સંગીત મંગળ ભીંડુ.

દૃષ્ટાંતિકની વાર્તા તથા સદ્બોધક ગઝલો સામાન્ય કાવ્યોથી ભરપુર છતાં દરેક પુસ્તકોને સાડાછ આનાની કીંમત મોકલનારને મોકલી આપવામાં આવશે.

ઠે. રા. મંગળ શી. શાહ
આંબલીયારા
અમદાવાદ. પ્રાંતિજ રેલ્વે.

સર્વથી ઉત્તમ હોવાની મજબુત સાબીતી.

અની બરોબરી કરનારને રૂ. ૫૦૦) રોકડા ઈનામ આપીશું.

સચિત્ર છે, વિચિત્ર છે. અત્યંત ઉપયોગી છે. જોવામાં મનોહર છે. વાંચવામાં લાભદાતા છે, અને દરેક ગૃહસ્થને રાખવા યોગ્ય છે.

અસલી પ્રાચીન સચિત્ર.

કોકશાસ્ત્ર.

પ્રિય મહાશો! આજકાલ જે વર્તમાનપત્રોમાં જ્યાં જુઓ ત્યાં કોકશાસ્ત્રની લાંબી પહોળી સેંકડો જાહેરખબરો નજરે પડે છે. કોઈ કહે છે અસલી પ્રાચીન કોક પંડિતનું રચેલું કોકશાસ્ત્ર આજ છે, બીજો કહે છે ૮૪ આસનો વાળું પ્રાચીન આજ છે વગેરે વગેરે પણ એ સર્વ આડકોને દગો કરી ઠગી રહ્યા છે. અમે અમારા કોકશાસ્ત્રની અધિક પ્રશંસા ન કરતાં એટલું જ કહી દેવું પુરતું સમજીએ છીએ કે અમારું કોકશાસ્ત્ર એટલું બધુ સર્વપ્રિય થઇ પડયું છે કે અત્યાર સુધી તેર વખત છપાઈ ૧૩૦૦૦ નકલ હાથોહાથ વેચાઇ ગઇ છે, તથા અન્ય ભાષા ભાષિયો કે અનુવાદથી બીજી ભાષાઓમાં પણ અનુવાદ કરી છપાવવું પડયું છે. હિંદુસ્થાનમાંજ નહિ પણ લંકા, સ્યામ, મિસર, અફ્રિકા વગેરે બીજા દેશોમાં પણ એની ખ્યાતી ફેલાઇ ગઇ છે. બીજા દેશના લગભગ સર્વ પ્રખ્યાત વર્તમાનપત્રોએ એની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

અમારા કોકશાસ્ત્રમાં પદ્મિની, હસ્તિની, ચિત્રિણી, શંખિણી સ્ત્રીઓ ચિત્ર, સ્ત્રી પુરૂષોનાં જાતિભેદ લક્ષણ, મનની ઇચ્છા પ્રમાણેની સંતતી પેદા કરવાની તરકીબ ગર્ભ ધારણના નિયમ, સહવાસ ક્રિયા, ૮૪ આસનોનાં નામ, યંત્ર મંત્ર, તંત્ર, વશીકરણ વિદ્યા, પક્ષીઓની બોલીની શકુન જાણવાની રીતિ, સ્ત્રી પુરૂષોના સેંકડો ઢાંક રોગોના અજમાવેલા ઇલાજ વગેરે ઉપયોગી વિષય મોજુદ છે. વિશ્વાસ રાખો કે આવું ઉપયોગી પુસ્તક આજ સુધી બીજે કોઇએ છપાયું નથી. એક વખત જોવાથી જરૂરમાં આવશે કે અમલી પ્રાચીન કોકશાસ્ત્ર તે આજ છે. રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

મળવાનું ઠેકાણું:—

પ્યારેલાલ શર્મા.

કાલબાદેવી રોડ, મુંબઇ.

સઘળા પ્રકારનો દુખાવો, લકવા, સંધીવા, સુણ, ચુક, ઉલટી, ઝાડો, મરડો, કોલેરા, અરૂચી, અજીર્ણ, ખાંસી, દમ, સળેખમ, સરદી, માથાનો દુખાવો, દાંત કે દાઢનું કળતર અવાણુનો દુખાવો, મોંમાંથી દુર્ગંધ છુટવી, મળચ આવવી, ખાટાં કે તીખાં ઘચરકાં, કાનનું પાકવું, પરૂ વ્હેવું, આંખો દુખવી, શરીરે સોજા આવવા, ઘા લાગવા, ઘસારા પડવા, હાથ પગમાં ચીરા પડવા, ઘાતુ પાકવું, ઘામાં કૃમિ પડવા, સંગ્રહણ, નાસુર, પીનસ, સુસ્તી, બેચેની, નબળાઈ, નામર્દાઈ, હરસ મસો, ચાંદી, વિસ્ફોટીક, બરોળ, અંડવૃધ્ધિ, પ્રદરરોગ કોઈ પણ જાતનો તાવ, વાળો, ન્હારૂ, વિગેરે અનેક રોગ આ એકજ દવાથી તત્કાલ દુર થાય છે, વળી ભમરી, મધમાખ, વીંછી, વિગેરેના ડંખ ઉપર આ એક જાદુઈ દવા છે. માંકડ મચ્છર, વંદા, કરોળીયા, કસારી ઉધેઈ વિગેરે નુકશાનકારક જંતુનો નાશ કરે છે.

સણતમાં સણત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઈ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પરન છુટવા થાંડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર અલૌકીક જ છે. ઉંચામાં ઉંચી જાતનાં કોઇપણ પેનકીલર કરતાં અમૃત બંદુ ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની ઘટાડેલી કીંમત માત્ર રૂ. ૧॥ પોસ્ટેજ સાથે છે છ શીશીના રૂ. ૮) પોસ્ટેજ માફ.

કેટલોગ મફત મંગાવો.

સીરનામું:—

"અમૃતબિન્દુ"—આફીસ

નડિયાદ

CAUTION

CAUTION is however required when ordering not directly please see that the bottles contain our Trade-Mark ACHING-HEAD. The wonderful success of *Dr. G. B's Medicated Snuff* has given rise to many worthless imitations. REFUSE of THEM ! they will not give your customers the same degree of satisfaction and the substituto may be valueless for the purpose for which you have purchased it or its composition is positively harmful.

Avoid substitutes also write for Free Sample.

Guru Basava & Co:

Snuff Manufacturing Proprietors.
Madras E. C.

ખાસ સુચના

ડાકટર જી. બી. ની ઐાષધિ તપખીર

ગમે તે કંપની પાસે ન લેતાં કોઇપણ દુકાનદાર પાસે વેચાતી લેતાં તે તપખી રની શીશીપર તેનો ટ્રેડમાર્ક (માથું દુઃખવું) તપાસી લેવા બહલ કાળજી રાખવી કારણ આજ ઘણા વર્ષ ના અમારા અવિશ્રાંત પરિશ્રમને લીધે તથા નિષ્કલંક પ્રસિદ્ધિને લીધે આ તરફ ઘણાઓએ અમારી નકલ કરેલી છે પરન્તુ એ નકલી તપખીર કંઇ કામની ન હોઇ જે માટે આપણે વેચાતી લઇએ છીએ તે ફાયદો ન થતાં ઉલટું નુકસાન થવાનો ઘણો સંભવ છે. તે માટે એવા નકલી માલથી સાવધ રહેો. અને અમારી નમૂનાની શીશી મફત મંગાવી ખાત્રી કરી જુએ.

ગુરૂ બસવા એન્ડ કુપની

પોસ્ટ બોકસ નં૦ ૫૧૦ મદ્રાસ ઇ. સ્ટી.

સેન્ડોનું સામર્થ્ય અથવા અપરિમિત આપબળ.

દોડતી મોટર રોકવી, છાતીપર ટનના હીસાબના વજનનું ધારણ કરવું, વીજળી માફક કુદાવતે શરીરે હવામાં સ્વેચ્છાચારી કસરત કરવી. એ સઘળું શરીરમાં સામર્થ્ય હોય તોજ બની શકે છે. અને એવું બખુટ બળ, દ્રઢ-મન અને • ચણુકદાર સામર્થ્ય મેળવવા

મહનમંજરી ગોળીઓ.

એકી અવાજે દુનિયાંની દશે દીશાએ વીહાર કરી રહી છે. આ ગોળીઓ રોગીને રોગ મુકત કરે છે અને નિરોગીને બખુટ બળ આપે છે. નસોની કમજોરી, ધાતુ ક્ષીણતા, ધાતુનું તપી પાતળું પડી જવું, લોહીનું ઉકળવું, અપચો, અરૂચી, મંદાગ્નિ વીગેરેનો જોત જોતામાં નાશ કરે છે. લોહી વધારી શરીરને રૂષ્ટપુષ્ટ બનાવે છે. વીર્યને ઘટ્ટ બનાવી ૧૦૮ પ્રકારે જતું અટકાવી શરીરને સેન્ડો માફક-દ્રઢ ચીરજીવી અને ઉત્સાહી બનાવે છે. કીં. ગોળી ૪૦ ની ડબ્બીના રૂ. ૧. મોટું કમ્પારટમેંટ મફત મળે છે.

વૈદ્યરાજ નારાયણજી કેશવજી.

હેડ ઓફીસ જામનગર—કાઠીયાવાડ

બ્રાન્ચ ન- ૧૮૭ કાલબાદેવી રોડ મુંબઈ.

બગડેલા લોહીને સુધારવા માટે



(ફાયદો ન થાય તો પૈસા પાછા)

ગરમી, પ્રદર, સાંધાનું રહી જવું, સ્મરણશક્તિ ઓછી થઇ જવી, ખુજલી, ખરજ, દાદર, શરીર પર ફોલ્લા થઇ આવવા, હાથ પગમાં બળતરા થવી, નબળાઇ તથા અજીરણમાં તેમજ લોહીના બીગાડથી થતાં તમામ દરદો ઉપર ઘણીજ ફાયદેમંદ દવા છે. કીંમત માત્ર રૂા૦ ૧૫. નવ બાટલીના રૂા. ૩ પોસ્ટેજ ખરચ જુદું.

બહારગામ માટે એજંટો જોઇએ છીએ.

ઠેકાણું—દલાલ એજન્સી, કાલબાદેવી રોડ,

મલ્હારવાડી મુંબઇ નં૦ ૨.

દરેક જાતનાં દાન આપવાનું સુપાત્ર સ્થાન

હિંદુ અનાથ આશ્રમ

નડીઆદ.

આખા હિંદના હિંદુ જાતીનાં અનાથ બાળોને પાળવામાં આવે છે. વ્યવસ્થા માટે જાહેર પુરૂષોના ઉત્તમ અભિપ્રાય મળેલા છે.

રૂ. ૪૦૦) આપી દેશભક્ત મરહુમ એા. મી. ગોખલેના સ્મારકમાં બંધાતા કેળવણીના હોલ સાથે એક ઓરડી બંધાવો ગોખલેના નામ સાથે અમર નામ કરો.

રૂ. ૨૦૦) માં દર વર્ષે એક દિવસ દાતાના નામથી ભોજન અપાય છે તથા આરસની તખ્તીમાં નામનું સ્મારક રખાય છે.

રૂ. ૨૫) માં ગૌદાન અપાય છે–બોર્ડપર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારાનાં નામ વારસીક રીપોર્ટમાં પ્રગટ થાય છે. દાન મોકલી રીપોર્ટ મંગાવો-દરેક જાતના દાનની જરૂર છે.

મંત્રી—

હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ.

જે. એન. શેઠનાની ચોક્કસ ગુણદાયક દવાઓ.

કામસંજીવન.

અદ્‌ભુત શક્તી, બુદ્ધી અને સૌંદર્યતાની સંપૂર્ણ વૃદ્ધી કરનાર આ દવા થોડાજ વખતમાં બારે વખાણ સાથે સર્વત્ર પ્રચલીત થઇ ગઈ છે. ગયલી જુવાની પાછી મેળવવા માટે આ દવા બનાવીતી છે. વીર્યનો ઝરો છે...સ્ત્રી પુરૂષો માટે શક્તીની ઘણીજ ઉમદા દવા છે. કીં. રૂ. ૧.

શંઢત્વ વીનાશક તેલ.

કોઇપણ કારણથી ગુમાવેલાં પુરૂષત્વનો જે કોઇ પણ ઉપાય હોય તો અગાઉ શંઢત્વ વીનાશક તેલજ છે. ગમે તે કારણથી ઉત્પન્ન થયલી નસોની નબળાઇ માત્ર ત્રણજ દીવસમાં જડથી દુર કરે છે. સાધારણ શિથીલતા તો પહેલે દીવસે દુર થાય છે. એકવીશ દીવસના પુરાં સેવનથી જીંદગીભર નચીંત થવાય છે. કીંમત માત્ર રૂ. ૫. નકલી બાલથી ઠગાતા નાં. લેનારો જોઇનેજ લીજી લેવી.

પ્રમેહાંતક રસ—જુનો પાં નવો ગમે તે જાતના પ્રમેહની વેદના ૨૪ કલાકમાં નરમ પાડે છે, વારંવાર પેશાબ થવો, મુત્ર માર્ગથી રસીતું વહેવું, કપડામાં ડાગ પડવા વીગેરે તમામ પ્રકારનાં દર્દોને જડમુળથી ઉખેડી નાંખે છે. બીજી દવાઓ કરીને કંટાળેલાઓને અમારી દવા અજમાવી જોવાની ખાસ જરૂરમણ છે. કીમત ૧ બાટલીના રૂ. ૨)

સારસાપરેલા—લોહીના બીગાડથી શરીરમાં અંદર તથા બ્હાર અનેક પ્રકારનાં દર્દો ઉભરી આવે છે, અમારી સારસા નવું લોહી ઉત્પન કરવામાં તેમજ લોહી બીગાડથી થતાં તમામ પ્રકારનાં દર્દો દુર કરવામાં સર્વોપરી દવા છે. એક બાટલીની કીંમત રૂ. ૧॥

બાલામૃત—નાનાં બચ્ચાંઓને નીરોગી અને તંદુરસ્ત રાખવાં હોય તો જરૂર વાપરો કી. રૂ. ૧)

શીર દર્દની દવા—ગમે તેવા સખ્ત માથાના દુખાવાને પાંચ મીનીટમાંજ આરામ પહોંચાડે છે કી. રૂ. ૦॥

બરસનો મલમ—ગમે તેટલી સખ્ત થઇ હોય, બે કે ત્રણ દીવસમાં જડમુળથી જતી રહે છે. કી. રૂ. ૦॥

બાંસીની ગોળીઓ—પહેલેજ દીવસે ચમત્કાર માલુમ પડે છે. કી. રૂ. ૦॥

વાતહરણ તેલ—ગમે તેટલા દીવસનો જુનો વા હશે તોપણ ૨૪ કલાકમાં ગુણ માલુમ પડશે. ત્રણ ચાર દીવસમાં તો દર્દનો જડમુળથી નાશ થશે. કી. રૂ. ૧॥

ચીત્તભ્રમ—સદ્દેહ બાલને કાળા ભમર જેવા અને રેશમ જેવા ચકચકીત બનાવે છે. કી. રૂ. ૧)

તાવની દવા—ગોળીઓ અને પાણીના રગડા પીને થાકયા હો તો આને જરૂર અજમાવજો. રોજીઆ, એકાંતરીઓ, ચોથીઓ ગમે તે જાતના તાવને ત્રણજ દીવસમાં ફાયદો માલુમ પડે છે. તાવથી ગયલી શક્તિ પણ આ દવાથી પાછી આવે છે. કીમત રૂ. ૦॥

પારસલ બર્મે ગ્રાહકોને મોકે.

જે૦ એન૦ શેઠના.

કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

ધોળકાના સુવિખ્યાત વૈદ્ય જાફરભાઈ

જીવણભાઇની રામબાણ દવાઓ.

રૂા૦ ૫૦૧નું ઈનામ,

શુક્રસંજીવની ગુટકા

દરેક માણસ સમજે છે કે ધાતુની મજબુતીયીજ શરીરની શક્તિ અને મજબુતી કાયમ રહે છે, આવી જીવનરૂપ ધાતુનો કોઇ પણ કુટેવદ્વારા કે અનિયમીત રીતે ગેરઉપયોગ કરવાથી શરીર નિર્બળ થઇ જઇ કળતર, વાંસાનું દુઃખવું, ચહેરાનું ફીકું પડી જવું, જ્ઞાનતંતુઓની નબળાઇ, થોડી મહેનતે વધારે થાક લાગવો, મગજનું ખાલી પડી જવું, બેચેની, કામ કરવા ઉપર કંટાળો, હોજરીના બિગાડ, યાદશક્તિનું કમી થવું, ઉંઘરસ, ક્ષય, શ્વાસ વિગેરે વિગેરે અનેક રોગો ઉત્પન્ન થાય છે. તેનો અને તે સિવાય ધાતુ બિગાડવા થયેલા તમામ દરદોનો નાશ કરી શુક્રસંજીવની ગુટિકા કાયમનું પુરૂષત્વ બક્ષે છે, તેમજ પાચનશક્તિને સુધારી દસ્તને સાફ લાવી કોઇ પણ રસ્તેથી જતી ધાતુને અટકાવી ગમે તે કારણથી પ્રાપ્ત થોલી નામર્દાનો નાશ કરી શક્તિ અને વીર્યને વધારી શરીરને મજબુત કરી પરિપૂર્ણ મરદાઇ બક્ષવી એ તેનો મુખ્ય ગુણ છે. છતાં કોઇ શખ્સ સાબિત કરી આપશે કે શુક્રસંજીવની ગુટિકામાં શક્તિ અને વિર્ય વધારવાનો ગુણ નથી તો તેને રૂા૦ ૫૦૧નું ઈનામ આપીશું.

ગોળી ૧૫૦ની કીમી ૧ની કી. રૂા. ૨–૮–૦

તાજુબી ચોગ્ય તિલો.

ગમે તે કારણથી નરમ પડેલી ગુપ્ત ભાગની રગો ઉપર આ તિલાને માલેશ કરવાથી ફરીથી ટટાર બની રગોની કમજોરી દૂર થાય છે.

કીંમત શીશી ૧નો રૂા૦ ૨—૮—૦

રૂા૦ ૫૦૧નું ઈનામ,

જવરહર—ગુટિકા.

અમારી જવરહર ગુટિકાથી દરેક જાતના તાવો ન જાય તો લીધેલા પૈસા પાછા આપીશું અને ચોથીએ તાવ નથી જતો એવું સાબિત કરનારને રૂ. ૫૦૧નું ઇનામ આપીશું

ગોળી ૬૪ની ૬બી ૧ના કી રૂ. ૧-૦-૦

તદ્દન મફત.

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક—નઠારી સોબત અને બરાબ વિચારોથી મનુષ્યને શરીરની પાયમાલી કરનારી કુટેવો પડે છે. તેવી કુટેવોમાંથી મુકત કરવામાં આ પુસ્તક એક સાચા મિત્રની ગરજ સારે છે અને તંદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય, ઉમદા વિચાર અને સંપુર્ણ સુખ મેળવવાના અમુલ્ટ સાધનો બતાવે છે તે સીવાય અમારી અકસીર દવાઓની સંપુર્ણ માહિતી મળે છે ફકત એક પોસ્ટ કાર્ડ લખવાથી તદ્દન મફત મોકલવામાં આવે છે

પરમીઆની અકસીર દવા.

આ દવા ગમે તે કારણથી થયેલ અને ગમે તેટલી મુદતનાં તેમજ કોઈ પણ જાતની પરમિયાનો જડમૂળમાંથી નાશ કરી બેદુરસ્તી સાથ તાકાત આપે છે અને થતી બળતરા, ચાકુનું પડ, (રસી) સાંધાનો અને પેઢુનો દુખાવો, કળતર, નિચેની રગમાં થતી પીડા, પતળી પડેલી ધાતુ, દીવે દીવે આવતો પેશાબ પરના ભાગ નો સોજો, વગેરે દરદો અને આ સીવાય પરમિનાથી થયેલા તમામ દરદોનો ડુંક વખતમાં નાશ કરી આવેલી નિર્બળતાને દુર કરી શરીરને શક્તિ આપે છે.

૬૪મી ૧ની કીંમત રૂા. ૨—૮—૦

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક મંગાવી વાંચો

અમારી દરેક દવાની માહિતી માટે ધાતુપુષ્ટિ નામનુ પુસ્તક મંગાવી વાંચો.

વૈદ્ય જાફરભાઇ જીવણભાઈ આરોગ્ય વર્ધક ઔષધાલય-મુ૦ ધોળકા—(ગુજરાત)

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ ઈનામ.

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા આપીશું. ચોથીઓ તાવ નથી ઉતરતો એવું સાબિત કરનારને રૂ. ૧૦૦) ઈનામ આપીશું ડબ્બી ૧ ની કિ. રૂ. ૧–૦–૦ આસ પરેજ નથી.

શક્તિ સજીવન.

શક્તિ સજીવનમાં શક્કરા લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવુ સાબિત કરનારને રૂ. ૧૦૦) સો ઈનામ આપીશું. શરીરના તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. ડબ્બી ૧ ની કિ. રૂ. ૨–૮–૦ પરેજ નથી.

ધાતુ વિકાર.

ભયકર દરદોથી બચવું હોય અને તમામ દરદોની દવાથી માહેતગાર થવું હોય તો એક પૈસાનું કાર્ડ લખી ધાતુ વિકારનું પુસ્તક મફત મંગાવી લેવું.

વૈદ્ય શા. ગીરધરલાલ કેહાનજી

મુ. ધોળકા જી. અમદાવાદ.

ડા. વામન ગોપાળનું

આયોડાઇડ ઑફ

સાર્સાપરિલા.

જોઇએ એ મનુષ્ય જીવન છે તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન્ન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઇએ, તેને માટે આ સાર્સાપરિલા પીના બીજી એક પથ્ય દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંશ એટલે ગરમી અને તેના વડે થતા રોગો–તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાઘા પડવા, આંગનું સુજી આવવું શરીરમાં બળતરા થવી, શરીર ઉપર દેવી સરખા ફેરફાર થઇ આવવા વીગેરે બીકારો ઉપર આ દવા અકસીર થઇ ચુકી છે.

શીશીનો ૧ નો રૂ. ૧। ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે. પો. જુદું.

ચાર શીશી એકદમ મંગાવનારને ખર્ચ સહિત રૂ. ૪–૯–૦ પડશે

ડા. ગૌતમરાવ કેશવ એંડસન. ઠાકોરદ્વાર-મુંબઇ.

મુખ્ય ઓફીસ—મી૦ મણીદાસ પાનાચંદ સરસપુર ૬૦ મુકામથી બાજુએ.

આસીસ્ટંટ ઓફીસ—ગોપાળદાસ મોતીચંદ અમદાવાદ

પાસેથી મળશે અમદાવાદ ધાંચા ની પોળ.

ઉંઝા આયુર્વેદિક ફાર્મસી.

સ્થાપન ૧૮૯૪

કારખાનું ઉંઝા

બ્રાન્ચ પાટણ.

કાઠીઆવાડ એજંટ

નારાયણલાલ દલસુખરામ

વીરમગામ.

દ્રાક્ષાસવ.

આ દ્રાક્ષાસવ ગરમીને શાંત કરી દરેક દરદોનું મુળ ને કબજીઆત તેને દુર કરી દરત સાફ લાવી કકડતી ભુખ લગાડે છે, મીઠી ઉંઘ લાવે છે. રક્તપિત્ત, અમ્લપીત, ક્ષય, લોહી પીત્તાર વિગેરે અનેક દરદોને નાબુદ કરી અદભુત શક્તિ આપે છે.

કિં. બા. બેકના રૂ. ૨)

મકરધ્વજ યાકુતી:

(યાકુતીનો રાજા)

આ યાકુતી જુવાનીમાં ભુક્કા પા જેવા થયેલા શરીરને ખાનીપુર્વક નવ જુવાન બનાવી કુદરતી બક્ષીસ જેવી આ લોકીક શક્તિ આપે છે. વંશ પરંપરાની જુની યાકુતી છે. આજકાલની નવીન નકલી બનાવટથી આ યાકુતીમાં કીંમતી વસાણાઓનો સમાવેશ કર્યો છે. કિ. ગો. ૪૦ની બા. ૧ના રૂા. ૧૭)

ઠે. પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવ બીલ્ડીંગ, મુંબઈ ૨,

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ, એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

મંદાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય કબજીયત રહેતી હોય યાને Dyspepsiaનો એકસીરઇલાજ. ૧ રતલની બાટલીની કીંમત રૂ. ૧.

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ સમય હિંદમાં પ્રાસદ્ધ છે. અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે.

રતલ ૧ની બાટલીની કી. રૂ. ૨॥

વહેલો તે પહેલો (ઉપર સત્વર મંગાવી લ્યો.

સ્વામી રામતીર્થના સદુપદેશ.

ભાગ ૨ થી ૫ના એકત્ર ગ્રંથ – પુષ્કળ માગણીને લીધે બીજી આવૃત્તિ હાલમાં નીકળી છે. મોટા (રોયલ આઠ પેજી) પૃષ્ઠ ૪૦૦, પાકું પુઠું, રૂા. ૧॥ પો. વા૰

ભાગ ૬ થી ૯ ચાર પુસ્તકમાં–આ ભાગો આગળ વિવિધ ગ્રંથમાળા દ્વારા નિકલેલા હોઇને તે માળાના અમુક સેટોના અંદરજ તે મળી શકતા; પરંતુ છુટી માગણી વધુ નિકળવાથી હવેથી છુટક પણ મળશે. ત્રણે ભાગમાં મલીને કુલ પૃષ્ટ રોયલ સોળ પેજી ૧૦૫૦ છે. છુટક માટેની છાપેલી કુલ કિંમત રૂા. ૧૫૦ અને પાકાં પૂઠાં સાથે રૂા. ૪। છે તેને બદલે રૂા ૧૦૦ અને ૨॥ લેવાશે.

નીચલાં પુસ્તકો પણ ઉપલાજ કારણે અને ધોરણે હવે છુટક મળશે.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ.

ભાગ ૧-૨-૩-૪ ચાર પુસ્તકમાં–કુલ પૃષ્ઠ ૧૫૨૫, મૂલ્ય રા૰ પાકાં પૂઠાં ૩॥

ટુંકી વાર્તાઓ ભાગ ૨-૩-૪.

આ વાર્તાઓ સાંસારિક હોઇને સ્ત્રી પુરૂષ, વૃદ્ધ, સર્વેને માટે અત્યંત બોધપ્રદ છે. ઘરમાં પડોશીઓમાં, સગાંમાં અને જાતિ વગેરેમાં ચાલતા કલેશ, કંકાશ, ખરાબ રૂઢીયો વગેરે ઉપર આ વાર્તાઓ પ્રકાશ નાખીને સચોટ અસર કરે છે. ત્રણે ભાગ જુદા જુદા બાંધેલા છે. કુલ પૃષ્ઠ ૯૨૫, મૂલ્ય રૂા. ૫॥ ને પાકાં પૂઠાં સાથે ૨॥ છે, તેને બદલે ૧॥ અને ૨) લેવાશે.

બંકિમ નિબંધમાળા.

પ્રખ્યાત અંગ્રેજ સાહિત્ય સમ્રાટ બંકિમચંદ્રના હાસ્યરસ, ગંભીર, તેમજ બોધપ્રદ પુષ્કળ લેખોનો ઉમદા સંગ્રહ. પૃષ્ઠ ૫૬૦. કાગળ સરસ, મૂલ્ય ૧॥ પાકું પૂઠું રૂ. ૨.

ચોરસ્ટેજ સર્વેનું જુદું. ટપાલમાં મંગાવનારે અમદાવાદજ લખવું. એ પુસ્તક મંગાવવા છતાં ન આવે તો બદામ થયેલા સમજવા જેમકે પ્રતો બહુ નથી.

સસ્તું સાહિત્ય કાર્યાલય. કાલબાદેવી, મુંબઇ. ૨. ભદ્રમાન, અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તંબી દોલતરાય દાહ્યાભાઇ દેસાઇ, 'સત્સંગ ઓફીસ અંબાજીરોડ-સુરત. મુદ્રક બબાદીખા ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં મૂળચંદ કસ્તુરદાસ કાપડીયાએ છાપ્યું.

પટેલની કંપનીના
નોંધીયા ૩૬

ખેતીમાટે

પાણીનું
સસ્તું સાધન

જેની ઉત્તમતાને માટે વડોદરામાં ભરાયેલા મહર્શનમાં ઉંચા પ્રકારનો

ઇંદ તથા સરટીફીકેટ મલ્યાં છે

સાથી ફાયદાકારક મજબુત સસ્તા અને સાદા છે.
એન્જીનથી અને બળદથી ચાલે છે એક બળદથી બે કલાકનું પાણી આપે છે
અને એન્જીનથી ચલાવો ત્યારે બીજા કોઈપણ જાતના પંપ કરતાં અડધો
અડધ ઓછા ડોસ્ટ પાવરથી ચાલે છે.

૧ થી ૮૦ ફુટ ઊંડા કુવામાંથી પાણી કાઢે છે અને એકથી આઠ ડોસનું
પાણી આપનાર નાના મોટા તૈયાર મલે છે. કીંમત રૂ. ૧૫૦ થી ૫૦૦
વધુ ખુલાસા માટે રૂબરૂ મળો યા લખો.

અંબાલાલ એમ. પટેલની કંપની.

દરેકજાતના પંપ અને એન્જીન વેચનાર તથા દુરસ્ત કરનાર
૬૦ દરીયાપુર, નાની સાલેપરી—અમદાવાદ.

ખાસ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી
દવાખાનું કયા છે!

દેશી ઔષધાલય

ઝાંપાબજારની બંશદી શેરીને નાકે

જે તમારે દેશી દવા બારથી લેવી હોય તો
મળો. તમને દરેક રોગની દેશી દવાઓ
મળશે. તથા બાવો પણ થશે માટે
બહેનો નાશીપાશ ન થાઓ અને એક
વખતે દવાખાનામાં આવી મુલાકાત લ્યો
તેથી તમારા મનની બાતો થશે. માટે
એકવાર જરૂર પધારશો.

ડૉ૦ સરસ્વતીબાઇ ભગવાનદાસ.

દમ, હાંફ અમુઝણના

પ્રખ્યાત વૈદ્ય

તરફથી બહોર ખબર આપવામાં આવે
છે કે દમના દવાખાનામાં આંખના તમામ
રોગની દવા અંબવી બનાવી બાજેથી મી લેવામાં
આવતી નથી. મેડપ્રેશર આંખના દરદીઓ
સારા થઇ ગયા છે, તેના દમારી પાસે આવી
પુરાવા જોઇએ તેટલા મોજુદ છે. તેમજ દમ,
હાંફ, અમુઝણ, ઉધરસ ગમે તેટલા જુના રોગ
તો પણ દિવસ આગમાં આરામ કરીએ છીએ.
બીજા ૧૫ વર્ષના જુનામા જુના દમ
દમાએ સારા કરેલા છે. ૧૦ દાખલા તથા
સનદોમાં હગારી પાસે છે. જેથી આપને ખાતરી
થશે, (લોક અને પ્રજાનો) ભલા વારતે આ
બહોર ખબર બ્યાવવાની જરૂર પડી છે.

મી માટે મોજુદ મુલાકાત કરો છે.

ઠેકાણું મજીપરડા કલોરાસોરાનું

ડાકખાનું ચકલેશ્વર ઔષધાલય
વૈદ્ય શીવશંકર
ભાઇશંકર જોશી

પુસ્તક ૬ઠ્ઠું. અંક ૧૦-૧૧

સત્સંગ.

વૈશાખ-જ્યેષ્ઠ. સં. ૧૯૭૪.

વન્દે દેવી ગુર્જરી.

રાગ--અગ્નિજી આર્ય.

વન્દે દેવી ગુર્જરી, (૨)
રસ ભરી, ઇશ્વરી,
દુઃખહરી, સુખકરી, વન્દે૦

મળી સાથ સૌ સંતાન, } (૨)
કૃપા અર્થે કરે ગાન, }
ખીલ્યો ભરત પૂર્વવત,
દૃષ્ટી કરી...અમિ ભરિ. (૨) વન્દે૦

ભારતનો ઉદ્યાન ભાત, } (૨)
વિશ્વમાં વધુ વિખ્યાત, }
જાગ્યો જોમ પૂર્વવત,
અંગ રંગ રસ ભરો. (૨) વન્દે૦

ઘર પૂર્ણ ટકે ન્યાય, } (૨)
બાળ સૌ સ્વમાની થાય, }
જાગ્યો નીતિ પૂર્વવત,
રણ રંગ રગ ભરો. (૨) વન્દે૦

કર્મમાં અધિકાર થાય, } (૨)
ફળમાં વૃત્તિ ના ધરાય, }
જાગ્યો શાસ્ત્ર પૂર્વવત,
વર્ધમાન સૌ કરો. (૨ વન્દે૦

સુબાઇ, વેડીનરોડ } ઠક્કર મોતીલાલ મથુરભાઇ
શ્રી દેવીનંદન નિવાસ } (મહુધાવાળા)

પ્રાસંગિક નોંધ.

હિંદમાં દારૂની બદી; અને તેના અટકાવ માટે સરકારે આંપતા ઉપાયો યોજવાની જરૂર.

છેલ્લી વહી ધારાસભાની બેઠક વખતે ઓન૦ મી૦ શર્માએ નીચેનો ઠરાવ રજુ કર્યો હતો:—

"સર્વ પ્રકારના દારૂ અને કેફી ચીજોનો સદંતર પ્રતિષેધ કરવો એવો સરકારની રાજ-નીતિનો હેતુ છે, એમ ખ્રેરબાતીની રાહે સ્વીકારવાને અને જાહેર કરવાને અને તે હેતુ વેળાસર પાર પાડવા માટે રાજ્ય કારોબારમાં ગોગ્ય પગલાં લેવાં એ કાઉન્સીલ-ગવર્નર ઇન કાઉન્સીલને ભલામણ કરે છે."

ઉપલા ઠરાવના ટેકામાં તેઓએ કરેલા બલામણના કેટલાક અગત્યના મુદ્દાઓનો તરજુમો અમો આ અંકમાં પ્રસિદ્ધ કરીએ છીએ. તેઓનો આ ઠરાવ સરકારી સભાસદોની બહુમતીને લઇને રદ થયો હતો આથી વિષય ચર્ચવાની કાંઇ જરૂર નથી ધારીને કે [illegible] પ્રયત્ન કરવાથીજ કૃત્ય મળે છે. કાંઇ ત્વરે આંબા પાકતા નથી. આ વખતે મુદ્દતો મળી તો બીજી વખતે બહુમત સંખ્યાના ટેકા ઉપર ફરીવા આ ઠરાવ રજુ કરશે અને જ્યાંસુધી તેને સરકાર સ્વીકારે નહિં ત્યાંસુધી તે મુજબ પ્રયાસો ચાલુ રાખવા. દારૂની બદીના ફેલાવાના અટકાવ અર્થે શું શું થતી હતી તે સને ૧૯૨૫-૨૬ની સાલમાં વધીને ૮૪,૬૮૦૦૦ પાઉંડની થઇ છે., એટલે કે ચાલીસ વર્ષમાં પાંચ ગણી કરતાં પણ વધી ગઇ છે. સરકાર તરફથી પ્રજાને એમ જણાવવામાં આવે છે કે તેમનો હેતુ દીવસે દીવસે કેફી પદાર્થોનો ખપ ઓછો કરવાનો છે. જ્યારે બીજી બાજુએ જોતાં દારૂની તેમજ કેફી પદાર્થોની દુકાનોમાં વધારો થતો માલમ પડે છે, તેમજ આવકમાં પણ વધારો થતો જણાય છે. જો સરકારનો ઉદ્દેશ કેફી પદાર્થોની ખપત ઓછી કરવાનો હોય અને તે માટે જો યોગ્ય પગલાં લેવામાં આવતાં હોય તો આવેજ બદી વધી શકેજ નહિં. આથી સરકાર તરફના આ ખુલાસાની બાબતમાં અમોને જરા શંકા ઉત્પન્ન થાય છે. જો સરકારનો આવોજ શુદ્ધ હેતુ હોય તો પછી છેલ્લી વહી ધારાસભાની બેઠક વખતે ઓન. મી૦ શર્માએ રજુ કરેલા ઠરાવને સ્વીકારમાં શું વાંધો હતો, તે અમો સમજી શકતા નથી. જો હિંદ સ્વરાજ્ય ભોગવતું હોત તો, દારૂના વ્યસની યોદ્ધા સભાસદોની વિરલતાની કાંઇપણ ગણના ન કરતાં આપણે તેવા કેફી પદાર્થોનો સદંતર પ્રતિષેધ કરાવવામાં કૃતસંકલ્પ થયા હોત, પણ આપણો હીન ભાગ્યે આપણે જ્યાંસુધી આવો ઠરાવ પસાર કરાવવાને શક્તિવાન થઇએ નહિં ત્યાંસુધી સર દીનશાહ વાચ્છાનો સૂચના અનુસાર આપણે આપણું

રાખવામાં મ્હોટી શોભા મનાતી હતી. તે પછી આપણા ભારતવર્ષમાં પણ એ બાતકી ફેશને પગ પેસારો કર્યો. આપણા દેશમાં આવી વસેલા યુરોપીઅનોએ અત્રે પણ પોતાના ઘોડાઓના પુછડાં ટુંકા રાખવાનુ શરૂ કર્યું ત્યાર બાદ ગાડરીઆ પ્રવાહનો વા વાયો. આપણા કદેવાતા સુધરેલા પારસીઓ, હિંદુઓ, વગેરેએ પણ એ ફેશનનો સત્કાર કરી પોતાના ઘોડાઓના પુછડાં ટુંકા કરાવવા માંડયા પણ આવી વિશ્રામતી ફેશનથી ગરીબ બિચારા ઘોડાઓને કેટલું સહન કરવું પડે છે તેનો વિચાર ન કર્યો.

જ્યારે એક ઘોડાનું પુછડું કાપવાનું હોય છે ત્યારે પહેલાં ઘોડાને બરાબર બાંધી તેનું પુછડું કુદરત આઠ ઈંચ લગભગ લંબાઈમાં રહેવા દઈ બાકીનો ભાગ કાપી નાંખે છે પુછડું કાપી નાંખવાથી કપાઇ ગયેલા ભાગમાંથી લોહી વહેવું શરૂ થાય છે, ત્યારે તે બંધ કરવાને માટે ધગધગતા લોઢાના હથીઆર વતી તે ભાગ ઉપર ડામ દેવામાં આવે છે અને આ રીતે તે જીવતો ભાગ બાળી નાંખી લોહી વહેવું બંધ કરવાના પ્રયાસો કરવામાં આવે છે. આ બાળી નાંખેલા ભાગ ઉપર જખમને લીધે સોજો આવે છે અને તેથી ગરીબ બીચારા જનાવરને કેટલાક દીવસ સુધી વેદના ભોગવવી પડે છે.

ઘોડા સમજ પછી સોજો ઉતરવાથી જો કે જનાવર વેદનાથી મુક્ત થાય છે, તોપણ તેને પુછડું કાપવાથી જે બીજાં દુઃખો ભોગવવાં પડે છે તે દુર. થતાં નથી. આપણા દેશમાં માખી, મચ્છર આદિ જંતુઓનો ઉપદ્રવ વધારે છે. સ્વચ્છ જગ્યાઓમાં પણ આપણને તેવાં જંતુઓ ત્રાસ આપે છે, તો પછી તબેલામાં તો તેઓ શું સીતમ જનાવરોપર ગુજારતા હશે તેનું પુછડું જ શું ! કુદરતની લીલા અધિકજ છે. તેણે સરજેલાં દરેક પ્રાણીને તેના દુઃખ નીવારણાર્થે કાંઇ ને કાંઇ શક્તિ કંઈક આપેલી હોય છે અને તે રીતે ઘોડાઓને પણ માખી, મચ્છર વિ૦ જંતુઓનો ત્રાસ દુર કરવાને મ્હોટા લાલ ગુચ્છાવાળાં પુછડાંઓ પણ રાખેલાં હોય છે. આ પુછડાંઓની મદદથી તેઓ આવા ત્રાસદાયક જીવ જંતુઓને દુર રાખી શકે છે, પણ આપણી વિલાયતી ફેશનનાં આવા પુછડાંઓ out of fachion ફેશન વિનાના ગણાય છે. ઈંગ્લાંડ આદિ દેશના લોકોએ એક ફરી-ફાયદા કર્તા યા નુકશાન કર્તા અખત્યાર કરી એટલે આપણે હિંદવાસીઓએ પણ અખત્યાર કરવી જોઇ જે માન્યતા આજ કાલ પ્રચલિત છે તે આપણને અસ્વીજ હાનિકર્તા થઇ પડી છે અને પડે છે તે આપણે હવે જોતાં જઇએ છીએ અને કરીથી આપણે આપણા જુના સુધારા-Ancient Civilisation-તરફ ઢળવાનો પ્રસંગ નજદીકમાં આવતો ભાસે છે. ઈંગ્લાંડ આદિ દેશોમાં અતિશય ઠંડીના પ્રતાપે માખી, મચ્છર ઇત્યાદિ જંતુઓ કવચિતજ માલમ પડે છે અને તેથી ત્યાં ઘોડાઓને પુછડાંનો વિશેષ ખપ ન પડતો હોય અને તેથી ત્યાંના લોકો તે કાપી નાંખતા હોય તો તે પણ બનવાજોગ, પણ આપણા ઉષ્ણ પ્રદેશમાં તેવી સ્થિતિ ન હોવાને લીધે પુછડાંની ઘોડાઓને ખાસ જરૂરીયાત છે અને તેનાથી તેમને મુક્ત કરવા એ એક પણ બાતકી કૃત્ય છે, આથી ઘોડાની સ્થિતિ પાંખ વિનાના પક્ષી જેવી થાય છે. આ તો આપણે ઉપયોગીતાના સિદ્ધાંતથી તપાસી જોયું કે ઘોડાને પુછડાંનો કેટલો ખપ છે, હવે દયાના સિદ્ધાંતથી તપાસીએ તો ઉપરમાં જોયું તેમ પુછડું કાપતી વખતે જે અસહ્ય ત્રાસ ગુજારવામાં આવે છે તે અનિચ્છીય છે. આપણનેજ જો આપના હાથની એક આંગળી કાપી નાંખવામાં આવે તો કેટલી બધી વેદના થાય છે, તો ઘોડાને તેનું પુછડું કાપી ડામ દેવામાં આવે તો

કેટલી વેદના થતી હશે? પણ 'સ્વાર્થ આગળ મર્યે આંધળા" જ્યાં ફેશન જાળવવાનો સ્વાર્થ સમાયલો હોય ત્યાં પછી વેદના થતી હોય કે નહિં તે કોણ જોવાબેસે? ઊપયોગીતા અને દયાના સિદ્ધાંતોથી આ રૂઢી સંબધી વિચાર કર્યા પછી આપણે વૈદકીય દ્રષ્ટિએ તે કેટલી બધી નુકશાન કર્તા છે તે તપાસીએ. ઘોડાઓમાં કેટલાક પ્રકારના ચેપી રોગો માખી ફેલાવે છે અને તે ઉડાડવાનું તેનું સાધન જે પુછડું છે તે તેની પાસેથી છીનવી લેવાથી માખીને તેવા રોગોના જંતુઓ ઘોડાઓના શરીરમાં દાખલ કરવાને સરળતા પ્રાપ્ત થાય છે અને તેથી ઘોડાઓમાં એકદમ રોગ ફાટી નીકળી ઘણી વખતે એક સામટો નાશ થઈ જાય છે. આવી રીતે ઘોડાઓની સંખ્યામાં ઘટાડો કરવાના સાધન રૂપ આ રૂઢીને પણ ગણી શકાય. હવે આપણે આ વિલાયતી દ્રષ્ટિએ ફેશનેબલ પણ હાનકારક રૂઢીના અટકાવ માટે શું થવાની જરૂરીઆત છે તે ઉપર વિચાર કરીએ. આ રૂઢી નામદાર બ્રીટીશ સરકાર તથા દેશી રાજ્ય કર્ત્તાઓએ કાયદાથી બંધ કરવી જોઇએ. તેવા કાયદાઓ ફીલીપાઇન્સ ટાપુઓમાં તા. ૨૪ જાન્યુઆરી ૧૯૧૨ન રોજ પસાર થયા છે તેમાં તે જનાવરોના પુછડાં બાંડાં કરનારને, કરાવનારને તેમજ તેવા ઘોડાઓ બહાર ગામથી આયાત કરનારને દંડ અથવા કેદ અગર બન્ને શિક્ષા કરવાનું ફરમાવવામાં આવ્યું છે. આપણા દેશમાં પણ આવો કાયદો કરાવવા માટે મુંબઇના શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના હાર્દવાહકો તરફથી એક અરજી દેશના આગેવાનો તેમજ રાજ્ય કર્તાઓ જોગ બહાર પાડવામા આવી છે અને તેમના અભિપ્રાયો એ સંબંધી મેળવ્યા બાદ નામદાર હીંદ સરકારને અગ્રે કાયદો કરવા અરજી કરવામાં આવનાર છે. આપણે ઇચ્છી શું કે આ પ્રયાસ જલદીથી ફત્તેહ પામવા ભાગ્યશાળી થાય.

નાઠ મહારાજ્ઞે ગાયકવાડને ત્યાં લગ્ન પ્રસંગે નિર્દય શિકાર.

પ્રજાનાં છુટાપણા માટે અને પ્રજાના હકો સાચવવા માટે આપણા ભારત દેશમાં જાણીતા થયેલા અને એક સુધરેલા અને કેળવાયેલા રાજ્યકર્તા તરીકે પ્રસિદ્ધ થયેલા નાઠ મહારાજ્ઞ ગાયકવાડને ત્યાં લગ્ન જેવા શુભ પ્રસંગે નિર્દોષ જનાવરોના શીકારે જેવો મોટો બનાવ બનવા પામે એ ઘણુંજ દીલગીરી ભર્યું છે, આવા બનાવ પહેલી વખત લગ્ન પ્રસંગે બન્યો હોય એમ નથી, પણ દરેક શુભ પ્રસંગે તે રાજ્ય કર્તાને ત્યાં આજકાલના સુધારા અનુસાર આવા ખેદ યુક્ત બનાવો બનતા આવેલા આપણે જાણીએ છીએ. શું આવા શુભ પ્રસંગે બહારગામથી આવેલા મહેમાનોને શીકાર સીવાય ન ચાલી શકે? મહારાજ્ઞ સાહેબ પોતે આ બાબતપર લક્ષ આપી આવા શુભ પ્રસંગોએ આવા દુઃખદાયક બનાવો બનતા અટકાવવા મહેરબાની કરી શાપને બદલે આશિર્વાદ મેળવવા ભાગ્યશાળી થાઓ એવું આપણે ઇચ્છીશું. આ બાબતથી રીવાજ બંધ કરવા મુંબઇમાં શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ એક અરજી નાઠ મહારાજ્ઞ સાહેબ હજુર રવાના કરી છે અને અમોને ખાત્રી છે કે તે નામદાર તરફથી તે ઉપર પુરતું લક્ષ અપાશે અને ઘટતું કરી તે રૂઢીનો નાશ કરવામાં આવશે. વડોદરાની પ્રજાએ પણ આ બાબતમાં નાઠ મહારાજ્ઞ સાહેબ હજુર એક અરજી એ રીવાજના સદંતર નાશ માટે મોકલવાની જરૂર છે અને અને આશા છે કે શેઠ મગનભાઇ હઠીસંગ, ઝવેરી ફકીરભાઇ ધોબાભાઇ ઝવેરી લાલભાઇ, કરમચંદભાઇ, ડોકટર બાલાભાઇ નેણશી વીગરે તરફથી કોઇક પ્રયાસ કરવામાં આવશે.

નાગપુર ખાતે થનારો સોમ યજ્ઞ.

અમારા સાંભળવા મુજબ નાગપુર ખાતે સોમયજ્ઞ કરવામાં આવનાર છે અને તેમાં જનાવરોનું બલીદાન આપવામાં આવનાર છે હાલનો સંસ્કારી જમાનામાં અને સંસ્કારી પ્રજાનાં તરફ દૃષ્ટિ કરતાં આપણને સારી રીતે ખ્યાલ આવે છે કે આવા યજ્ઞો કરવા ઇચ્છીય નથી. આવા સોમયજ્ઞની સામે વિરૂદ્ધતા પ્રદર્શિત કરવા અત્રેના મંડળ તરફથી એક સભા રા. સા. મધુવચ્છરાગ હોરાના પ્રમુખપણા હેઠળ બોલાવવામાં આવી હતી અને તેનો વિગતવાર હેવાલ અન્યત્ર પ્રસિદ્ધ થયેલો જોવામાં આવશે. રા. મધુવચ્છરામે પોતાના ભાષણોમાં યજ્ઞો સંબધી કરેલું વિવેચન બહુ મનન કરવા યોગ્ય છે અને તેથી શ્રોતાઓ ઉપર બહુ સારી અસર થઇ હતી, અમો ઇચ્છીશું કે નાગપુરવાસીઓ આવો યજ્ઞ કરવાનું બંધ રાખશે અને આવા લડાઇ અને મોંઘવારીના પ્રસંગે તેટલા નાણાનો બીજી રીતે ઉપયોગ કરી દેશના ગરીબ લોકોને અન્ય રીતે સહાયભૂત થઇ પડશે.

પ્રજા તરફથી દારૂનો બહિષ્કાર.

મુંબઇ ઇલાકાના વસઇ, સાલસેટ, થાણા વી૦ જીલ્લાઓના પોર્ટુગીઝ તેમજ બીન્ન રહેવાશીઓએ દારૂ નહિં પીવાના ઠરાવો કર્યા છે. જો કે આ ઠરાવો તેમણે દારૂ કેટલે દરજ્જે નુકશાન કર્તા છે તે તરફ ધ્યાન દઇને નથી કર્યા પણ સારા પ્રકારનો ન મળતો હોવાને લીધે કરેલા છે. ગમે તેમ હો પણ એક રીતે પૈસાનો અને શક્તિનો ગેર વ્યય થતો અટક્યો છે. હવે ત્યાંના લોકોને આવા સંજોગોમાં દારૂનો કરેલો બહિષ્કાર હમેશને માટે ચાલુ રહે તે અર્થે મુંબઇની દારૂ નિષેધક મંડળીએ ઉપદેશકો મોકલી દારૂથી થતા ગેર ફાયદાઓ સમજાવવા પ્રયાસ કરવો જોઇએ. અમો આશા રાખીશું કે એ મંડળી તરફથી બરાબર એ બાબતમાં ઘટતા પગલાં લેવામાં આવશે.

"M"

શ્રી જીવદયા પ્રબોધક મંડળ તરફથી જાહેર સભા.

દયાધર્મની શ્રેષ્ઠતા પર ભાષણો.

નાગપુરમાં સોમયાગનો પ્રતિવાદ.

શ્રી જીવદયા પ્રબોધક મંડળ તરફથી તા. ૬-૫-૧૮ને સોમવારે સાંજે ૬ વાગે મોટા મંદિરની પાછળના મેદાનમાં એક સભા રાવ સાહેબ મધુવચરામ બળવચરામ હોરાના પ્રમુખ પણા નીચે મળી હતી.

પ્રારંભમાં રા. છોટુભાઇ દાજીભાઇ દેસાઇએ સભાનો હેતુ કહી સંભળાવ્યો.

બાદ રા. મૂળચંદ હસનદાસ કાપડીઆની દરખાસ્તથી અને રા. છોટુભાઇના અનુમોદન પશ્ચાત્ રાવસાહેબ મધુવચરામે પ્રમુખપદ ગ્રહણ કર્યું.

પ્રમુખ સાહેબે પ્રારંભિક વિવેચનમાં જણાવ્યું કે મને આવા લોકોપયોગી કાર્યમાં તક મળી તે માટે જીવદયા પ્રબોધક મંડળના કાર્યવાહકનો આભાર માનું છું. બાદ તેમણે જૈન ધર્મ ભૂષણ બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીનો સર્વને પરિચય કરાવ્યો હતો.

કવિ જનમુખરામે દુહાઓમાં દયા ધર્મપર ઓજસ્વી ભાષામાં સાક્ષાત્કાર કરાવ્યો હતો.

બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજી.

દયા ધર્મપર વ્યાખ્યાનની ભારતમાં બરાબર જરૂર નહોતી પણ કાળબળેકરીને બરાબર પડી છે. ઉંડાણમાં

કેવળ માંસાહારજ નહિ પણ રાગદ્વેષાદિ ભાવો પેદા થતા એ પણ છે. હિંસાના ભાવથી શરીરમાં વિકાર પેદા થાય છે. આત્માનો સ્વાભાવિક ગુણ અહિંસા છે. મનુષ્ય અને ઇતર પ્રાણિઓ કરતાં મનુષ્યમાં માનસિક શક્તિ છે. અને તેમજ તે સર્વે પ્રાણીઓમાં શ્રેષ્ઠતા ભોગવે છે તેમજ સર્વ જગતને વશ કરી શકે છે. મનુષ્યાવતારથી ઇશ્વર સમીપ પહોંચી શકે છે. જે વસ્તુઓનો વધુ ઉપયોગ તેમ તેથી વધુ પાપ છે. વનસ્પતિ કરતાં ખીજા પ્રાણીનો વધ એ મોટું પાપ છે. ગાયનો વધ પ્રાણી વધમાં સર્વથી વધુ પાપ આપનારો છે. મનુષ્ય વધ સર્વથી શ્રેષ્ઠ પાપ છે. હિંસા તત્ત્વપર ધ્યાન આપી આપણે આહાર વિહાર કરવો જોઇએ. આજની સભાનું કારણ નાગપુરમાં સોમયાગ છે.–એ યજ્ઞમાં અજનો હોમ થશે. અજનો અર્થ બકરો નહિ પણ જે રોપવાથી ઉગે નહીં એવો અજ અર્થાત જુનો જવ થાય છે. આવા યજ્ઞો કળીકાળમાં બંધ થયા છે. નાગપુરવાસી ભાઇઓ આવી હિંસાથી દૂર રહે એવી આશા રાખીશું.

બાદ બ્રહ્મચારીજીએ ભગવદ્ગીતા તથા બાઇબલોમાંથી અહિંસા ધર્મને પ્રતિપાદન કરનારા પ્રમાણો કહી સંભળાવ્યા હતાં.

ઠરાવ ૧ લો.

સુરતના ઝવેરીઓની મળેલી આ જાહેર સભા ઠરાવ કરે છે, કે થોડા દિવસ પછી નાગપુરમાં સોમયાગ થનાર છે. આવા યજ્ઞો કરવા એ કળિયુગમાં પાપાચરણ છે તેમજ આપણાં વેદ પુરાણાદિ ધર્મ શાસ્ત્રોમાં અપાયલા ઉપદેશથી વિરૂદ્ધ છે જેથી આ સભા આશા રાખે છે કે યજ્ઞ કરનાર સદ્ગૃહસ્થો તથા કરાવનાર વિદ્વાન બ્રાહ્મણો આ યજ્ઞથી જીવ હિંસા ન થતાં પશુના પ્રાણની રક્ષા થાય અને યજ્ઞથી ખરેખર પુણ્ય ઉપાર્જન થાય એવો માર્ગ લેશે

ઠરાવ ૨ જો.

આ ઠરાવ ઘટતે સ્થળે મોકલી આપવા આ સભા પ્રમુખને સત્તા આપે છે.

ઠરાવ મૂકનાર—૨ા. શા. મધુરચરામ બળવચરામ હીરા (પ્રમુખ)

ટેકો આપનાર—૨ા. સખારામ વિષ્ણુ ગુર્જર.

ઠરાવપર વિવેચન કરતાં રા. શા મધુરચરામે જણાવ્યું કે અહિંસા પરમો ધર્મ સર્વ ધર્મનો સિદ્ધાંત છે, ઋષિઓના રચેલા ગ્રંથોમાં યજ્ઞમાં પશુ હોમની આજ્ઞા હોય એ હું માની શકતો નથી. એ વાત ખરી છે કે વેદ સ્મૃતિ વગેરે ગ્રંથોમાં પશુ હિંસાનાં પક્ષાપતી વચનો છે તેમજ તેની સાથેજ નિષેધનાં પણ વાક્યો છે. એનું કારણ એ છે જે પશુ હિંસા તો નિષેધ છેજ પણ રાજાઓ શિકાર કરતા તથા માંસ ખાતા હોઇને માટે એવો માર્ગ બતાવ્યો છે કે "પ્રથમ માંસ દેવ તથા પિતૃઓને ચઢાવો પછી ખાઓ" અર્થાત્ એ ગ્રંથોનો હેતુ માંસ છોડાવવાનો છે. વેદના અર્થો સમજવામાં ઘણી ભૂલો થઇ છે. ઋગ્વેદના યજ્ઞો અર્થ થાય છે, અજનો અર્થ જુના જવ થાય છે. ગોમેધનો અર્થ આપનો વધ નહિ પણ ગોનો અર્થ વાણી છે, વાણીને શાંત રાખવી અથવા વશ કરવી એવો ગોમેધનો અર્થ છે.

અશ્વમેધ–અશ્વનો અર્થ પદાર્થ, વિચાર પ્રાણ તથા શરીર થાય છે જેથી વિચારોને અથવા શરીરને મારવું યા વશ કરવું તે અશ્વમેધ છે.

નરમેધ–નરનો અર્થ મનુષ્ય સંબંધી અહંભાવ અને તેનો નાશ તે નરમેધ યજ્ઞ છે. પહેલાં એવોજ અર્થ બધા આત્મ સમાધિને યજ્ઞ માનવામાં આવતો હતો, પરંતુ વચલા સમયમાં જુદા અર્થો કરી યજ્ઞાદિમાં પશુહિંસાનો પ્રચાર થઇ ધર્મો જે ભગવાન બુદ્ધ તથા મહાવીર સ્વામીએ એ પ્રચાર અટકાવી આરતને પાપના ખાડામાં પડતાં બચાવ્યો.

જે પ્રાણીઓમાં ઓછી ઇંદ્રિયો હોય તેનો આહાર એવો વાજબી છે. પશુઓમાં અધિક ઇંદ્રિયો છે, તેમજ તેમના દેહમાં અનેક ઝુંઝુંવો હોય છે. જે માંસ ખાય છે તે ઝુંઝુંવાળા પરમાણુઓ શરીરમાં લઇ પાશવિક વૃત્તિ મહત્ત્વ કરી પશુયોનીમાં જાય છે. માટે સર્વ બાઇઓ આ ઠરાવને ટેકો આપશે એવી આશા રાખું છું.

આ ઠરાવને રા રા. સખારામ વિષ્ણુ ગુર્જરે યોગ્ય શબ્દોમાં ટેકો આપ્યો હતો.

બાદ રા. મૂળચંદ કસનદાસ કાપડિઆએ પ્રમુખનો આભાર માન્યો હતો, જેને રા. રતનચંદ ખીમચંદે ટેકો આપ્યો હતો.

મંડળ તરફથી ઉપદેશક કવિ જનમુખરામે સભામાં પધારનાર ગૃહસ્થોનો આભાર માન્યો હતો.

અંતે પ્રમુખસાહેબે પોતાના માનેલા આભાર માટે કૃતજ્ઞતા દર્શાવી સભા વિસર્જન કરી હતી.

ટેમ્પરન્સ કાનફરન્સ.

ચોદમી ઑલ-ઇન્ડીઆ ટેમ્પરન્સ કૉનફરન્સની સન્માન કારીણી કમીટીના સરનશીન મી. ડબલ્યુ. આર. ગુરલે. સી. આઇ. ઇ. આઇ. સી. એસ. એમણે ડીસેંબરની તા. ૨૭ મીએ કલકતામાં સીલી કોલેજમાં એકઠાં મલેલાં ડેલીગેટોને એક ટુંકું આદરણીય ભાષણ કરી આવકાર આપ્યો હતો. તેઓએ તેમના ભાષણની શરૂઆતમાં જણાવ્યું કે હું તમારી સમક્ષ એક સત્તાધિકારી તરીકે નહિ પણ શહેરી તરીકે મહારી ફરજ બજાવવા હાજર થયો છું.

મિતાહારના સુધારાના સંબંધમાં સરકારની રાજનીતિ શું છે. તેનો સ્પષ્ટ ખુલાસો લોર્ડ હાર્ડીંજે સને ૧૯૧૩ની સાલમાં કર્યો છે. ૧૯૧૩ના ડીસેંબર માસમાં તેઓ નામદાર સમક્ષ ગએલ ડેપ્યુટેશનને જવાબ વાળતાં તેમણે કહ્યું હતું કે હિંદી સરકાર, સ્થાનિક સરકાર, સત્તાધિકારીઓ, અને અમલદારો, તેમનાથી બનતાં ઉપાયો યોજી આ દેશમાં મિતાહારના વિષયને યોગ્ય સ્થાન આપવાને એકમત છે. આગળ કદી આટલું મધું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું નહિ, ત્યાર પછી તે સબંધી રાજનીતિની જે રેખા દોરવામાં આવી છે, તેનો સામાન્ય રીતે બે ભાગમાં ઉલ્લેખ થઇ શકે છે. (૧) જેઓને કેફી ચીજો લેવાનું વ્યસન હોય તેમને તેવી કેફી ચીજોનો મિત ઉપયોગ કરતાં અટકાવવાં એવી સરકારની રાજનિતિ જરા પણ નથી. (૨) જેઓ કેફી ચીજો લેવાને ટેવાયલાં નથી તેઓ તે તરફ લલચાતાં અટકે અને જે લોકો લેતાં હોય તેઓ હદબહાર ન જાય એવી સરકારની ચોક્કસ રાજનિતિ છે.—" સરકાર શું પગલાંઓ લઇને આ રાજનિતિ અમલમાં મૂકવાં માગે છે તે હું પુનઃ પુનઃ અવલોકવાની જરૂર જોતો નથી પરંતુ લોર્ડ હાર્ડીંજે ભાર દઇને કહ્યું છે કે જ્યારે વસુલાતી અધિકારીઓ જકાતના સવાલોનો નિર્ણય કરતાં હોય છે ત્યારે પુષ્કળ વસુલાત જમા કરવાનો તેઓનો મુખ્ય ઉદ્દેશ નથી. હું નામદારનાં શબ્દોમાંજ કહીશ.—" પોતાના પ્રગણાની સુસેહ અને શાંતી માટે કલેક્ટર પોતે માજીસ્ટ્રેટ તરીકે જવાબદાર છે, અને એજ તેની મુખ્ય ફરજ છે. વસુલાત ઉધરાવવી એ જો કે સરકારના લાભનો વિષય છે, પણ પહેલાં તો તેના પરજ લક્ષ્ય આપવાનું છે અને વસુલાત તો પછી એની મેળેજ આવે છે.

હું તેટલા માટે તે મંડળની શાખાવાળાઓને તેમના ભાષણના જવાબમાં લોર્ડ હાર્ડીંજે હિંદી સરકારની જે રાજનિતિ જણા-

વીંછે. તેનો પ્રથમ પુખ્તપણે અભ્યાસ કરવાને અને બીજું તેઓની નજદીકના વિભાગના જહાત સંબંધી વહીવટની હકીકતનો અભ્યાસ કરવાને આગ્રહપૂર્વક સૂચના કરીશ. જ્યારે તેઓ તેમ કરી શકશે ત્યારે તેઓ હમેશાં કાર્ય તત્પર રહેનારી (vigilance) કમીટીઓ નીમશે અને તેમની મદદથી, જે બાબતમાં રાજનિતિ અમલમાં ન આવી હોય તે બાબતોની ચોકસ વિગતો સરકારી અમલદારોના ધ્યાનમાં લાવી શકશે."

ડા. સુનીલાલ બોઝ, જેઓ તે કોન્ફરંસના પ્રેસીડંટ હતા, તેમણે પોતાના દાખલા દલીલથી ભરપુર ભાષણમાં, મિતાહારના સુધારા પર અનેક દૃષ્ટિથી વિવેચન કર્યું હતું. તેમણે બતાવી આપ્યું હતું કે સરકાર મિતાહારના સુધારાને આગળ વધારવાને તેનાથી બનતું કરે છે. પ્રજાના મર્મસ્થાનની અંદર સમો પેદા કરતાં દારૂપી જીવડાંનો સરકારની સાથે મળી નાશ કરવાને લોકોને આગ્રહ પૂર્વક તેમણે સૂચવ્યું હતું લડાઇ અને મિતાહારના સંબંધમાં તેમના વિચારો બહુ રસ પૂર્વક વાંચી શકાય તેવાં છે. તેમણે પછી હિંદના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં મિતાહારનો સુધારો કેટલો આગળ વધ્યો છે તેનું અવલોકન કર્યું હતું અને છેવટમાં નીચે પ્રમાણે જણાવી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

ગયાં અઠવાડીએ આપણને સાનંદાશ્ચર્ય ઉત્પન કરે તેવા સમાચાર મળ્યાં છે કે વોશીંગટનમાં હાઉસ ઓવરપ્રોડેન્ટેટીવ (પ્રતિનિધિ મંડળે) ૧૨૮ વિરૂદ્ધ ૨૮૨ મતે એવો ઠરાવ કર્યો છે કે આખા યુનાઇટેડ સ્ટેટસમાં કેફી પદાર્થો બનાવવા કે વેચવાની સખ્ત મનાઇ કરવી અને સેનેટે એ ઠરાવ મંજુર રાખ્યો છે. ગૃહસ્થો અને બાનુઓ, હિંદી સરકાર એવા સવાલનો જેવી રીતે ફડચો કરશે તે સમય હું આગળથી જાણી શકું છું અને જે એવો સુખી દિવસ જોવાને આપણે જીવતા ન થઇએ તોપણ શાંતિથી અને આશા પૂર્વક આપણું કાર્ય કર્યા જઇએ કે જેથી...આપણા ફરજંદો આખી દુનીઆમાં દારૂથી એવા સમાચાર ફેલાયલા જાણી ખુશી થાય કે હિંદી સામ્રાજ્યે...દુનીઆની કોઇપણ પ્રજાની સાથે મળી પોતાની સવળી હદમાં કેફી પદાર્થો બનાવવાનો અને વેચવાનો પ્રતિબંધ કર્યો છે.

બીજા દિવસે જ્યારે કોનફરન્સ ભેગી થઇ ત્યારે એમ જાહેર કરવામાં આવ્યું હતું કે કલકત્તાની ટેમ્પરન્સ એસોસીએશના પ્રયત્નોને લીધે બંગાળાની સરકારે, ૧૯૧૮ના ઓકટોબર માસની પહેલી તારીખથી એક વર્ષ સુધી મોત અખતરાની ખાતર એ. બજાર સ્ટ્રીટ અપર સીટપોર રોડ; બીડન સ્ટ્રીટ અને અપર સરકયુલર રોડની હદમાં આવેલી સઘળી દારૂની દુકાનો બંધ કરવાને કબુલ કર્યું છે. તેજ પળે બંગાળાની સરકારનો આભાર માનનારો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સેક્રેટરીએ પછી વાર્ષિક રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે આખા હિંદમાંનાં સઘળાંમાંથી કેટલાક ટેમ્પરન્સ મંડળોએ ઘણું સારૂં કામ બજાવ્યું હતું અને ભવિષ્યમાં એથી પણ વિશેષ સારૂં કરશે એમ આશા રખાય છે. રેવ. મી. એન્ડરસને, રીપોર્ટ મંજુર રાખવાનો ઠરાવ રજુ કરતાં બોલ્યા હતા કે, અમૃતસરમાં જેમ દારૂના પીઠાં બંધ થઇ ગયાં છે તેમ કલકત્તા શહેરમાં પણ તેવાં પીઠાં થોડા વખતમાં બંધ થઇ જાય એવી હું આશા રાખું છું. તેમણે વળી આગળ જણાવ્યું કે, મેચુ બજાર સ્ટ્રીટમાં એક દારૂના પીઠાના માલિકની માગણીથી તે દારૂના પીઠામાં ટેમ્પરન્સ લીટરેચર સરપસ દરમીઆન છુટથી વહેંચવામાં આવ્યું હતું.

પ્રમુખે પછી કોનફરન્સ વિસર્જન થયાનું જાહેર કર્યું હતું. મિતાહારની હિલચાલમાં ઉત્સાહ ધરાવતા ગૃહસ્થો અને બાનુઓની એક સભા સાંજે ભરવામાં આવી હતી.

મુકવામાં આવતી રસીથી જીંદગી અથવા તંદુરસ્તીને નુકશાન પહોંચતું નથી અને આ રીતી ઉત્તમ પ્રકારની અને ભય રહિત છે. સને ૧૮૬૮માં તે કાયદામાં રહેજ ફેરફાર કરવામાં આવ્યો. ત્યારબાદ સને ૧૮૬૭માં લોર્ડ રોબર્ટ મોન્ટેગુએ એ કાયદામાં આપવામાં આવેલી સત્તામાં થોડો વધારો કરીને ફરીથી આ કાયદો પાર્લામેંટ સમક્ષ પસાર કરવા રજુ કર્યો. તે વખતે લોર્ડ મોન્ટેગુએ પણ લોર્ડ લીટલટને સને ૧૮૫૪માં ઉચ્ચારેલા ઉદ્‌ગારો સાથે સંમતી દર્શાવી. તે પછી એ કાયદામાં સને ૧૮૭૧, ૧૮૭૪ અને ૧૮૭૮માં થોડા ઘણા ફેરફારો કરવામાં આવ્યા. સને ૧૮૫૩ અને ૧૮૬૭માં આ કાયદો પસાર કરાવતી વખતે લોર્ડ લીટલટન અને લોર્ડ મોન્ટેગુએ આપેલી ખાત્રીઓ નિષ્ફળ નીવડી, કારણકે સને ૧૮૭૧-૭૨માં ઈંગ્લાંડ અને વેલ્સમાં જે લોકોએ રસી મુકાવી હતી તે લોકોમાંજ શીતળાનો ઉપદ્રવ થયો અને લગભગ ૫૦૦૦૦ માણસો મૃત્યુવશ થયા. સને ૧૮૬૭ના કાયદાથી એ ખાતાના અધીકારીઓને વધારે સત્તા મળી અને રસી મુકવાનું કાર્ય ધમધોકાર ચાલવા લાગ્યું.

સને ૧૮૬૭થી ૧૮૭૩ વચ્ચેના પાંચ વર્ષના ટુંકા અરસામાં ૨૫૦૦૦ માણસો ઉપર કેસો ચલાવવામાં આવ્યા હતા. તે પછીના ૭ વર્ષોમાં જે માણસો ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું તે માણસોની સંખ્યા ૬૬૨૬૬ હતી. સને ૧૮૮૮માં આવા કેસોની સંખ્યા એકદમ વધી અને તે પછી તેમાં ઘટાડો થવા લાગ્યો કારણકે અધીકારીઓને માલમ પડયું કે વસ્તીનો મોટો ભાગ રસીના વિરુદ્ધ છે માટે વધુ તેમનાપર દબાણ ચલાવવામાં ફાયદો નથી. આવી રીતે આ બાબતમાં તેમને સ્પષ્ટ ખાત્રી થવાથી તેમણે બહુજ ઓછા કેસો ચલાવવા માંડ્યા અને આવા કેસોની સાંખ્યામાં અને રસી મુકાવનારાઓની સંખ્યામાં દીનપ્રતીદીન ઘટાડો થવા માંડયો. સને ૧૮૮૦માં પ્રજાજાત એ પૂરજીઆત કાયદાની અને એ રસી મુકાવવા વિરુદ્ધ થવા લાગ્યો અને ઘણા આગેવાન મુખારકો તેની સામે લડત ચલાવવા બહાર પડવા લાગ્યા. સને ૧૮૮૧માં લંડનમાં "ધી લંડન સોસાયટી ફોર ધી એબોલીશન ઓફ કમ્પલસરી વેકસીનેશન" અર્થાત્ ગૌશીતળાની રસી મુકાવવા માટેના પૂરજીઆત કાયદો રદ કરાવવા માટેની મંડળી સ્થાપના કરવામાં આવી. શરૂઆતમાં તેમા ફકત સાત આગેવાન ગૃહસ્થોએ ભાગ લેવા માંડયો હતો. લંડનના વર્તમાનપત્રોએ તેમને વખોડી કાઢયા હતા, અને તેમને ભાષણો આપવા માટે જાહેર મકાનો વાપરવા દેવામા આવતા નહિં અને તેમનાં ભાષણોની જાહેર ખબર વહેચવા માટે કમુત કરવાને માણસો અથકાતા. આવા બીકટ સમયે આ મંડળના સભ્યોએ દરકતો વેગી કાર્ય ચાલુ રાખ્યુ અને "ધી વેકસીનેશન ઇનકવાયરર" નામ માસીક બહાર પાડવાનુ શરૂ કર્યું. આ સમગી હીલચાલનાં નેતા યોગ્ય બનાવ લીસ્ટર શહેરમાં નીકળેલા સરબસનો છે. લીસ્ટરમા ત્યાંના ડાકટરોએ અને અધીકારીઓએ કાયદાનો ઘણો સંખ્ત ઉપયોગ કર્યો અને શહેરના આગેવાન ગૃહસ્થોને કેદ કર્યા. આથી ત્યાના રહેવાસીઓની લાગણી ખરાબ અને તેના બાંમ પ્રતિકાર દર્શાવવા એક સરબસ કાઢયું. આ સરબસ બે માઈલ લાંબુ હતું અને તેનાં ભાગ લેનારા લોકો જુદા જુદા લખોવાળા વાવટાઓ લેઈ ઉડાડતા ચાલતા હતા. જે જે લખાણો વાવટાઓ ઉપર ચીતરવામાં આવ્યા હતાં તેનાં નીચેના દૃષ્ટાંત પરથી હતાં.

"કાયદો તદ્દન રદ કરો. અમારે થોડી ઝટાઝટ જોઈતી નથી."

"(શીતળાના રોગના અટકાવ માટે) સ્વચ્છતા, નહિં કે રસીનો ઉપયોગ."

"ઘોડાની ચરબી, ગોરીતળા, વાછરડાંની રસી, અને સ્થાનીક સગવડી બાંધે એવા કષ્ટર અમને બચાવો."

"આથી (ફરજીઆત રસી મુકવાથી) તમો શીતળાનો નહિ પણ માણસોની જીંદગીનો નાશ કરો છો."

"ગેરવાજબી કાયદાઓ સામે પ્રતિરોધ દર્શાવવો એ પ્રીસ્તી ધર્મનો સાચો નિયમ છે અને દેશભક્તોનો ફરજ છે."

ગોરીતળાની રસીના ફરજીઆત કાયદાની ચોપડીઓ બજાર વચ્ચે શહેરના મેયર અને બીજા સત્તાધિકારીઓના હાજરીમાં બાળી નાંખવામાં આવી. તે દીવસે સાંજના મોટી જાહેર સભા ભરવામાં આવી અને કાયદા સામે અણુગમો પ્રદર્શીત કર્યો. સને ૧૮૮૯મા સરકાર તરફથી ગોરીતળાની રસીના બાબતનાં તપાસ કરવાને રોયલ કમીશન નીમવામાં આવ્યું તે કમીશન આગળ સારા સારા ડોકટરોએ જે જુબાની આપી હતી તે ઉપરથી માલમ પડે છે કે આ રસી જે દરદના અટકાવ માટે દાખલ કરવામા આવે છે તેને અટકાવવાને નિષ્ફળ નીવડે છે. આથી તે કમીશને પોતાના રીપોર્ટમાં એમ જણાવવું જોઇતું હતુ કે આ ફરજીઆત કાયદો રદ કરવો, પણ કમીશનના મેંબરો ને કાયદાની તરફેણમાં તેમની નામણુંક થવા અગાઉથીજ હતા એટલે તેઓ દેહ સુધી તેમના મતને વળગી રહ્યા અને ઉલ્ટાપક્ષે પ્રજામતને સંતોષવાને તેનજ " જે કોમ સત્ય નિષ્ઠાથી રસી મુકાવવા સામે વાંધો લેતા હોય તેમને આ કાયદાથી મુક્ત કરવા એવી કલમ વધારવા બલામણ કરી. આખરે સને ૧૮૯૮માં આ ફરજીઆત કાયદામાં તેમની સુચના મુજબની કલમ વધારવામાં આવી. આ કલમ જો કે વધારવામાં આવી તેથી પ્રજાને કાંઇ જોઇએ તેવો ફાયદો તો થતો નથી. કારણ કે આવી રસી મુકાવવા સામે વાંધો લેનાર માણસ સત્ય નિષ્ઠાથી વધો લે છે કે કેમ તે તપાસી કેનક્કો આપવાનું કામ તો સરકારી અમલદારોના હાથમાં સોપવામાં આવેલુ છે. સરકારી અમલદારો કાચીંતજ આવા જનવોમાં પોતે પોતાનો મુકાદો સરકાર વિરૂદ્ધ આપે છે અને તેવા પ્રજાને આ કાયદાથી પુરતું રક્ષણ મળતું નથી. હવે જરૂરીબાત અગત્યની છે કે આ કાયદો તદન રદ કરાવવા પ્રયાસ કરવો અને તેવો પ્રયાસ લંડનની ધી નેશનલ એન્ટી વેકસીનેશન લીગ કરે છે.

આપણા ભારત દેશમાં કયારે આવા દીર્ઘદર્શન અને આત્મશોધી ડોકટરો બહાર પડશે, અને હિંદુસ્થાનમાં જે ફરજીઆત કાયદો છે તે રદ કરાવો પ્રજા સેવા બજાવી તેમને પોતાને કૃતાર્થ થયેલા માનશે?

તિબેટની હાલત.

તિબેટના ગારનોક સ્થાનથી એક સજ્જને ત્યાંની કેટલીક હાલત જાટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી છે. તેઓ લખે છે કે તિબેટમાં બાજુલા વસ્તી બહુ છે, પરંતુ ત્યાંના રહેવાસીઓ સંસારથી અલગ રહેવામાં સુખ માને છે. ત્યાં વિદ્યાનો ફેલાવો નથી; તેમજ લોકો ભણવાનો કચ્છા પણ કરતા નથી. સંસારના સુખદુઃખ કોઇ સાથે એ લોકોનો સંબંધ નથી તેથી એમનું સામાજિક જીવન અધોગતિના માર્ગ તરફ વળેલું છે. એ લોકોને પોતાની અધોગતિનું ભાન પણ નથી કારણ કે સૌકોઇ વધો થવા એવીજ રીત એમને ગમ્યા આવે છે. એમના મોંદરો અમૂલ્ય મુર્તિયો ભરેલાં છે. સ્ત્રી પુરૂષો નાગી મુર્તિઓની આ લોકો પૂજા કરે છે. નારા રાત દિવાલોને ધર્મના પડદાથી ઢાંકી લીધેલાં છે. ધર્મના પડદાનાથી બહારમાં

ખરાબ ચાલચલગતો ચલાવવામાં એમને ભિડ-કુલ શરમ લાગતી નથી.

તિબેટની સ્ત્રિયો.

જેવી રીતે સભ્ય દેશોનાં કુમારિકાઓને શિક્ષણ લેવા તેમજ અન્ય કળાઓ શીખવા પાઠશાળામાં મોકલવામાં આવે છે; તેવી રીતે તિબેટમાં કિશોર બાલિકાઓને અન્તરની વૈરથાને ત્યાં મોકલવામાં આવે છે. અહીં કુમારિકાઓ સંસારના સઘળા રીત રિવાજોથી માહિતગાર થાય છે. જેટલા દિવસ કુમારિકા વૈસ્થાને ત્યાં રહે તેટલા દિવસનો ખર્ચ એના માબાપો આપે છે. કન્યા ચાર પાંચ વર્ષ વૈસ્થાને ત્યાં શિક્ષણ લીધા પછી ઘેર આવે છે, ત્યાર બાદ તેના વિવાહ થાય છે. કન્યાઓને આવી રીતનું શિક્ષણ આપવાની પદ્ધતિ સાધારણ તેમજ ગરીબ વર્ગમાં વિશેષ પ્રચારમાં નથી કારણ કે એ લોકોને ખર્ચ આપવાની વિશેષ સગવડ હોતી નથી.

તિબેટી સ્ત્રીઓનું મુખ ઘણું ખરું ચપટું ને ગોળ હોય છે. નાક ને આંખો કાંઇક નાની હોય છે. આવું છતાં પણ સૌંદર્યમાં કાંઇ ફરક પડતા નથી. બાલના સળવટ કાઢક વિચિત્ર જાતની હોય છે. સ્ત્રીઓ ઘણું કરીને હાથના બનાવેલા ગુચ્છદાર વાળ માથા પર લગાવી લે છે કે જે ગુચ્છાઓ બંને કાનની બાજુપર લટકતા રહે છે. તિબેટી સ્ત્રીઓ મૂલ્યવાન વસ્ત્ર પહેરવાનું બહુ પસંદ કરે છે.

એ દેશમાં વિવાહ પદ્ધતિ વિચિત્ર જાતની છે. કોઇક વખત માતાપિતા કન્યા માટે વરની તલાશ કરી લે છે, તો કોઇ વાર કન્યા પોતેજ વર પસંદ કરે છે. અમના વિવાહમાં સગપણનો કોઇ પણ જાતનો બાધ ગણવામાં આવતો નથી. અહીંના લેખક ત્રણ ચાર દૃષ્ટાંત રજુ કરે છે અને કહે છે કે એ દૃષ્ટાંતો નીચા વર્ગના નહીં પણ ઉચ્ચ વર્ગના વંશજોના છે.

(૧) એક ઉચ્ચ વંશના ગૃહસ્થની સ્ત્રી મરી ગઇ. એ સ્ત્રીને પાંચ છોકરા અને એક છોકરી હતી. ગૃહસ્થે બીજી વખત લગ્ન કર્યું. રિવાજને અનુસરી નવી સ્ત્રી પાંચ છોકરાઓની પણ સ્ત્રી છે અને એ સ્ત્રી છોકરાઓ સાથે પણ એવોજ વહેવાર રાખશે કે જેવો પોતાના પતિની સાથે રાખે છે. જ્યારે એ સ્ત્રીથી કોઇ બચ્ચું પેદા થશે ત્યારે એ બચ્ચું ગૃહસ્થ કે પાંચ છોકરામાંથી જેની સાથે શિકલમાં વિશેષ મળતું આવશે તેનું સંતાન ગણાશે.

(૨) એક જાગીરદાર ગૃહસ્થની સ્ત્રી મરી ગઇ છે, એના પેટના એક છોકરો હયાત છે. ગૃહસ્થે બીજી બાયડી કરી છે. નવી બાયડી પોતાની સાથે પહેલા ધણીથી થએલી પુત્રી લઇ આવી છે. એ નવી બાયડી હવે ઘરડી થઇ ગઇ છે. તેથી ગૃહસ્થે એની પહેલા ધણીથી થએલી છોકરી સાથે લગ્ન કરી લીધું છે. એક દિવસ વાતચીતમાં એ ગૃહસ્થ બોલી ગયા છે કે હું ઘરડો થઇ ગયા છું પણ મારી બૈરી જુવાન છે તેથી વિચાર છે કે એનું લગ્ન મારા છોકરા (પહેલી બૈરીથી થએલા) સાથે કરી દઉં, કારણ કે ઘડપણને લીધે મારી આંખો પણ ઝાંખ મારતી થઇ ગઇ છે.

(૩) ત્રીજો દાખલો એથી પણ વિચિત્ર છે. એક વિધવા સ્ત્રીએ પોતાની બે નાની છોકરીઓનાં લગ્ન ઉચ્ચ વંશના ગૃહસ્થ સાથે કરી દીધાં. છોકરીઓ ઉમરમાં નાની હતી તેથી ગૃહસ્થે થોડા દિવસને માટે છોકરીઓની માની સાથે લગ્ન કર્યું. જ્યારે મોટી છોકરી જુવાન થઇ ત્યારે તેને તેના પતિને સોંપી આઇ પોતે પાછી માથું મુંડાવી સાધ્વી બની મંદિરમાં જઇ બેઠી. એ મૂલકનાં બેવા રિવાજો દુઃખ-કારક ગણાતા નથી તેમજ કોઇ પણ માણસ એવા રિવાજો પર વ્યંગ પણ કરતો નથી.

તિબેટી સ્ત્રીઓ સફાઇ રાખવામાં બહુ ચતુર હોય છે. પોતાના ઘરની સઘળી ચીજો

પૂરી વ્યવસ્થાથી ગોઠવે છે. હાય, મોં! હમેશા સવારે ધોવા કરે છે પણ સ્નાન કરવાનો વખત તો કદી અઠવાડીએ આવે છે અને માથાના વાળ ઓળવાનો વખત મહીને બે મહિને આવે છે કેમકે એને ઓળવામાં ખુબ મહેનત કરવી પડે છે. એનો ચહેરો ઠંડીથી અરાબ ન થઇ જાય માટે તે પર કાયો મસલ્યા કરે છે. બજાર જઇ આવીને હાથ ધોતી નથી.

અતિથિ સત્કાર કરવામાં બહોની સ્ત્રીઓ ઘણી ખબરદાર હોય છે તેમજ સત્કાર પણ પૂરેપૂરો કરે છે. જ્યારે જાઓ ત્યારે પર ઘણી-આણી ખાવું તૈયાર કરી આપવાને માટે તૈયાર હોય છે. ટિપેટીઓ આખો દિવસ ચાહ પીયા કરે છે અને જવતા રોટલા ખાય છે. જે જેટલો ખાનદાન તેને તેટલું ઘરથી બહાર નીકળવાનું થોડું. તિબેટીઓમાં અતિથિ સત્કાર છેવટની સીમાથી પણ બહાર જઇ પહોંચ્યો છે. જો કોઇ મેમાન થઇ આવી પડે છે તો આખો દિવસ તેની ખૂબ ખાતર બરદાસ કરવામાં આવે છે. રાત પડતાં ઘણીબાણી પોતાના ધણીની આજ્ઞા લઇ વારે વારે દરેક મહેમાન પાસે સહવાસ કરતી રહે છે. કેટલીક સ્ત્રીઓ તો આ અજબ મહેમાનગીરી પૈસાની લાલચથી કરે છે અને કેટલીક અતિથિ સત્કારની સમજણથી કરે છે. તિબેટી સ્ત્રીઓમાં કામ-વાસના અતિશય હોય છે. ગમે તેમ હો પણ એશિઆના એક દેશમાં દુઃખતયક નિર્લજ્જ રિવાજને આજે પણ પ્રચલિત છે.

K.

ભોળીયારાજનો ભડભડાટ.

બાઇલાદિ ઘેર કીજે, કયા બડા દરબાર હૈ!
બે અકલી કારભારી; ઊંટકે સરદાર હૈ?

એક વખત હું ભડભડાટ દ્વારા જણાવી ગયો હું કે–"મનુષ્ય માત્રનું હલકું આચારણ ઘણીજ ઝડપથી બહાર આવે છે. જેમકે હલકો તો હલ્લમ! ખાલી ચણો વાગે ઘણો!! તેજીને તાનકને ગધેડાને ડીફાં!!!" તેમ જે માણસ પ્રસારાથી ન સમજે તેને માટે તો ડીફાંજ જોઇએ! તેને ચળકતો ચમચમાટ ક્યાં સુધી? જ્યાં સુધી તેનો ઝપાટો ચાને પડેલા ફટકાના સપાટાનો ઝમઝમાટ જ્યાં સુધી ચચરે ત્યાંજ સુધી તો ખાપુ!!! એ તો બસવારની આદત હોય તે કંઇ જાય? ડીફાં વીના તે કંઇ ચલાય! વાંકા તે કંઇ સીધી થાય!! એકમાં ન હોવે તો બીજું!! ક્યાં વાર છે બલ્લા!!! મનુષ્ય હલકું આચરણ કરતી વખતે અનાદર-વાદી બની જાય છે, ત્યારે ઇશ્વર તેની નજીકને નજીકજ રહે છે! પંણ અધોગતિ કિસ કયા ઔર રાત કયા? દોનો એકી! ન કુછ ભેદ ઔર ન કુછ ભેદ! તેમ તે જ્યાં ત્યાં અંધારામાં પછાડા મારે છે! ડાફાં મારે છે! અને હોય તેટલી બત્રીસી ગુમાવી બેસે છે!!!

* * *

ભર્યા સો છલકે નહી, છલકે સોઇ આધા;
ઘોડા તો ભુકે નહી, ભુકે સોઇ ગધ્ધા!

મને પણ આવ બલા પકડ ગલા ટહોરી જેવાની એક આદત છે! ત્યારે શું કરવું? કંઇ ચમચમાટ ઝમઝમાટ ગીઠું મગ્યું મળી આવે તો તેનાં પંચ પકવાન બનાવવાં એ અમો પરવારતાઓનું મહત્ત કાર્ય રહેલું છે! એટલે આ વખતે પણ પ્રભુપ્રભુજન આનંદ મંદિર (કે કલેય મંદિરે) અત્ર પવિત્રાશ્રમમાં પંડિત પાવન થતા એક મહાદેવજીના દર્શનનો લાભ જવા દેવો એ એક મહા ભૂલ!!! એવી ભુલ થવા દેવાનું કંઈ પ્રયોજન?

પાર્વતી મૈયાને લઇ શિવજી પધારે તો તે અમુલ્ય લાભ કોણ જવા દેશે ભલા ! અખિલ ગુલાલ કુલ ધૂપ બીલ વગેરે સામગ્રીથી દર્શનારતિ ! પૂજા અર્ચન ! કરવા કયો અભાગી ચૂકશે ? હું તો ન ચુકું !!! સર્વે સામગ્રીથી જરૂરે એ ભોળાને ભમાવું, અને તેને રાજી રાજી કરું ! પણ કહે છે કે કળીયુગમાં તો દિવની વાતજ જવા દો !! ભાવેથી ભજે તો ભોળા ભમે કની ! પણ સબુર, નામ પ્રમાણે ગુણ તો જોઇએ ને ? ઓ ઓત તારીની, જ્યારે ભોળાને ભમાવવાનો ભાવ નથી ત્યારે એ દિવકે પથ્થર ? અરે ભાષા પથ્થર રે પથ્થર ! ! પણ મબુર આમ કહેતાં તો પેલા બાર લીંટીમાં બીરાજેલા કવિજી મને ટૂંપી ખાશે કે "અરે બાર-ચોકું ન ચાહે ચાહનારાં ઉર મહીં એ રાખજો ! બાપ ! બાપ ! ! બાપ ! ! ! નાળીયેરના કેચા જેવી વાત ! જ્યાં ચોકાનીજ વાત નહી ત્યાં ચણું ને કયાંથી હોય ? આકાશી કિલ્લા કે હવામાં બાથ ? એ તો ખ્વાબીને માટે ખ્વાબજ તો ! ત્યાં તે વળી બીજું શું હોય ? તેમ જ્યાં ચોકાનાંજ સાંસાં તો બાકીને તો હોય નેટલુંજ જોઇએ ! ! મુળમાં મુળજીબાઇ કુંવારા ને ડોસાને બે બકરી જોઇએ ? ! ! ! પણ એ સ્નેહીરાજ વિચારે તો જાણે કની કે આ કળીકાળમાં દિલ આપતાં અને લેતાં કટકો અતડાય? એ તો તે શીવજી ગયા કે પાર્વતીથી વિખુટા પડતાં નયનાશ્રુ વરસતાં ! ! હવે એક હોય તો બીજીની રાહ જોવાય તો પછી તેની હસ્થિજ ન હોય તો કેટલીની બાપ જપાપ વારૂં ?

* * *

એ તો આપણે એક જુદીજ વાત ઉપર લોવર્યા, પણ પેલ્એલું "ચાહું ન છોડે કોઇ કાળે જેમ માતા બાળકો" તેનું કેમ ? વાત તો ખરી ! પણ તેથી વિરૂદ્ધ બન્યું છે કે નહી ? કળીકાળમાં તેથી ઉલટાં દ્રષ્ટાંત મળી આવે છે કે નહીં ? જો ખરું રહસ્ય જોવું હોય તો જુઓ [સત્સંગ ફાગણ સં. ૧૯૭૪ પૃ. ૨૩૫] એ પણ એક માતા કે નહીં ? શું તે માતા નહી ? અગર માતા હતી તો શા માટે પોતાનો જીવ-બ્હાલો કીધો ? શું તેને પણ પ્રેમ લાગી જતે ? અગર તેમ બને તોપણ શું ? પણ ભાઇ જરા ધીરા ! જરા ધીરા ! ભમ દેતો કે ભૂસકો મારતાં ટાંટીઓ આંગે ! એ શત્રને યાદ રાખવું ! ! તેમ એક વાત બહાર પાડતાં તેની અચળતા માટે મકકમ રહેવું. શું સ્નેહ ઉભરી સમાધ નથી જતો ? મન એટલું બધું ચંચળ છે કે તે વિજળીક ઝડપે પોતાનું કાર્યક્રમ બદલતું રહે છે. તેમ કોણે કહ્યું કે રહેજમાં ઉભરેલો સ્નેહ અમર છે ! અચળ છે ? જો કે સ્નેહની પરિસિમાજ નથી તોપણ તે કોને માટે ? ! ! જેનામાં સ્નેહ છે ! પ્રેમ છે ! તેનેજ માટે ! ! પણ સ્નેહ બતાવી પ્રપંચ બાજી રચે એવાઓનો રાફડો કયાં ઓછો છે ? સ્નેહને નામે સ્વાર્થ સાધકોનો કયાં તોટો છે ? હા માં હા મેળવતા આદમી હૃદય પિંજરમાં છૂરી નથી રાખતા ?!! શું વિશ્વાસુઓ બની ગરદન નથી કાપતા ? ! ! જગતમાં ભોળાઓ બાન ભૂલ્યા બની પ્રપંચમય વાતોથી ભમી જાય છે ! પણ બીચારા નથી સમજતા કે એ પૂર્ણ સ્નેહીઓ મ્હોથી સંપૂર્ણ સ્નેહ દાખવી સ્વાર્થ લાભ સાધી જાય છે ! ભાઇ ! કહેવું રહેલ છે નિભાવવું મુશ્કેલ છે ! મનુષ્ય જે વખતે કુવામાં ભૂસકો મારે છે, તે વખતે તેને ફકત ફૂસકો-કુદકોજ માર વાનો હોય છે ! પણ જ્યારે તે બહાર આવવા મન્થન કરે છે ત્યારેજ તેને સમજણ પડે છે કે પાંચ વીસે સો થાય છે ! બાપુ ! ! ! કેમ સમજ્યા ! ! ! વળી જોઇયું ! અને વખતના ગીત વખતે ગાઇયું ! ! !

× × ×

અચ્છે-અચ્છે મર ગયે, રહે ગયે મચ્છી ચૂસ;
લેને દેનમેં ખેરમક્ષા, ઔર લડનેમેં મજબુત.

તંત્રીરાજ! તમે પણ ડીઠાં લખાવનામાં શૂરા તો ખરા! હોં!! "પોલિટીકલ બોમિયા" ના અધિપતિરાજને ઠીક નાળીયેર પકડાવ્યું!! મેં તો ખૂબ બખૂબ એ દ્રળદ્રૂપ બેન્ક ઉપર વિચાર કીધો. અરે બહુભલ્લા વિચારો મારી વિચારપોથીમાંથી પસાર થઇ ગયા. પણ શું કરું તે વખતે કાગળ પેનસીલનાં સાંસાં હતાં નહી તો હું તે વિચારોનું ટાંચણ કરીને અત્રે એક પ્રદર્શન ભરતે પ્રદર્શન આપુ!! પણ શું કરું? હુંજ પોતે તે સૌ સઘળા ભૂલી ગયો પછી લખું તે કયાંથી? ક્યાંથી કાઢું? ને કેવી રીતે ચીતરું?! વધુ વિચાર વમળથી મગજે ચક્કર આવી ગયાં છે એટલે એ અધૂરાં મૂલ્યાં જીવનો કાળને એટલુંજ કહીશું કે ધીરા હો! ભાઇ ધીરા!! ખમ્મા હો ભાઇ! ખમ્મા!!! વારૂં ત્યારે તમે તમારા છોકરાઓ કમાઇ લાવી અમને આપે એવી આશા શા માટે રાખો છો? ઘડપણમાં મદદ કરશે એવા મણકા શાને મૂકો છો? એમાં તમારો કેટલો સ્વાર્થ છે? જેટલો સ્વાર્થ તમે તમારાં બચ્ચાંઓ પાસે રાખો છો! તેટલોજ અમે અમારી ગૌ-માતા પાસેથી દૂધ-ઘી મેળવવાનો રાખીએ છે! શું આ વ્યાખ્યાને જુલ્મના રૂપમાં મૂકાશે? કોઇ એક વિચારવંત -અક્કલવંત-ડાહ્યો મનુષ્ય આને "જુલ્મ" સ્વપ્ને પણ કહી શકશે નહી!!!

× × ×

જેવી રિતે મનુષ્ય પોતાની ફરજ બજાવે છે., તેવીજ રીતે ઢોરો. પણ, ખેતી. મજૂરી. તેની ફરજને અદા કરે છે!!! અને માલિકોને વફાદાર રહે છે!! પણ એ ડાહ્યા ડમરા અધિપતિરાજને હું પૂછીશ કે તમે કેટલાક તમારા માલિક (અલ્લા-ખુદા)ને વફાદાર રહો છો? તેનાં ફરમાનો મુજબ ચાલો છો? અગર જો તમે તેને વફાદાર રહેવાનો દાવો કરતા હોય તો તે તમારી દલીલી તદ્દન જુઠ્ઠી છે બીન પાયેદાર છે!! શું કુરાનમાં નથી લખ્યું કે તમે તમારા પાડોસીને હમેશાં તૃપ્ત રાખજો! તેનું દિલ દુભાવશો નહી!! આવાં કીંમતી સૂત્રનો શું એકજ અર્થ થઇ શકશે?!! શું તેમાંથી અનેક અર્થો રૂપાંતર ન થઇ શકે? દીલ નહી દુભાવવું એ વાકય શું એક પાડોસીનુંજ દિલ નહી દુભાવવું, એટલામાં એનો સમાવેશ થઇ જાય છે! ના ના સાહેબ તેમ નથી!! એ તો "અક્લ-મંદારા ઇશારા કાફીઅસ્ત" "બાત જો અસ્ત હૈં અક્કલસે પહેચાનના" બસ એ મુજબ અક્કલમંદને ઇશારો ને ગધેડાને ડીબું! તેમ પ્રભુએ જેને દીલ દીધું છે તે સૌ પ્રાણી માત્રનાં દીલ નહી દુભાવવાં! એવા અર્થનો સમાવેશ નથી થતો? વળી એ મુસલ્લેમ આગળ ચાલતા ભૂમકો મારે છે "તમને જો ગૌ. ઉપર દયા આવતી હોય" વાહરે ભાઇ વાહ!! એટલે અમને ગૌ ઉપર દયા આવે છે! અને અમો ગૌ માતાનો જીવ બચાવવો એ અમારી ફરજ સમજીએ છે! અને એ અમારી ફરજ અદા કરતાં તમો અમને અટકાવો છો! શું ત્યારે અમે તમારા પડોસી નથી? તમારા ઘરની નજીકમાં રહે એજ તમારા પડોસી? તમારા દેશ બંધુઓ એ તમારા પડોસી નહી? અને તેમનાં દિલ નહી દુભાવવાં એ તમારી કુરાનની કલમોમાં બેજુદ નથી? ભાઇ જરા કલમ ઉપાડી તો જોઇ વિચારીને! નહી કે "હાંક સુલેમાન ગાલ્લી, પાછળ મુસો આવે છે!" રે મુજબ ચાલ્યા. વિચાર્યા. સિવાય કુદકો મારો ટોટીયા ભાંગવામાં શું ફાયદો! હલકા હલમની માફક એક વાજીંત્ર હાથમાં આવ્યું કે પછી શુરી કે એ શુરી પીપી જેમ વાગી તેમ વગાડો તેના શું લાભ! એવાઓ દેશોદ્ધાર શું કરી કરશે? બંધુતા કયાંથી જાગી શકશે! ભાગ બંધુતાની વાતો થાય છે ત્યાં નજીની વાતોને વચ્ચે લાવી કડવાશ કયાં ભરો છો! તમો અમો એક

દેશના એક માબાપના એક છે એ સૂત્રને ક્યાં ભૂલો છો ! ! તમારા જાતી લીડરોના અભિપ્રાયથી ઉલટાં કયાં ચાલો છો ! બસ એજ, આથી વધુ તો શું હોય ? એક ચોડી પંચ અક્કલ ધરાવનારને માટે આટલું બસ છે ! ! !

* * *

લડાઇ ! લડાઇ ! લડાઇ ! તોપખાનું ! ગોળાબાજી ! બંદુક સંદુક ને કુકરીની કટાકટીનો હાલ હિંદીવાનો ક્યાંથી જાણે ભલા ? પહેલાં તો લોકો શીજગતના નામથી ચમકયા જે બાપ ! બાપ ! બાપ ! એક ગોળો બત્રિશ કૂટની ઉંચાલ વિંધે ? ! ! પછી જોઇ લ્યો ઝેપેલીનનો ઝપાટો ! ને લોકોનો ધુમ ધરાકો ! ! જેમાં આકાશી લડાઇ ! અને છ હજાર ફીટની ઊંચાઇની ઉપર ઊડવાનું સાહસ ! તે થયું કે સબમેરીનનો સપાટો અને લોકોનો ગપગેઝેટ ગપાટો ! ! આ બધું વાંચી વાંચીને હિંદુસ્તાન આગલી શુરાતનતા પર આવી તનમનાટ કરી રહ્યું છે ! સરકાર માબાપને લાખ્ખો માણસો દેવાઇ ચૂક્યાં પણ હજુ ભૂખ ભાંગતી નથી ! અરે આ તે લડાઇ કે બલા ! કે જોગણીનું ખપ્પર ? હવે હાલમાં હિંદુસ્તાનને સચેત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. કનફરન્સો ભરાય છે પણ સચેતનતામાં આડે આવતા આમ્સ એકટને ઊખેડી શકાતો નથી ! એજ નવાઇ ! લોકોને કહેવાય છે કે ચાલો ! ચાલો ! ચાલો ! ! આવો ! આવો ! આવો ! અમારા તમારા રક્ષણાર્થે-પડો કતેહ છે આગે ! આવી રીતે એમ તો ખૂબ જોરથી કહેવાય છે. પણ શું એમ કહેવાશે કે "ચાલો ! અમે તમને તમારું સમર્પણ કરીએ છે ! લ્યો તમે તમારું લઇ લ્યો ! સંભાળો ! અને તમારા ઠરાવો તમે પોતેજ પસાર કરો, અમારે કરવા કરાવવા નથી ! બસ આટલાજ ચોકાર-ઢંઢેરાની જરૂર છે. જેમ આર્યલેન્ડને હોમરૂલ આપવાની તૈયારી થઇ રહી છે ! તેમ અમને પણ અમારું દઇ દેવા તૈયાર થાવ ! કે પછી લિલ્લક અને મિસિસ બિસેંટ કહે છે તેમ-પચાસ લાખથી એક કરોડ આદમી ઊભા થાય છે કે નહી ! અને જર્મનોને તેના બર્લીનના દરવાજામાં ઠોકી ધાકે છે કે નહી ? બસ જૂઓ ! એટલીજ ઉદારતા લાયકો, પછી જોઇ લ્યો હિંદીવાનોનું શુરાતન ? માબાપ સરકારને પ્રભુ તેવી બુદ્ધી અપાવશે અને હિંદ સ્વરાજના હિંડોળે ઝુલશે ! ! પણ ભલા ત્યાં સુધી તો આ એક સ્વરાજવાદીઓની અંતરેચ્છા યાદ કરો ! ! !

સ્વરાજવાદીઓની અંતરેચ્છા !

અમો હિંદ નીવાસી, દેશાભિમાની, સ્વરાજને ચાહનાર;
આજ અમારા અંતર વાગે, સ્વરાજનો રણકાર. અમો.

સાચાનો બેલી ઇશ્વર સાચો, સાચે જય મળનાર;
છત્ર બ્રિટિશની નીચે અમોને, રે'વાની હોંસ અપાર. અમો.

ભૂખી અમારી કળકૂપ કેવી, અન્ન આપે ભલી ભાત;
તોપણ બંધુઓ આજ અમારા, ભૂખે મરે નહિ પાર. અમો.

ઘરનાં છોકરાં ઘંટી ચાટે, આટો પડોસી (ને) અપાય;
એ કેમ સાંખે ઘર લક્ષ્મીઆણી, કરે ધણી જો અન્યાય; અમો.

O

* * *

પ્રભો ન્યાયીને ન્યાય આપજે ! અમો અમારી ન્યાયી સલ્લતનત માટે ન્યાય માંગીએ છે ! તું તેને પણ ન્યાય આપજે ! ! અને અમોને ન્યાય અપાવજે ! એજ અમો હિંદીવાનોની અંતરેચ્છા ! ! મનોવાંચ્છના ! ! !

બોળીયારાજા.

જોધબાઈ.

જયન્તિલાલ મંગળજી ઓઝા; બી. એ. રાજકોટ.
મહા પ્રસાદ અને હમિયાશંકર અરવિન્દ બી. એ. એલ. એલ. બી.

જુઓ, પેલે નદીના કાંઠા પરની સ્મશાન ભૂમિમાં, રાખોડી થઇ ગયેલી ચિતા પાસે, ભિખારણના વેષમાં, વિખરાયલા કેશવાળી, અત્યંત ચિંતા ચહેરાવાળી એક સ્ત્રી બેઠી છે. તેનો દેખાવ સંન્યાસિની જેવો લાગે છે. નિર્જીવ, પ્રાણ વિહીન ચિતા જેવીજ તેની સ્થિતિ છે. તેનું હૃદય પણ સુખ દુઃખ વિગેરે વિકાર રહિત થયું હોય એમ લાગે છે. આખા શરીરમાં લાગેલી હલાય હોલરી નાંખવાનો પ્રયત્ન કરવામાં તેના શરીરનું મોહી શોપાઇ ગયું હતું. જે અપાર હૃદય નવીન પ્રેમના, નવીન આશાના સંચારને લઇને થોડા વખતના પહેલાંજ પ્રફુલ્લ થયું હતું, તેની આગળ આવી ભયંકર સ્થિતિ થશે એમ કોઇને સ્વપ્નમાં પણ થયું હશે ?

સૂર્યના અસ્ત થયો, રાત્રીનું અંધારું ચોપાસ ફેલાવા લાગ્યું ચકવાકીને સારી રાત પ્રિયસખાના વિરહમાં ઝૂરવાનો વખત આવી પહોંચ્યો. હાય ! હાય ! જોધબાઇ ! તારી સ્થિતિ તો આ ચકવાકી કરતાં પણ વિશેષ ભયંકર છે ! તારે માટે તો અહીં જીવનમાં કદી પણ પ્રભાત થવાની આશાજ નથી ! જ્યારે જોધબાઇ વિકસિત કુસુમ જેવા પ્રફુલ્લ મુખે, હસતી હસતી પ્રિય પાત્રનો હાથ ઝાલી આ નદી કાંઠે બેસી પ્રેમ ગોષ્ઠી કરતી, જ્યારે નદીના પાણીમાં કુદકો કે કી પોતાના હૃદયના સુકુમાર પગ વડે જલ તરંગ સાથે તેને આમ નચાવતી. જ્યારે પાણીમાં પેસી બન્ને એક બીજાને પાણી ઉરાડી કાંઠા કરતાં, ત્યારે કોઇને પણ એમ થયું હશે ખરું કે આવા સુખી દિવસનું આવી કાળ રાત્રિના રૂપમાં પરિવર્તન થશે ?

એક દિવસ આ નદી કાંઠે બેસી કુમારસિંહ પોતાની ભાવી સ્થિતિનું મનોહર વર્ણન કરતો હતો, સુખપ્રદ કલ્પનાની સહાયતા વડે સુખમય ઉજ્જવળ ચિત્રો દોરાતાં હતાં; તે વખતે ભવિષ્યત અવસ્થામાં તો શું પણ સ્વપ્નમાંયે જોધબાઇને આવ્યું નહીં હોય કે એવો પણ પ્રસંગ આવશે કે જ્યારે સ્મશાન વાસિની સન્યાસિનીના વેષમાં નદી કાંઠે આ પ્રમાણે પોતાને આવવું પડશે. અફસોસ, કર્મની ગતિ ગહન છે!

(૨)

વસંત ઋતુમાં પ્રભાતનો સમય હતો. નદીના વિશાળ પટપર રવિ કિરણો તરંગ ભંગને લઇને કંપાયમાન થતાં હતાં; સુશીતળ સુગંધિત મંદ વાયુ નદીના પૃષ્ઠ ઉપર ક્ષુદ્ર વીચી સાથે ખેલતો હતો. એક મંજરી યુક્ત આમ્રવૃક્ષ નીચે કુમારસિંહ અને જોધબાઇ બન્ને બેઠાં હતાં. વૃક્ષ ઉપર કોકિલા મધુર ગાન કરતી હતી. જોધબાઇનું મુખ મ્લાન હતું, તેના ચહેરાપર સ્મિતની એક પણ રેખા ફરકતી હતી નહી, નયનમાં નીર હતું. મેવાડનો સેનાપતિ અજયસિંહ, વતન સેનાપતિ મહોબતખાનને અટકાવવા માટે સરહદના પર્વત તરફ પ્રયાણ કરવાનો હતો. કુમારસિંહ પણ અજયસિંહ સાથે લડાઇમાં ભાગ લેવાને જવાનો હતો આ સમાચારથી જોધબાઇને અત્યંત દિલગિરી ઉત્પન્ન થતી હતી. એકજ ડાળી પરનાં બે પોદાં પ્રમાણે તે બન્ને એક બીજાના સહવાસમાં બાલ્યથી મોટાં થયાં હતાં. કુમા-

રસિંહના પ્રયાણ પછી પોતાને એકલીને કેવી રીતે વખત વીતાડવો, એ લોધભાઇને મ્હોટો પ્રશ્ન થઇ પડયો હતો. લોધભાઇ વિરહવ્યથાની કલ્પના માત્રથી વ્યાકુળ થઇ ગઇ હતી. એકદમ તેનાં નેત્રમાં પાણી ભરાઇ આવ્યાં. કુમારસિંહ લોધભાઇનાં આંસુ લૂછી. બોલ્યો–"ગાંડી, રે ગાંડી, આટલી બધી અધીર કેમ થઇ જાય છે! હું જલ્દી પાછો આવીશ."

લોધભાઇએ કંઇ ઉત્તર આપ્યો નહીં. અશ્રુપૂર્ણ નેત્રે તે કુમારસિંહનું મ્હોં જોઇ રહી. કુમારસિંહે આગળ બોલવું શરૂ કર્યું:–"જ્યારે શત્રુનો પરાજય કરી, વિજય વરમાળ મેળવી તમારા ગળામાં નાંખીશ ત્યારે–"

એટલું બોલતાંજ તેનું મુખ પ્રફુલ્લ થયું, આંખમાં આંસુ ભરાઇ આવ્યાં તેથી તેના મુખમુદ્રા અધિક તેજસ્વી દેખાવા લાગી. તેની આશા–ભાવી સુસ્થિતિનું મનોહર ચિત્ર આ વખતે તેની આંખ આગળ તરવા લાગ્યું. આવેશ યુક્ત સ્વરે તે બોલ્યો:–"લોધભાઇ, તે વખતે?"

લોધભાઇ સજળ નેત્રે તેની તરફ જોઇ જરા હસી. લોધભાઇના હાથ પોતાના હાથમાં લઇ આનન્દથી વિકસિત નેત્રે કુમારસિંહ મંત્ર મુગ્ધવત્ લોધભાઇના તરફ જોઇ રહ્યો. આવી સ્થિતિમાં કેટલોક વખત ચાલ્યો ગયો એવામાં એકાએક પાસેના ડુંગર તરફથી સૈન્યની ધમાલનો, ઘોડાનાં પગલાંનો અને રણવાદ્યોનો કર્કેશ અવાજ તેને કાને પડયો. તે સાથેજ કુમારસિંહ જાણે ઉંઘમાંથી ચોંકયો હોય તેમ બોલ્યો:–"રાજધાનીમાંથી લશ્કર નીકળી ચૂક્યું હોય એમ લાગે છે. લોધભાઇ, ચાલ આપણે ત્યાં જઇએ." પછી બન્ને ઉઠ્યાં અને રસ્તાપર આવી ઉભાં રહ્યાં;

આજ રસ્તાપર પુષ્કળ ગર્દી જામી હતી. ડુંગરની તળેટીમાં આવેલા આ ગામમાં આગળ કદી આવી ધમાલ મચી નહોતી. રાજધાનીમાંથી સૈન્ય આવ્યું હતું. સુસજ્જિત ઘોડેસ્વાર હારબંધ ચાલતા હતા. તેમનાં ભાલાં ઉપર સૂર્ય કિરણ પડવાથી તે ચમકતાં હતાં. ગામનાં બધાં લોક કામધંધો છોડી આ ભવ્ય દેખાવ જોવા એકજ ઠેકાણે ભેગાં થયાં હતાં. લોધભાઇ આ વિસ્મય જનક દેખાવ જોઇ એટલી બધી મુગ્ધ થઇ ગઇ કે કુમારસિંહ તેની પાસેથી કયારે દૂર ગયો તેની તેને ખબર પડી નહીં, પણ પછી કુમારસિંહ પાસે નથી એ જોઇ તેણે પોતાનાં વિશાળ નેત્ર ભયભીત હરિણી પ્રમાણે આમતેમ ફેરવ્યાં, તે વારંવાર દેહલતા થરથર કાંપવા લાગી, એટલામાં એક મસ્તીએ ચડેલો ઘોડો કપાટમાં આવતા દરેક માણસને પગ નીચે કચરી નાંખતો તેની તરફ દોડી આવ્યો. એક બે પળમાં તો તે ઘોડાના પગ નીચે કચરાઇ ગઇ હોત; લોધભાઇ એક ભયંકર ચીસ પાડી મૂર્ચ્છિત થઇ જમીન પર પડતી હતી એટલામાં તો એક ઘોડેસ્વાર આગળ આવ્યો અને તેને પોતાના હાથમાં ઝીલી લીધી.

ઘોડા વખત પછી લોધભાઇને ભાન આવ્યું. કાળાં વિશાળ નેત્રો ઉઘાડતાં તેને જણાયું કે તે પોતાના ઘરમાં પલંગપર પડી હતી. એક સુંદર તરૂણ પુરૂષ તેની પાસે બેઠો હતો અને ઉત્સુકતાથી તેની તરફ અધીર નયને જોતો હતો.

(૩)

કુમારસિંહ એકલોજ બેઠો હતો. નદીના કાંઠે ઉગતા બકુલવૃક્ષની આસપાસની ભૂમિ ફૂલો પડે આચ્છાદિત થઇ હતી. પરંતુ લોધભાઇ આજ હાર ગૂંથવા આવી નહોતી. કમળાં કમળાંથી ભ્રમરની માફક લોધભાઇ કુમારસિંહ સાથે ગમત કરવા આવતી હોતી, અને જો કદાચિત આવતી તો અતંગની જેવી

પ્રેમગોષ્ઠી ચાલતી નહીં. આગળની માફક હવે જોધબાઇ પોતાને હાથે હાર ગૂંથી કુમારસિંહના ગળામાં ઘાલતી નથી. આગળ જ્યારે જ્યારે કુમારસિંહ જોધબાઇના ઓરડામાં કુલ બોલતો ત્યારે ત્યારે તે તેના તરફ ઉત્કંઠ નયને જોઇ રહેતી. પણ હવે તેમાંનું કશુંયે નથી. સ્થિતિ તદ્દન પલટાઇ ગઇ છે. કુમારસિંહ જોધબાઇને હસાવવાને અનેક પ્રયત્નો કરતો પણ હવે જોધબાઇના મુખ પર શુદ્ધ સરલ પ્રેમની હાસ્યરેખા પહેલાંની માફક ચમકતી નથી, પરંતુ અજયસિંહને જોતાંજ તેની આ સ્થિતિમાં એકાએક વિલક્ષણ ફેરફાર થતો. જોધબાઇનાં નયનોની જ્યોતિ અને ઓષ્ઠ પરનું મધુર પ્રેમસ્મિત અજયસિંહ નજરે પડતાંજ આપોઆપ વિકાસ પામતું.

કુમારસિંહ અને જોધબાઇ એક બીજાંના સહવાસમાંજ ઉછરી મોટાં થયાં હતાં. તેમનું બાળપણ એક બીજાંની સાથે રમવામાંજ વ્યતીત થયું હતું. એકના પ્રેમ માટે બીજાને કદી શંકા કે અવિશ્વાસ આવ્યોજ નહોતો. આમ હોવા છતાં હજી તેઓ બન્ને લગ્ન-ગાંઠથી જોડાયાં નહોતાં. જોધબાઇ લગ્ન યોગ્ય થાય ત્યારે તેના બાપ પાસે તેની માગણી કરવી એવો કુમારસિંહનો વિચાર હતો. તેની આ ઇચ્છા પૂર્ણ થવાની તૈયારીમાં હતી એટલામાં અચાનક તેના પર વજ્રપાત થયો, ' પહેલાં લડાઇમાં જઇ શત્રુનો સંહાર કરું, મહાન્ યશ સંપાદન કરું એટલે મહારાજ મને મ્હારા પરાક્રમ બદલ સારી બક્ષિસ આપશે. એ વિજય ચિહ્ન મળશે ત્યારે હું લગ્ન માટે જોધબાઇની સમ્મતિ પૂછીશ. ચોક્કસ તે મ્હારા ગળામાંજ વરમાળ ઘાલશે.' આવાં સુખમય આનન્દ મુદ સ્વપ્ન તે અનુભવતો હતો એટલામાં અચાનક તેની નિદ્રાનો ભંગ થયો. જોધબાઇ હવે મ્હારી નથી. અજયસિંહની છે એમ તેની ખાત્રી થઇ.

કુમારસિંહ પોતાના મન સાથે વિચાર કરતો બેઠો હતો. લડાઇ ઉપર જતાં પહેલાં જોધબાઇની છેલ્લી મુલાકાત લેવી એવી તેની તીવ્ર ઇચ્છા હતી, તે જના જોરથી બોલ્યોઃ-"જો તેને વીસરી શકીશ તોજ હું દેશમાં પાછો આવીશ. નહીં તો પછી મ્હારી અને તેની આ છેલ્લીજ ભેટ છે. શું ? હું તેને ભૂલી શકીશ નહીં ? અરેરે ! મ્હારી આશાનો એક દીવો બૂઝાયો. રણાંગણમાં શત્રુઓ સાથે ઝુઝી યશ મેળવવાની બ્હાનપણથી મ્હારી આકાંક્ષા હતી. મ્હારી માતા બોળામાં બેસી બ્હાનપણમાં જ્યારે યવનોની દુષ્ટતાની અને ક્રૂરતાની વાતો સાંભળતો ત્યારે મ્હારૂં લોહી ઉકળી આવતું. મ્હારા પિતા પ્રમાણે નામ કાઢવાની અને પ્રખ્યાત વીરોમાં ગણાવાની મને ઘણા દિવસથી ઇચ્છા હતી. જોધબાઇનો પ્રેમ પણ આ ઇચ્છાને અટકાવી શક્યો નથી. ઉલટું તેણે મ્હારી આ ઇચ્છાને વધારે તીવ્ર બનાવી હતી. એકજ સાથે યશ અને પ્રેમ સંપાદન કરવાની લાલસાથી મ્હારા હૃદયમાં કોઇ અપૂર્વ મનોવિકારનો જન્મ થયો હતો. પરંતુ હાય ! એટલામાંજ આ અજયસિંહે આવી મ્હારૂં સત્યાનાશ કાઢયું. હવે માત્ર યશની આકાંક્ષા બાકી છે. પ્રેમાકાંક્ષા તો કદિ પૂર્ણ થનાર નથી. અજયસિંહ ઉપર જોધબાઇની પ્રીતિ બેઠી છે, જોધબાઇ અજયસિંહની થઇ છે. લડાઇ પૂરી થતાંજ તેમનાં બન્નેનાં લગ્ન થશે. પણ મ્હારૂં શું ?

આવા દુઃખદ વિચાર કુમારસિંહના મનમાં ચાલતા હતા. થોડી થોડી વારે તે ઉંડા અને ઉન્હા નિસાસા પણ છોડતો હતો.

કુમારસિંહની સાથે બીજું કોઇ હતું નહીં. હમેશની માફક આજ પણ નદી ગંભીર પણ ઝાંખળા રંગે વહેતી હતી. અસ્ત પામતા દિનમણિના રક્ત કિરણોએ આકાશને અપૂર્વ શોભા સમર્પી હતી. નદીના પાણીમાં સૂર્યનું પ્રતિબિમ્બ

ઘણું મનોહારી લાગતું હતું. વડની વાંકી વળેલી ડાળીઓ સૂર્યનાં કિરણોથી પ્રકાશિત પાણીમાં કાળા રંગની ઝાંખી ઝાંય પાડતી હતી. કુમારસિંહે પાણીમાં પડતા પોતાના પડછાયા સામું જોયું. સૂર્ય આથમ્યો. આકાશ એકદમ લાલચોળ થઇ ગયું. નદીમાં પડતી વડની ડાળીની છાયા ઉપર અચાનક કોઇ બીજી છાયા પડતી હોય એમ તેને લાગ્યું. તેની છાતી ધડકવા લાગી. થોડો વખત એ છાયાનું નિરીક્ષણ કરી તે ત્યાંથી ઉઠ્યો અને ધીમેથી વડના ઝાડ નીચે જઇ ઉભો. ત્યાં જોધબાઇ પણ ઉભી હતી. પશ્ચિમ દિશામાંથી આવતી પ્રશાંત લાલીમાં તેનું અશ્રુ પૂર્ણ ખિન્ન મુખ ઘણું મનોહર લાગતું હતું. જોધબાઇની દૃષ્ટિ ઉંચે આકાશ પર ઠરી હતી. આગળ જોધબાઇની આંખમાં આંસુ દેખી કુમારનું હૃદય ચીરાઇ જતું. આજે પણ તેમજ થયું. પોતાનું દુઃખ વિસરી જઇ તે ખિન્ન સ્વરે બોલ્યોઃ—જોધબાઇ! કેમ રડે છે! મને નહીં કહે?"

જોધબાઇ પર કુમારનો અત્યંત પ્રેમ હતો. જોધબાઇનો પણ કુમાર પર એક વખત પ્રેમ હતો એ ખરૂં, પણ જોધબાઇના મનમાં આવ્યું નહીં કે પોતાનું પ્રેમસ્થાન બદલાયું છે એ જાણી કુમારસિંહને ઘણો ખેદ થશે. જોધબાઇએ પહેલાંની માફક જ વિશ્વાસ સહિત પોતાનું હૃદય ખોલ્યું અને રડતી રડતી બોલીઃ—" કુમારસિંહ! અજયસિંહ લડાઇ પર જાય છે, મને લાગે છે કે હવે ફરીથી તેની ભેટ થશે નહીં."

કુમારસિંહે ધીમેથી લાંબો નિરાસો નાંખ્યો. પોતાના દુઃખનો તીવ્ર વેગ દાબી દઇ સ્વરે તે બોલ્યોઃ—" જોધબાઇ! તું ચિંતા કરીશ નહીં. તારો અને અજયસિંહનો ફરી મેળાપ થશે એમાં શંકાજ નથી."

(૪)

હવે જરા પણ ખોટા રહી નહોતી. યવન સૈન્યની વધતી જતી ભરતીને અટકાવવાને અજયસિંહ અસમર્થ નીવડ્યો હતો. રજપૂત લશ્કર શત્રુના પ્રચંડ સૈન્યે ચોપાસથી ઘેરી લીધું હતું. રજપૂત લશ્કર તદ્દન ભયભીત થઇ ગયું હતું. કોઇ લડવૈયો બચાવ કર્યા વિના ભાલાનો ઘા સહન કરતો હતો, કોઇ તરવાર ફેરવતો હતો, તો કોઇ સેનાપતિનો હુકમ ન ગણકારતો નાસતો હતો. ચોરે બાજુએ ભય, નિરાશા, અને પ્રલય સિવાય બીજું કંઇ નજરે પડતું ન હતું. બધી દિશામાં હાહાકાર થઇ રહ્યો હતો. અજયસિંહ ગભરાયો અને તેણે સલાહને માટે કહેણ મોકલ્યું. યવન સેનામાંથી જયધ્વનિ—ગર્વધ્વનિ સંભળાયો. અત્યાર સુધી કુમારસિંહ બીજી બાજુએ હજાર માણસોને લઇને શત્રુને હરાવવાનો જીવતોડ પ્રયત્ન કરી રહ્યો હતો, સારે ભાગ્યે શત્રુને જીતી તે અજયસિંહની મદદે આવ્યો. તેની યશસ્વી સેનાની રણગર્જના સાંભળી અજયસિંહના હારતા યોદ્ધાઓમાં ધૈર્ય આવ્યું અને લડવાને માટે તેઓ પાછા વળ્યા. જયોન્મત્ત કુમારસિંહે લશ્કરને મોખરે ઉભા રહી એક પછી એક હુકમ આપવા માંડ્યો. સૈનિકોએ હદ વાળી. તેમણે એવી બહાદૂરી દાખવી કે બગડેલી બાજી સુધરી. યવન સેનાપતિ ગભરાયો. આખું સૈન્ય ઉભી પૂંછડીયે નાસવા માંડ્યું. બહીકથી નાસતા મહોબતખાન પછવાડે કુમારસિંહે પોતાનો ઘોડો મારી મૂક્યો, મહોબતખાનનો જખમી ઘોડો થોડે દૂર સુધી દોડ્યો પણ છેવટે જમીન પર પડ્યો. કુમારસિંહ ઘોડા પરથી ઉતરી મહોબતખાન પાસે ઉભો રહ્યો. ખાન બે શુદ્ધ પડ્યો હતો, તેને ઉપાડી લાવેલા માણસોને હુકમ કરી તે છાવણી તરફ વળ્યો. અર્ધે રસ્તે આવ્યો હશે ત્યાં કુમારસિંહે અજયસિંહને એક ઝાડ નીચે

પડેલો જોયો. લાગમોજ તેણે પોતાનો ઘોડો તે દિશામાં ફેરવ્યો. ઘવાયેલો હોવાથી અજયસિંહ તદ્દન અસહાય સ્થિતિમાં હતો. કુમારસિંહ ઘોડા પરથી ઉતર્યો. અજયસિંહ તેનાથી ફક્ત બે હાથ છેટે હશે એટલામાં તો એક યવન સિપાઇએ અજયસીંહ પર પોતાનો ભાલો તાક્યો. આંખ મીંચાય ન મીંચાય તે પહેલાં તો અજયસીંહની આગળ કુદી કુમારસિંહે ભાલો પોતાના શરીરપર ઝીલ્યો, અને પછી તરતજ જખમને લઈને જમીનપર ઢળી પડ્યો. પડતાં પડતાં બે રત્ન જેવી પખતનું જોષ્યાધ્યું અશ્રુયુક્ત, દીન અને નિરાશા પૂર્ણ મ્હોં તેની આંખ રહાગે તરવા લાગ્યું.

લડાઇમાં જય મેળવી અજયસિંહ સૈન્ય સહિત રાજધાનીમાં પાછો આવ્યો. જખમી કુમારસિંહ તેની સાથેજ હતો, પણ ઘા ભયંકર હોવાથી તેના બચવાની આશા થોડી હતી.

૫

સંસાર નાટ્યના ખેલ જેવો છે. અદૃષ્ટ નાટ્યગર કેવી કુશળતાથી આ ખેલ કરે છે તે દેવતાઓ પણ સમજી શકતા નથી, તો આપણા માણસ જાતની શી બિસાત! કુમારસિંહના પરાક્રમથીજ રજપૂત સૈન્યની જીત થઇ હતી, પણ રાજધાની તો અજયસિંહના યશોગાન ગાતી હતી-બધે તેનુંજ નામ, તેનીજ કીર્તિ, તેનીજ પ્રશંસા! કુમારસિંહની પોતાની કુટુંબીમાંથી પણ કોઇ માણસ આ ખોટાં યશોગાન વિરુદ્ધ એક અક્ષર સુદ્ધાં બોલતું નહોતું. તેમ કરવાથી અજયસિંહ નારાજ થાય અને ભારે શિક્ષા ફરમાવે એવી બધાને બ્હીક લાગતી હતી. કુમારસિંહ પથારીવશ હતો, અશક્ત હતો; તેનો બિચારાનો પક્ષ લેનાર કોઇ હતું નહીં.

રાજધાનીમાં ખૂબ ધામધૂમ ચાલી રહી હતી. સેનાપતિ અજયસિંહનું સન્માન કરી આજ મહારાજ તેને સિરપાવ આપવાના હતા. દિવાનખાનામાં મ્હોટા મ્હોટા અમીર ઉમરાવ, સરદાર, હુદ્દેદારની જબરી ઠઠ્ઠ જામી હતી. હજારો સિપાઇઓ અને નાગરિકો હાજર હતા. એટલામાં રાજા સિંહાસન પરથી ઉઠ્યા, અને મ્યાનમાંથી એક હિરાજડિત મૂઠવાળી તરવાર કાઢી બોલ્યા:-"અજયસિંહ! શત્રુઓથી તમે મેવાડને બચાવ્યું છે. તમે જે મહાન કામ કર્યું છે તેની આ યોગ્ય બક્ષિસ નથી તોપણ—"

રાજાનું બોલવું પૂરું થાય ત્યાર પહેલાં તો પ્રેક્ષક વર્ગના જયધ્વનિથી આખું દિવાનખાનું ગાજી ઉઠ્યું. અને તે જયધ્વનિ શાંત થાય ત્યાર પહેલાં તો એક વૃદ્ધ સિપાઇ એકદમ આગળ આવ્યો અને મ્હોટે અવાજે બોલ્યો-"મહારાણા! રાજાધિરાજ! આપ જે મહાન કામ માટે અજયસિંહને બક્ષિસ આપોછો તેનાપર તેનો જરાયે હક નથી. અજયસિંહે યુદ્ધમાં જય મેળવ્યો નથી. ઉલટું હાર કબુલ કરી સુલેહ કરવાને માટે તે તૈયાર થયો હતો. એટલામાં મ્હારા પ્રભુ કુમારસિંહે તેની મદદે આવી શત્રુનો ચૂરો કરી નાંખ્યો-પોતાના બાહુબળથી વિજય મેળવ્યો."

ચો તરફ વિસ્મયજનિત નિસ્તબ્ધતા પ્રસરી રહી અજયસિંહનું મોહું ક્રોધથી લાલચોળ થઇ ગયું, મહારાજે તરવાર પાછી મ્યાનમાં મૂકી અજયસિંહને પૂછ્યું:-"સેનાપતિ! આ શું છે તે કહો."

અજયસિંહ તદ્દન ફિક્કો પડ્યો, ગભરાયો. હવે શું કરવું એ વિચારે તેને ગાંડો બનાવ્યો. ક્ષત્રિયથી બોલું કમ બોલાય? અને ખરું બોલવામાં પણ પંચાત હતી! આજ સુધી પોતાના નામનાં જે બણગાં ફૂંકાયાં હતાં, જે સન્માન મળ્યું હતું તે બીજાને મળશે! જયાં ત્યાં પોતાની મશ્કરી થશે, જે મોઢામાંથી સ્તુતિ સંભળાતી હતી, તેજ મોઢામાંથી હવે ગાળોનો વર્ષાદ વરસશે;—આવા અનેક વિચારોથી તેનું

માનસિક ભેમ ઉડી ગયું. તે બોલ્યોઃ-"રાજાધિરાજ! પૃથ્વીપતિ! જે મને દોષિત ઠરાવવા માગે છે તેણે સબળ પૂરાવો રજુ કરવો જોઇએ. પૂરાવા વિના ન્યાય કરવાથી અન્યાયજ થશે."

અજયસિંહના કહેવાને બધાયે તરતજ ટેકો આપ્યો. મહારાજે તે વૃદ્ધ સિપાઇને પૂછ્યું!-"રણસિંહ! તમારા ધણીયે વિજય મેળવ્યો તેનો પૂરાવો શો?"

રણસિંહ જરા પણ ગભરાયા વિના શાન્તિથી બોલ્યોઃ-"મહારાજ! બીજા કયા પૂરાવાની જરૂર છે? મ્હારૂં ક્ષત્રિયનું વચન એજ પૂરતો પૂરાવો છે. ક્ષત્રિયો કદી પણ જૂઠું બોલતા નથી."

આ ઉપર મહારાજે કહ્યુંઃ-એ ખરૂં, પણ અજયસિંહે રજપૂત છેને? તમારૂં બોલવું ખરૂં માનું તો અજયસિંહ ચોર ઠરે છે!"

રણસિંહ ગુસ્સો દબાવી શક્યો નહીં તે ત્રાડ પાડી બોલી ઉઠ્યો-"અજયસિંહ ચોરના કરતાં પણ વધારે અધમ છે! કુમારસિંહે પોતાના પ્રાણની પણ પરવા નહીં કરતાં આને ઉગાર્યો! આ કૃતઘ્ન કરતાં પણ વધારે કૃતઘ્ન છે!"

મહારાજ ક્રોધે ભરાઇ બોલ્યાઃ-"રણસિંહ ચુપ રહે. આ રાજ સભા છે, ગાળાગાળી કરવાનું દારૂનું પીઠું નથી. જો પૂરાવો હોય તો રજુ કર નહીં તો ચાલતો થા."

રણસિંહે કહ્યુંઃ-કુમારસિંહના બે હજાર માણસો પૂરાવો આપશે."

મહારાજે કહ્યું-"બે હજાર માણસોની જરૂર નથી, તેમાંથી ફક્ત બેનેજ બોલાવો."

રણસિંહ માણસોને બોલાવવા જતો હતો તેને અટકાવી મહારાજે કહ્યું!-"તમારે જવાની જરૂર નથી, કોઇ બીજો સિપાઇ બોલાવી લાવશે."

ત્યાં ઉભા હતા તેમાંથી ચાર પાંચ સિપાઇઓ રહામા આવી બોલ્યાઃ-"કુમારસિંહના સિપાઇમાંથી બે સિપાઇઓ અહીં આવોઃ તમારી સાક્ષીની જરૂર છે"

આ સાંભળી કુમારસિંહના માણસો ગભરાયા. આપણે અજયસિંહ વિરૂદ્ધ ખુબ ખુંપ જે બોલ્યા છઇએ તે આજ ઉધાડું પડી ગયું એમ તેમને લાગ્યું. અજયસિંહની તરફેણમાંજ ન્યાય થશે એવી તેમની ખાત્રી હતી. સાક્ષી દીધા પછી ફાંસીની શિક્ષા થશે એમ તેમને લાગ્યું તેથી પૂરાવો દેવા કોઇ આગળ આવ્યું નહીં.

"મહારાજ કુમારસિંહના બે માણસોને બોલાવે છે." સિપાઇઓએ ફરી હાક મારી, પણ કોઇ બહાર આવ્યું નહીં, જ્યાં ત્યાં શાન્તિ અને નિસ્તબ્ધતા. 'અહીં' કુમારસિંહનું કોઇ માણસ હોય એમ લાગતું નથી' એમ કહી સિપાઇ પાછા પોતાની જગ્યા પર ગયા.

કુમારસિંહના માણસોમાંથી કોઇ સાક્ષી દેવા આગળ પડતું નથી એ જોઇ રણસિંહના ડોળા લાલ હિંગળોક જેવા થઇ ગયા. અતિશય ક્રોધને લઇને તેના મ્હોંમાંથી એક અક્ષર પણ ફુટ્યો નહીં.

મહારાજે કહ્યુંઃ-" રણસીંહ! આ સીવાય બીજો કોઇ પૂરાવો હોય તો તે પણ રજુ કર."

રણસીંહ બોલ્યોઃ-" મહારાજ! ખુદ કુમારસીંહનીજ જુબાની લ્યો, એટલે ખરૂં-ખોટું તરત જણાઇ રહેશે."

રણસીંહે બોલવું પૂરૂં કર્યું કે અજયસીંહ બોલી ઉઠ્યોઃ-" મહારાજ! અત્યારે કુમારસીંહ બહુજ ગંભીર સ્થિતીમાં છે. તેને અહીં આણતાં કંઇ સારૂં નરસું થયું તો?"

રણસીંહે આ પ્રશ્નનો ઉત્તર વાળતાં કહ્યુંઃ-" મહારાજ! ક્ષત્રીયોને પોતાના પ્રાણ

કરતાં પોતાનું, નામ, યશ, કીર્તિ વધારે વહાલાં હોય છે. આ બધાં માટે ક્ષત્રીયો ગમે તે કરવાને તત્પર રહે છે. આપ કુમારસીંહને અહીં જરૂર બોલાવો."

મહારાજ બોલ્યોઃ-" ઠીક છે, તેને પાલખીમાં નાંખી અહીં લાવો."

રણસીંહ બે સીપાઈ સાથે લઇ ત્યાંથી નીકળ્યો તેમાંથી એક સીપાઇને પાલખી લાવવાનું કહી પોતે કુમારસીંહ પાસે ગયો. રણસીંહ તેના ઓરડામાં પેઠો કે કુમારસીંહ બોલ્યોઃ - રણભા! અત્યાર સુધી ક્યાં હતા? હું તો હાકલ મારી થાકી ગયો, પણ એક વખતે જવાબ ન આપ્યો!"

રણસીંહ ખીન્ન વદને બોલ્યોઃ-"મહારાજ! મ્હેં સાંભળ્યું હતું કે લદ્દાખમાં જય મેળવવા માટે રાજાધીરાજ મહારાજ, અજયસીંહને શીરપાવ આપવાના છે. ખરો વીજયી ખાટલવશ પડયો રહે, તેનું નામ કોઇ મુખ પર પણ ન આણે તે અધમ પાપી, બાયલો, પાખંડી અજયસીંહ આજ ખોટું માન મેળવી જાય એ મ્હારાથી સહન ન થયું. તેથી આપને એકલા છોડી ખરી હકીકત કહેવા માટે હું રાજ દરબારમાં ગયો હતો."

આ સાંભળી કુમારસીંહ થંભી ગયો. પારકો યશ પચાવી પાડતાં અજયસીંહને જરાપણ સંકોચ થતો નથી!

રણસીંહે આગળ ચલાવ્યુંઃ-" રાણાને મ્હારા બોલવા પર વીશ્વાસ બેસતો નથી. તેણે આપને બોલાવ્યા છે."

ક્રોધના આવેગને લઇને કુમારસીંહનું આખું શરીર કંપવા લાગ્યું. ભ્રોધભાઇને પડાવી લઇને તે દુષ્ટ શાન્ત ન થયો! પણ મ્હારી તરવારને બળે મેળવેલી કીર્તિની પણ આ દુષ્ટ ચોરી કરી જાય છે! કુમારસીંહ બીછાનામાં બેઠો થયો, પણ છાતી પર પડેલા જખમમાંથી લોહીની ધાર ચાલી અને પાછો તે ઢેઠે પડયો. પડતાં પડતાં તેણે કહ્યુંઃ-" રણસીંહ! પાલખીમાં મને અત્યારે ને અત્યારે રાજદરબારમાં લઇજા."

રણસીંહની આંખમાં આંસુ ઉભરાણાં. તે બોલ્યોઃ-" મહારાજ! પાલખી લાવવા એક માણસ ગયું છે."

થોડા વખત પછી કુમારસીંહની પાલખી રાજદરબારમાં પહોંચી. તેની દુર્બળ પણ વીર, ઉદાર મૂર્તિએ બધાનું ધ્યાન ખેચ્યું. કુમારસીંહે અજયસીંહ તરફ એક કઠોર દૃષ્ટીપાત કર્યો.

કુમારસીંહની પાલખી રાણાની નજદીક લઇ જવામાં આવી. મહારાણાએ ગંભીર સ્વરે કહ્યું:-" કુમારસીંહ! તું અત્યારે મૃત્યુ શૈયા પર પડયો છે. થોડાજ વખતમાં તું જ્યાં જવાનો છે ત્યાં આ મર્ત્ય લોકનાં યશોગાન, ગૌરવ કંઇ પણ સાથે આવવાનું નથી. એ અનન્ત ધામમાં તો સત્યજ તારો સોબતી થશે. આ વીચારો તને સાચી વાત કહેવાનેજ પ્રેરશે ત્યારે કહે, આ લદ્દાખમાં તેં જય મેળવ્યો કે અજયસીંહે?"

જવાબ આપતાં પહેલાં કુમારસીંહે ફરી એક વાર અજયસીંહના ફીકકા ચહેરા તરફ દૃષ્ટી ફેંકી. જેને માટે મ્હેં મરણની પણ દરકાર ન કરી તેણે મ્હારી સાથે આવું કૃતઘ્ન વર્ત્તન ચલાવ્યું! તો પછી શા માટે વેર ન લેવું? પરંતુ વેર કોના ઉપર લેવું? અજયસીંહ ઉપર કે ભ્રોધભાઇ ઉપર? અજયસીંહના અપમાનની વાત સાંભળી કોના જીવનનું સત્યાનાશ નીકળી જશે? આખી જીંદગી કોણ દુઃખી થશે? ભ્રોધભાઇ.

ત્યારે ભ્રોધભાઇના પર વેર લેવાની ઇચ્છા છે? ના, ના. ભ્રોધભાઇના પિતા અજયસીંહના અપમાનની વાત સાંભળ્યાં પછી તેને કદી પોતાની કન્યા આપશે? ભ્રોધભાઇનું

હૃદય નીરાશાથી ચીરાઈ જશે! અજયની સાથે લગ્ન થયા પછી પણ તેને આ વાતની ખબર પડે તોયે તેને કેટલું દુઃખ થાય! પોતાનો પતિ આવો ક્રમ, નીચ, દગારો છે એ ખબર પડતાં જોબણાઇના મનની સ્થીતી કેવી ભયંકર થાય! તેનો હૃદયના ટુકડે ટુકડા થઇ જાય! આવા વીચારો કુમારસીંહના મનને સતાવી રહ્યા. લડાઇપર જતી વખતે જોયેલું જોબણાઇનું અશ્રુપૂર્ણ ખીન્ન મુખ ફરી તેની આંખની સ્હામે ખડું થયું. હવે કુમારસીંહને સાચી વાત કહેવાની ઇચ્છા રહી નહીં. કુમારસીંહે કહ્યું:-"રાજાધિરાજ! મને એ વાત પૂછશોજ નહીં. લોભથી દૂર રહેવું મનુષ્યને માટે અશક્ય છે."

મહારાણાએ કહ્યું:-"જે તું મૃત્યુ શૈયા પર પડયો છે.

"હા, મ્હારો લક્ષમાં પણ એ વાત છે."

"ત્યારે હવે તેને પૂછવાની જરૂર નથી. અજયસિંહને શિરપાવ આપું ને!"

કુમાર બોલ્યો:-"હા, ખુશીથી આપો."

રાણાએ મ્હોટે સાદે કહ્યું:-સાંભળો! અજયસિંહ વિજયી છે, હવે જરા પણ શંકા જેવું નથી."

ચારે તરફ અજયસિંહના નામનો વિજયધ્વનિ ઉઠયો. કુમારસિંહ હેયું કઠણ કરી આ બધું સાંભળતો હતો. તેનું ગૌરવ બીજાના નામ પર ચઢયું! તેને કંઇક કંઇ થઇ જવા લાગ્યું, પણ બધી હિમ્મત એકઠી કરી તેણે રણસિંહને કહ્યું:-"જલદી મને અહીંથી લઇ ચાલ."

ભાઇઓએ પાલખી ઉંચકી. અશ્રુપૂર્ણ નેત્રે રણસિંહ તેમની સાથે ચાલતા લાગ્યો. અર્ધ મૂર્ચ્છિત અવસ્થામાં પણ કુમારસિંહ જોબણાઇના નામની જપમાળા જપતો હતો.

મહારાણાએ અજયસિંહની કમર પર તરવાર બાંધી કહ્યું:-"અજયસિંહ! તમે જે મહાન કાર્ય બજાવ્યું છે તેનો આ સામાન્ય, નિર્જીવ રત્ન યોગ્ય બદલો નથી. મ્હારા ગૃહમાં સર્વ શ્રેષ્ઠ, અસાધારણ રત્ન-કે જેના તેજથી મ્હારું હૃદય સદાં પ્રકાશિત થાય છે, તે રત્ન તમને અર્પણ કરી હું મ્હારા કૃતજ્ઞતા દર્શાવીશ."

તેજ દિવસે રાજકુમારી કમળા સાથે અજયસિંહનાં લગ્ન થયાં.

લડાઇ પૂરી થઇ, અજયસિંહે મહાવિજય મેળવ્યો. એ વાત ગામડાંઓમાં પણ પહોંચી ગઇ. અજયસિંહની પ્રશંસા સાંભળી જોબણાઇનું મન પ્રસન્ન થયું. ગર્વથી વિકસીત ઉત્સુક અંતઃકરણે તે અજયસિંહની વાટ જોવા લાગી.

દિવસ ઉપર દિવસ જવા લાગ્યા, અઠવાડિયાં પછી અઠવાડિયાં ચાલ્યાં ગયાં, પણ અજયસિંહના આવ્યાના ચિન્હ દેખાયાં નહીં. આનન્દથી પ્રફુલ્લિત મુખ-કમળ દિવસે દિવસે કરમાવા લાગ્યું. એક પછી એક તેની બધી આશા નિર્મૂળ થવા લાગી. જે જગ્યાએ તેણે અજયસિંહને પકડેલો જોયો હતો તે જગ્યાએ રોજ રોજ એકલી જઇ, જોબણાઇ એક ઝાડ નીચે ચિંતાતુર અવસ્થામાં બેઠી રહેતી. દૂરથી આવતા ઘોડાના દાબડાનો અવાજ સાંભળી તે એકદમ ચમકી ઉઠતી, આશાપૂર્ણ નેત્રે તે દિશા તરફ જોઇ રહેતી અને છેવટે નિરાશ થતી. આવી રીતે આખો દિવસ એવી સંધ્યા-કાળે નિરાશ થઇ ઘેર પાછી ફરતી. એક દિવસ આ પ્રમાણે જોઇ રહી, ત્યાં ઘોડાના દાબડાનો અવાજ સંભળાવા લાગ્યો. આજ તેની આશા સફળ થઇ. ઘોડાના દાબડાનો અવાજ ધીમે ધીમે પાસે આવવા લાગ્યો. જોબણાઇનાં નેત્ર આનન્દથી વિસ્તૃત થયાં. સામે ઘોડેસ્વાર એક હાથમાં ગોઠવાઇ ઉભા રહ્યા. તેમની સાથે એક સુસજ્જિત પાલખી હતી, તેમાં શરીર અજયસિંહ હોવો જોઇએ એમ જોબણાઇની ખાત્રી હતી.

પાલખી ઝાડ નીચે આવી ઉભી રહી. જોધમાઇની ધીરજ રહી નહી. એક દોટે તે પાલખી પાસે જઇ પહોંચી. પાલખીનો પડદો ઉંચો કરી રણસિંહ બહાર જોતો હતો તે જોધમાઇના જોવામાં આવ્યો. રણસિંહ કુમારસિંહનો નોકર છે એમ જોધમાઇ બરોબર જાણતી હતી. તે અજયસિંહ સાથે શા માટે આવ્યો હશે, એ તે સમજી શકી નહીં. ધીરજ ખોઇ તેણે પાલખીનો પડદો ઉંચો કર્યો, અને અંદર ડોકું ઘાલી જોયું તો કુમારસિંહ સૂતો હતો. તે ઝંખવાણી પડી. પાલખીમાં અજય સિંહ નહીં, પણ કુમારસિંહ સૂતો છે–મહા-નિદ્રામાં પડયો છે!! તેના મુખપર મૃત્યુની પ્રશાંતતા વિરાજતી હતી!

જોધમાઇને બધી હકીકત સમજાણી. રણસિંહે તેને કુમારસિંહના જખમનું રહસ્ય સમજાવ્યું. અજયસિંહની સઘળી લબાડીનું તેની પાસે નિવેદન કર્યું.

× × × ×

જોધમાઇએ સંન્યાસ લીધો છે. રમશાન એજ તેનું રહેઠાણ બન્યું છે, અને કુમારસિંહની ચિતાભસ્મ એજ તેની એક માત્ર ઉપભોગ્ય દર્શનીય વસ્તુ છે!!! *

* માસિક મનોરંજનના તંત્રીની પરવાનગીથી તેમાં આવેલી એક વાર્તાનો અનુવાદ.

ૐ

ઉપેક્ષિતા.

વાવાઝડાથી ચંચલ થયેલા સમુદ્રના તરંગોથી પણ અધિક પ્રેમાનું હૃદય ચંચલ થઇ ગયું—રાત્રિના અંધકારથી પણ અધિક ગાઢ અંધકાર તેના હૃદયતલ ઉપર દેખાઇ આવ્યો? ગાલ ઉપર હાથ રાખી ને વિચાર કરવા લાગી, આ સંસારમાં પ્રેમ શું છે? જે હૃદયથી ચાહના કરવી તેનું નામ પ્રેમ છે, તો મ્હારા તરફથી કંઇ તેમાં ત્રુટિ થઇ નથી. આજ પાંચ વરસ સુધી રાત દિવસ સેવા–સુશ્રુષા કરવા છતાં પણ સ્વામીનું હૃદય હાથ ન આવ્યું! તે શું ચાહે છે? સુન્દરતા. સંસારમાં શું પ્રેમ સુન્દરતાની માથે ભળેલો છે? ના.

બહુ ઠેકાણે સુન્દરતા છે, પણ પ્રેમ નથી. અને કેટલાક એવા પણ સ્થાન છે કે જ્યાં પ્રેમ છે, પણ સુન્દરતા નથી. ગાઢ અંધારામાં પ્રકાશમાન હીરાની પેઠે નિશ્ચય ચમકતા તારાને જોઇને પ્રેમાએ વિચાર્યું, સુન્દરતા આંખોની સામે આવવાવાળી ચીજ છે. તેને આંખો દેખી શકતી નથી, કેવળ હૃદય ઓળખી શકે છે. પ્રેમ હૃદયની ચીજ છે, પણ સંસારમાં હૃદયવાળા પુરૂષો કેટલા હશે? પોતાના સ્વામીના સંબંધમાં વિચાર કરતાં પ્રેમાનું હૃદય સંકુચિત્ત થઇ ગયું! કદિ સારી રીતે ન જોવા છતાં પણ તે સ્વામીને હૃદયહીન કહી શકી નહિ, એવા વિચારોની સાથેજ તેના હૃદયના દોરને કોઇએ ખેંચ્યો હોય, તેમ તેના નેત્રમાંથી વહેતી અશ્રુધારા અચાનક બંધ થઇ ગઇ?

૨)

પ્રેમાની સામુએ પાડોસણને પૂછ્યા પછી દૃઢ સમ્મતિ જણાવતા કહ્યું–"ગંગા જ્હેન, ને તો મોતાના કિનારે પહોંચી ગઇ–હવે નારાયણ જલદી ઉઠાવી લે તો સારૂં, પણ એક બચ્ચા હતી–જો કુમુદને એક સંતાન થયું હોત તો તે શાન્તિથી મરત."

ગંગાએ કટાક્ષમાં કહ્યું—"હું તો પહેલાંથીજ કહી ચૂકી હતી કે આ વહુથી તો તમારી આ આશા વીસ વરસમાં પણ પૂરી થશે નહિ. જ્યોતિષી શમ્ભુનાથે પણ હાથ જોઇને કહ્યું હતું કે તેને સંતાનનો જોગ નથી."

સાસુએ ધીમા સ્વરથી કહ્યું—"તો હવે શું કરવું ગંગા?"

ગંગા—"એ માટે તો મેં તે દિવસ ખંડુલાલની સાથે વાત કરી હતી. અને તેની પુત્રીને હજુ ચૌદ વરસ થયાં છે. ભગવાનની ઇચ્છા હોય તો બે વરસની અંદર પુત્રનું મુખ જોઇ લેશો. વળી પ્રેમાને તો કુમુદ પણ ચાહતો નથી."

સાસુ—"તું સાચું કહે છે ગંગા, તે તેને નથીજ ચહાતો અને તેવી કાળી વહુને ચાહે પણ શી રીતે? મ્હારો પુત્ર કદિ ઘરમાં પણ આવતો નથી. બિચારો તેને લીધે બહારનો બહાર ફર્યા કરે છે."

ગંગા—"ત્યારે મેં કહ્યું તેમજ કરો."

સાસુ—"ઠીક! તો તેની માની સાથે વાતચીત કરજે ને તેનું રૂપ કેવું છે?"

ગંગા—"બ્હેન, તમારા શીરના કસમ. આખા શહેરમાં પણ એવી કન્યાઓ ભાગ્યેજ બે ચાર નીકળશે. તને યાદ નથી કે તે દિવસ રામલીલા જોવા માટે તે તથા તેની મા જોવા આવ્યા હતા ને તું પણ ત્યાં હતી. તે કન્યાને જોઇને કહ્યું હતું તે કે જેવી કન્યા રૂપાળી છે, તેવોજ વર જો ભગવાન મેળવે તો સોનું ને સુગંધ એક થાય!"

ગંગાની તિક્ષ્ણ સ્મરણ શક્તિના વખાણ કરતાં ગૃહણીએ કહ્યું—"હા! હા! યાદ આવ્યું. બરોબર તે કન્યા કુમુદને લાયક છે, ઠીક તો યાદ રાખીને કાલ તેની માને સર્વ વાત પૂછી જોજે!"

(૩)

પ્રેમ પતિ અને સાસુ બન્નેની ઇચ્છા પૂરી કરી શકી નહિ. પતિના માટે રૂપાળી નહોતી પણ કરૂપા હતી, અને સાસુને માટે સંતાનવતિ નહિ પણ વન્ધ્યા હતી. માટે માતાની સમ્મતિથી કુમુદકુમારે બીજે વિવાહ કરી લીધો. તે સુન્દરતામાં પ્રાતઃકાળની તાજી ખીલેલી ગુલાબની કોમળ પાંખડી હતી, અને વાતોમાં વીણાનો સુન્દર સ્વર હતી. તેનું નામ નિરુપમાં હતું—પણ તે સમય બગીચામાં ખીલતું ચિત્ત લોભાવવાવાળી સૌથી પહેલી ખીલેલી કૂલની કળી સમાન તે નિરુપમ હતી. જ્યારે તે પોતાના હૃદયનો ભાવ જણાવવા માટે લાંબી વિશાળ આંખોને જરા ઢાળી દઇને, અને મોઢાને સંકોચીને પતિને કહેતી—"તમારે ઘેર આવીને હું સુખ-સમુદ્રમાં ડૂબી ગઇ, તને તેને રહેવા માટે તો આટલો સુન્દર બાગ તેને આપી દીધો છે. જ્યાં સુધી તે બાગમાં રહેશે ત્યાં સુધી હું તેમાં પગ પણ મૂકીશ નહિ."

એ વખતે કુમુદકુમારને રેનોલ્ડની લખેલી (ફ્રાસ્ટ) નામની ચોપડીમાં પિશાચની વાત યાદ આવી, અને તે ઇચ્છતો હતો કે ફ્રાસ્ટનો પિશાચ પેલા યક્ષને એવું પાણી પીવરાવે કે જેથી વિતેલી સર્વ જીંદગીની વાત હું ભૂલી જાઉં? કાંટામાં લગાવેલી ચોટની ગોળીને ખાનારી મચ્છીની પેઠે તે વ્યાકૂળ થઇ ગયો હતો!

છેવટે પ્રાતઃકાળની ઉષાને દિવાજે જેમ મમત્વ વિનાનો, નીરોગ, મુક્ત નૂપુર, વાગે, છે, તેમજ બાલિકા નિરુપમાનો રવભાવ આખા ઘરમાં પ્રસરી રહ્યો, અને આશાના અન્તિમ શ્વાસનો અંત નિરાશામાં લેતી પ્રેમાભાગની બહારની નાકળી, અગર જો કે તે બાગની બહાર તો નીકળી પણ કર્ત્તવ્યની બહાર ન થઇ શકી કારણકે આ સંસારમાં કર્ત્તવ્યના અંત ઉપર ફક્ત બે જણ મનુષ્ય પડેલ્યા છે.

(૪)

પતંગ દીવાને ચાહે છે, પણ તેમાં બળી પણ મરે છે; તે દીપકને છોડી શકતો નથી, અને મોત તેને છોડી શકતું નથી. જ્યારે કુમુદકુમાર નિરૂપાની સુંદરતાના દીપકમાં બીજી વાર આત્મદ્યુતિ કરી રહ્યો હતો, ત્યારે એક આદમીએ કુમુદને એક પત્ર આપ્યો તેમાં પ્રેમાના અન્તિમ જીવનના અન્તિમ દર્શનની અન્તિમ પ્રાર્થના કરી હતી. ભલે ગમે તેટલી ઉપેક્ષા થાય, કિન્તુ અન્તિમતા સંસારમાં એવી કાંઇ છે કે તેથી રેલવેમાં ભેટેલા મુસાફરો જેમ સુન્દર દૃશ્યને ઘડીભર જોયા પછી તેને રથાને બીજા દૃશ્યો જોવાને ઉદ્યમ થઇ જાય છે, તેમજ મનુષ્યો આવેજ પ્રસંગે કાંઇ વિકલ્પ થઇ જાય છે ! કુમુદનું હૃદય ખળભળી ઉઠ્યું, તે આદમીના સાથે પ્રેમાને જોવાને માટે ગયા.

પ્રેમા પોતાના વૃદ્ધ માતા, અને બહેના ભાઇના દીન કુટુમ્બના દીનબન્ધુ એક નિરોગ કારણ થઇ પડ્યા હતા. ઉપક્ષિતાના ઉપેક્ષા ઘરમા હતી, સંસારમાં હતી, પણ એક ક્ષુદ્ર હૃદયમા માતાના હૃદયના પ્રેમના એક બિન્દુ સમાન હતી. જે દુઃખમાં પ્રેમાને સુખ હતુ. કાચા વાસણો અંદર લાગેલા ઘીના પેઠ પાકા પડેલાં ચિંતાનો શિકાર બની ચૂકી હતી, તે દુઃખને શાન્ત રીતે સહન કર્યાં છતાં તેના સહનશક્તિ હવે હારી ગઇ હતી. હાથના ઇશારાનો વિજયનો ઝંડો બાર્દશુના વીરના હાથમાંથી પડી ગયો હતો. વૈદ્યે કરી દીધું હતું કે રોગી બચશે નહિ, પરિણામ માઠું આવશે !

જ્યારે પરદું દૂર ઊઘાડીને કુમુદ પ્રેમાના ઓરડા તરફ આગળ વધવા મંડ્યો ત્યાં તેના કાનમા રડવાનો ધ્વનિ આવ્યો. જાણે કોકનું તેના કાનમાં કઠોરે સ્વરથી કહ્યું–"વિલંબ થઇ ગયો, તારા આવવામા વિલંબ થઇ ગયો" પોતાની પ્રિયતમાને માટે સુનાર હાર બનાવીને લાવતાં ત્યારે શાહજહાંએ સાંભળ્યું કે "મમતાજ તેનો કંઠ બની ચૂકી છે, ત્યારે તે પુત્રોને આંસુથી ધોઇ નાખ્યા, તેના પવિત્રતાનું પ્રમાણ દેતો તે ત્યાંજ બેસી ગયો હતો તેમજ કુમુદ બેઠો. પત્થર પડી ગયો. આંખમાંથી એક બિન્દુ પાણી ટપકી પડ્યું–કુમુદની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા ? જાણે કુમુદનો સામે ઊભેલી પ્રેમા કહે છે કે–તમે ડરશો નહિ–નહિ તમે મ્હારા હૃદયના ટુકડા થઇ જશો–તમારી આંસુનું એક બિન્દુ મ્હારા માર્ગમાં સમુદ્ર બની રહેશે ? પણ હવે સર્વ ખર્ચ થયું–ઉપેક્ષિતા સંસારમાંથી ચાલી ગઇ હતી !! સમાપ્ત

"ઇન્દ્ર"

પ્રકીર્ણ બાબતો.

વડગાદી.

મારી આ વાસે-કેટલીક જુની નોંધો છે. તેમાંથી ખાસ જાણવા જેવી બાબતો પ્રગટ કરું છું.

પાણીમાં જંતુઓ.

રોયલ્સ્ટનની નામના એક મહાશયે એવું સિદ્ધ કર્યું છે કે એક ટીપા પાણીમાં ૨૧૦૦૦ જન્તુઓ હતા.

ફૂટ ઉપર રહેતા જંતુઓ.

ડાક્ટર કોરીવ નામના એક નામાંકીત જર્મને કેટલાક પ્રયોગોથી સાબીત કરેલ છે કે

૧ એક રતલ હાથી ઉપર ૧૧૦૦૦૦૦ જંતુઓ રહે છે.

૨ એક રતલ ઘોડા પર ૮૦૦૦૦૦ જંતુઓ રહે છે.

૩ એક રતલ ચેરી ફુટ ઉપર ૧૨૦૦૦૦૦ જંતુઓ રહે છે.

૪ જણામાં જીવતા જંતુઓ એવા છે કે એક પોસ્ટ ટીકીટ ઉપર ૨૫૦૦૦૦૦૦૦ રહી શકે છે તેવું એક ફ્રેન્ચ ગ્રાઓનું અનુમાન છે.

માંખી ઇડાં કયારે મુકે છે?

ઉનાળાના દરેક મેાસમમાં માંખી ચાર વખત ઇડાં મુકે છે અને દર વખતે આશરામાં ઓછાં ૪૦૦ ઇડાં હેાય છે.

ડાંસને દાંત કેટલાં હેાય છે.

સુક્ષ્મદર્શક યંત્રથી એવું નક્કી કરવામાં આવે છે કે ડાંસને બાવીસ દાંત હેાય છે.

સર્પની જાત અને લંબાઇ.

સર્પની ૭૦૦ જાત છે. તેવું તેના જણઠારે શેાધી કાઢવાની નેાંધ જોવામાં આવે છે. તેમ લાંબામાં લાંબેા સર્પ આજ સુધીમાં જણાયેા હેાય તેા ફ્રમત મેકિલકેામાં છે. જેની લંબાઇ ૩૭ ફીટની છે.

દરીઆના પાણીની થતી વરાળ.

દરસાલ અઢળક કુટ જાડા થર જેટલું પાણી એકંદર બધા સમુદ્રોમાંથી વરાળ થઇને જાય છે.

દરીઆના પાણીમાં મીઠું કેટલું હશે.

એક એવી ગણત્રી કરવામાં આવે છે કે પૃથ્વીના સમુદ્રોમાંથી એકંદરે મીઠું ૭૦૦૦૦૦૦ ઘનમાઇલ પ્રમાણેલું છે. ને તે સર્વ બહાર કાઢવામાં આવે તેા, સમુદ્રના પાણીની સપાટીએ કંઇજ પણ નીચે જરી નહી. આ હકીકત વાંચક વર્ગને આજપર્યંત પમાડે તેવી છે, પણ મારી પાસે જે બીજી કેટલીક ગણત્રીઓ છે તેના આગળ આ બતાવેલ ગણત્રીઓ સમેા તેા સાધારણજ માનીએ છીએ ને તેની ખાતરી કમારી સવડે આ માસિકમાં પ્રગટ કરાવેથી વાંચક વર્ગને થશે છતાં આવી બાબતેામાં કેાઇ વધારે અજવાળું પાડી આપશે તેા ઘણી સારી વાત છે. અપૂર્ણ.

તલકચન્દ વીરચન્દ શાહ.

આખી દુનિયામાંના મૂર્તિપુજકેાની સંખ્યા.

નામ	સંખ્યા.
બૌદ્ધ	૫૮,૦૦,૦૦,૦૦૦
રેામન કેથેાલીક	૩૦,૦૦,૦૦,૦૦૦
ગ્રીકેા	૧,૦૦,૦૦,૦૦૦
હિન્દુઓ	૨૧,૬૭,૦૦,૦૦૦
જૈનેા શ્વેતાંબરેા વીગેરે	૫.૮૦,૦૦૦
સીખેા	૨૭,૦૦,૦૦૦
એનિમીસ્ટ	૧૫,૮૨,૦૦,૦૦૦
કુલ.	૧,૩૫,૮૫,૮૦,૦૦૦

મૂર્તિ નિષેધકેા.

યાહુથી	૧,૨૨,૦૦,૦૦૦
પ્રેાટેસ્ટન્ટ	૧૭,૧૬,૦૦,૦૦૦
પારસી	૧,૦૦,૦૦૦
મુસલમાન	૨૨,૧૮,૦૦,૦૦૦
દુંઢીઆ (જૈન)	૩,૦૦,૦૦૦
સિંખ (શિખ)	૩,૦૦,૦૦૦
આર્ય સમાજી	૨,૫૦,૦૦૦
બહેા બધા પ્રાર્થના સમાજીસ્ટ	૫,૫૦૦
કુલ.	૪૦,૬૫,૫૫,૫૦૦

પુત્ર ન થતેા હેાય તેણે શું કરવું?

આજકાલ દુનીઆમાં સર્વેને પુત્રની આકાંક્ષા વિશેષ હેાય છે, પણ કમ ભાગ્યે જે પુત્રેાની વધુ સંખ્યા ન નિભાવી શકે તેવેા હેાય તેને ત્યાં હજારના હીસાબે છેાકરાઓ ઉત્પન્ન થાય છે, જ્યારે શેાડીઆએ જેઓ વધુ સંખ્યામાં છેાકરાઓ નીભાવી શકે તેમ હેાય છે તેમને ત્યાં મેાટે ભાગે એક પુત્રનાં પણ ફાંફાં હેાય છે. એવા જે શેાકેા હેાય

તેમને માટે નીચેનો દાખલો બહુ ઉપયોગી થઇ પડશે.

લડાઇની શરૂઆત પછી ફ્રાન્સમાં છોકરીઓ કરતાં છોકરાંઓનાં જન્મ પ્રમાણમાં જે અદ્‌ભુત વધારો થયો છે તેનો ખુલાસો ફ્રાન્સના વૈદક વિદ્યાલય તરફથી પ્રસીદ્ધ થતાં પત્રમાં સત્તાવાર રીતે કરવામાં આવ્યો છે. કેટલાંક માસ થયાં શાસ્ત્રીઓ જુદાં જુદાં આંકડા અને વીગતો એકઠી કર્યા કરતા હતા, અને તેઓએ સત્તાવાર રીતે જણાવ્યું હતું કે છોકરીઓના કરતાં છોકરાંઓનું જન્મ પ્રમાણ વધી ગયું હતું. આથી લોકોના મનમાં કાંઇક સંતોષની લાગણી થઇ છે. કારણ કે તેઓને એમ લાગ્યું કે લડાઇમાં પુરૂષ વર્ગની કતલથી જે હાનિ થાય છે, તે બેટ કુદરત બીજી રીતે પૂરી પાડે છે. અમારા માનવા મુજબ તેનો ખુલાસો એમ છે કે સ્ત્રીઓ કે જેઓ દારૂ ગોળાનાં કારખાનામાં દસ દસ કલાક સૂધી કામ કરે છે, જે હળવતી ખેતરો ખેડે છે, અને જેઓ ગાડીઓ હાંકવાનું કામ બજાવે છે તેઓ આવી સખ્ત મજુરીથી અત્યંત શ્રમીત થઇ જાય છે, તેથી એ સખ્ત મજુરી કરનારી સ્ત્રીઓ પુત્રનો જન્મ આપે છે. સ્ત્રીઓના વ્યાધિઓમાં નીપુણ દાક્તરો પણ અમારી સાથે મળતાં થઇને કહે છે જે સ્ત્રીઓ જ્યારે હદ ઉપરાંત કામ કરે છે, અથવા તો પુરૂષોએ કરવાનું કામ કરે છે, ત્યારે હમેશા એમજ પરિણામ આવે છે એટલે કે છોકરાંઓનું જન્મ પ્રમાણ વધે છે.

ઉપરમાં જણાવ્યા મુજબ બહુ મહેનતુ સ્ત્રીઓને પુત્રી જન્મ કરતાં પુત્ર જન્મ થવાના સંભવો બહુ વધુ રહે છે. આપણા મોજશોખમાં તલ્લીન થએલા પૈસાદાર સ્ત્રી પુરૂષોને પુત્રની અભીલાષા બહુજ હોય છે. તે અર્થે તેઓ ઘણી દવાઓ ખાય છે અને ખાનદાનને શોભે તેવાં ઘણાં કૃત્યો કરે કરાવે છે, તેઓને આ બીના વાંચી તે મુજબ વર્તવાનું શરૂ કરે અને પુષ્કળ મહેનતનું કામ કરતાં તો તેમના દાખલામાં પણ કદાચીત આ બને.

"C"

ગોમહા સભા (કલકત્તા)

પ્રમુખ સર જોન વુડરફનું ભાષણ.

(ગતાંકથી શેષ)

ભારતના કોઇક શહેરમાં, દરેક ૧૪૦૦ નમુનાઓની પરિક્ષા કરવામાં આવી હતી જેમાં ચાર પાંચ ટકા ભાગ જેટલા નમુનાઓમાં પાણી ભેળવવામાં આવ્યું હતું અને સેંકડે ૬૦ ટકા જેટલા નમુનાઓમાં જીણા જીણા જંતુઓ માલમ પડયાં હતાં. ત્રીજી વાત એ છે કે આજકાલ કાળજી પૂર્વક ચોખ્ખું રાખેલું દુધ મળવું કઠણ થઇ ગયું છે. ચોથી વાત એ પણ છે કે આ દેશની આબોહવા એવી છે કે બીજા બાદ પદાર્થોની અપેક્ષાએ દુધ જલ્દીથી બગડી જાય છે. આથી એવું પણ અનુમાન કરવામાં આવે છે કે દુધના નમુનાઓ સ્વાસ્થ્યને અર્થે હાની કારક હોય.

એમાં કોઇ આશ્ચર્ય નથી કે મુંબઇના એક્ઝિકયુટિવ હેલ્થ ઓફીસર ડૉ. ટર્નર ભારતનાં મોટા શહેરોમાં દુધની વ્યવસ્થાનો અસંતોષ ઉત્પન્ન કરનારો રિપોર્ટ કર્યો છે, મોટા શહેરોમાં સાધારણ રીતેજ આવા પ્રકારની હલકાઇ વિશેષ છે તથાપિ આ દેશના બીજા સ્થાનોમાં પણ દુધનો પ્રશ્ન તરફ ધ્યાન પહોંચાડવું

જોઇએ. ચોખ્ખું દૂધ ન મળવાને લીધે અને તેમજ ઘીમાં થતી ભેળસેળને લીધે પ્રત્યેક મનુષ્યનાં સામેા આ વિચાર ઉપસ્થિત થયેા છે અને જો અમે ભૂત અને વર્તમાન અવસ્થાઓનેા વીચાર કરીએ તેા અમારી આજની સભાની આવશ્યકતા કેટલી છે તે માલમ પડે. ભૂતકાળ કહેવાથી કંઇ સત્યયુગથીજ માંડીને કહેવાની મારી મતલબ નથી પરંતુ ભૂતકાળ તેજ છે કે વર્તમાન જીવીત મનુષ્યેા જેનાથી પરિચીત હેાય. પચાશ વર્ષનાં મનુષ્યેાને યાદ હેાવું જોઇએ કે એક સમય એવેા પણ હતેા કે એક ૧)રૂપીઆમાં ૩૨શેર દૂધ મળી શકતું હતું અથવા ૧ અથવા ૨ શેર દૂધ તેા ફક્ત માગવાધીજ મફત મળી શકતું હતું. આજકાલ દૂધનેા દર ઘણેાજ વધી ગયેા છે એટલુંજ નહિ પણ ગમે તેટલી કીમ્મત ખરચતાં ચોખ્ખું દૂધ મળવુંજ કઠણ થઇ ગયું છે. મેાટા શહેરેામાં ચાર આને શેરથી ઓછે દરે ચોખ્ખું દૂધ મેળવવું બીલકુલ કઠણ થઇ ગયું છે અને આ બાબત યુરેાપ અને અમેરીકાનાં શહેરેાનાં દૂધના ભાવથી વધારે છે. આથી આ વાત સ્પષ્ટ થાય છે, કે દૂધની પેદાશ અને ખપતમાં કેાઇ મેાટી મુસ્કેલી છે. ખાસ કરીને જ્યારે એવું જોવામાં આવે છે કે યુરેાપ અને અમેરીકાની અપેક્ષાએ મજુરી સસ્તી છે. હાલમાં સારા પશુની કીમ્મત પણ ઘણી વધી ગઇછે. એથી ગામડાંઓ ઉપર ઘણી મુસ્કેલી આવી પડી છે અને ઘણાઓને કેાઇપણ પ્રકારે દૂધ મળવાનું કઠણ થઇ પડયું છે. એટલુંજ નહીં પણ કેાઇ ગરીબ બાળકોને તેા પીવાનું દૂધ મળી શકતુંજ નથી. તેમને તેા ચેવડેા અને ચેાખાનાં લેાટના પાણી ઉપર જીવન ધારણ કરવું પડે છે. ડેા. જોશીએ બનાવેલી ભારતનાં શહેરેાની દૂધની વ્યવસ્થા એ નામની ચેાપડી વાંચવી જોઇએ. હીંદુસ્થાનમાં ઘણાં મનુષ્યેા માંસાહારી નથી અને તેમનાં ભોજનમાં દૂધનેા ઉપયેાગ તેઓ વધારે કરે છે એટલા કારણથી હું બતલાવી ચુકયેા છું કે દૂધનેા પ્રશ્ન વિશેષ મહત્વનેા છે.

સમગ્ર ભારતમાં ગૌ જાતીની સંખ્યા કેટલી છે, તેના આંકડા હમને મળ્યેા નથી પરંતુ ઉદાહરણને અર્થે સંયુક્ત પ્રાન્તના પ્રાન્તીક રીપેાર્ટ પર નજર નાખતાં માલમ પડે છે કે સંયુક્ત પ્રાન્તમાં સને ૧૯૦૪ અને ૧૯-૧૫ની વચ્ચેના અરસામાં ૬ લાખ બળદેા, પાા લાખ ગાય, અને ૧૭ લાખ વાછરડા વાછરડી ઘટી ગયા છે અને આ વાત પણ સ્પષ્ટ છે કે દૂધ આપતી ગાયેામાં ઘટાડેા થયેા છે. ઉત્તમ પશુઓની સંખ્યા દીનપ્રતીદીન ઓછી થતી જાય છે, પરન્તુ એટલેથી કંઈ અંત નથી આવતેા પરન્તુ જે પશુઓ હયાત છે તે પણ દુર્બળ અને કમજોર છે. દૂધની આવક ઘટવાના બે મુખ્ય કારણ જણાય છે, ગાયની સંખ્યા ઘટવી અને તેની દૂધ આપવાની શક્તિ ઓછી થવી પરન્તુ પાછલું કારણ સૌથી મુખ્ય છે. એના ચાર મુખ્ય કારણ છે, અયેાગ્ય રીતે જાતીનેા વધારેા કરવેા, ચેાડેા અને હલકા પ્રકારનેા ચારેા ખવાડવેા, સારી રીતે જનાવરેાની સરભરા ન કરવી. રેાગ અને અકાળ મૃત્યુ થવુ અને જુવાન ગાયેા અને વાછરડા વાછરડીની હત્યા થવી.

જે જે અયેાગ્ય વર્તનેાની ચર્ચા આવે છે તેના કારણેાનું પુરૂં વીવરણ કરવા હું ચહાતેા નથી, એવા અયેાગ્ય વર્તનેાના નીવારણને અર્થે જે જે ઉપાય બતલાવવામાં આવ્યા છે, તેનાથી પણ હું ઓછું વીવેચન કરવા માંગુ છું. મને એવું જ્ઞાન નથી કે આ વીષયની પ્રમાણની સાથે હું ચર્ચા કરી શકું. તે મારા કરતા વધારે કુશળ અને જોણકાર મનુષ્યને ચાહે છે. આપ લેાકેામાં એવા ઘણા મનુષ્યેા હશે. અધિક અંશે એવા વિષયેાની બાબતમાં વિશેષ જોણકારમાં મતભેદ હેાય છે. આ વિષયમાં

જેની જેની સાથે મારે વાતચીત થઇ છે તેઓ સઘળા ગોચર ભૂમિને પ્રાપ્ત કરવી એનેજ વીશેષ મહત્વનું માને છે. પરન્તુ ડો. વેલકર પોતાના "ભારતીય કૃષિની ઉન્નતિ" નામના પુસ્તકમાં "ગોચરભૂમિજ માત્ર કંઇ આવશ્યક માનતો નથી. એનું કહેવું એવું છે ગોચરભૂમી હોય ત્યાંજ ઉત્તમ ગાયો હોય એવું બધે ઠેકાણે બનતું નથી.

સૌથી પહેલા જાતી વધારવાના વીષયની હું તરફેણ કરું છું. આ વીષયમાં લોકોની સમ્મતિ જુદી જુદી છે, કોઇ લોક દેશી આખલાઓ લાવીને, કોઇ લોક બહારથી લાવીને જાતી વધારવાનું પસન્દ કરે છે એનું વીશેષ વીવેચન અન્ય ઠેકાણે કરવામાં આવશે. કોઇક વીષયના સંબંધમાં જે ધ્યાન દેવા યોગ્ય છે તેનું હું સાધારણ વર્ણન કરું છું. ભવિષ્યની પશુઓની ઉન્નતીને અર્થે આપણું મુખ્ય કર્તવ્ય એ છે કે સૌથી પ્રથમ અચ્છી જાતના સાંઢ તૈયાર કરવા અને નઠારી ગાયોથી સારી ગાયોને જુદી પાડી તેની ઉન્નતી કરે. આ દેશમાં દૂધને માટે ગાયોની અને બોજો તથા હળ ખેંચવા બળદોની જરૂર છે. એ કારણથી સારી દૂધ આપવાવાળી ગાય ઉત્તમ મજબુત બળદ એક મુખ્ય ઉદ્દેશ બતલાવવામાં આવ્યો છે. ઉત્તમ જાતિ અને નસલ વાળા પશુઓમાંથી સાંઢને ચુંટી કાઢવો. યોગ્ય સાંઢોનો જે અભાવ છે તે ઘટાડવાને પ્રયત્ન કરવો જોઇએ. બંગાળના કૃષિ વીભાગના ડાયરેક્ટર મી. વલ્કઉડ સરકારી મદદમાંના રીપોર્ટમાં લખે છે કે આ પ્રાન્તમાં ગો જાતિની ઉન્નતીની પીડદ નીચલી વાતો છે આપોહવા-ગોચર ભૂમીનો અભાવ, નસલનો યોગ્ય સાંઢોની કમી અને ઓછી ઉમરના સાંઢોથી ગાયોને ગાભણી કરાવવી, સાંઢોની સંખ્યા ઘટી જવી અને વાછરડી વાછરડાંને ભૂખે મારવા, જે ગાય જાતીનું જીવન નષ્ટ કરવામાં મુખ્ય કારણ છે. આ નીયમોને વળગી રહીને સાંઢોને ઘટવાના સબન્ધમાં હું કંઇ કહીશ. કૃષી વીભાગના ડાયરેક્ટરની કહેવું છે કે ગોચરભૂમી ઓછી હોવાને લીધે એ પ્રશ્ન વધારે થયો છે. મારા મનમાં એનું બીજ કેટલાક કારણો છે. હાયકોર્ટમાંથી ફેંસલો અપાયો છે. આખમાં લીંડુ લોક જે સાંઢ છોડી મુકે છે તે કોઇની પણ માલકીના નથી. એ સાંઢ પહેલાં આમતેમ ભટકયા કરતા હતાં, અને ગામવાળાઓ પોતાની ગાયો ગાભણી કરાવવાના કામમાં લેતા હતા. પરન્તુ હાયકોર્ટના ફેંસલાના કારણથી હવે કોઇપણ વ્યકિત સાંઢને પકડીને મારી શકે છે. મારા સાંભળવામાં આવ્યું છે કે કોઇ સાંઢ મેલાંની ગાડીમાં જોડવામાં આવે છે, કોઇ કસાઇઓને હાથ મરણ પામે છે. પરદેશી કાયદાના વીચારોનો અમલ સમજ્યા વગર આ દેશમાં કરવામાં આવે તો કેટલી હાની થાય છે, તેનું હાયકોર્ટના આવા ફેંસલા ઉદાહરણ રૂપ છે. સાર્વજનીક વ્યવહારને અર્થે સાંઢોને છુટા મુકવાનું વીલાયતી કાનુનમાં નથી. પરન્તુ જે એની ઉપકારીતા નષ્ટ કરવામાં આવે છે તેનું કંઇ વાજબીપણું કારણ દેખાતું નથી. માનનીય કે. કે. ગન્દને આને માટે એક બીલ કૌન્સીલમાં રજુ કર્યું છે કે જેનો હેતુ આ ફેંસલાથી જે અવ્યવસ્થા ઉત્પન્ન થઇ છે તેનો અટકાવ કરવો. આ બીલનો આશય એવો છે કે એ સાંઢોના રક્ષણનો ભાર રાજ્યને શીર નાખવો કે જે ગાયોને ગાભણી કરવાના ઉપયોગમાં આવે છે. ધર્મસાંઢના વીષયમાં હવે જે અધિક વીશ્વાસ મુકવામાં આવે છે તેમાં મને સંદેહ છે. જે ધર્મ ભાવનાથી સાંઢોને સ્વતંત્ર રાખવામાં આવતા હતા તે હવે દીવસે દીવસ ઘટતા જાય છે, સર્વ સાધારણ જન સમાજના હીતને અર્થે શાસ્ત્ર ધાર્મિક હાથો જેવા વાવ તળાવ કુવા બોદાવવા, દવાખાના સ્થાપન કરવા વીગેરે જે ગત પેઢીઓમાં પ્રચલીત હતા તેનો પણ હવે ક્ષય થાય છે.

એવી સ્થીતીમાં એ પણ સંદેહજનકજ છે કે ધર્મસાંઢને છોડવામાં આવે. આજકાલ લોકોમાં નીસ્વાર્થતા ન હોવાથીજ લોકોએ ધર્મસાંઢ છોડવાનું ત્યાગ કર્યું છે. આજ આપણે અધીક દૃષ્ટીથી વિચાર કરવો જોઇએ અને જેવું જોઇએકે જેનાથી ધન ઉત્પન્ન થાય અને સર્વ સાધારણ જન સમાજનો પણ સ્વાર્થ સધાય તેને માટે પશુ રક્ષા કરવાવાળાઓને સદ્‌વિધા આપવામાં આવે. પશુ ઉત્પાદનના કામમાં સરકાર તરફથી પણ સહાયતા આપવામાં આવે પરન્તુ પશુની ઉત્પત્તિથીજ કંઇ એકલો લાભ નથી. પરંતુ તેને ભોજન પણ મળવું જોઇએ. ભારતની દૂધ આપતી ગાયોની અવનતિના કારણોમાં થોડો ચારો અને રક્ષણ કરવામાં બેદરકારી એ મુખ્ય કારણ છે. આ દેશમાં થોડી પુંજીવાલા ઘણુંખરૂં ગાયોને ઓછો ચારો આપે છે. કોઇ ઠેકાણાંમાં પણ અને બીજા સ્થાનોમાં પણ નોકરવર્ગ પશુઓની યોગ્ય બરદાસ્ત નથી કરતો. આ પાછલું ઉદાહરણ બેદરકારી તથા ગફલતનું દૃષ્ટાંત છે કે જે અનેક પ્રકારના ગેરવર્તનોનું કારણ છે. ગેરવર્તનો જેને હમે નષ્ટ કરવાને ચાહીએ છીએ તે માત્ર આર્થિક પ્રાર્થનાથી નષ્ટ નહીં થાય પરન્તુ શુદ્ધાચાર પૂર્ણ પ્રાર્થનાથીજ થશે.

હવે આપણે ગોચર ભૂમિ તથા ચારાના પ્રશ્નોનો વિચાર કરીશું. મી. બ્લેક ઉડનું કહેવું છે કે બંગાલ પ્રાન્તમાં આબોહવા સિવાય ગોવંશની ઉત્પત્તિને ધક્કો પહોંચાડનારૂં બીજું સૌથી મ્હોટું કારણ ગોચરભૂમિની તંગાય છે. સાધારણ બેડૂત પણ એ વાતથી જાણીતા છે. ગો જાતિની અવનતિનું કારણ જ્યારે તેને પુછવામાં આવે છે ત્યારે તે ગોચર ભૂમિના અભાવનેજ તેની અવનતિનું કારણ કહે છે. મિ. બ્લેક ઉડનું કહેવું છે કે પ્રતિકારના કંઇક ઉપાય બતાવવામાં આવે છે, પરન્તુ મારી ધારણા પ્રમાણે અધિક અંશે સારી રીતે ઉપાય કરવામાં આવ્યા નથી. અને કેટલાએક ઉપાય તો સુઘટિત પણ નથી, તેનાથી સદ્‌વર્તનને બદલે ગેરવર્તન થવાનો સંભવ વધારે છે. એ વિષયમાં આપલોકનું ધ્યાન હું જુદીજ રીતે ખેંચું છું. પ્રાચીન સ્મૃતિઓનો ઉપદેશ છે કે શહેર અને ગામની પાસે ગોચર ભૂમિ રાખવી જોઇએ. વર્તમાન સમયમાં ગોચર ભૂમિનો મોટો નાશ થયો છે કારણ ગોચર ભૂમિ રાખવાથી થોડી પૂંજીવાળાને ધનવાનો કરતા અધિક લાભ થાય છે. પૈસાના લોભથી બીજની ભૂમિ (ગો જાતિની) છીનવી લેવામાં આવી છે. સાધારણ રીતે સઘળા લોક એક મત છે કે ગોચર ભૂમિને અર્થે મોટો પ્રયત્ન કરવો જોઇએ. પરન્તુ વિરોધી, સ્વાર્થીઓને લીધે બીજા પણ કારણોથી કેવાં ઉપાયથી કામ લેવું તેમાંજ મત ભેદ છે. કેટલાંક મનુષ્યોનું કહેવું છે કે ગોચર ભૂમિની રક્ષાને અર્થે કાયદાની જરૂર છે. જે ગોચર ભૂમિ તરફ આજ કાલ લોકોનું દુર્લક્ષ છે તેનો ફરીથી ઉદ્ધાર કરવો જોઇએ. કેટલાકનું એવું કહેવું છે કે સરકારે ખર્ચ નામાંથી ખર્ચ કરી નવી ગોચર ભૂમિ ખરીદવી જોઇએ. અર્થાત્ જે જમીન પડતરી લેવામાં આવી છે તેને માટે દેશ ધન આપે. એવું પણ કહેવામાં આવે છે કે આર્થિક દૃષ્ટિથી ગોચર ભૂમિને કબજે કરવી એ ન્યાય પુરઃસર છે. અને એ વિષયમાં હવે હાથ ઘાલવો ઉચિત નથી. કેમકે આર્થિક પ્રશ્નમાં તેવા વાંધા પડશે અને આજ કાલ તે બહુ ભય ભરેલું છે. એમ પણ કહેવામાં આવે છે, કે ખેતીને લીધે ગો જાતિની જરૂર છે. જેનાથી ગાય, બળદોની કિમ્મત વધશે અને તેથી ગોચર ભૂમિની પણ કીમ્મત વધશે. મી. મોરલોહડ કહે છે તેમ આખરે રસ ઉજડ જમીનને ગોચર ભૂમિ બનાવવી પડશે.

મી. બ્લેકકડ એ પ્રશ્નના નિવારણને અર્થે કહે છે કે ચારાને માટે જુવાર, ઘાસ, તથા

એવાજ બીજા પદાર્થોની ખેતી કરવી જોઇએ. અથવા તો જમીનમાં એકવાર ચારાની ખેતી અને બીજીવાર અનાજની ખેતી એમ મિશ્રિત રીતે ખેતીવાડીનું કામ કરવું જોઇએ. ચારાની ખેતી કરવાથી જમીનને વિશ્રામ પણ મળે છે. અને ભાવિ અનાજની ખેતીને અર્થે જમીનની ઉત્પન્ન શક્તિ વધારવામાં ગોચર ઉત્તમ પ્રકારનું ખાતર છે. પરન્તુ એમનું એમ કહેવું છે કે નાના નાના ટુકડા જમીનમાં ખેતી કરવાવાળાઓ ઉપર કહેલા ઉપાયનું અવલંબન નથી કરી શકતા, પરન્તુ બીજો પણ કોઇ ઉપાય જરૂર કરવો પડશે. જો ગોચર ભૂમિનો ફરીથી ઉદ્ધાર કરવામાં આવે તો લોકોને મારી સલાહ છે કે પ્રત્યેક ગામમાં ખેતીને યોગ્ય જેટલી જમીન હોય તેનો દશમો ભાગ ગોચર ભૂમિને માટે રાખવો અને તેમાં એક તળાવ પણ રાખવું. આજકાલ ગામ બળદોને પુષ્કળ ચારો મળતો નથી એટલુંજ નહિ, પણ પશુઓની પાસે અન્યાયથી ગળ ઉપરાંત વેતર કરાવવામાં આવે છે. પરાશર સ્મૃતિમાં લખેલું મને યાદ છે કે પ્રાચીન સમયમા ચાર જોડી બલથી કામ લેવામાં આવતું હતું. પરન્તુ આજકાલ એક જોડી બળદથી દરરોજ આખો દિવસ કામ લેવામાં આવે છે. હું એક બીજા પણ ઉપાયથી કામ લેવા માગું છું. જો કે તે આર્થિક દૃષ્ટિથી ઉત્તમ નથી. તેમ બીજી રીતે છેક અયોગ્ય પણ નથી, જેઓ અન્યાયથી ગોચર ભૂમિ પડાવી પડયા છે. તે તેમની પાસે લેવાનો યોગ્ય પ્રયત્ન કરવામાં આવે. આશા છે કે ઉચિત રીતે જો તેમને પ્રાર્થના કરવામાં આવે કે ગોચર ભૂમિનાં દેશના કલ્યાણ સાથે કેટલો બળવાન સંબંધ છે. અને તે તેમને સમજાવવામાં આવે તો તે લોકો જરૂર પોતાનો સ્વાર્થ ત્યાગ કરવા ઉપર ધ્યાન આપશે. શ્રીમાન બાળકૃષ્ણદાસે ગોચર ભૂમિ સભા નામની એક સંસ્થા પટનામાં સ્થાપન કરી છે. અને એ સંસ્થા હાલ પોતાનું કામ કરે છે. અને આજ સુધી એને સફળતા પ્રાપ્ત થઇ છે. તેમજ હવડામાં પણ એક જીવદયા એસોશીએશન નામની એક સંસ્થા સ્થપાઇ છે. જો ઉપરની રીતોથી સફળતા પ્રાપ્ત ન થાય તો એવોજ નિશ્ચય કરવો પડશે કે જે મનુષ્યોએ ગોચર ભૂમિ પડાવી લીધી છે તે જમીન પાછી લેવાનો વિચારજ કરવો નહિ. બીજા વિષયોની પેઠે આ વિષયમાં પણ સૌથી અધિક જરૂર છે. સાર્વજનિક ભલાઇને અર્થે સાર્વજનિક ભાવોનો સર્વત્ર પ્રચાર કરવો જોયો તીવ્ર સ્વાર્થી ઓના મોહ ભાંગી જશે. ભૂમિની ઉત્પાદિકા શક્તિના નાશનું કારણ ખેતીવાડી સંબંધી જ્ઞાનનો અભાવ છે.

અમેરિકાનાં લોખંડના કારખાનાં[1]

પ્રથમ ઇ. સ. ૧૮૪૬માં કેન્ટી નામના શહેરમાં પિટસબર્ગમાં કેલી નામના એક મનુષ્યે લોખંડનું એક નહાનું કારખાનું ઉઘાડયું. ઇ. સ. ૧૮૫૬માં ઇંગ્લાંડમાં બિસેમર નામના એક વિદ્વાન ગૃહસ્થે લોખંડ તૈયાર કરવાની મોટી યુક્તિ શોધી કાઢી. તેનાથી લોખંડના વ્યવસાયમાં મોટું પરિવર્તન થયું. એ પદ્ધતિ પર અમેરિકામાં કેટલેક ઠેકાણે નહાના નહાના કારખાનાં ઉઘાડવામાં આવ્યાં પરન્તુ તે યશસ્વી

૧ મરાઠી ઉપરથી.

નીવડ્યાં નહીં. કારણ તે વખતે અમેરિકામાં ઇંગ્લાંડથી લોખંડ જતું હતું અને તે ઘણું સસ્તું વેચવામાં આવતું હતું, તેથી પોતાના દેશના લોખંડના વ્યાપારને ઉત્તેજન આપવા અને પરદેશી માલને અટકાવવા ઇ. સ. ૧૮૬૧માં અમેરિકન સરકારે પરદેશી માલ ઉપર કર નાંખ્યો. એ ઉપાયથી ધારવા પ્રમાણે ઇચ્છિત હેતુ પાર પડ્યો એટલે પરદેશથી લોખંડ આવતું બન્ધ થયું. તે સમયમાં જે લોખંડનાં કારખાનાં મૃતાવસ્થામાં હતાં તેઓમાં ચૈતન્ય આવ્યું અને તેઓએ પોતાનું કામ મોટા ઉત્સાહથી શરૂ કર્યું. અહીંથીજ અમેરીકામાં લોખંડના વ્યવસાયનો આરમ્ભ થયો. ઇ. સ. ૧૮૭૬માં ઉત્તર અને દક્ષિણ અમેરિકનોમાં ગુલામી બાબત બાંહોબાંહે કલહ ઉત્પન્ન થયો અને રણ યજ્ઞ પણ શરૂ થયો. યુદ્ધમાં લોખંડની અત્યંત આવશ્યકતા હોય છે અને તેથી તે વખતે તેની કિમ્મત હદપાર વધી ગઇ. યુદ્ધ પહેલાં તેની કિમ્મત દર ટને ૫૫ રૂપીઆ હતી તે ૨૨૦ રૂપીઆ થઇ એટલે પહેલાંના કરતાં ચાર ગણી કિમ્મત વધી ગઇ. આ આકસ્મિક ઘટનાથી લોખંડના નહાનાં મોટાં કારખાનાને વિલક્ષણ પ્રાપ્તિ થઇ. તેઓમાં નવ-જીવન રેડ્યું. તેણે પોતાનું પૂર્વનું સ્વરૂપ છોડી દઇ પ્રચણ્ડ રૂપ ધારણ કર્યું. તેજ વખતે કાર્નેગીએ પિટસબર્ગમાં લોખંડનું એક જંગી કારખાનું ખોલ્યું, અને સરકાર અને રેલ્વે કમ્પની એઓને લોખંડ પૂરું પાડવાનું તેણે કાન્ટ્રેક્ટ લીધું અને પોતાના વ્યાપારની મોટી ઉન્નતિ કરી. જોતજોતામાં સર્વ દેશમાં તેનાં લોખંડના કારખાનાં ઉઘડ્યાં. ઇ. સ. ૧૮૬૦થી તે ૧૮૭૦ પર્યંત તેનો વ્યાપાર મન્દ ચાલ્યો. તેની માગણી ઘણા મોટા પ્રકારની થતી તોપણ તેની પેદાશ કમી થતી નહોતી; ત્યાર બાદ લોખંડનો ભાવ તદ્દન ઉતરી ગયો. ઇ. સ. ૧૮૬૭માં લોખંડનો વ્યાપાર કરવો એ ઘણું જોખમકારી કામ હતું, ત્યારે કેટલાંક કારખાનાંઓ દેવાળાં કાઢ્યાં હતાં અને તેઓએ પોતાનો વ્યાપાર બન્ધ કર્યો. કારખાનાં બન્ધ થવાનો એ ક્રમ પાંચ વર્ષ સુધી ચાલુ હતો. તે બન્ધ થનારા કારખાનાંનું સ્થાન દેશનાં મોટાં કારખાનાંઓએ લીધું. એ કારખાનાંઓએ તે મૃત્યુપંથના કારખાનાંઓને અલ્પ કિમ્મતમાં ખરીદી લઇ પોતાની વખારો માલથી ભરપૂર બનાવી દીધી, અને તે ભરપૂર કિમ્મતથીજ વેચાવા લાગ્યો. ઇ. સ. ૧૮૬૮ પર્યંત નહાનાં નહાનાં કારખાનાં નષ્ટ થઇ તે મોટાં કારખાનામાં ભળી ગયાં અને મોટાં કારખાનાંઓએ પ્રચણ્ડ રૂપ ધારણ કરવા માંડ્યું. આગળ જતાં એકાએક લોખંડના માલમાં તેજી આવવા લાગી અને માગણી વિલક્ષણ પ્રમાણથી વધવા લાગી. તે વખતે આ કારખાનાંઓએ માલ પૂરો પાડી પુષ્કળ નફો મેળવ્યો.

ઇ. સ. ૧૮૬૮માં લોખંડી માલમાં તેજી આવી અર્થાત્ વિલક્ષણ પ્રમાણમાં માગણી થવા લાગી અને તેથી તે વખતે મર્યું શય્યા પર પડેલાં કારખાનાંઓને જે નફો થયો તેની બે ત્રણ વર્ષ પૂર્વે કોઇને કલ્પના પણ નહોતી. "લોખંડનો રાજા" એ શબ્દથી ગૌરવપૂર્વક સંબોધાતો લોખંડનો પ્રખ્યાત વ્યાપારી કાર્નેગી તેનું એવું કહેવું છે કે 'લોખંડનો વ્યાપાર એ સમ્પતિશાળી બનાવે છે કિંવા તદ્દન અકિંચન પણ બનાવી મુકે છે. તેનું કારણ લોખંડ તૈયાર કરવામાં પુષ્કળ મજુરની આવશ્યકતા પડે છે તેથી ને.ઇ. ચેડાણ એકદમ નષ્ટથવે કિંવા તદ્દન કમી પ્રમાણ હોતી નથી. લોખંડ એ કાંઇ ખાવાની વસ્તુ નથી કિંવા પરમ આવશ્યકીય એવી વસ્તુ પણ નથી, અને તેથીજ તેની માંગણી પ્રસંગવશાત્ કમી-જાસ્તી હોય છે. અર્થાત્ માંગણી અને માલની ઉપજ એ બરોબર થતી ન હોવાથી તેનો ભાવ એકદમ કમી જાસ્તી થાય છે અને નફો-નુકશાન પણ આકસ્મિકજ થાય છે.

ઇ. સ. ૧૮૬૮માં લોખંડની એટલી બધી માગણી થઇ હતી કે અમેરિકાના લોખંડના વ્યાપારની પૂર્ણ ઉન્નતિ થઇ અને તે કારખાનાના માલેકો ધનાઢય બની આગળ પણ સારો નફો કરવા લાગ્યા. તે વખતે એ વ્યાપાર મોટી મોટી કમ્પનીઓ કરતી હતી. તેને સારો ફાયદો થતો જોઇ તેના શેર પણ ઘણા ખપવા લાગ્યા અને તેનાથી તે કમ્પનીમાં ચૈતન્ય આવ્યું અને તે અત્યંત ધન સંચય કરવા લાગી. લોખંડનાં મોટાં મોટાં કારખાનાં ઉઘડવા લાગ્યાં અને રેલ્વેનો વિસ્તાર વિશેષ પ્રમાણમાં વધવા લાગ્યો.

આ વખતે લોખંડનાં મોટાં મોટાં કારખાનાંઓએ કાર્નેગીના અધ્યક્ષપણા નીચે પોતાની પૂર્ણ ઉન્નતિ કરી લીધી. એ વખતે તે કારખાનાંઓએ જે નફો મેળવ્યો તે સર્વ નફો તે સર્વ કારખાનાની મૂડીમાં વાપરવામાં આવ્યો [illegible] તેનાથી ઘણીજ ઉન્નતિ થઈ. પોતાના [illegible] અને અનુભવથી કાર્નેગીએ એ કારખા[illegible] જગતનાં તમામ કારખાનાંઓથી શ્રેષ્ટ [illegible]નો માલ પેદા કરનારૂં બનાવ્યું. આ કારખાનાની પેલી બાજુ કોલસાનું કારખાનું હતું, લોખંડ કાઢવાની કેટલીક ખાણો હતી, સરિતાઓમાં ચાલનારી કેટલીક સ્ટીમરો હતી; અને એ કારખાનાંના માલેકની મોટી મોટી રેલ્વે લાઇનો પણ હતી. એ કમ્પની પોતાની ખાણમાંથી અશુદ્ધ લોખંડ કાઢી પોતાની સ્ટીમરો મારફતે કિંવા રેલ્વે મારફતે વ્હેવડાવી પોતાના કોલસાથીજ નહાના પ્રકારની વસ્તુઓ બનાવી અને પોતાની રેલ્વેથી તેને બજારમાં લઇ જઇ વેચતી હતી. તેથી આ કારખાનામાંથી નીકળેલો માલ સર્વથી સસ્તો અને ઉત્કૃષ્ટ હોય છે. અને તેથીજ તેની ખપત પણ સર્વથી વધુ થતી હતી. અર્થાત્ એ કારખાનું યશસ્વી બની કાર્નેગી કમ્પની અત્યંત ધનાઢય અને બલાઢય બની; પરંતુ એ કમ્પની સર્વ રીતે સ્વતંત્ર નહોતી, કારણ કે લોખંડી માલનો વ્યાપાર કરનારી બીજી કમ્પનીઓ આ કમ્પની પાસેથી સર્વ પ્રકારનો તૈયાર માલ લઇ તેને પરચુરણ વેચવાનો ધંધો કરતી, અને કોલાંક કારખાનાં અર્ધ તૈયાર માલ ખરીદી લઇ તેનો બીજો કોઇ માલ બનાવી તેઓ વેચતાં.

લોખંડી માલનો વ્યવસાય કરનારી આ નહાની નહાની કમ્પની એટલે કાર્નેગી કમ્પની સરખીના કારખાનામાંથી માલ ખરીદી તેનાથી ભિન્ન વસ્તુઓ બનાવી વેચે છે તો તેઓ પોતાની પરતંત્ર અવસ્થાથી સંતુષ્ટ ન થઇ. તેની પણ ઇચ્છા કાચા માલની આપણે સ્વતંત્ર સર્વ વસ્તુઓ બનાવવી અને બીજાને કોઇ ફાયદો ન થવા દેતાં આપણેજ સર્વ નફો મેળવવો એવી હતી તેથી તે કમ્પનીએ લોખંડ અને કોલસાઓની ખાણ ખરીદવાનો, સ્ટીમર અને રેલ્વે લાઇનો બનાવવાનો અને મોટાં મોટાં કારખાનાં ઉઘાડવાનો વિચાર કર્યો. આથી કાર્નેગી કંપની અને બીજી મોટી મોટી કમ્પનીઓને હાની થનાર હતી. આથી લોખંડના વ્યાપારમાં મોટી ખળભળ ઉત્પન્ન થઇ. તે વખતે અમેરિકામાં બુદ્ધિમાન અને જવાબદારોએ વિચાર કર્યો કે, હવે આ કમ્પનીઓમાં માહોમાંહેમાં ભયંકર ચડસ પેદા થશે અને તેનામાં લોખંડના વ્યાપારની ભયંકર હાનિ થવાનો સંભવ છે અને તેથી તેનું નિવારણ કરવા સારૂ સર્વ કમ્પનીઓ જોડી દેવી અને લોખંડનો વ્યાપાર કરનારી એક પ્રચણ્ડ કમ્પની સ્થાપવી એવો ઠરાવ કર્યો. અને તે પ્રમાણે પ્રયત્ન કરી "ધી યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન" નામની સંયુક્ત સંસ્થાનની એક પ્રચણ્ડ કંપની સ્થાપવામાં આવી.

એ કમ્પની પ્રસ્થાપિત કરવામાં એક મોટી અડચણ હતી. અને તે એ કે એ કમ્પની સ્થાપન કર્યા બાદ તેનો સુવ્યવસ્થિત રીતે ચલાવનાર એવા મનુષ્યની હતી. કારણ કે એ માણસ મોટો દૂરદર્શી, હુશિયાર અને અનુભવી

હોવાની જરૂર હતી. તેમજ આ પ્રચંડ અને વિકટ કાર્યમાં ધનિક, ઔદ્યોગિક, અને ધારા શાસ્ત્રી મનુષ્યની પણ આવશ્યકતા હતી. મુદ્દે આ કામમાં સર્વ લોકોને મોટી આસ્થા હતી કારણ કે આ વખતે લોખંડના વ્યાપાર સાથે સર્વને થોડો ઘણો સમ્બન્ધ હતો તેને જો હાની પહોંચશે તો સર્વને નુકશાન થવાનો સંભવ હતો. તેથી આ કામનો બાર પોતાનાં શિર પર રાખી આગળ ચાલવા લાગ્યા. આ કાર્યનો સર્વ ભાર માર્ગને પોતાને શીર રાખ્યો. આ પ્રચંડ કમ્પની સ્થાપવાનો સર્વ વૃતાંત ગુપ્ત હોવાથી તેની થોડાજ લોકોને ખબર છે. આ સર્વ કારખાનાંને એકત્ર કરવામાં ઘણા વખતની જરૂર નહોતી. કેમકે એ કારખાનાની સર્વ સ્થિતિ આ મોટી કાર્પોરેશનની સ્થાપના કરનારને ખબર હતી. પ્રથમ ચાર મોટી કમ્પની એકત્ર કરવાનો વિચાર હતો, પરન્તુ એમ કરવાથી બાકી રહેલી કમ્પનીમાં પુનઃ કલહ ઉત્પન્ન થાય.

આ કમ્પનીને જર્સુજેર્સી પ્રાંતમાં તા. ૨૩ ફેબ્રુઆરી ૧૯૦૧ના રોજ રજીષ્ટર કરવામાં આવી, પરન્તુ પુનઃ તે વ્યવસ્થા બદલી તેજ સાલના એપ્રીલ માસમાં તેને પુનઃ નોંધવામાં આવી. તે વખતે તેની મૂડી ૩,૩૦,૦૦,૦૦,૦૦૦ રૂપીઆની કરવામાં આવી અને કારણ પરત્વે એ મૂડી વધારવાનો અધિકાર કોર્પોરેશનને આપવામાં આવ્યો.

મિ. માર્ગન એ ન્યુયોર્ક શહેરમાં પ્રમુખ વ્યાપારી હતો. તેની બેન્કની ગણના જગતની મોટી બેન્કોની ગણનામાં હતી. મધ્યસ્થી વ્યાપારીમાં તેની ગણના હતી. થોડો વખત બાદ તેનો પરલોકવાસ થયો. ત્યારબાદ કુબેરની માફક ધન સંચયનું કામ કોર્પોરેશનનેજ સોપવામાં આવ્યું. ત્યારે બાદ ૩૨,૦૦,૦૦,૦૦૦, રૂપિયા જમા થયા. ૩,૫૦,૦૦,૦૦૦ રૂપિઆ સંચાલકને આપ્યા. આ સિવાય માર્ગન સાહેબને અને તેની બેન્કને વેચાણ બદલ કમિશન, જાહેર ખબરનો ખર્ચ વીગેરેનો કેટલોક ખર્ચ કરવામાં આવ્યો તે જુદો. તે વખતે ફક્ત માર્ગન સાહેબને તેની મહેનતના બદલામાં ૧૩,૮૦,૦૦,૦૦૦ રૂપિઆ આપવામાં આવ્યા હતા. વાસ્તવિક રીતે જોતાં આવા મહાન કાર્ય ઉત્કૃષ્ટ રીતે બજાવવાની મહેનતના બદલામાં ઉપલી રકમ કાંઇજ નથી. એ સિવાય કાર્નેગી કમ્પનીમાં જે હિસ્સા હતા તે પણ આ કમ્પનીએ ખરીદી લીધા. તેની કિમ્મતના કાર્નેગીને ૧,૬૮,૬૦,૦૦ ૦૦૦ રૂપિઆની કિમ્મતનો હિસ્સો આ કમ્પનીએ આપ્યો. વાંચક! કેવો ચમત્કાર છે તે જુઓ! એક અનાથ બાલક કાર્નેગી ઈ. સ. ૧૮૪૫માં પોતાની મા સાથે અમેરિકામાં મજુરી કરવા માટે આવ્યો હતો. તે પોતાની અક્કલ હોંસિઆરીથી, અને બાહુબલથી દોઢ અબજ રૂપીઆનો માલીક થઇ બેઠો. અસ્તુ. એ સિવાય આવી કમ્પની ૧,૫૬,૬૦,૦૦,૦૦૦, રૂપીઆમાં ખરીદી લેવામાં આવી. આ પ્રચણ્ડ કોર્પોરેશનની પહેલેજ વર્ષે ૧,૩૧,૯૫,૫૩,૮૪૦ ડોલરની મૂડી થઇ હતી.

નીચે આપેલા આંકડા ઉપરથી પ્રારંભે આ કોર્પોરેશન પાસે કેટલું ધન હતું તેનું ઉત્તમ અનુમાન થશે એણે આરંભમાંજ નીચે લખેલાં કારખાનાં વીગેરે ખરીદ કીધાં.

૨૧૩ ભિન્ન ભિન્ન તરેહનાં લોખંડનાં કારખાનાં; ૪૧ લોખંડની ખાણો; ૧૦૦૦ માઇલ પર્યંતની રેલ્વે કમ્પની; ૧૧૨ મોટી મોટી સ્ટીમરો, ૧૮ બ્લેસ્ટ ફર્નેસ્ટ લોખંડ ગાળવાની ભઠ્ઠીઓ; ૫૭૦૦૦ એકર લાકડાંનાં કોલસા બનાવવાની જમીન; ૫૦,૦૦૦ એકર ક્રોલસા નીકળનારી જમીન; અને બીજી મોટી મોટી અત્યંત મહત્તની લોખંડની ખાણો. તેમાંથી તેઓને ૧૫,૦૦,૦૦,૦૦૦ ટન લોખંડ મળે એમ હતું.

આમળ જતાં સમયને પ્રમાણે નીચે જણાવેલી કમ્પનીઓ પણ તેણે ખરીદ કરી.

ઇ. સ. ૧૮૬૮માં લોખંડની એટલી બધી માગણી થઇ હતી કે અમેરિકાના લોખંડના વ્યાપારની પૂર્ણ ઉન્નતિ થઇ અને તે કારખાનાના માલેકો ધનાઢય બની આગળ પણ સારો નફો કરવા લાગ્યા. તે વખતે એ વ્યાપાર મોટી મોટી કમ્પનીઓ કરતી હતી. તેને સારો ફાયદો થતો જોઇ તેના શેર પણ ઘણા ખપવા લાગ્યા અને તેનાથી તે કમ્પનીમાં ચૈતન્ય આવ્યું અને તે અત્યંત ધન સંચય કરવા લાગી. લોખંડનાં મોટાં મોટાં કારખાનાં ઉઘડવા લાગ્યાં અને રેલ્વેનો વિસ્તાર વિશેષ પ્રમાણમાં વધવા લાગ્યો.

આ વખતે લોખંડનાં મોટાં મોટાં કારખાનાંઓએ કાર્નેગીના અધ્યક્ષપણા નીચે પોતાની પૂર્ણ ઉન્નતિ કરી લીધી. એ વખતે તે કારખાનાંઓએ જે નફો મેળવ્યો તે સર્વ નફો તે સર્વ કારખાનાની મૂડીમાં વાપરવામાં આવ્યો તેનાથી ઘણીજ ઉન્નતિ થઇ. પોતાના [illegible]ગી અને અનુભવથી કાર્નેગીએ એ કારખાનું જગતનાં તમામ કારખાનાંઓથી શ્રેષ્ઠ [illegible] માલ પેદા કરનારૂં બનાવ્યું. આ કારખાનાની પેલી બાજુ કોલસાનું કારખાનું હતું, લોખંડ કાઢવાની કેટલીક ખાણો હતી, સરિતાઓમાં ચાલનારી કેટલીક સ્ટીમરો હતી; અને એ કારખાનાંના માલેકની મોટી મોટી રેલ્વે લાઇનો પણ હતી. એ કમ્પની પોતાની ખાણમાંથી અશુદ્ધ લોખંડ કાઢી પોતાની સ્ટીમરો મારફતે કિંવા રેલ્વે મારફતે બ્હેવડાવી પોતાના કોલસાથીજ નહાના પ્રકારની વસ્તુઓ બનાવી અને પોતાની રેલ્વેથી તેને બજારમાં લઇ જઇ વેચતી હતી. તેથી આ કારખાનામાંથી નીકળેલો માલ સર્વથી સસ્તો અને ઉત્કૃષ્ટ હોય છે. અને તેથીજ તેની ખપત પણ સર્વથી વધુ થતી હતી. અર્થાત્ એ કારખાનું યશસ્વી બની કાર્નેગી કમ્પની અત્યંત ધનાઢય અને બલાઢય બની; પરંતુ એ કમ્પની સર્વ રીતે સ્વાતંત્ર નહોતી, કારણ કે લોખંડી માલનો વ્યાપાર કરનારી બીજી કમ્પનીઓ આ કમ્પની પાસેથી સર્વ પ્રકારનો તૈયાર માલ લઇ તેને પરચુરણ વેચવાનો ધંધો કરતી, અને કેટલાંક કારખાનાં અર્ધ તૈયાર માલ ખરીદી લઇ તેનો બીજો કાંઇ માલ બનાવી તેઓ વેચતાં.

લોખંડી માલનો વ્યવસાય કરનારી આ નહાની નહાની કમ્પની એટલે કાર્નેગી કમ્પની સરખીના કારખાનામાંથી માલ ખરીદી તેનાથી ભિન્ન વસ્તુઓ બનાવી વેચે છે તો તેઓ પોતાની પરતંત્ર અવસ્થાથી સંતુષ્ટ ન થઇ. તેની પણ ઇચ્છા કાચા માલની આપણે સ્વતંત્ર સર્વ વસ્તુઓ બનાવવી અને બીજાને કાંઇ ફાયદો ન થવા દેતાં આપણેજ સર્વ નફો મેળવવો એવી હતી તેથી તે કમ્પનીએ લોખંડ અને કોલસાઓની ખાણ ખરીદવાનો, સ્ટીમર અને રેલ્વે લાઇનો બનાવવાનો અને મોટાં મોટાં કારખાનાં ઉઘાડવાનો વિચાર કર્યો. આથી કાર્નેગી કંપની અને બીજી મોટી મોટી કંમ્પનીઓને હાની થનાર હતી. આથી લોખંડના વ્યાપારમાં મોટી ખળભળ ઉત્પન્ન થઇ. તે વખતે અમેરિકામાં બુદ્ધિમાન અને જવાબદારોએ વિચાર કર્યો કે, હવે આ કમ્પનીઓમાં માહોમાંહેમાં ભયંકર ચડસ પેદા થશે અને તેનામાં લોખંડના વ્યાપારની ભયંકર હાનિ થવાનો સંભવ છે અને તેથી તેનું નિવારણ કરવા સારૂ સર્વ કમ્પનીઓ જોડી દેવી અને લોખંડનો વ્યાપાર કરનારી એક પ્રચણ્ડ કમ્પની સ્થાપવી એવો ઠરાવ કર્યો. અને તે પ્રમાણે પ્રયત્ન કરી "ધી યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન" નામની સંયુક્ત સંસ્થાનની એક પ્રચણ્ડ કંપની સ્થાપવામાં આવી.

એ કમ્પની પ્રસ્થાપિત કરવામાં એક મોટી અડચણ હતી. અને તે એ કે એ કમ્પની સ્થાપન કર્યા બાદ તેને સુવ્યવસ્થિત રીતે ચલાવનાર એવા મનુષ્યની હતી. કારણ કે એ માણસ મોટા દૂરદર્શી, હુશિયાર અને અનુભવી

ઉંઝા આયુર્વેદિક ફાર્મસી.

સ્થાપન ૧૯૯૪

કારખાનું ઉંઝા

બ્રાન્ચ પાટણ.

કાઠીઆવાડ એજંટ

નારાયણલાલ દલસુખરામ

વીરમગામ.

દ્રાક્ષાસવ.

આ દ્રાક્ષાસવ ગરમીને શાંત કરી દરેક દરદોનું મુળ ને કબજીઆત તેને દુર કરી દરત સાફ લાવી ફકડતી ભુખ લગાડે છે, મીઠી ઉંઘ લાવે છે. રક્તપત્ત, અમ્લપીત, ક્ષય, લોહી બીકાર વિગેરે અનેક દરદોને નાબુદ કરી અદભુત શક્તિ આપે છે.

કિ. બા. બેકના રૂ. ૨)

મકરધ્વજ યાકુતી.

(યાકુતીનો રાજા)

આ યાકુતી જુવાનીમાં બુદ્ધાપા જેવા થયેલા શરીરને ખાત્રીપુર્વક નવ જુવાન બનાવી કુદરતી બક્ષીસ જેવી અલોકીક શક્તિ આપે છે. વંશ પરંપરાની જુની યાકુતી છે. આજકાલની નવીન નકલી બનાવટથી આ યાકુતીમાં કીમતી વસાણાઓનો સમાવેશ કર્યો છે. કિ. ગો. ૪૦ની બા. ૧ના રૂ. ૧૦.

ઠે. પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવ બીલ્ડીંગ, મુંબઇ ૨,

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ

ફાર્માસ્યુટીકલ વર્કસ,
એલફન્સ્ટન રોડ, મુંબઈ.—

ભંડાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય. કબજીયત રહેતી હોય યાને Dyspepsiaનો અકસીર ઇલાજ. ૧ા રતલની બાટલીની કીંમત રૂા.૧.

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ સમય ઉંદમાં પ્રાપ્ત છે. અજોડ બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે.

રતલ ૧ની બાટલીની કી. રૂ. ૨॥

ધોળકાના સુવિખ્યાત વૈદ્ય જાફરભાઈ

જીવણભાઇની રામબાણ દવાઓ.

રૂા૦ ૫૦૧નું ઈનામ,

શુક્રસંજીવની ગુટિકા

દરેક માણસ સમજે છે કે ધાતુની મજબુતીથીજ શરીરની શક્તિ અને મજબુતી કાયમ રહે છે, આવી જીવનરૂપ ધાતુનો કોઇ પણ કુટેવદ્વારા કે અનિયમીત રીતે ગેરઉપયોગ કરવાથી શરીર નિર્બળ થઇ જઇ કળતર, વાંસાનું કાટલું, ચહેરાનું ફીકું પડી જવું, જ્ઞાનતંતુઓની નબળાઇ, થોડી મહેનતે વધારે થાક લાગવો, મગજનું ખાલી પડી જવું, બેચેની, કામ કરવા ઉપર કંટાળો, હોજરીનો બગાડ, યાદશક્તનું કમી થવું, ઉધરસ, ક્ષય, શ્વાસ વિગેરે વિગેરે અનેક રોગો ઉત્પન્ન થાય છે. તેનો અને તે સિવાય ધાતુ બગાડથી થયેલા તમામ દરદોનો નાશ કરી શુક્રસંજીવની ગુટિકા કાયમનું પુરૂષત્વ બક્ષે છે, તેમજ પાચનશક્તિ સુધારી દરદને સાફ લાવી કોઇ પણ રસ્તેથી જતી ધાતુને અટકાવી ગમે તે કારણથી પ્રાપ્ત થયેલી નામર્દીનો નાશ કરી શક્તિ અને વર્યને વધારી શરીરને મજબુત કરી પરિપૂર્ણ મરદાઇ બક્ષવી એ તેનો મુખ્ય ગુણ છે. છતાં કોઇ શખ્સ સાબત કરી આપશે કે શુક્રસંજીવની ગુટિકામાં શક્ત અને વિર્ય વધારવાનો ગુણ નથી તો તેને રૂા૦ ૫૦૧નું ઈનામ આપીશું.

ગોળી ૧૫૦ની ડબ્બી ૧ની કીં. રૂા. ૨–૮–૦

તાળુબ્બી ચોગ્ય તિલો.

ગમે તે કારણથી નરમ પડેલી ગુપ્ત ભાગની રગો ઉપર આ તલાને માલેસ કરવાથી કરીથી ટટ્ટાર બની રગોની કમજોરી દુર થાય છે.

કીંમત શીશી ૧નો રૂા૦ ૨—૮—૦

રૂા૦ ૫૦૧નું ઈનામ,

જવરહર—ગુટિકા.

અમારી જવરહર ગુટિકાથી દરેક જાતના તાવો ન જાય તો લીધેલા પૈસા પાછા આપીશું અને બીજીઓ તાવ નથી જતો એવું સાબિત કરનારને રૂ. ૫૦૧નું ઇનામ આપીશું

ગોળી ૬૪ની ડબ્બી ૧ના કીં રૂ. ૧-૦-૦

તદ્દન મફત.

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક—નઠારી સોબત અને બરાબ વિચારોથી મનુષ્યને શરીરની પાયમાલી કરનારી કુટેવો પડે છે. તેવી કુટેવોમાંથી મુક્ત કરવામાં આ પુસ્તક એક સાચા મિત્રની ગરજ સારે છે અને તંદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય, ઉમદા વિચાર અને સંપૂર્ણ સુખ મેળવવાના અખુટ સાધનો બતાવે છે તે સીવાય અમારો અકસીર દવાઓની સંપૂર્ણ માહતી મળે છે ફક્ત એક પોસ્ટ કાર્ડ લખવાથી તદ્દન મફત મોકલવામાં આવે છે

પરમીઆની અકસીર દવા.

આ દવા ગમે તે કારણથી થયેલ અને ગમે તેટલી મુદતનાં તેમજ કોઈ પણ જાતની પરમિયાનો જડમૂળમાંથી નાશ કરી તન્દુરસ્તી સાથ તાકાત આપે છે અને થતી બળતરા, ચાલતું પરૂ, (રસી) સાંધાનો અને પેઢુનો દુખાવો, કળતર, બેચેની રજમાં થતી પીડા, પાતળી પડેલી ધાતુ, ટીપે ટીપે આવતો પેશાબ પન । ભાગનો સોજો, વગેરે દરદો અને આ સીવાય પરમિયાથી થયેલા તમામ દરદોનો ઠુંક વખતમાં નાશ કરી આવેલી નિર્બળતાને દુર કરી શરીરને શક્તિ આપે છે.

ડબ્બી ૧ની કીંમત રૂા. ૨—૮—૦

ધાતુપુષ્ટ નામનું પુસ્તક મંગાવી વાંચો

અમારી દરેક દવાની માહિતી માટે ધાતુપુષ્ટ નામનું પુસ્તક મંગાવી વાંચો.

વૈદ્ય જાફરભાઇ જીવણભાઈ આરોગ્ય વર્ધક ઔષધાલય-મુ૦ ધોળકા—(ગુજરાત

મફત! આ જાહેરખબર કાપી મોકલનારને નમુનાની બાટલી મફત!

ડૉ. જી. બી. ની

ઔષધિક ખુશબોદાર

તપકીર

(Reg. T. Mark)

ઉત્તમ કીમતી ઔષધિઓ સાથે ઉમદા સુવાસિત વસાણાથી
જ્ઞાનતંતુઓને પોષણ આપનારી બનાવી છે.

તપેલા મગજ અને કંટાળેલા જીવને ઠંડા કરી શાન્તિ આપે છે.

ફકત એકજ ચપટી.

પીનસ, આધાસીસી, હિસ્ટિરીયા, નજલો, સન્નેપાત, શરદી, માથાના દુઃખા, ચસકા વિગેરે મગજ અને માથાનાં તમામ દર્દોને દૂર કરે છે.

કીમત શીશીના ચાર આના.

પોસ્ટેજ ૧ થી ૩૬ શીશીના આના ત્રણ વધુ. ૩૭ થી ૧૨ના રૂા. ૨-૮-૦ ૮ ખ. સાથે ૨-૧૪-૦

ખાસ સુચના—

તપકીર ખરીદતા પહેલાં ટ્રેડમાર્ક તપાસજો કારણકે અમારા ઘણા વર્ષના અવિશ્રાંત પરિશ્રમને લીધે તથા નિષ્કલંક પ્રસિદ્ધિને લીધે તપકીરનું બળતું નામ આપી નકલ કરે છે. નકલી માલ ફાયદો ન કરતાં નુકશાન કરે છે, એ સાબીત થએલું છે.

બહારગામ એજન્ટો જોઇએ છીએ. કમીશન સારૂં મળશે.

વર્ધમાન એન્ડ સન્સ.

પાયધુની, ટ્રામ જંકશન, મુંબઈ નં૦ ૩.

જૈન શાસન-- (ગુજરાતી—હિન્દી.)

પ્રતિ બુધવારે પ્રાતઃકાલે પ્રકટ થાય છે.

હિંદુસ્તાનના ચારે ભાગોમાં વસતી સમગ્ર જૈન પ્રજાનો અવાજ પ્રકાશમાં લાવનારૂં, તેમને પ્રગતીમાં મુકવાને નવાં આન્દોલનો પ્રસારતું, રાજ્યદ્વારમાં તેમનાં સિદ્ધાંતોની ઘોષણા પહોંચાડનારૂં, આગેવાનો અને વિદ્વાનોના પ્રમાદને ઉડાડનારૂં અને શ્રાવિકા બહેનોની સુધારણા માટે શ્રમ કરનારૂં આ એક અદ્વિતીય પત્ર છે. ઉંચા વિચારો ધરાવનારા બન્ધુઓમાં માન પામતું બન્યુ છે. તટસ્થ પણે સત્યાસત્ય દાખવે છે. જૈન સમાજની કોમોમાં પેઠેલા :સડાઓ માટે કડક શબ્દોમાં બોલે છે. એક સુધરેલી કોમને જેવું જોઇએ તેવું વાજીંત્ર બનવાને દરેક તકે પ્રયાસ કરે છે. પોતાના લેખન વિષયોમાં દિવસે દિવસે સુધારા કરે છે. વેપાર અને હુનર કળા જે વિષય ખાસ જૈન સમાજનો છે છતાં તેનો જૈન સમાજનાં પત્રોમાં સમૂળગો અભાવજ છે તે અભાવને દુર કરવાને ચિન્તવન થાય છે. જૈન ધર્મનાં તત્વ જ્ઞાન અને સત્ય રહસ્યને પ્રકટાવવાને મન્થન કરે છે તેવા આ એક ઉછરતા વાજીંત્રને માત્ર એકવાર મંગાવી વાંચી જોવા ભલામણ કરવામાં આવે છે, નમુનો મફત મોકલમાં આવે છે. જૈન સમાજની ચર્ચાઓ અને ધર્મ તથા રીત રીવાજોના વાદગ્રસ્ત પ્રશ્નોને ખુશીથી સ્થાન આપવામાં આવે છે. પ્રતિવર્ષે દળદાર પુસ્તક ભેટ આપવામાં આવે છે. આ ચાલુ વર્ષમાં " કુસુમશ્રી " નામનું પુસ્તક ભેટ તરીકે બહાર પડયું છે. વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ અગાઉથી. ભેટના પુસ્તકના વી. પી. ખરચના રૂા. ૦-૩-૦ અલગ. માત્ર એક નમુનો મંગાવીને વાંચી જુઓ.

લખો—અધિપતિ, જૈન શાસન-ભાવનગર.

કાશ્મીરી શિલાજીત, નિર્બલતા, પ્રમેહ, સ્વપ્નદોષ ૪૦ ની સર્વોત્તમ ઔષધિ તોલા ના ૦॥, પવિત્ર કેશર રૂ. ૧॥, અસલ કસ્તુરી રૂ. ૩૫, સુમો અસલ મંગીરાનો રૂ. ૩ તો૦, અંગુરી હિંગ રૂ. ૨॥, સુગંધિત સ્યાહ જીરૂં રૂ. ૧॥, પવિત્ર ધૂપ રૂ. ૧ રતલ.

કાશ્મીર સ્ટોર્સ—શ્રીનગર નં૦ ૨૬

હિંદને સ્વરાજ્ય.

સ્વરાજ્યનાં વીરોની ત્રણ કલરમાં છબીઓ.

સ્વરાજ્ય સેવા નાયક મહર્ષી દાદાની છબી તેમના સ્વરાજ્ય સંદેશા સાથે ખમુજ આકર્ષક છે. સત્યાગ્રહ મૂર્તિમંત સ્વરૂપ મહાત્મા ગાંધીની પ્રતિકૃતી રચના એક ઉત્તમ મુદ્રાલેખ સાથે શોભી રહે છે. લોકમાન્ય બાળગંગાધર તીલકની મૂર્તિ સ્વદેશ સેવાનું મુર્તીમંત સ્વરૂપ રજુ કરે છે. અને "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે." એવી દરેકની ખાત્રી કરી આપે છે હોમરૂલ સૂર્યના પ્રકાશ રેહાળ વિદ્યુપી બેમંદની મુર્તી શોભી રહેલી છે. અને જોનારના હૃદયોમાં દેશ હિત માટે નવું ચેતન સ્ફુરાવે છે. હિંદી લોકનાયકોની આ છબીઓ દરેક હિતેપીએ સુંદર ફ્રેમમાં મઢાવી સંગ્રહી રાખવી ઘટે છે. અમને ખાત્રી છે કે આ છબીઓ દીવાનખાનાની શોભા વધારશે એટલુંજ નહિ પરંતુ કુટુંબોમાં સ્વદેશ સેવાની પવીત્ર ભાવના પ્રેરશે અને એકેએક હીંદીના હૃદયમાં માતૃભુમીનો ઉત્કર્ષ સાધવા નવીન ચેતન સ્ફુરાવશે. છબીઓ ફુલસકેપ સાઇજની ત્રણ રંગ રંગાયલી છે. પાંચ છબીના સટના ફક્ત પંદર આના ટ. ખ. પણ અમે આપીશું. છબીઓ તુરત મંગાવો.

વર્ધમાન એન્ડ સન્સ, પાયધુની જંકશન, મુંબઇ નં૦ ૩.

દરેક જાતનાં દાન આપવાનું સુપાત્ર સ્થાન

હિંદુ અનાથ આશ્રમ

નડીઆદ.

આખા હિંદના હિંદુ જાતીનાં અનાથ બાળોને પાળવામાં આવે છે. વ્યવસ્થા માટે જાહેર પુરૂષોના ઉત્તમ અભિપ્રાય મળેલા છે.

દરેક જાતનાં દાન લેવાય છે–દરેક દાનની પાવતી મળે છે–વસ્ત્રદાનની જરૂર છે. દાન કરવાના દરેક પ્રસંગે આ અનાથોને યાદ કરજો. અને કંઇ પણ રકમ દાન મોકલી પેલા ભવનું ભાથું બાંધી લેજો.

રૂ. ૨૦૦) માં દર વર્ષે એક દિવસ દાતાના નામથી ભોજન અપાય છે તથા આરસની તખ્તીમાં નામનું સ્મારક રખાય છે.

રૂ. ૨૫) માં ગૌદાન અપાય છે–બોર્ડપર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારાનાં નામ વારસીક રીપોર્ટમાં પ્રગટ થાય છે.

દાન મોકલી રીપોર્ટ મંગાવો–દરેક જાતના દાનની જરૂર છે.

મંત્રી—

હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ.

શ્રીમંતોના સુખનું સાધન.

આજકાલ ગરીબ તેમજ તવંગરના સુખનો હેતુ પોતાનો જનમાલ અને કીંમતી ઓચરીયાંનું, લુચ્ચા, લફંગા, ચોર, ધાડપાડુ તેમજ ભયંકર આગની ધાસ્તીથી રક્ષણ કરવામાં સમાએલો છે. જ્યાં સુધી તેનું સંતોષકારક રક્ષણ નથી થઇ શકતું ત્યાંસુધી જીવને દીલકુલ ચેન પડતું નથી. એવો કયો મુરખો હશે કે તેના ઈલાજને હોવાં છતાં ચાંપતા ઉપાયો ન લે.

મુંબાઇમાં ત્રીજોરી બનાવવાના ઘણા કારખાનાઓ છે છતાં એવા મોટા શહેરમાં પણ સુરતવાલા મેસર્સ. ટી. અમીચંદની ફાયરપ્રુફ ત્રીજોરીઓ એટી અવાજે સંપુર્ણ પસંદગી પામેલી છે જેનું કારણ માત્ર એટલુંજ છે કે મજબુત કામ છે અને મધ્યમ દામ છે. હમારા કામની ખામી મટિ રાજા રજવાડાઓમાંથી તેમજ પદર્શનમાંથી ચાંદ તેમજ સંખ્યા બંધ સરટીફીકેટો મળેલા છે માટે ભલા ગૃહસ્થો ઉપરથી ત્રીજોરી જોવા દેખાતા ખાલી ડોબરાઓમાં તમારા અમુલ્ય પૈસાનો ભોગ આપતાં પહેલાં જરૂર એક વખત હમારી દુકાનની મુલાકાત લેશો કે જેથી તીજોરીની સઘળી માહીતી મેળવી શકાય.

બીજાં કામો જેવાં કે તાળાં, કળો, કેશ બોક્ષો પણ તેવાજ ખાત્રીલાયક બનાવવામાં આવે છે. વધુ ખુલાસો રૂબરૂમાં થઇ શકશે. પ્રાઇસ લીસ્ટ મફત મોકલીશું.

મેસર્સ. ટી. અમીચંદની કું.

ફાયરપ્રુફ તીજોરીઓ બનાવનાર.

ઠે. કણપીઠ બન્દર, સુરત

ELECTRIC POCKET LAMPS.

વીજળીના દીવા.

(૧) નાના ગજવામાં પણ રાખી શકાય છે.

(૨) અગ્નિની બીલકુલ ધારતી નથી.

(૩) તેલ, દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.

(૪) ફકત ચાંપ નીચે બસેડતાંજ ભપકાદાર રોશની થાય છે.

(૫) જરા પણ ધુણી કે ધુમાડો થતો નથી કે વાસ આવતી નથી.

(૬) રાત્રીને વખતે ઓશીકા તળે રાખી જરૂર પ્રસંગે કામમાં લેવાથી સાંજથી સવાર સુધી બીજા દીવા બળતા રાખવાનો નકામો ખર્ચ અટકે છે.

(૭) ખાસ કરીને ડીરેક્ટીકટ ફરતા ઓફીસરો, જનાળુ તેમજ મુસાફર લોકો વાસ્તે ઘણાજ ઉપયોગી છે. કીં. રૂ. ૨॥, ૩, ૩॥ ૪, ૫ અને ૬. પોસ્ટેજ ૬ આના. રજીસ્ટરટી રૂ. ૧)

સી. ગોવિંદ એન્ડ કો૦ (એસ) અમદાવાદ.

C Govind & co. (S) Ahmedabad.

બગડેલા લોહીને શુદ્ધ કરનારો

ડૉ. વામન ગોપાળનો
ઓરીજીનલ
સારસાપરિલા.

આ સારસાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત છે અને લાખો માણસોએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશાઓ દુર કરી છે.

આ સારસાપરિલા એવા અનેક ઔષધોમાંથી તૈયાર કરવામાં આવે છે કે જે ઔષધો કોઈપણ કારણથી દુષિત થયેલાં લોહીને શુદ્ધ કરી વૃદ્ધિ કરે છે. આ સારસાપરિલા ફક્ત લોહી સુધારે છે એટલુંજ નહીં પણ બીજા ઘણા દરદો જેવા કે ઉપદંશ અટકે ગરમી, સાંધાનું રહી જવું, ગડોમાં તેમજ શરીરના બીજા....ભાગો પર ફોલ્લા થઈ આવવા, નાકનું બેસી જવું, શરીરનું સુજી જવું, અને શરીરમાં કળતર થવી, તેમજ ખુજલી, ખરજ, દરાજ વગેરે ઉપર પણ અકસીર ઇલાજ છે.

કોઇપણ દવા ગુણકારી કરે છે કે તેની નકલો થવા માંડે છે માટે નકલી માલથી સાવધ રહેજો અને લેતી વખતે અમારૂં નામ...જોઇને લેજો.

કીંમત શીશી ૧નો રૂ. ૧ પોસ્ટેજ તથા પેકીંગ ખર્ચ આના ૫ જુદું. ચાર શીશીઓ લેવાથી સારો ફાયદો થાય છે. ચાર શીશીઓ સામટી મંગવનારને રૂ ૪॥ પડશે.

માલેક- ડો. ગોતમરાવ કેશવ એન્ડ સન્સ.

ઠાકુરદ્વાર–મુંબઇ.

આ સારસાપરિલા દરેક દવાના વ્યાપારીને ત્યાંથી મળશે.

ચાઉતરનું અમૃતબિંદુ

રજીસ્ટર્ડ નં. ૮૪૬-૫૮

સઘળા પ્રકારનો દુખાવો, લકવા, સંધીવા, સુળ, ચુક, ઉલટી, ઝાડો, મરડો, કોલેરા, અરૂચી, અજીર્ણ, ખાંસી, દમ, સણેખમ, સરદી, માથાનો દુખાવો, દાંત કે દાઢનું કળતર અવાળુનો દુખાવો, મોંમાંથી દુર્ગંધ છુટવી, મળચ આવવી, ખાટાં કે તીખાં ઘચરકાં, કાનનું પાકવું, પરૂ વહેવું, આંખો દુખવી, શરીરે સોજા આવવા, ઘા લાગવા, ઘસાર પડવા, હાથ પગમાં ચીરા પડવા, ઘાનુ પાકવું, ઘામાં જીવ વા, સંગ્રહણ, નાસુર, પીન્નસ, સુરતી, બેચેની, નબળાઇ, નામર્દાઇ, હરસ, પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, બરોળ, અંડવૃધ્ધિ, પ્રદરરોગ કોઇ પણ જાતનો તાવ, વાળો, ન્હાર, વિગેરે અનેક રોગ આ એકજ દવાથી તત્કાલ દુર થાય છે, વળી ભમરી, મધમાખ, વીંછી, વિગેરેના ડંખ ઉપર આ એક જાદુઈ દવા છે. માંકડ મચ્છર, વંદા, કરોળીયા, કસારી ઉધેઇ વિગેરે નુકશાનકારક જંતુનો નાશ કરે છે.

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઈ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર અલૌકીક જ છે. ઉંચામાં ઉંચી જાતનાં કોઇપણ પેનકીલર કરતાં અમૃતબિંદુ ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની ઘટાડેલી કીંમત માત્ર રૂ. ૧॥ પોસ્ટેજ સાથે છે. છ શીશીના રૂ. ૮) પોસ્ટેજ માફ.

કેટલોગ મફત મંગાવો.

સીરનામું:—

"અમૃતબિન્દુ"—આફીસ

નડિયાદ

સેન્ડોનું સામર્થ્ય અથવા અપરિમિત આપબળ.

દોડતી મોટર રોકવી, છાતીપર ટનના હીસાબના વજનનું ધારણ કરવું, વીજળી માફક કુદાવતે શરીરે હવામાં સ્વેચ્છાચારી કસરત કરવી. એ સઘળું શરીરમાં સામર્થ્ય હોય તોજ બની શકે છે. અને એવું બબુટ બળ, દ્રઢ મન અને ચણુકદાર સામર્થ્ય મેળવવા

મદનમંજરી ગોળીઓ.

એકી અવાજે દુનિયાની દશે દીશાએ વીહાર કરી રહી છે. આ ગોળીઓ રોગીને રોગ મુક્ત કરે છે અને નિરોગીને બબુટ બળ આપે છે. નસોની કમજોરી, ધાતુ ક્ષીણતા, ધાતુનુ તપી પાતળું પડી જવું, લોહીનું ઉકળવું, અપચો, અરૂચી, મંદાગ્નિ વીગેરેનો જોત જોતામાં નાશ કરે છે. લોહી વધારી શરીરને હૃષ્ટપુષ્ટ બનાવે છે. વીર્યને ઘટ્ટ બનાવી કોઇ પણ રસ્તે જતું અટકાવી શરીરને સેન્ડો માફક-દ્રઢ વીરજી અને ઉત્સાહી બનાવે છે. કીં. ગોળી ૪૦ ની ડબ્બીનો રૂ. ૧. મોટું ક્યાટલોટ મફત મળે છે.

રાજવૈદ્ય નારાયણજી કેશવજી.
હેડ ઓફીસ જામનગર—કાઠીયાવાડ
બ્રાન્ચ નં. ૧૮૭ કાલબાદેવી રોડ મુંબઈ.

બગડેલા લોહીને સુધારવા માટે



(ફાયદો ન થાય તો પૈસા પાછા)

ગરમી, પ્રદર, સાંધાનું રહી જવું, સ્મરણશક્તિ ઓછી થઇ જવી, ખુજલી, ખરજ, ર, શરીર પર ફોલ્લા થઇ આવવા, હાથ પગમાં બળતરા થવી, નબળાઇ તથા અજીરણમાં જ લોહીના બીગાડથી થતાં તમામ દરદો ઉપર ઘણીજ ફાયદેમંદ દવા છે. કીંમત માત્ર રૂા૦ ૧૫. ત્રણ બાટલીના રૂા. ડા. પોસ્ટેજ ખરચ જુદું.

બહારગામ માટે એજંટો જોઇએ છીએ.

ઠેકાણું—દલાલ એજન્સી, કાલબાદેવી રોડ,
મલ્હારવાડી મુંબઇ નં૦ ૨.

નિરાંતે ઉંઘ લેવા માટે એક ઉત્તમ સલાહ.

પૈસાનો બચાવ, ખાત્રીલાયક માલ. અને તમારા માલનો રક્ષણકર્તા ? જો તમે તમારી મીલમી લકત, તદ્દન સહીસલામત રાખવા ઇચ્છતા હો, ચોર આગ, અને ધરફોડના ત્રાસથી બચવું હોય, તો લાંબા લચક ટાયલાં લખાણથી નહિ ભોભાતાં દાવજી બિલ્ડીંગ સ્ટેશન રોડ પલસાણા વાળા મે. મોરાર ઉકાની ફાયરપ્રુફ ત્રીજોરીઓ જ વાપરો જેના ઉત્તમ મજબુત કામો માટે સર્ટીફીકેટ અને પ્રદર્શનમાંથી સોનાના ચાંદ મળ્યા છે. દરેક રીતનું સંતોષકારક કામ તૈયાર તેમ ઓરડરથી મળશે. પ્રાઇસલીષ્ટ મફત મોકલીશું

મિ. મોરાર ઉકા.

ફાયરપ્રુફત્રીજોરી બનાવનાર. દાવજીબિલ્ડીંગ સ્ટેશનરોડ સુરત.

બાટલીવાળાની અકસીર સ્વદેશી દવાઓ.

હિંદુસ્થાનના હુન્નર પ્રદર્શનોમાં સોનાના તથા રૂપાનાં ચાંદા મળેલા છે.

મેલેરીઆના તાવ, પ્લેગની શરૂઆતમાં લેવા માટે

બાટલીવાલા એગ્યુમોક્ષ્યર તથા એગ્યુ પીલ્સ કીં. રૂ.

બાટલીવાલાનું બાલામૃત—બાળકો તથા અશકતો માટે ટોનીક કીંમત ૧–૦–૦.

બીજી વખણાયલી દવાઓ–બાટલાવાલાના અસલ કવીનાઇનની ટીકડીઓ. ૩૦ અને બે ગ્રેનની દરેક શીશીમાં ૧૦૦ ટીકડીઓ. એગ્યુમાક્ષ્યર (નાની) આઠ આના.

કોલેરેાલ—કોલેરા, સંગ્રહણી અને ઉલટી માટે કીંમત રૂ. ૧–૦–૦

દંત મંજન—કીં. ૦–૪–૦. ટોનીક પીલ્સ–નબળાઇ અને ધાતુ માટે. કીં. રૂ. ૧–૮– બસ અને દરાજનો મલમ કીં. રૂ. ૦–૪–૦. હિંદમાં કોઇપણ જગાએ મળશે.

ડા. એચ. એસ. બાટલીવાળા સન્સ એન્ડ કુંપની લીમીટેડ.

વરલી લેબોરેટરી,—મુંબઇ.

Dr. H. S. Batliwala Sons & Co. Ltd.

Warli Laboratory–Bombay.

તારનું શિરનામું—બાટલીવાલા, વરલો–મુંબાઇ.

કયાં ગભરાયા ? અરે શું હીસ્ટિરિયા !

વાયુ મુકતા.

કીં. રૂ. ૪–૧૦–૦ પો૦ જુદું.

હાઇસ્ટીરિયા–મૃગી–ફ્રેન્ઝી કે વાઇ; તને લીધે મોઢામાં ફીણ કે લાળ આંકડી–તાણ–ખેંચ કે કાંપણી, દાંત બંધાવા, શ્વાસ રૂંધાવો, આંખો થરડાવી શરીર શીત, પેટમાં દુખાવો, અને બેશુધ્ધ, ઇત્યાદિ તેમજ કેટલાકને ચિત્તભ્રમ ઉન્માદ કે ઘેલેચ્છા થવાથી બકવું, રડવું, કુટવું, નાસવું, ધુણવું મુગાપણું જોવામાં ચિત્રતા, રયામતા, કૃશતા, લાધવું, ઇ૦ લક્ષણોવાળા નવા કે જુના હીસ્ટિરિયા ઉપર રામબાણ છે, દવા વનસ્પતિની, મહીનાની, પથ્ય નહી. ઉપયોગ કરેથી ખાત્રી,

બચ્ચાંની કાંકણી કે ફીટ અને આમળ તુર્ત બંધજ કીંમત રૂા૦ ૨) પો. જુદું. વ્યાયામ કળાશાસ્ત્ર (શરીર કેળવણી) માટે કસરતનાં ૩૫૩ ચિત્રનું કીંમત રૂ. ૨) પો ૦)ૐ દેશીનામું–નામું શિખવાનું, ઇલાકામાં ટેકસ બુક કીં. ૦)ૐ પો.૦)–

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. વીજાપુર–(વડોદરા)

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ ઈનામ

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા આપીશું. બીજી જાતનો તાવ નથી ઉતરતો એવુ સાબિત કરનારને રૂ ૧૦૦) ઈનામ આપીશું. કિંમત ૧ ની ૧ રૂ ૧-૦-૦ ખાસ પરેજ નથી

શક્તિ સંજીવન.

શક્તિ સંજીવનમા શરીરના લોચાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવુ સાબિત કરનારને રૂ ૧૦૦) સો ઈનામ આપીશુ શરીરના તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. કિમ્મી ૧ ની કિ. રૂ ૨-૮-૦ પરેજ નથી

ધાતુ વિકાર.

ભયકર દરદોથી બચવુ હોય અને તમામ દરદોની દવાથી માહેતગાર થવું હોય તો એક પૈસાનુ કાર્ડ લખી ધાતુ વિકારનુ પુસ્તક મફત મંગાવી લેવુ.

વૈદ્ય શા. ગીરધરલાલ કલ્યાનજી

મુ ધોળકા જી. અમદાવાદ.

વહેલો તે પહેલો (૧૦) (૧૦ સેટવર મંગાવી લ્યો.

સ્વામી રામતીર્થના સદુપદેશ.

ભાગ ૧ થી ૫ નો એકત્ર ગ્રંથ—પુષ્કળ ચિત્રોથી લીધે ત્રીજી આવૃત્તિ કાઢવી પડી છે. મોટા (રોયલ આઠ પેજી) પૃષ્ઠ ૪૦૦, પાકું પુઠું, રૂા. ૨॥ પો. ૦।-

ભાગ ૬ થી ૯ એ પુસ્તકમાં-આ ભાગો આગળ વિવિધ ગ્રંથમાળા દ્વારા નિકળેલા હોઇને તે માળાના અમુક સેટોમાં અંદરજ હતા, મળી શકતા; પરંતુ છુટી મંગાવી વધુ નિકળવાથી હવેથી છુટક પણ મળશે. ત્રણે ભાગમાં મલીને કુલ પૃષ્ટ રોયલ સોળ પેજી ૧૬૫૦ છે. છુટક માટેની છાપેલી કુલ કિંમત રૂા. ૧૫।- અને પાકાં પૂઠાં સાથે રૂા. ૪। છે. તેને બદલે રૂા ૨॥ અને ૩॥ લેવાશે.

નીચલાં પુસ્તકો પણ ઉપલાજ કારણે અને ધોરણે હવે છુટક મળશે.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ.

ભાગ. ૧-૨-૩-૪ ચાર પુસ્તકમાં-કુલ પૃષ્ઠ ૧૫૨૫, મૂલ્ય રા- પાકાં પૂઠાં સાથે

ટુંકી વાર્તાઓ ભાગ ૨-૩-૪.

આ વાર્તાઓ સાંસારિક જોઇને સ્ત્રી પુરૂષ, વૃદ્ધ, સર્વને માટે અત્યંત બોધપદ છે. ઘરમાં પડોશીઓમાં, સંગમાં અને જાતિ વગેરેમાં ચાલતા કલેશ, કંકાશ, અણબન દૂર કરવા ઉપર આ વાર્તાઓ પ્રકાશ નાખીને સચોટ અસર કરે છે. ત્રણે ભાગ જુદા જુદા મળેલા છે. કુલ પૃષ્ઠ ૭૨૫, મૂલ્ય રૂા. ૧॥ અને પાકાં પૂઠાં સાથે રા॥ છે, તેને બદલે ૧॥ અને ૨) લેવાશે.

બંકિમ નિબંધમાળા.

પ્રખ્યાત બંગ-સાહિત્ય સમ્રાટ બંકિમચંદ્રના ઢારબદ્ધ, ગંભીર, તેમજ બોધપદ પુષ્કળ મેટરોનો ઉમદા સંગ્રહ. પૃષ્ઠ ૫૮૦. ઢાગળ રદ, મૂલ્ય બા॥ પાકું પૂઠું રૂા. ૧।.

પોસ્ટેજ સર્વેનું જુદું. ટપાલમાં મંગાવનારે અમદાવાદજ લખવું. એ પુસ્તક મંગાવ્યા છતાં ન આવે તો ખુલાસો થયેલા સમજવો કેમકે પ્રતો બહુ નથી.

સસ્તું સાહિત્ય કાર્યાલય. કાલબાદેવી, મુંબઇ. ૨ ભદ્રપાસ, અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તંત્રી કાલીદાસ દાહ્યાભાઇ દેશાઇ, સત્સંગ ઓફીસ અબાજીરોડ-સુરત. સુરત બપાટીઆ ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં મુળચંદ કસનદાસ કાપડીયાએ છાપ્યું

પુસ્તક ૬ઠ્ઠું
અં. ૧૨

मगः सतां किमु न मंगलमातनोति

। ॐ ।

અષાઢ
સ. ૧૯૭૯

सत्संग

—વિષયાનુક્રમ—

નંબર		પૃષ્ઠ
૧	નિવેદન બળવા પુસ્તકનું	૩૦૧
૨	૩ કવિતાઓ ..	૩૧૦
૪	બ્રહ્મોર સભા . .	૩૧૧
૫	૬ કવિતાઓ	૩૧૭
૭	દૃષ્ટ (વાર્તા) ..	૩૧૮
૮	કવિતા . .	૩૨૨
૯	જોગીઓરાજનો બડબડાટ	૩૨૩
૧૦	દીન દરવેશનું સાક્ષેપ ચરિત્ર .	૩૨૪
૧૧	ધર્મ પત્નની મુદ્રી .	૩૨૮

શ્રી દુર્જન નિષેધક છવ
દયા પ્રબોધક અને નીતિવ
ર્ધક માસિક પત્ર

તુ માસિક પત્ર

વાર્ષિક
લવાજમ
રૂ ૧-૦-૦

તંત્રી અને પ્રકાશક —
કેવલચંદ દલીચાંદ દેશાઈ.
અબાતળરોડ-સુરત

આશ્વયાર્થે
પંચાંગાનુસાર

દરેક જાતનાં દાન આપવાનું સુપાત્ર સ્થાન

હિંદુ અનાથ આશ્રમ

નડીઆદ.

આખા હિંદના હિંદુ જાતીનાં અનાથ બાળોને પાળવામાં આવે છે. વ્યવસ્થા માટે જાહેર પુરૂષોના ઉત્તમ અભિપ્રાય મળેલા છે.

દરેક જાતનાં દાન લેવાય છે–દરેક દાનની પાવતી મળે છે-વસ્ત્રદાનની જરૂર છે. દાન કરવાના દરેક પ્રસંગે આ અનાથોને યાદ કરજો. અને કંઇ પણ રકમ દાન મોકલી પેલા ભવનું ભાથું બાંધી લેજો.

રૂ. ૨૦૦) માં દર વર્ષે એક દિવસ દાતાના નામથી ભોજન અપાય છે તથા આરસની તખ્તીમાં નામનું સ્મારક રખાય છે.

રૂ. ૨૫) માં ગૈાદાન અપાય છે–બોર્ડપર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારાનાં નામ વારસીક રીપોર્ટમાં પ્રગટ થાય છે.

દાન મોકલી રીપોર્ટ મંગાવો–દરેક જાતના દાનની જરૂર છે.

મંત્રી—

હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ.

પુસ્તક ૬ઠ્ઠું. અંક ૧૨મો.

સત્સંગ.

અખાડ. સં. ૧૯૭૩.

નિવેદન.

લાયબ્રરિઓને સત્સંગ મફત.

શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના આશ્રયથી પાળજથી વધારી ૮૦૦ લાયબ્રરિઓને 'સત્સંગ' ફ્રેંક પોષ્ટ ખર્ચથી મોકલવા નક્કી કર્યું છે. આ લાભ અત્યાર સુધીમાં ૬૭૫ લાયબ્રરિઓએ લીધો છે. હજી લગભગ ૧૨૫ લાઇબ્રેરિને આ લાભ મળશે. તેમનું વર્ષ હવે આવણથી નવું ગણાશે.

—મળેલાં પુસ્તકો—

અમોને નીચેનાં પુસ્તકો અભિપ્રાયાર્થે મળ્યાં છે. જેનો આભાર માને સ્વીકાર કરીએ છીએ. આગામી અંકોમાં તેની સમાલોચના કરીશું.

રામકૃષ્ણ પરમહંસ. રા. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મકેતા.
ભગવદ્ ગીતા (મૂળ) ,, ,, ,,
રામકૃષ્ણ કથામૃત. શ્રી સરતું સાહિત્યપર્ષદ કાર્યાલય.
સોદેશ્વર માહાત્મ્ય, વૈષ્ણવ અને યજુર્વેદ સંધ્યા રા. રા. હરિલાલ ભાઇચંદ વકીલ.
પ્રેમવાણી ભજન માળા. રા. હરજીવન મૂળજી.
જિંદના નેતાઓ. વર્ધમાન એન્ડ સન્સ-મુંબાઇ.
ગાંડીપાઠ. મહારાજ ગણપતિશંકર વિજયાશંકર.
સ્વદેશી ગીત ગૂર્જર. કે. મકેના એન્ડ કું. અમદાવાદ.
અહિંસા. મુનિશ્રી વિદ્યાવિજયજી.
આરોગ્ય મંદિર. રા. હરજીવન જગજીવન વર્મા.
પતિ વિયોગ, જગદ્‌ગુરુનું અભિગમન, ભગવદ્‌ગીતા પ્રવેશક રા. રા. મધુપગરામ ભગવદ્‌ગ. રામ દોરા.

આ સિવાય શ્રી જીવરક્ષા જ્ઞાન પ્રસારક ફંડ. દેવાળાદના પુસ્તકો તથા શ્રી મોહનલાલજી લાયબ્રેરિનો રિપોર્ટ મળ્યો છે.

પ્રેમની પ્યાલી.

ગઝલ.

અરે એ પ્રેમની પ્યાલી, સદા જે આપને બ્રાલી;
પતિ પ્યારા સ્ત્રીકારોને, પ્રિયાની પ્રેમની પ્યાલી.
અરે એ પ્રેમ પ્યાલીમાં, ભર્યું મેં ભક્તિનું વારિ;
સદા સુખ અર્પનારી એ, પ્રિયાની પ્રેમની પ્યાલી.
જગે આ પ્રેમ પ્યાલીની, કદી કિંમત નહી થાશે;
અમોલાં મોલની છે આ, પ્રિયાની પ્રેમની પ્યાલી.
સદાએ શાંતિ દેનારી, કરેયા દુઃખ હરનારી;
નહી કંઈ કલેશ ધરનારી, પ્રિયાની પ્રેમની પ્યાલી.
જગત એ પ્રેમ પ્યાલીનું, મધુર ગાન ગુંજવતું,
લલિત લક્ષ્મરને કરતી, પ્રિયાની પ્રેમની પ્યાલી.
અહો પ્યારા વિકારી એ, હૃદયમાં શાંતિને મારો;
પિએ બની મસ્ત પ્રિતમજી, પ્રિયાની પ્રેમની પ્યાલી.

બાળ સેવક.

માશુકની મઝાહ અને અદ્વૈત સુખ.

(ગજલ.)

મીઠી મઝાહ માશુકની, જ્યાં અમીનાં ઝરણાં ઝરે,
નયનો ન તૃપ્તિ પામતાં, છે સાચી શાન્તિ જ્યાં ખરે;
મર્તિવત પાસે રહી, એક નયન મીટ માંડી રહે,
એ અનવધિ સુખને કહો, શી રીતે કવિ કાવ્યે કવે.
માશુકના દરબારમાં આશક તણો સતકાર જ્યાં,
આનંદ આશક ઉરમાં, ના ભય ને ઉભરાય ત્યાં,
સ્વપ્ન સુગાને થતું, આનંદ દિલ બહેલી રહ્યું,
રગ રગે છે રંગ વ્યાપ્યો, શી રીત તે જાયે કહ્યું.
આશક માશુકને રટે, માશુક આશકને રટે,
પ્રેમી પરસ્પર જાગરને, શુદ્ધ પ્રેમથી પ્રેમે રટે;
માશુકના ખાલિકમને, આશક માશુક રૂપ છે,
આવો માશુક આશ કમા, અદ્વૈત સુખ અનુપ છે.

મુંબઇ, વેડનરોડ,
શ્રી દેવકીનંદન નિવાસ

દેસાઇ મોતીલાલ મથુરભાઇ
(મહુધાવાળા.)

શ્રી જીવદયા પ્રબોધક મંડળ તરફથી મળેલી જાહેર સભા.

ઉત્તમ વક્તાઓનાં વ્યાખ્યાનો.

સભામાં થયલી અપૂર્વ ભીડ.

ઉપરોક્ત મંડળ તરફથી તા. ૧૪-૭-૧૮ને રવિવારે અત્રેના સુપ્રસિદ્ધ નગીનચંદ ધનજી-ટ્યુટમાં રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના પ્રમુખ પણા નીચે એક જાહેર સભા મળી હતી. હોલ સાંભળનારાઓથી ૫ વાગેજ ભરાઇ ગયો હતો લોકો હોલની બારીઓ પર તથા બહાર ઉભા રહ્યા હતા તથા હોલમાં જમીન પર બેઠા હતા, છતાં સંખ્યાબંધ માણસોને જગ્યા ન મળવાથી પાછું ફરવું પડ્યુ હતું. સભામાં જાણીતા ગૃહસ્થો ઉપરંત સરકારી અમલદારોએ પણ હાજરી આપી હતી.

આ પ્રસંગે મુંબાઇથી શેઠ લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી પણ પધાર્યા હતા. સભાનું કાર્ય બરાબર ૫ વાગે શરૂ થયું હતું.

પ્રારંભમાં રા. રા. ડાહ્યાભાઇ કલ્યાણજી વકીલે પ્રમુખની દરખાસ્ત મુકતાં જણાવ્યું કે આજની ભવ્ય સભા કે જેમાં જૈનાચાર્યો તથા હિંદુ પંડિતો સાથે બેસી પ્રજાને એક સરખો બોધ આપનાર છે તેના પ્રમુખ તરીકે દરખાસ્ત મૂકતાં મને અતિશય આનંદ થાય છે. આવી સભા હું પહેલી જોઉં છું. પૂર્વે આવી રીતે જુદા-જુદા ધર્મના લોકો એક થઇ વિચારની આપ લે કરતા હતા. આજના પ્રમુખ તરીકે હું રા.-બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીને નીમવા વિનંતી કરું છે. હું એમનો શિષ્ય છું તે કદાચ એઓ ન જાણતા હોય પણ મને તેમની ઉત્તમ શિક્ષણ શૈલી હજી યાદ છે. એલફીન્સ્ટન કોલેજમાં એઓ સંસ્કૃતના પ્રોફેસર હતા. જ્યારે હું ઇન્ટરમીજીએટમાં હતો, અને ત્યારે એમના ઉત્તમ શિક્ષણનો લાભ લેવા હું ભાગ્યશાળી થયો હતો. આપ ભાઇઓ આવા એક શહેરના વિદ્વાન ગૃહસ્થને સર્વાનુમતે પ્રમુખ તરીકે વધાવી લેશો એવી આશા છે.

રા. રા. મગનલાલ ભૂખણદાસ શેઠ વકીલે દરખાસ્તને ટેકો આપતાં જણાવ્યું કે સુરતમાં આવી અપૂર્વ મીટીંગ હું આજે જોઉં છું. આટલી બધી લોકોની હાજરી મેં કયાં જોઇ નથી. આજની સભામાં જેમને પ્રમુખ પદ આપવાનું છે, તેઓ અત્રેના વતની હોઇ અત્યારે વાનપ્રસ્થ થઇ અત્રેજ રહે છે. તેઓ જેમ આવા સેવાના કાર્યોમાં ભાગ લે છે તેનો બદલો બીજા પેન્શનરો લેશે એવી આશા રાખું છું. પ્રમુખ તરીકે રા. બ. કમળાશંકર ભાઇને નીમવાની દરખાસ્તને હું આનંદ સાથે વધાવી લઉં છું. સર્વ ભાઇઓ એમને હર્ષ ભેર સહાનુભૂતિ દર્શાવશે એવી આશા છે.

બાદ રા. બ. કમળાશંકર ભાઇએ પ્રમુખ પદ ગ્રહણ કરી આભારનાં સમયોચિત શબ્દ કહી સભાનું કાર્ય શરૂ કર્યું હતું.

બાદ દયાધર્મના કાર્યો ગાવામાં આવ્યાં હતાં.

મુનિશ્રી રત્નવિજયજી.

ગુરૂસ્તુતિ કર્યા બાદ પોતાની શાંત પણ ઉત્તમ વ્યાખ્યાન શૈલિથી મુનિશ્રીએ વ્યાખ્યાન કરતાં જણાવ્યું કે આજનો વિષય અહિંસા પરમો ધર્મનો છે. અહિંસા એટલે જેમાં હિંસા

પરવાયી નિસત્ત્વ થઇ ગઇ છે. છતી જમીન વિના પશુએ ખેડાતી નથી. અને આજે ખાવાનાં પણ સાંસા પડયા છે આપણા કરોડો ભાઇઓ ભુખે મરે છે. આ માટે આપણે પ્રયત્નો કરવાની જરૂર છે.

ભાંગફોડ સાથે વ્યસનો પણ આપણામાં ઘણાં પસર્યાં છે. બીડી આપણે પીએ છીએ, તે દ્વેષ આપણાં નાનાં બાળકો પીએ છે, અને તેના કુમળાં શરીરમાં રોગોના બીજ દાખલ થાય છે. કરોડો રૂપીઆ આ બીડીના ધુમાડામાં ચાલ્યા જાય છે, આ નાશ થતો અટકાવવો જોઇએ છે. દારૂનું વ્યસન પણ હલકી વર્ણો તેમ ઉંચી વર્ણોમાં શોખ ખાતર પસર્યું છે. પૈસે ટકે શરીરે પાયમાલ થયા છે. એ દુષ્ટ વ્યસનથી આપણે ઘોર અજ્ઞાનતાના પાશમાં સપડાયા છીએ. મજુર વર્ગ પોતાની મજુરીનો બધ દારૂમાં કરી સદા દુઃખી રહે છે તો તે બાબતમાં તેમને સાવચેત કરવા જોઇએ. સરકારી રિપોર્ટો કહે છે કે દારૂનું વ્યસન વધે છે. દારૂ બુદ્ધિ, ધન અને પરભવની સુગતિનો નાશ કરનારૂં મોટા દુર્વ્યસન છે. એનાથી બીજાં દુર્વ્યસનોમાં મનુષ્ય સપડાય છે. આપણે આ જડીનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઇએ. દારૂ દૂર થતા કરોડો રૂપીઆ બચતાં સરકારને પણ લોનમાં નાણાં સારાં ભરાશે.

રા. રા. વીરેશ્વરાનંદ ઇંદિરાનંદ પંડિત વકીલ.

એમણે ઘોડાઓ ઉપર ગુજરતું ધાતકીપણું એ સંબંધી ઠરાવ મૂકતું જણાવ્યું કે "સભાના ઘોડાંને બ્યાખ્યાનો બાદ મુખ્ય કાર્ય કરવાનું કામ મારે હાથ આવ્યું છે અને તે નીચે પ્રમાણે એક ઠરાવ મૂકવાનો છે.

ઠરાવ.

ઘોડાઓ ઉપર પૂછડી કાપવી, તથા ડેશન બાતર બીજું જે ધાતકીપણું ગુજરાય છે, તે માટે આ સભા દીલગીર છે. આ માટે મુંબઇના શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ તરફથી નામદાર વાઇસરોય પ્રતે જે વિનંતિ પત્ર જનાર છે, તે તરફ આ સભા સંપૂર્ણ સહાનુભૂતિ પ્રકટ કરે છે.

ઠરાવ ઘણો સહેલો છે, સર્વ ભાઇઓ સહેલાઇથી સમજી શકે છે. ઘોડાઓ જે આપણા પર અમૂલ્ય ઉપકાર કરે છે, તેનો બદલો આવા રૂપમાં ન મળવો જોઇએ. આપણી ડેશન બાતર તેઓ બીચારાં પ્રાણીને કેટલી બધી હેરાનગતિ ભોગવવી પડે છે. કોઇ કહેશે કે લડાઇમાં સખ્યાબંધ ઘોડાઓ કપાય છે, તેનું શું ? તેમના બે ઉત્તર છે. પ્રથમ : આપણા આર્ય ભૂમિના વિચાર પ્રમાણે વર્તે તો લડાઇજ ન થાય અને બીજું તેઓ તો મરી દૂર સાથેનો સંબંધ છુટો થાય છે, જ્યારે આ તો ઠામી આસન્ન થાતના સદન કરવાની છે. આશા છે કે સર્વ ભાઇઓ આ ઠરાવ પ્રતે સહાનુભૂતિ દર્શાવશે

શેઠ લલ્લુભાઇ મુલાખચંદ ઝવેરી,

તાળીઓના ગર્જનાદ સાથે શેઠ લલ્લુભાઇએ પોતાનું વિવેચન શરૂ કર્યું આજે આ ઠરાવમાં બ્યાખ્યાન આપતાં મને આનંદ થાય છે અને આ ઠરાવમાં આવી ઉપયોગી સરસાનું કાર્ય જોઇ મને પરમ સંતોષ થાય છે. હિંદુસ્થાનમાં જીવદયા માટે સભાઓ ભરવી પડે એ દીલગીર થવા જેવું છે. આવા જીવદયાના કાર્યમાં અતિ ઉત્સાહ બતાવનાર ગૃહસ્થના નામ જોતાં ડો. હીનચાલજ આપણે બધી મોજુદ છે. એટલો વિલાયત જઇ આપણી બંદુકોનું

કાર્ય જોઇ આવ્યા છે. યુરોપમાં જીવદયાની મંડળીઓ કેવા સારા પાયા પર કામ કરે છે. તેઓ એવું વ્રત લઇ બેઠા છે કે અમારી જીંદગીનો ઉપયોગ માંસાહાર બંધ કરવામાંજ કરીશું. મરણ બાદ સ્વર્ગ મળે તોપણ કહીશું કે હે પ્રભુ! અમને સારૂં. બદલ આપ, અમે અમારૂં અધુરૂં કાર્ય પૂરૂં કરી આવીએ. આપણે ત્યાં પણ આવી હીલચાલો શરૂ થઇ છે. બીજા શહેરમાં આ સંસ્થા ઘણા સમયથી સ્થાપન થયલી છે. "સત્સંગ" માસિક જે જીવદયાના સંદેશો ઠેકાણે ઠેકાણે પહોંચાડે છે, તે આ શહેરનું બારણ જોવું છે આવાં કાર્યો પ્રત્યે લોકોની પ્રીતિ આજની સારી હાજરીથી સાબીત થાય છે. આજે મારા વિદ્વાન્ ધારાશાસ્ત્રીએ આપની આગળ જે ઠરાવ ઘણા સારા રૂપમાં મૂકયો છે. ઘોડાઓનાં પૂછડી કાપી પડતું મોળી બંધ કરવા ધગધગતાં સળીઆ દાખે છે. ઘોડાને ઘણા દિવસ આ દુઃખ સહન કરવું પડે છે. કેટલા ખાતર થતી આવી યાતનાઓ બંધ થવી જોઇએ છે. બીજા જીવોને પણ આપણી પેઠેજ દુઃખ થાય છે. સર્વે ભાઇઓ આ ઠરાવને સંમત થશે એવી આશા છે. બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

રા. રા. રેવાશંકર નાગેશ્વર વ્યાસ.

એમણે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું હતું પ્રેક્ષકોએ તેમનું નામ સાંભળતા હર્ષનાદ અને તાળીઓના અવાજથી વધાવી લીધા હતા. પ્રથમ જીવદયા માટે કરવામાં રાગમાં એક સુંદર ધ્રુવ પદ ગાઇ વ્યાખ્યાતાએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું હતું અહિંસા પરમો ધર્મ એ સૂત્રને સમસ્ત લોકો માન આપે છે પરંતુ તે સર્વની માન્યતામાં કેટલેક અંશે ભેદ હોય છે બિરબે સપ્રમાણ જણાવી અહિંસા માટે એક સુંદર દૃષ્ટાંત કે જે પુનર્જન્મ તથા બ્રહ્મચર્યના પ્રભાવથી ભરેલું હતું તે રજુ કરવામાં આવ્યું હતું જેની અસર શ્રોતાઓ ઉપર ઘણી સારી થઇ હતી. સ્ત્રી સમાજ પર જીવ દયાનો મોટો આધાર છે. અને તે ન સુધરે ત્યાં સુધી આપણાં આ વ્યાખ્યાનોનું ફળ હોલની બહાર જઇ શકે તેમ નથી આપણે ત્યાં સ્ત્રી સમાજને જે શિક્ષણ આપવામાં આવે છે તેનું સુકાન થોડુંક ફેરવવામાં આવે તો આવા વિષયો ચર્ચવાની આપણને વધુ જરૂર પડશે નહીં જીવદયા અને તેમાં મુખ્યત્વે ગાયો તરફ વધુ લક્ષ નહીં રાખવામાં આવ્યું તેને લીધે આજે હિંદની ખેતી મોંઘી થઇ પડી છે. જે બળદ આઠ રૂપીએ મળતો હતો આજે દોઢશો રૂપીઆ આપતાં પણ તેવો બળદ મળતો નથી. અને હિંદ પાસે એ વિના બીજું ગુજરાનનું સાધન નથી, જે માટે એક કવિતા ઘણી સુંદર કહેવામાં આવી હતી. (રમણ સ્ત્રોકાએ લીધે જેમો કુદકો મારજ અને દોડવામાં આવ્યો છે.) બજારને બારણ જૂમિને જોવ કરીને ભોજનનો થાળ બેટ કર્યો જેમાંથી ઘેસર, જલેબી, (શક્રિત, સંપ, અને વૈભવ) ઉંધાંડ ઉપાડી ગયું છે. ફ્રાન્સ અને જર્મની કુમપાક (કળા, કૌશલ્ય) દબાવી બેઠા છે અને અમેરિકા લાડુ (ઉદ્યોગ, વેપાર) ઉઠાવી ગયું છે. દાળ, શાક, ભાજી, કઢી (નિર્વાહના બીજા સર્વ સાધનો) પણ અન્ય લોકો ઉઠાવી ગયા છે. હિંદને તો ખેતીરૂપ એક ખાલુ એક કોરાણે પડયું છે તે ઉપર ગુજરાન ચાલે છે અને તેથીજ હિંદનું માન છે તેના ઉપર પણ માંસાહારીઓનું જોખ ખંજર ચાલી રહ્યું છે. હિંદમાં દરરોજ સાડ દશ હજાર પ્રાણી કપાય છે અને પારીસના રસ્તાદર હાઉસમાં નિત્ય ૧૨૦૦ ગાયો, ૧૦૦૦ વાછરડાં, બે હજાર બકરાં અને એક હજાર ડુક્કર નિત્ય કપાય છે. આ આંકડો કમકમાટ ઉપજાવનારો નથી શું? પ્રિય સભ્યો જ્યાં સુધી આપણા ખાતા ઉપર ચાંપતા પ્રતિબંધ થઇ તેને નિર્મૂળ કરવામાં ન આવે ત્યાં સુધી કૃતિ ઉત્તમ કોટે

નહીં અને જીવદયાનો હેતુ પણ સચવાય નહીં. તે પછી સંગીત કીર્તનમાં ભારત ભૂમિનો સંદેશો આધુનિક સ્થિતિ અને પડતીના કારણો અત્યુત્તમ છટાથી મધુર રાગરાગણીમાં હારમોનીઅમ, તબલાં તાલ સુરથી કહી પ્રેક્ષકોના ચિત્તને પૂર્ણ રીતે ચમત્કૃત કર્યું હતું. આ સંગીત સાથેના સુંદર વ્યાખ્યાન માટે પ્રમુખ સાહેબ રા. કમળાશંકરભાઇએ પણ વારંવાર ટાપમમાં વધારો કરી આપ્યો હતો.

અત્રે યતિ પ્રમાણવિજયજીએ પ્રસંગાનુરૂપ ટૂંકું જીવદયા પર વિવેચન કર્યું હતું.

રા. રા. મોતીલાલ છોટાલાલ વ્યાસ

જીવદયાનો વિષય મુનિ મહારાજ શ્રી રત્નવિજયજીએ ધાર્મિક દૃષ્ટિથી, મુનિ માણેકમુનિએ આર્થિક દૃષ્ટિથી, જ્યારે રેવાશંકરભાઇએ સંગીત સાથે દૃષ્ટાંતોથી ચર્ચ્યો છે. ઉત્તમ વ્યાખ્યાનો પછી મારૂં બોલવું અમૃતપાન પછી છાશ જેવું છે. દાલમાં અનાજ ભેળું થયું છે. ઘી દૂધ કે છાશ મળતાં નથી. આવી સ્થિતિમાંથી બચવાનો ઉપાય પશુરક્ષા છે. પ્રજાનું શારીરિક અને માનસિક બળ જતું રહ્યું છે. આ સર્વ પશુ રક્ષાથી સુધરી શકે, આ કાર્ય માટે દેશના પંચે રાજા ધર્માચાર્ય મંડળો વગેરે તરફથી કાર્ય થવું જોઇએ. આ સંદેશો હાથે હાથે પહોંચાડવો જોઇએ.

ડો. દીનશા જીવાજી એદલજી બહેરામ.

મંડળની પૂર્વ હકીકત દર્શાવતાં કહ્યું કે ૧૦ વર્ષ ઉપર અત્રેના જડજ દયારામે ગીરધરલાલના યત્નથી એને સ્થાપી હતી. પછી ૧૬ રા. રા. ગણપતરામભાઇ તથા મહુમ ખા. બ. અમનજી એદલજી મોદી એઓ મળી અમે ગૃહસ્થોમાં ખૂબ ઉત્સાહથી કાર્ય કર્યું. પાછળથી અમારો ઉત્સાહ ઓછો થયો. થોડાક સંભળ્યો મેં સર્વ વ્યવસ્થા ભાઇ છોટુભાઇને સોંપી દીધી છે. આજે સવારે ભાઇ છોટુભાઇ મને નિમંત્રણ કહેવા આવ્યા, ત્યારે મને અત્રે આવવા પણ પૂરું મન નહતું પણ અત્રે આવી અપૂર્વ મેદની જોઇ મારો ઉત્સાહ ઉભરી આવ્યો. આવી સભાઓ માંસાહારી પ્રજાના જથામાં કરાવવી જોઇએ. હરિદાસ રા. રેવાશંકરભાઇના કીર્તનથી મને એટલો સંતોષ થયો કે મારા ઉકળેલા શરીર પર જાણે બરફ પડયું હોય! લીલાવતીમાં આવી મંડળીઓ લોકોના આશ્રયને લીધે સારૂં કાર્ય કરે છે. અત્રે પણ તેના પ્રયત્ન કર્યાથી દોઢ કે બે વાટે કરોડો રૂપીઆ જમા છે તે બની શકે.

રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

છેવટે પ્રમુખ તરીકે વિવેચન કરતાં જણાવ્યું કે વખત ઘણો થઇ ગયો છે, સર્વ ભાઇઓ કદાચ કંટાળ્યા હશે. જેથી હવે હું ઉપસંહાર રૂપેજ બોલીશ. અત્રે વ્યાખ્યાનો થયાં છે, તે સર્વમાં જુદી જુદી દૃષ્ટિથી જીવદયાનો વિચાર કર્યો છે એટલે મારે માટે ખાસ કહેવાનું કશું રહેતું નથી. દયા એ પ્રાણી માત્રનો કુદરતી સ્વભાવ છે કોઇ ઉપર આપણે ઉપકાર કરીએ તો તે સ્વાભાવિક રીતે આપણો ઋણી રહે, પશુ આપણા ઉપર અમૂલ્ય ઉપકાર કરે છે. વળી માણસના સ્વભાવનું બંધારણ તેના આહારપર છે. સાત્વિક આહારથી વૃત્તિઓ સાત્વિક થાય છે, અને તેથી મોક્ષ પ્રાપ્તિનો માર્ગ ખુલ્લો થાય છે. પશુ રક્ષાથી દેશની સ્થિતિ સુધરી શકે એમ છે. દારૂનું વ્યસન ઓછું કરાવવાની તેટલીજ જરૂર છે. બાળકો પણ તેના માતપિતાને જોઇ આવાં વ્યસનોમાં સપડાય છે. બાળક બહુધા સર્વ રીતે માતપિતાને મળતું હોય છે. ચહેરામાં તેમજ અક્ષરો પણ બાપ દીકરાના મળતા હોય છે. ઘણાં રોગો પણ વંશપરંપરા ઉતરે છે છોકરાંને ઘરના સંસ્કાર સારા મળે તે માટે માતાઓને

કેળવવી જોઇએ. તેઓ કેળવવાથી ભવિષ્યની પ્રજા જલદી સુધરશે. હાલમાં પાંચ વરસે આગા ચાળામાં આવે છે, પણ તે પહેલાં તેનું ચારિત્ર તો ઘડાઇ ચુકેલું હોય છે, તેમજ પરિસ્થતિની અસર તેની તેજ કાયમ રહે છે. માટે કન્યા કેળવણી માટે પણ સારૂ લક્ષ આપવાથી જલદી સ્થિતિમાં સુધારો થઇ શકશે. આવાં વ્યાખ્યાનો સંગીત સાથે જૂદાં જૂદાં સ્થાનોમાં આપ કરીને એવા સ્થાનોમાં થાય કે જ્યાં માંસાહારી તથા દારૂ પીનાર વર્ગ વધારે હોય, તો સારો ફાયદો થાય. આવી સંસ્થાને સોકોએ સારો આશ્રય આપવો ઘટે છે.

અંતે પ્રમુખનો આભાર માનતાં રા. રા. કલ્યાણજી વિઠલભાઇએ જણાવ્યું કે 'પ્રમુખની દરખાસ્ત કરનાર પણ પ્રમુખ સાહેબના શિષ્ય હતા, અને વ્યાખ્યાન કરનાર એક મૂર્તિ તેમના શિષ્ય હતા, અને હું પણ એમનો શિષ્ય છું. અર્થાત પ્રમુખ સાહેબ ગુજરાતના જ્ઞાન ગુરૂ છે. આજની આ સભામાં અપૂર્વ હાજરી એમના પ્રભાવક પગલાંથી છે. હિંદ એનીનો પ્રદેશ છે. એટલે અહીં પશુ વધ ન થવો જોઇએ. ભાઇ છોટુભાઇએ આપેલા આંકડા પ્રમાણ બીજા દેશો કરતાં આપણે ત્યાં પશુઓની સંખ્યા ઘણી ઓછી છે. પશુની શક્તિ પણ ઓછી છે. આવી સ્થિતિમાં પશુવધનો અટકાવ થવો જોઇએ. બાદ કેટલીક સ્વરાજ્ય સંબંધી ચર્ચા કરી સર્વેનો આભાર માનવાની દરખાસ્ત મૂકી હતી.

આ દરખાસ્તને રા. રતનચંદ ખીમચંદે ટેકો આપ્યો હતો.

છેવટે દરખાસ્તને વધુ ટેકો આપતાં રા. મૂળચંદ હસનદાસ કાપડીઆએ દર્શાવ્યું કે આ હોલમાં આવી ભરપુર માણસોની હાજરીવાળી સભા હું પહેલીજ વાર જોઉં છું. આવા શુભ કામના કાર્યમાં સર્વેએ ઉલટથી ભાગ લીધો તે માટે આભાર માનવાની જરૂર છે. હવે જ્યારે પણ જ્યારે આ મંડળ તરફથી જાહેર સભાઓ મળે ત્યારે સર્વ સોકો હાજરી આપી ઉત્સાહ વધારશે એવી આશા છે.

બાદ પ્રમુખ સાહેબે યથોચિત વિવેચન કરી સભા બરખાસ્ત કરી હતી.

સભાનું કામ રાત્રે નવ વાગે પૂર્ણ થયું હતું.

નાથની સેવા

હરિગીત.

મુજ નાથ રહે જોગણ બની ભમતી હું દેશ વિદેશમાં,
ભાળ મહી મુજ નાથની, ફરતી ફકીરી વેશમાં;
અતિ પ્રેમથી પલ પલ જપું, ગુરૂ નામ બ્રહ્મા નામનું,
મુજ દેહની શક્તિ અને, ઉર શાન્તિ એ સહુ નાથ છે,
દય દિલમાં ન્હારા સખિ ! પ્રિય નાથનો આવાસ છે;
ચાખી રહ્યો મુજ શ્વાસમાં, ગુરૂ મંત્ર બ્રહ્મા નાથનો,
કે નાદ ઉર ગાજી રહ્યો મુજ સોહમ અનામિ નામનો.
મુજ હારમાં કે હારમાં, કે આંસુડાંના પૂરમાં,
પટ પટ સખિ ! દર્શન થતાં, પ્રભુરૂપ ન્હારા નાથનાં;
અન્ધાર ને પરભાવમાં, મુજ નાથની સાથે રહી,
તન-ધન-જીવન અર્પું જપું, મુજ નાથની સેવા મહીં.

"નલિની કાન્ત."

અમલીયાને આમંત્રણ.

—— હરિગીત. ——

આ મંત્ર છે આ મંત્ર છે આ મંત્ર છે સહુ આવજો,
આહા! અમલીયા વીર સરવે સાથ મળી ને આવજો;
લાવજો સંગાથ આળસ છીંક બાતા આવજો,
ઉતાર અંગ ઉપાંગ બાંધી અમલ જંપતા આવજો. ૧.
આવજો ઉતાવળા અમને ઘણું દુઃખ થાય છે,
અમલ તણાં વિયોગથી અમ પ્રાણ સ્વર્ગે જાય છે;
[1]ડુ મણી વિના ટળવળ કરી દિલ દર્દ વધતું જાય છે,
છીંક બગાસા લીંટથી નશનશો તુટી જાય છે. ૨.
જાક કરવા સત્ય હરવા જૂઠ વદવા આવજો,
શોભન બાવા સેંકડો, ઝબ્બા સમારી લાવજો;
તૈયાર ઘોળી અમલ કીધુ પ્રીતે પીવા આવજો.
મીઠી બજર પર નજર નાખી દુઃખ સાથે લાવજો. ૩.
કપડાં મલીન અંગે ધરી "જું ઓ વીણીને આવજો,
નાવા તણું લઇ નીમ અંગે મેલ લેતા આવજો;
નિદ્રા નહિ આવે જરા પણ ઝોકા બાવા આવજો,
પરસ્વેદની પરનાળથી દુર્ગંધ ફેલાવા આવજો; ૪.
આવજો સહુ આવજો સુસ્તાઇ સંગે લાવજો,
જોબન તણાં સહુ રંગ તજી ગદ્ધપણ સાથે લાવજો;
કુબજી શરીર ગરદન ગળી, ચહેરો ફીકો લઇ આવજો,
આ જગતને જોવું નથી નેત્રો મીંચીને આવજો, ૫.
હુન્નર નથી ઉદ્યમ નથી મહેનત નથી જડ આવજો,
શાહુકાર ચરણે શીર નામી કરજ કરતા આવજો;
ગાલેજ કે. રોગુ લઇ મીઠાઇ બાવા આવજો,
ગીરાશને જનતો કરી ધંધો છોડીને આવજો. ૬.
નિંદા કરે કોઇ અમલની તો દ્વેષ દિલે લાવજો,
ગુણો સુણાવી ગર્વથી પાછો હઠાવી આવજો;
અમલ અમલ મુખ ઉચ્ચરીને નામ જપતા આવજો,
અવગુણ સુણાવે કોઇ તો શ્રવણ મુંદીને આવજો. ૭.
યોગી અનો ભોગી નહિ અવધૂત પંથી છો ખરા,
યુવા નહિ આગે ધરી પ્રિયા ગણી સહુથી જરા;
છો મસ્ત કેફ અફીણમાં ભોજન તજીને આવજો,
જો હોય સઘળી ધીર તો આ મંડળીમાં આવજો. ૮.

રાજપુત બોર્ડીંગ
ભાવનગર
} ધીરસિંહ ગહેરાભાઇ ગોહિલ.

---

૧ ડુંમણી–ગાપ કરતા ઓછુ અફીણ લેવું.



(૧)

એલ. એમ. એસ. પસાર કરીને જગદીશે મિત્રોને આગ્રહથી દિલ્લીમાં પોતાની ડૉક્ટરની દુકાન ખોલી. તેને પૈસાની એટલી બધી આવશ્યકતા નહોતી પણ તેને ડૉક્ટરી વધુ પસન્દ હોવાથી પોતાની પ્રેક્ટિસ કરવા લાગ્યો. સ્ટીફન્સ કૉલેજ દિલ્લીમાંજ એણે એફ. એ પસાર કરી હતી અને તેથીજ સ્થાનીય મિત્રોના આગ્રહથી તેણે દિલ્લીમાં પોતાની પ્રેક્ટિસ ચાલુ કરી. જે ગૃહમાં તે વિદ્યાર્થી દશામાં રહ્યો હતો તેજ મકાન પોતાને રહેવાને માટે હાલ ભાડે રાખી લીધું. માતા નર્મદાશંકર પણ જગદીશની સાથેજ રહેવા લાગ્યા. જગદીશની માતા સાવિત્રીદેવી ઘરનાં કામકાજ માટે અત્યાવશ્યક રહી. તેને બીજી સર્વ બાબતનું સુખ હતું, ફક્ત જગદીશના તરફની તેને થોડીક ચિન્તા હતી. કારણકે જગદીશના વિવાહ બાર વર્ષની ઉમ્મરે કરવામાં આવ્યા હતા. બે વર્ષ પછી તે કન્યા મરણ પામી હતી. પછી એન્ટ્રન્સ પાસ કર્યા સુધી બીજા વિવાહની વાત પણ કોઇએ દાદી નહીં. એ વર્ષે જગદીશના પિતાનો સ્વર્ગવાસ થયો. બીજે વર્ષે માતાએ જગદીશને વિવાહ માટે કહ્યું પણ તેણે ના કહી ડૉક્ટરની પ્રેક્ટિસ શરૂ કરી તે વખતે જગદીશની ઉમ્મર ૨૪ વર્ષની હતી. પણ તેણે પોતાનો વિવાહ સમ્બન્ધીનો નિશ્ચય ફેરવ્યો નહીં. વૈદ્યકીય વિષયનાં પુસ્તકો વાંચવાથી તેનામાંથી સરસતાનો લોપ થયો હતો. સાવિત્રીએ પોતાની ભાભીને લખ્યું હતું કે "જગદીશને કોઇ વિવાહ માટે ખુશી કરે તો એને માટે હું એક ઉત્તમ કન્યા શોધી કાઢું" ભાભીએ લખ્યું કે "એમનો લગ્ન કરવાનો મનોભાવ નથી."

(૨)

જગદીશ ધ્યાનપૂર્વક ડૉક્ટર સેમાર્ટનું નવું નીકળેલું "The medical-a physiological fact" નામક નિબન્ધ વાંચી રહ્યો હતો. એટલામાં ઉપર કંઇ ફટ ફટ અવાજ થયો. ઉપર જોતાંજ તેને માલુમ પડ્યું કે એક પિંજરમાંનો પોપટ વ્યર્થ સ્વાધીનતાને લીધે ઉડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. અને સામેની છત પર એક યુવતી ખાસી પાંજરું લઇ ઉદ્વેગથી ઉભી રહી હતી. ઝટ બારણું બંધ કરી જગદીશે પોપટને પકડી લીધો. પકડીને તેને તેના માલીકને આપવા માટે જગદીશ માળ પરથી ઉતરી નીચે આવ્યો. સામેનાં ઘરનું દ્વાર ખખડાવતાં એક વૃદ્ધે દ્વાર ઉઘાડ્યું. તેને જોઇને જગદીશે કહ્યું "રામ કાકા તમે આ ઘરમાં રહો છો? મને તો ખબર પણ નહોતી. તમારે ત્યાંથી આ પોપટ ઉડી આવ્યો છે તે લ્યો."

રામકાકા—"કોણ જગદીશ? હવે તો ડૉક્ટર જગદીશ બની ગયો. ઇન્દુનો પોપટ હશે."

ઇન્દુ ઉપરથી ઉતરી પોપટ લેવા નીચે આવી જગદીશે આશ્ચર્યથી ઇન્દુને નીહાળી શું તેજ એ ઇન્દુ છે કે જે વિદ્યાર્થી દશામાં જગદીશનાં મકાનમાં આવીને રમ્યા કરતી હતી!

(૩)

રામકાકા ગયા, ગોકોલ્સો અને આપ્પા સ્ટેશન સુધી ગયા હતા. દૂધ પીને સવારથી તે દિવસ વાગ્યા સુધી ગલીને નાકે એવી નહેતું અને આવતા-જતા દરેક ને "જય શ્રી રામકૃષ્ણની જય" એમ કહેવું એ એમનું કામ હતું.

જગદીશ જેવો વિનીત ભક્ત મળતાંજ કાકા જગદીશના ડીસપેન્સરીમાં આવી બેસવા લાગ્યા. રામકાકાને 'રામકૃષ્ણવીજય' સિવાય આ સંસારમાંનાં ત્રણ મનુષ્યની વાત આવડતી હતી એક તો ઇન્દુની માતા દ્રોપદીની, બીજી ઇન્દુના પિતા હરિ વર્ધનની અને ત્રીજી ઇન્દુની. એ સર્વમાં પણ ઇન્દુની કથા તે વધારે રસિક કરતો હતો. લખે છે કેવું, વાંચે છે કેવું ચીતરે છે કેવું, રસોઇ કેવી બનાવે છે. ચિત્રો કેવાં ચિતરે છે, બીજાત એક એક વાત રામકાકાના મુખથી કહી પૂરીજ થતી નહોતી ડાકોર વિદ્યાનની, નાચે અને સ્નાયુની, ખુબ હોંશે હોંશે જગદીશને રામકાકાની પુનઃ પુનઃ કહેલી વાત કોણ જાણે તો પારથુથી રૂચતી હતી.

(૪)

એક દિવસ રામ કાકાના પગમાં વાગ્યું તે જગદીશની ડીસપેન્સરીમાં આવી શકયો નહીં. બીજે દિવસે બીમાર જોઇ ચાર કામ ચાકી જગદીશ રામકાકાનાં મકાનમાં ગયો. જઇને કહ્યું "રામકાકા!"

ઇન્દુની માતાએ કહ્યું "આવો જગદીશ, અંદર આવવામાં શરમ શું છે? તમે ઘરનાં જેવાજ છો. ગઇ કાલે કાકાના પગમાં વાગ્યું છે."

જગદીશે કહ્યું "ભાભી, હું જોઉં."

અંદર જતાં કાકાએ કહ્યું "આવો આવો જગદીશ, હું કાલથી તમારી રાહ જોઇ રહ્યો છું મેં ઘરે એ વાત દ્રોપદીને કહી હતી પણ દ્રોપદીએ કહ્યું કે એ ડોકટર છે શું એને....."

વચમાંજ દ્રોપદીએ જણાવ્યું "ગરમ કરીને હળધર સુનો તો બાંધી દીધો છે. આરામ થઇ જશે. બાલક એને તરદી આપવાથી શો ફાયદો છે?"

જગદીશે કહ્યું "મને રાત્રેજ બોલાવ્યો હતો ને! ચાલો હશે, હવે પટી ખોલો એટલે જોઇ લઉં."

પગ સારી રીતે જોઇને જગદીશે કહ્યું "હું તમને એક 'લોશન' આપીશ તેને સારી રીતે બાંધી દેજો. બે ત્રણ દિવસમાં આ રામ થઇ જશે.

કાકાએ જગદીશને ઇન્દુએ પટી મારી દવા લગાવી, શેક કર્યો વીગેરે હકીકત પૂર્ણ વિસ્તારથી સંભળાવી, અને અન્તે કહ્યું "મારી લક્ષ્મી રાણીને કોઇ એવોજ રાજા વર મળે તો મારી સર્વ આશા પુરી થાય."

(૫)

સાંજના વખતે છત પરનાં કુંડામાં પાંથી સીંચતી ઇન્દુને જોઇ જગદીશે વિચાર કર્યો કે ખરેખર ઇન્દુ ગુણવતી તો છે. વળી તેને લાગ્યું કે ગુણવતી છે તેમ તે સુન્દર સ્વરૂપવાન પણ છે. અને તે સાથે એવો પણ તરંગ આવ્યો કે એનાં લગ્ન કોની સાથે થશે? એ વિચાર આવતાં તેનું હૃદય ધડકવા લાગ્યું. કોઇ સ્વરૂપવાન હોય અને કોઇ કુરૂપવાન હોય પણ લગ્ન તો સર્વને કરવાં પડે-એ કેવી ખરાબ વાત છે.

ત્રીજે દિવસે રામકાકાના પગને આરામ થઇ ગયો એટલે જગદીશ તેને ઘેર ગયો. જગદીશને ખુશી પર એસાડી કાકાએ કહ્યું કે "હવે તો એમ કરવા થાય છે કે એક દિન જગદીશને આમંત્રણ કરૂં!"

જગદીશે કહ્યું તેને માટે મને કોઇ જાતનો વધો નથી પણ શરત એટલી કે કોઇ પણ જાતનો આડમ્બર હોવો જોઇએ નહીં.

ઇન્દુની માતાએ કહ્યું આડંબર શાનો? આ ઘરમાં જે રાખી રોટલી છે તેજ જમશો?

થયો ત્યારે તે સંતોષ ભરી દૃષ્ટિએ ધન્દુને નીરખતો હતો. માતાએ વિચાર્યું કે હવે પુત્ર વધુને તેનાં પીયર મોકલવી જોઇએ. બીજે દિવસે તેને દિલ્લી મોકલી દીધી. જગદીશને હવે તદ્દન આરામ થઇ ગયો છે.

(૮)

'જગદીશની બીમારીની હકીકત સાંભળી ધન્દુની માતા દ્રૌપદી આકુળવ્યાકુળ થઇ રહી હતી, ધન્દુને આવતાંજ તેને ગુડગામની દેવીની પૂજા કરવાનું કહ્યું. બીજેજ દિવસે રામકાકા સાથે ધન્દુ દેવીની પૂજા કરવા ગઇ.

પૂજા કરીને બહાર નીકળી તેણે કેટલાક કંગાલોને પૈસા વહેંચ્યા. ધન્દુને એક કંગાલ બ્રાહ્મણે પેટ બતાવીને કહ્યું 'હું ત્રણ દિવસનો ભૂખ્યો છું એક પૈસાથી શું થશે?' ધન્દુની પાસે બીજા પૈસા નહોતા પોતાની મા પાસે પૈસા લેવા ગઇ. કંગાલે જાણ્યું કે વગર આપ્યે એ જાય છે. તેણે કહ્યું "હું બ્રાહ્મણ છું તું મને પૈસા નહીં આપે તો તારો નાશ..."

દ્રૌપદીએ પાછું ફરીને જોયું. પણ એક પળમાં કંગાળ કોણ જાણે ક્યાંયે જતો રહ્યો બહુ શોધ્યો પણ ન મળ્યો. સર્વને ઘણું આશ્ચર્ય લાગ્યું.

(૯)

બીજે દિવસે તેજ કંગાલ ટોપી તથા પહેરણ પહેરી રામ કાકાની પાસે આવ્યો. 'જય રામ કૃષ્ણ' કહીને તેણે કાકાની ચરણ-માંથી બે દમ લીધા. નવો સાથી મળવાની સાથેજ કાકાએ તેને વિસ્તારથી ધન્દુ અને દ્રૌપદીની કથા સંભળાવી, અને તેની સાથે તેના અને જગદીશના વિવાહની હકીકત પણ સંભળાવી દીધા, કંગાલે કહ્યું "ચાલો, મારે દ્રૌપદી બાઇને મળવું છે."

કાકાએ કહ્યું "દ્રૌપદી તમારી બાઇ થાય?" તેણે કહ્યું "હા."

અંદર જતાંજ તેની સુરત જોઇને ધન્દુ અવાક થઇ ગઇ. દ્રૌપદીએ કહ્યું "તમે અહીં ક્યાંથી?"

તેણે કહ્યું—"આજ દશ વર્ષે મેં તમને જોયાં બાઇ! મહારાણી ભગવતીના ચરણ પકડી હું દરવાજામાં પડ્યો હતો તેણે તમને મેળવી આપ્યાં! ધન્દુના લગ્ન કર્યા, રાજ જમાઈ મળ્યો, સર્વ સારાં વાનાં થયાં મારે જરા તમારી સાથે એકાંતમાં બે વાત કરવી છે, પછી હું ચાલ્યો જઈશ."

રામકાકા ત્યાંથી બહાર ચાલ્યા ગયા. ધન્દુ અંદર ચાલી ગઇ. કંગાલે કહ્યું "બાઇ! ધન્દુના વિવાહ તો તે દહેાડ વર્ષની હતી ત્યારે કરી નાંખ્યા હતા હવે બીજાં લગ્ન તમે શા. માટે કર્યાં? રામરતનની ઉમ્મર અત્યારે ૮૦. વર્ષની છે અને તે જીવતો છે. જો એ વાત જાહેરમાં ન આણવી હોય તો મને ૫૦૦) પાંચસો રૂપીઆ આપી દો, કે ભીખ માગવી મટી જાય."

ધન્દુના કાનમાં આ વાતનો સ્વર અથડાયો. તે બેહોશ થઇ ગઇ અને વૃક્ષ ઉપરથી ફળ તૂટી પડે તેમ તે જમીન ઉપર પટકાઇ પડી. તેની માતા ત્યાં દોડી આવી, અને ઝૂમ મારી ઉઠી કે 'મારી પુત્રીને મારી નાંખીરે!"

(૧૦)

" કંગાલ બ્રાહ્મણને ૫૦૦) રૂપીઆ આપી રવાના કરી દીધો એટલે ધન્દુ શુદ્ધિ ઉપર આવી, અને તેણે કહ્યું "મા! મારાથી આ વાત તેં શા માટે છુપાવી?"

"માએ કહ્યું—"હું તો એને લગ્ન સમ-જતી નથી. તું દહેાડ વર્ષની હતી. તારા પિતા અને આ ધનશ્યામ રાતના દશ વાગે તને સુતેલી ઉંચકી લઇ ગયા હતા, અને બે કલાકમાં તને પાછી આણી હતી. ધનશ્યામે કહ્યું કે એનાં લગ્ન થઇ ગયાં છે. હું ઘણું રડી ત્યારે એણે કહ્યું કે જ્યાં લગ્ન થયાં છે

ભોળીઆરાજનો ભડભડાટ.

જ્યારે જીતની ખુશ હય, વેસો દેવે બતામ, વાકો ખરો ન માનીએ, અવર કહાં સેલામ.

કહેજે નબળો ધણી રાજપર ચરો ! એટલે શું? એટલેએજ કે બહારમાં બામલો પણ ઘરમાં વાઘ ! બીજાની સામે નામર્દ પણ બઈરીની સામે મર્દ ! ! કહેવાની મતલબ એજ કે બહારથી ગુસ્સે થઇ આવે તે બઈરીનાં ડાઢકાં ભાંગે-ખુરદો કરે ! બલકે બોખરી કરે અને ગુસ્સો ઉતારે ! શું મર્દાઇ ! ! એવી મર્દાઇની મહેમા-નગીરી લખવતો આ એક હળમભાષ્ટનો દ્રષ્ટાંત સુનો તો સહી ! વિભાગ તરબતર થસે ! કલેજું ઠંડું થસે ! મન મલિનના તજસે ! દિચકારાપણાને હટાવસે ! ! હા ! હા ! હા ! હા હા હા ! યારો ! આ પણ ઈક વિંટી બતાવવાની તાલાવેલીમાં ગુંપડી જલાવેલી ! તેવાજ એક હળમભાષ્ટનો અનૂપમ દ્રષ્ટાંત ! ! "સમજ્યા કે યારો મેંન કથન" કમરે અથવા બોગીયાત ને વળી આ શું ઝોળ લાગ્યું ? આજે તો આમ કહ્યું ને પછી તો "કોણ દેખાજી મારો મેરી મહબુબ !" નાના બેબ તે કંઇ હાથ બે નો મેંન જોએલી ને જણેલી પછી તેમાં કોઇની પૂછવાનુંજ શું હોય ? ! હજ્જ અતતારીની કકા કાં ચાલ્યા ? વાડમાં કે ઝાડમાં ? નાળામાં ગટરમાં ! જ્યાં જવાય ત્યાંજ તો ભલા ! થ્યો ત્યારે આપણું દ્રષ્ટાંત કે.હિનુર આગળ ચલનેદો જનાબ ! ! ! "થ્યો સુનોજી મારો આ અજબ કથન ! ! ! "

× × ×

મારો બેટો નાથીઓ કોઇ વાતમાં પાછળ પડે બેમ નહી હતો ! તેને તો ઘોડો ઘોડે ચડે ! મોટરે ચડે ! ડીચકી (સાયકલે) ચડે કે પડે ? ભલે જેમ હોય તેમ ! પણ ચડવાનું જોઇતું હતું ! કારણ કે હળમત કરવા જવા ગાજી બે ગાજી ચાલતું-ટાંટીઆ ઘસડતાં જવું પડતું હતું. આખરે તે કંઇજ વાહન નહી મલવાથી કુંભારનાં ગધેડાં ઉપર ચડી જવાનો વિચાર કરતો હતો, એવામાં એક દહાડો તે કાકા પેસ્તનજીને ત્યાં હળમત બનાવવા ગયો. હળમત બનાવતાં નાથીઆની ભંજાર નયનો સીકલાં પર ગોઠવેલાં "કારાં" ઉપર પડી, એટલે જેમ ઝાંઝર પર બિલાડી તરાપ મારે તેમ તેણે તે કારાંને ઘોડીનું ઇંડું સમજી પેસ્તનજી કાકા પાસે પડાવવાની બાજી રચી ! જ્યારે હળમત બની રહી ત્યારે કાકાપેસ્તનજીએ પૈસા ખનનન ખનનન ખનખનાવવા માંડયા એટલે ' નાથી-આએ કહ્યું " કાકા મારા ગરીબનું કહ્યું માનો તો એક વાત કહું ." ત્યારે પેસ્તનજીએ કહ્યું ભલે ભાઇ .ભલે તું ગરિબ-તવંગરનું કહ્યું કું-નકર માનીસ ! ત્યારે નાથીઆએ કહ્યું. " જુઓ પેસ્તમું સીકા ઉપર જે ઘોડીનું ઇંડું ગોઠવેલું છે તે મને આપો એટલે બસ ! તેના બદલામાં હું એક વરસ દિવસ સુધી તમારી પાસે હળમતના પૈસા પણ નહી લઉ! અને જીંદગીભર આપનો મોટો ઉપકારવસ થઈ રહીશ !! કાકા પેસ્તનજી જાતે પારસીભાષ એટલે તેને એવા ઊંધા બોદ-ભરમમાં સમજતા વાર લાગે એમ ન હતું તેથી કહ્યું કે " વારી જાઉંરે..... ! ! " ચાલલઇલ બેટા નાથીઆ! ઊઠાવ ! અરે માંગ્યું માંગ્યુને ઘોડીનું ઇંડું બઇરીનું લીંડું માંગ્યું હોત તો તેપનથી આપી શકતે ! ! લઇલ ઇંડું અને એમાંથી જે ઘોડો થાય તેપર બેસી મારે ત્યાં ફટાફટ ફટાફટ કરતો હળમત બનાવવા આવજે ! ! ચલ્લ બેટા તેરા ઔર મેરા બોલાપાર ! ! !

* * *

હાસનો ભર્યો ! રાજરાજ થતો ! લક-ડીકા ઘોડાં કુદાવતો ! નાથીઓ ઇંડું લઇ

ચાલ્યો ! એવામાં ખેતરાડીમાં તે દીસ્યા જવાનો થયો એટલે વાસની જાળમાં કોરૂં (કે ઘઉં?) બાજુએ મુકી કુદરતી હાજતને આધીન થ-ન્યો ! ! એવામાં વાંસની જાળમાં ભરાઇ રહેલું સસલું નાથીઆના ખડબડાટથી ચોંકીને નાઠું જેવું સસલું નાઠું કે નાથીઓ સમજ્યો કે મારૂં ઘઉં વિઆયું અને ઘોડું નાઠું ! કે તુર્તજ સસલું (કે ઘોડું ?) ની પાછળ નાથીઆએ દોડવું બલ્કે રન કરવું ચાલુ કીધું અને તે દોડવામા એટલો અંધ બની ગયો કે ખેતરોમાંના ખૂંપરા, કાંટા, તેને કંઈજ નડ્યા નહી ! દોડતાં દોડતાં તેને દમ ભરાઇ આવ્યો પણ ને સસલું પણ મનથી માનેલું ઘોડું હાથ આવ્યું નહી ! નપાવરે લાચારીએ તેની પાછળ દોડવું છોડી ઘર તરફનો રસ્તો પકડયો ! અને ઘેર આવી હજમ ઘણીઆણી બાઇ નાથીને પોતાના ઘોડાનો સર્વ વૃતાંત કહી સંભળાવ્યો ! એટલે બાઇ નાથીએ જરાક છણકાઇ ! જરાક લચકાઇ ! લગરીક મચકઇ ! અને નખરાંબાર નસકોરૂં ફુલાવતાં કહ્યું "તમે કેવા છો ? દિશા જવા શું કરવા ગેલા ! બીક દોર કેયે પણ ગેલ્યા વિના ઘર તરફ ચાલ્યા આવતે ને ! ! અરે ! રામ ! જો એ ઘોડીનું ઈંડું અહીં લાવ્યા હતે, અને અહીંજ જો વિઆયુ હોતે તો ! મારે રોજીંદા ચાલતાં છાશ લેવા જવાની જે મુસ્કેલી છે તેટલો તો બરી ટળી જતે ! ! તમે તે કેવા... ક મનખ છો ? શું આટલીએ અખલ (અકકલ) ન પહોંચી ! તમારા કરતાં તો અમારી અખલ સારી ! "અહો જોષ લ્યો જરા નાથીનો રણકાર !

× × ×

આ રણકાર સાંભળી નાથીઆનું પાકી આવ્યું અને, ગુસ્સામાં આવી જઇ તેણે બાઇ નાથીનો વાંસો જે કેટલાક દહાડા થયાં ખોખરો થવાનો બાકી હતો તે પુરેપુરો ઢીલો કરી નાંખ્યો, અને રાંડ એટલાં કુબાળાં ઘોડાં ઉપર બેસવા સાટી તૈયાર થા ? શું તે કુબાળી કેળ તુટી ન જાય કે ? બોલો રીતે કંટાળેલા હજમબાઇએ બાઇ નાથીના ઉપર પોતાનો ગુસ્સો ઉતાર્યો ! ! એવામાં એ ઘણી ઘણીઆણીનો ટંટો એક માણસ સાંભળતો હતો તેણે કહ્યા નાથીઆ તારા ઘોડાએ તો તો મારૂં ઓખું બેતર નાશ કીધું !! તેનું શું ?!! લ્યાં દોડ તેને પકડી લાવ ! અરે બાઇ મસ્કરી શું કરો છો ? તે સમરૂં ઘોડું શું ને તમારૂં બેતર શું બગાડયું ? ત્યારે તેણે કહ્યું જે મુખો સમરૂં ઘોડું નહી પણ સમરૂં સસલું હશે ! ! ! હાં ઉઠ ઉઠ તમારી વાત ચોકક ! ઘોડીનું તે કેથું ઇંડું હોતું હશે ? નાથીઆના દરવાજા ખુલ્યા ! ! આ પણ એક જોજુ કે ભલા ? ! ! વાંચક તું ગણે તે ભલા ! ! !

ભોળીયારાજા.

દીન દરવેશનું સંક્ષિપ્ત ચરિત્ર.

(લખનાર—ધીરજ. બરવાળા)

જે વીર પ્રસવિની મેવાડ ભૂમિના પ્રસિદ્ધ વીરોની અનેક ગાથાઓ આજ સર્વત્ર ઠર્યેથી ગવાય છે; તેજ ભૂમિના એક વિરક્ત મહાત્માના સંક્ષિપ્ત પરિચય વાચકોને અત્ર આદર કરવામાં આવે છે.

વીર પ્રાય મેવાડના અનેક ક્ષત્રિય વીરોનાં પરાક્રમો ઇતિહાસમાં મોજુદ છે કાચબોએ-રોબ-કોએ તેમના વીરોદ્રેકના યશોગાન ગાયાં છે આજ એવાં રણગીતને બદલે વૈરાગ્યની શાન્તિ રસઘોલક કથા અહીં ઓળખવામાં આવે છે.

ઉક્ત મહાત્મા દીન દરવેશના નામથી પ્રસિદ્ધ હતા. ચિતોડથી ઉદયપુર જતાં રસ્તામાં જે ભેમલી નામક સ્ટેશન આવે છે, તેની પાસે ગુડલી નામના ગામમાં તેમનો જન્મ

થયો હતો. તેમના જન્મની તિથિ કે સંવત તો તેમજ તેમનાં માતા—પિતાની કાંઇ પણ માહિતી મળતી નથી. પરંતુ તેમની કવિતાઓ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે વિક્રમની ઓગણીસમી શતાબ્દિના મધ્ય સમયમાં તેઓ વિદ્યમાન હતા. તેમની જાતિના સંબંધમાં પણ જુદાં જુદાં અનુમાનો છે. કોઇ કહે છે કે તેઓ લુહાર હતા અને ક્ષત્રિયના જેવો પહેરવેશ રાખતા તેમનું તત્કાલિને ચિત્ર જોતાં તો તેઓનું ક્ષત્રિયત્વ પ્રતિત થાય છે. તેમનો એક હાથ કોઇએ કાપી નાંખ્યો હતો; જેના સંબંધમાં બે ઘટનાઓ પ્રસિદ્ધ છે. (૧) કોઇ કહે છે કે રાત્રીમાં તેઓ ભર ઉંઘમાં હતા ત્યારે હાથે મૂલ્યવાન બાજુબંધ કડાં, વીંટીઓ વગેરે આભરણો જોઇ ચોર લોકોએ તેમને. ગામના દાકોર સમજી ઘરેણાં મેળવવા માટે હાથજ કાપી નાંખ્યો હતો. વળી (૨) કોઇ કહે છે કે એક અશ્વ વેચનારો માણસ પોતાના ઘોડા વેચવા તે ગામમાં આવ્યો હતો. તેનો એક ઘોડો કોઇ સરદાર ખરિદવા ઇચ્છતો હતો; પણ ઘોડામાં કાંઇક દૂષણ હતું. કે જે દૂષણ તે મહાત્માએ ખરિદનારને દેખાડી દીધું, એથી તે સરદારે ઘોડો લીધો નહિ. પાછળથી એ કારણને લીધે તે સોદાગરે ક્રોધે ભરાઇ રાતમાં તેમનો હાથ કાપી નાંખ્યો હતો.

કહેવાય છે કે મહાત્માજીનાં માતા પિતા તેમને બેક બાળક અવસ્થામાં છોડી પરલોકવાસી થઇ ગયાં હતાં. તેમનું પાલનપોષણ તેમના જ્યેષ્ઠ ભ્રાતાએ કર્યું હતું; કિન્તુ તે પણ કેટલાક દિવસ પછી તેમને ઘર આગળ એકલા મૂકી તીર્થાટન માટે ચાલ્યો ગયો. ઘણા દિવસ થયા તોપણ તે પાછો ન આવ્યો ત્યારે બ્હાનાભાઇ તેને ખોળવા માટે નીકળી પડયા. હજુ તેઓ પોતાના ગામથી બહુ દૂર નહોતા ગયા એટલામાં માર્ગમાં મહુમોર ગામની નજીક એક જલોરી મુસલમાન થાણદારની સાથે ભેળાપ થયો. તે થાણદારે તેમને પોતાને ભોજન કરાવવા ઇચ્છા કરી; મહાત્માએ ભોજન કર્યું નહિ તેથી થાણદારની તેમના ઉપર વિશેષ શ્રદ્ધા ચોંટી અને તેણે તેમને પોતાને ઘેર રાખી પૃથક્ ખાવા પીવાનો પ્રબંધ કરી દીધો. અહીં મહાત્માજીએ શાલિહોત્ર તથા અશ્વ રોહણનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેટલાંક વર્ષ એ પ્રમાણે ત્યાં રહીને પછી તેઓ તીર્થ કરવા ચાલ્યા. જ્યારે તે ભગવાન એકલિંગ મહાદેવજીના સ્થાનપર પહોંચ્યા ત્યારે ત્યાં એક વિરાગી મહાત્મા સાથે તેમનો મેળાપ થયો. તે મહાત્માજીએ આપણા ચરિત્ર નાયક ચિત્તમાં બ્રહ્મજ્ઞાનનો પ્રાદુર્ભાવ ઉત્પન્ન કર્યો; જેથી તેઓ તેમાંજ નિમગ્ન રહેવા લાગ્યા.

તદુપરાન્ત તત્કાલીન સિરોહીના મહારાજા સાથે તેનો મેળાપ થયો. તેઓ તેમને બહુ આગ્રહપૂર્વક પોતાની રાજધાનીમાં લઇ ગયા. ત્યાં તેઓ બ્રહ્મચિંતનમાં લીન રહેવા લાગ્યા; પરંતુ જ્યારે મહારાજાના સ્વર્ગારોહણ પાછળ લોકોને મહાત્માજીનાં આચારણ ઉપર વૃથા સંદેહ થવા લાગ્યો ત્યારે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. પુનઃ કોઇ સ્થાન ઉપર તેઓ સ્થાયી થઇને રહ્યા નહિ; સદૈવ ફરતાજ રહ્યા. કદી કદી ઉદયપુરમાં પણ તેઓ આવતા ને રહેતા હતા.

તેમના ધાર્મિક વિચારો બહુ ઉદાર હતા. તેઓ હિન્દુ મુસલમાનોના ભેદ ભાવને માનતા નહોતા. એકવાર તેમની પાસે એક કવિ આવ્યો. પોતે તેને પોતાના એક હાથનું વર્ણન કરવા કહ્યું ત્યારે તેણે નિમ્ન પદ ઉચ્ચાર્યું

દોય કર ધ્યાતો દીન—જૌ તૌ કર દોય હોતે।
એક કર ધ્યાયો દીન—તાતે તો કર એક હૈ।

લોકોની એવી માન્યતા હતી કે તેઓ કબિરદાસનો અવતાર હતા. તેથી હિન્દૂ મુસલમાન બન્ને તેમને માનતા હતા. એકવાર તેઓ વાગડ પ્રાંતના કોઇ ઠાકોરને ત્યાં રહ્યા હતા. વાતચીતમાં તેમને કોઇ હિન્દૂની મટકીનો સ્પર્શ થઇ ગયો, તેથી તેને ફોડી નાંખવા માટે ઉક્ત ઠાકોરે સંકેત કર્યો અને એક ઉંચા પર્વત ઉપરથી તેને ફેંકવા છતાં તે ફૂટી નહિ ત્યારે પોતે નિમ્ન પદ ગાયું—

તુમ રાખી મટકી સાંઇ—તુમ રાખી મટકી ॥
હિન્દૂ મુસલમાન જાનિ આન અટકી ।
તીન મત તેં ડારિ દીન્હી નેક નાહિં તટકી ॥
તુમ રાખી મટકી સાંઇ ॥ તુમ૦

કહે છે કે તેમની કવિત્વશક્તિ પણ વિલક્ષણ હતી. પ્રાયઃ સાધારણ વાતો પણ તેઓ કવિતામાંજ કર્યા કરતા હતા. એકવાર ગુજરાત પ્રાંતની ઉત્તરે આવેલા આરાસુર અંબાજી મંદિરમાં તેઓ દર્શન કરવા ગયા હતા. ત્યાં તેઓ માતાજીનાં દર્શન કરી ભક્તિરસમાં એટલા તલ્લીન થઇ ગયા કે તેમના મુખમાંથી નિમ્ન લિખિત પદ નીકળી ગયું:—

સુન માતા અમ્બે આવ્યારાતે
અમને વાચા દી થી પરમાતે
સંવત અઠારહ ચૌત્રિસાનાવર્ષે
મોપૈ કૃપાકરી વની હરષે
માદરવા સુદ સાતમ દિને
શંભવ મિલ્યા સાચે મને

આ ઉપરથી વિક્રમાબ્દ ઓગણીશમા મહીના અર્ધ ભાગમાં તેમનું હોવું સિદ્ધ થાય છે તેમણે કવિતા તથા પદોમા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય આદિના ૭ ગ્રન્થો રચ્યા છે. જેમના નામ આ પ્રમાણે છે (૧) ભજનભડાર (૨) તત્વસાર (૩) સર્વાંગસાર (૪) અમતોડાં (૫) રાજ ચેતાવની (૬) હરિયશ.

આ સર્વ ગ્રંથો પ્રાયઃ હસ્તલિખિતજ મળી આવે છે તેઓ હિન્દી, મેવાડી તથા ગુજરાતી ભાષામાં કવિતા કરતા હતાં. તેમની કવિતાનો એક નમુનો નીચે આપવામાં આવે છે.

રાજા રાણા રાવકી અપને પરવા નહિં
પરવા થી પરવરદકી સો પાયા ઘટમાંહિં
સો પાયા ઘટ માંહિ પટ્ટ તકિયા ના બન્દૂ
વરૂં ન ચેલા કોય, અકેલા રહૂ અનન્દૂ
કહૈ દીન દરવેશ નિરંજન ખુબ નિશાના
અપને પરવા નાહિં રાવ રાણાકો રાજા ।૧।

રોટી ચદ્દર ચાહિયે, કહા દામસે કામ
વો હી દીન ફકીર હૈ, મનૈ નિરંજન નામ
મનૈ નિરંજન નામ, બલ સાંગરમેં ઝૂલૈ
નિન્દૈ બન્દૈ નાહિં, નાહીં કુમ્હલાય ન ફૂલૈ
કહૈ દીન દરવેશ ખરી કહવૈ ના ખોટી
કહા દામસે કામ ચાહિયે ચદ્દર રોટી ।૨।

ઉપરના કુંડળીઆથી આપણા ચરિતનાયકની નૈસર્ગિક પ્રતિભા, નવા નવા ઉન્મેષવાળી પ્રસાદ પ્રાધાન્ય ભોગવતી કવિતા શૈલી અને નિષ્કામતા—ઋષિ હૃદયને સુલભ નિરપેક્ષતા વગેરેનો સારી રીતે પરિચય થાય છે. મહાત્માઓ અને તેમાંએ કવિ-ઉન્મત્ત મહાત્માઓ સ્વતંત્ર પ્રકૃતિના હોય છે; તે મુજબ દરવેશ પણ પરમ સ્વતંત્ર પ્રકૃતિના પુરૂષ હતા. સંસારની લાલચ કે મોહની તેમને ગંધ પણ નડેાતી. બીજા મહાત્માઓની પેઠે તેઓ આશ્રમ બાંધી ને બેઠા નહોતા તેમણે કોઇ ખાસ સંપ્રદાય

સ્થાપ્યો નથી અને તેથીજ તેમનું કોઇ સ્થાન પ્રસિદ્ધ નથી. બીજા ધર્મગુરૂઓની પેઠે ચેલાઓના કાન ફુંકીને ધન સંગ્રહ કરવાનો માર્ગ તેમણે પસંદ કર્યો નહોતો. શિષ્યાઓ પાસે ચરણું સેવા કરાવવાની કે જુદાં જુદાં મિષ્ટાન્ન આરોગવાની પ્રથા ઉપર તેમને તિરસ્કાર હતો. તેઓ એક ખરા નિષ્કામ બ્રહ્મયોગી કવિ હતા. તેમની કવિતાઓમાં હૃદયનો સ્વતંત્ર તનમનાટ દૃષ્ટિગોચર થાય છે.

મેવાડ પ્રાંતમાં તેમજ તેની આસપાસનાં ગામડાઓમાં એ મહાત્માના અનેક અનુયાયી ઓ–ભક્તો મળી આવે છે. હિન્દૂ તથા મુસલમાન તેમને એક સરખી રીતે માને છે. જે મુસલમાનો તેમના શિષ્યો છે; તેઓ મદિરા–માંસનું સેવન કરતા નથી. દરવેશ મહાત્માનાં રચેલાં ભજનો તથા કવિતાઓનું એ તરફ સારૂં માન છે.

તેમના મૃત્યુસમયના સંબંધમાં એક બીજી ઘટના કોઇ કોઇ ઠેકાણે પ્રસિદ્ધ છે. કહે છે કે મૃત્યુ પહેલાં તેમના શરીરમાં કીડા પડી ગયા હતા! અંતિમ વખતે કેટલાક રાજા મહારાજાઓ તેમની પાસે બેઠા હતા. તેઓ જ્યારે તેમના શરીરમાંથી કીડાઓ પકડી પકડીને બહાર ફેંકી દેતા હતા ત્યારે પોતે તે કીડાઓને પકડી પાછા પોતાના શરીરમાં મૂકતા હતા. એક રાજાએ જ્યારે એમ કરવાનું કારણ પૂછ્યું કે–"આપ આમ ઉલટો શ્રમ શા માટે કરો છો?" ત્યારે મહાત્માશ્રીએ ગંભીર હાસ્ય કરીને કહ્યું–"આ સર્વ મારા પૂર્વ જન્મનાં કર્મોનું ફળ છે. આ જીવોનો હું ઋણી હતો અને તેથી તેમને પકડી પકડીને મારા શરીરમાં એટલાજ માટે દાખલ કરૂં છું કે કોઇપણ ઋણ બાકી રહી જતું હોય તો તે પુરૂં થઇ જાય!" ધન્ય! મહાત્મા શ્રી! તમારા ઉદાત્ત વિચારોને ધન્ય છે!

કવિત્વની સાથે આચાર–વિચારમાં ઉત્કૃષ્ટતા હોય તેજ ખરો કવિ છે. કવિયો જગતના ગુરુ છે, તેથી તેનું અંતઃકરણ વિકાર માત્રથી મુક્ત હોવું જોઇએ. બાકી તો સ્વ. કેશવલાલ લખે છે તેમ—

હૈડે હરિ આવે નહિ, હૃદય વિષે નહિ રામ
જૂઠાં જોડે જોડકાં એ કવિનું શું કામ?
પાપી પામર લોકનાં વર્ણન કરે અપાર
કવિત્વને કાળું કરે એ કવિને ધિક્કાર!
નરનારીનાં અંગ કે તેનો વિવિધ વિહાર
એમાં મન જેનું રમે તે કવિને ધિક્કાર!
ઇશ્વરને વિષયી કરે જેવો પોતે હોય,
એવા પામર લોકનો સંગ ન કરશો કોય.

આથી કવિત્વ શક્તિ સાથે ઉદાર ધાર્મિક વર્તનની પણ આવશ્યકતા સિદ્ધ થાય છે. પ્રાચીન કવિયોનાં જીવનચરિત્રોમાં ઘણે ભાગે તેમના કવિત્વ કરતાં તેમની ધાર્મિક ભાવના વધારે પ્રતીત થાય છે, નરસિંહ મહેતો, મીરાંબાઇ, તુલસીદાસ, સુરદાસ, અખો ભગત, વગેરે ભક્ત કવિયોની કૃતિમાં ઉત્તમ નીતિબોધ, ઇશ્વરપરાયણતા અને હૃદયની સ્વતંત્રતા સાથે ઉંચુ કવિત્વ નજરે પડે છે. દીન દરવેશની કવિતાઓમાં પણ તેમની બ્રહ્મમયતા, મનની સરલતા તથા અકૃત્રિમ પંડિતતા જણાઇ આવે છે. હિન્દના એવા પ્રાચીન કવિયોની કૃતિને ભેળી સંશોધન કરી પ્રકાશમાં લાવવાની ઘણીજ જરૂર છે. કારણ કે હાલનો લેભાગુ કવિ વર્ગ તેનું પરિશિલન કરીને પણ પોતાની ખોડો સુધારે તો એ ઓછું મહત્વનું કામ નથી.

ધૂર્તપુર પટ્ટનની સુંદરી.

(લેખક—મુનિ માણેક મુનિજી.

નવલચંદ શેઠ ભરૂચ નગરમાં ઘણા દિવસથી વ્યાપારાર્થે આવેલા હતા, તેમની સાથે તેમની પત્ની સોનબાઇ પણ હતાં ઘણીખણીબાણીના પ્રેમી સ્વભાવથી ભરૂચમાં સારા ખાનદાનોમાં તેમની ઓળખાણ થયેલી હતી તેથી તેમની જન્મભૂમી કાઠીયાવાડમાં જવાની તેમની ઇચ્છા થતી નહોતી.

નવલચંદ જો કે પોતે દરેક કાર્યમાં પ્રવીણ હતા પણ ભોળા સ્વભાવથી કોઇ કોઇ વખત વાતોમાં ફસી જતા હતા અને હજારો રૂપિયાનું નુકશાન ખમીને છુટતા હતા તેથી તેમની પત્ની વારંવાર સમજાવતી હતી કે દુષ્ટ માણસો તમને લાલચમાં ફસાવી વા ધર્મના નામે ઠગીને હજારો રૂપિયા ખાઇ જાય છે છતાં તેમના ફંદામાં વારંવાર ફસવા માટે શા કારણે તેમનો પરિચય રાખવો જોઇએ ! છતાં પણ સરળ સ્વભાવથી એક વખત હા કહી સ્ત્રીનું કહેવું માનીને પાછા જ્યાં દુષ્ટો આવી બેઠા કે પાછા તેમનાં મીઠાં વચનોમાં ફસી પત્નીનું કહેવું ભૂલીને તેમને વિશ્વાસે ધનની બરબાદી કરતા હતા.

ધનની બરબાદી ગૃહસ્થને બહુ નુકશાન કર્ત્તા છે અને જો દરિદ્રી થયો હોય તો પછી તેનું મોહું જોવા પણ કોઇ ચાહતું નથી એવું પાનીએ વારંવાર સમજાવવાથી નવલચંદની આંખો ઉઘડી અને પોતે પક્કો નિશ્ચય કર્યો સાથે બુદ્ધિનો પણ ઉપયોગ કરવાની મનુષ્યને આવશ્યકતા છે. જ્યારે શેઠે પત્નીનું કહેવું માન્યું ત્યારે લક્ષ્મીનો ઘરમાં સ્થિર વાસ થયો અને પત્નીના દીલમાં પતિ ઉપર વાત્સલ્યભાવ થવાથી ઘરના દરેક કાર્યમાં સહાયક થવાથી પુણ્યના પ્રકર્ષ સંયોગથી તેને ગર્ભ રહ્યો અને શુકોમળ અંગવાળા સુંદર બાળકને પૂર્ણ માસે પ્રસવ્યો પુત્ર મહોત્સવની ખુશીમાં હજારો રૂપિયાનું દાન આપ્યું અને પોતાનાથી બની તેટલી સહાય આપી અનાથ અપંગ વિદ્યાર્થીઓને આશ્રય આપી દેશ પરદેશનું દરિદ્ર દુર કર્યું.

પુત્રનું મુખ મનોહર હોવાથી તેનું નામ મનોહરદાસ. પાડ્યું આ મનોહરદાસને જ્યારે ભણવા મોકલ્યો ત્યારે તેની નિપુણ બુદ્ધિથી પંડિત પ્રસન્ન થઇ થોડા વખતમાં પંડિત શિરોમણિ બનાવી શેઠને સોંપ્યો. શેઠનો પુત્ર વિચારશીલ હોવાથી બાપે પેરે ભણવાની પણ યોજના કરી આપી.

પછી યોગ્ય કન્યા સાથે પિતાએ તેનું લગ્ન કરી આપ્યું ત્યારે ભણવાને બદલે સ્ત્રીના મોહમાં પડી ભણવાનું ઉંચુ મુકયું અને બાપની પાસે વધારે વખત બેસવું પણ છોડી દીધું .તથા સ્ત્રી પુરૂષ બંને ખુશીમાં આવે ત્યાં બગીચામાં અથવા ઘરમાં રાત દિવસ દેવદેવીની ભાવિક કરવા લાગ્યા ધર્મ શું ચીજ

લઇ શું ચીજ છે તે સમજી બૂરી પોતાની ઇચ્છામાં આવે તેમ દિવસ ગુજારવા માંડયા.

તેનાં માબાપને પુત્રની આવી ઘેલછા જોઇ ઘણું લાગી આવતું તો પણ વખતે કહેવા જતાં નુકશાન ન કરી બેસે એટલા માટે કહેતું પણ મુકી દીધું. ત્યારે આ અધિક નિરંકુશ બની વધારે પ્રેમઘેલો બની જેમ કોઇ સ્ત્રીએ વશીકરણ કરી પોતાનાં પતિને પૂરી રાખ્યો હોય તેમ જણાવા માંડયું. ત્યારે માતપિતાએ ગભરાઇ પુત્રને હિતશિક્ષા આપવા માણસ મોકલી બોલાવ્યો.

મનોહરદાસ પ્રથમ તો માતપિતાને નમસ્કાર કર્યા સિવાય મોઢામાં પાણી ઘાલતો નહોતો મંદિરે જવા વિના કે ગુરૂનો ઉપદેશ સાંભળવા વિના તેને ચેન પડતું નહોતું તેની દશા હવે તો એટલી બગડી ગઇ હતી કે માબાપ, ગુરૂ દેવ વગેરે એક પક્કા શત્રુસમાન થઇ પડયા તેથી જ્યારે પિતા તરફથી માણસ આવ્યો ત્યારે નફટ થઇને જવાબ આપ્યો કે મારા માતપિતા કંઇ ઘેલાં બની ગયેલાં દેખાય છે કે વારંવાર મારા દેવલોકના સુખમાં વિઘ્ન કારણ થાય છે. શું એટલું સમજતાં નથી કે યુવાવસ્થામાં સ્ત્રી અને બાલ્યાવસ્થામાં માતાના ઉત્સંગમાં બેસનાર પુરૂષો પ્રશંસાને પાત્ર ગણાય છે! તો આ નીતિશાસ્ત્રે ભૂલી, જે માતાપિતા પાસે બેસનારો થાઉ તો મારા જેવો બીજો અધમ કોણ ગણાશે? માટે કૃપા કરીને માબાપને કહેજો કે જો હવે અહીં રાખવો હોય તો મને સતાવે નહીં, અને ફરીથી જો જરા પણ બોલાવવાની વાત કરશે તો રડીને ચકેરમાં રહેવાના પણ મારે પચ્ચખાણ કરવા પડશે. કારણકે સ્ત્રીને છોડી હું નીતિશાસ્ત્રનું ઉલ્લંઘન નહીં કરું!

પરભવનાં સંચિત કર્મ આ ભવમાં ફળ આપે છે તેનાં માણસ ફેરફાર કરવા સમર્થ નથી એમ સંતોષ માની નવલચંદ અને પત્ની બેસી રહ્યાં હતાં પણ અધિક પરિચય રાખતાં શરીરના સત્વનો નાશ છે તથા રોગની ઉત્પત્તિ થાય છે અને એકનું ધારિંતુ મરણ થાય અથવા થાય તો બીજાને જીવવું મુશ્કેલ થાય તથા વૃદ્ધાવસ્થા બંનેની હોવાથી દીકરાને દુકાનનું અને વહુને ઘરનું કાર્ય સમજાવવાનું હોવાથી એક વખતે ભોળા પિતાએ નોકરને મોકલી પુત્રને બોલાવ્યો.

મનોહરદાસને આ માણસ દેખીને તથા તેની વાત સાંભળીને એટલો કંટાળો આવ્યો કે પોતાની પત્નીને કહ્યા વિનાજ પરદેશ જવાનો નિશ્ચય કર્યો અને આ વેળા માણસને ગમે તેમ સમજાવી પાછો મોકલ્યો અને મોડી રાત્રે જ્યારે સ્ત્રી ઘરમાં સુઇ ગઇ ત્યારે એકલોજ પોતાનાં અમૂલ્ય રત્નોને લઇ રસ્તે પડયો.

બીજે દિવસે સવારમાં સ્ત્રીને ખબર પડી અને ઘણી શોધ કરવા છતાં પત્તો ન લાગવાથી પોતે સાસુસસરાને બધી સઘળી વાત કરી માતપિતાને પણ ઘણું દુઃખ થયું તેથી વહુને દીલાસો આપી સાસુએ ઘરમાં રાખી અને ઘરનું કાર્ય શીખવી દરેક વાતમાં નિપુણ કરી અને બાપે પુત્રની શોધ માટે અનેક જગ્યાએ માણસ મોકલ્યાં પરંતુ મનોહરદાસે વણિયાનો વેષ બદલી એક સામાન્ય સ્થિતિના મજુર જેવો બની ચાલતો હોવાથી કોઇ પણ જાણી શકતું નહોતું. તેથી મળવાની આશા છોડી શેઠ શેઠાણી અને વહુ પરમાત્માનું ધ્યાન કરતાં હતાં.

મનોહરદાસ સવારમાં જ્યારે એક ગામડામાં આવ્યો ત્યારે તેને બાપની પીછાણવાળો માણસ મળ્યો પણ પોતે મજુર જેવો હોવાથી તેને ઓળખ્યો નહીં તેથી મનોહરદાસે પૂછ્યું કે